વાર્તા માળા:—માળા ૪ થી.

મારી મસ્તીની મોસમ.

લખનાર—દીનશાહ સોરાબજી મુહતર.

તથા

મગરૂર મેરીયા.

રચનાર—માણેકજી બેહરામજી વાછા

કે 'ગોલ્ડન હાર્ટ', 'ખુશરૂ અને શીરીં', 'રોશન', 'ખોદાદાદ',
'આફ્ત આલમનું', 'મેજીસ્ટ્રેટ', ઇ. ના કર્તા.

પ્રગટ કરનારાઓ

એચ. એમ. મીસ્ત્રી અને એમ. કે. દુબાશ.

મુંબઈ: [illegible]

કીમત: આઠ આના.

☞ વાર્તા માળાઃ—માળા ૪ થી.

મારી મસ્તીની મોસમ.

લખનાર—દીનશાહ સોરાબજી રાઇતર.

તથા

મગરૂર મેરીયા.

રચનાર—માણેકજી એદલજી વાછા

તે 'ગોલ્ડન ગુલ', 'પાંડુરંગ હરી', 'શીવાજી', 'એદલકાકા',
'બાપુ બ્રાહમણ', 'રોખીનારા', ઇ૦ ના કર્તા.

પ્રગટ કરનારાઓ

બ૦ જ૦ મીસ્ત્રી અને અ૦ ફ૦ સોલન.

મુંબઇ: કાલ્બાદેવી, રીપન પ્રેસ.

કીંમત: આઠ આના.

પ્રસ્તાવના.

ઈંગ્રેજી-ગુજરાતીમાં દર માસે મુંબઈમાં પ્રસીધ્ધ થતાં જાણીતાં 'ગુલ અફશાન' સાથે 'વારતા માળા' નામનું ચોપાન્યું પ્રગટ થાય છે. આ પાછલાં ચોપાન્યાંમા ફકત એકજ તદન નવી ચાલુ વારતા છાપવામાં આવે છે, અને તે એવી રીતે કે એકાદ વારતા પુરી થતાંજ તે પુસ્તકનાં આકારમાં બંધાઈ શકાય. એ **'વારતા-માળા'**માં આ લખનારની અદના કલમથી લખાયલી વારતાઓ આવતી હોવાથી તે વીષે આ લખનારથી મત અપાય નહી; તો-પણ અહીં [illegible] કરવા જોઈએ કે મધલાં આબરૂદાર ગુજરાતી ચોપાન્યાંઓમાં એ **'ગુલ અફશાન'**નો ફેલાવો સઉથી વધુ છે. અને તેજ **'ગુલ અફશાન'** જેટલો ફેલાવો એ **'વારતા માળા'**નો પણ છે. એટલે તેમાં આવતી વારતાઓ વીશે વાંચનારે પોતેજ મત બાંધવું.

'વારતા માળા'માની આ ચોથી માળા એક વધારા તરીકે કહાડવામા આવી છે: યાને તેને ચોપાન્યાથી તદન અલાહદી જાહેર પાડી છે. આ ચોથી માળામાં મી૦ દી૦ સો૦ રાહ્ટરની કલમથી લખાયલી **'મારી મસ્તીની મોસમ'** (જે અકટોબર ૧૮૮૫થી સપતેમબર ૧૮૯૦ સુધી) **'ગુલ અફશાન'**મા કકડે કકડે પ્રગટ થઈ હતી. પણ ત્યાર પછી કામની રોકાનને લીધે તેના લખનારને તે પડતી મુંકવાની ફરજ પડયાથી, તે ચોપાન્યાના સાહસીક પ્રગટ કર-નારાઓએ તે પુરી કરવાનું કામ આ અદના લખનારને સોંપ્યું, જેમા તે કેટલો ફતેહમંદ નીપજ્યો છે તે વાંચનારે વીચારી લેવું.

'ગુલ અફશાન'ના હરેક વાંચનાર જોશે કે તે ચોપાન્યાંમાં પ્રગટ થયલી **'મારી મસ્તીની મોસમ'**મા અને આ પુસ્તકમાની એ વારતામા લખાણ ૬૦ બાબદોમાં આ લખ-નારે (કારણ કે એના પ્રગટ કરનારાઓએ એ કામ આ લખનારને સોંપયું હતુ.) ફેરફાર કીધા છે. વળી હરેક મસ્તીના નંબર હેઠલ આપેલાં મઢાલા તથા એ વારતાનો પાછલો ભાગ આ અદનાની કલમની લખાયલા છે. એ વારતા ઉપરાંત **'મગરૂર મેરીયા'** ની એક તદન નવી પણ નાની વારતા છાપવામાં આવી છે.

માણેકજી એદલજી વાછા.

વાર્તા-માળા

મારી મસ્તીની મોસમ.

રચનાર—દીનશાહ સોરાબજી રાઇટર

તે 'સોરાબજી સુખીનો સુધરેલો શાહેરીયાર' ઇ૦ ના કર્તા.

મસ્તી નંબર ૧.

વાંચનાર સાથે તમારા બંદાની ઓળખાણ—સાથે લાગી સેવકના સગાંઓ અને મીતરોનીબી ઓળખાણ—ડાયરીની ભેટ: વાંદરાના હાથમાં અસ્તરો—નસલુ પર વેર—ગફલતી—હસ્તાનું ખસ્યું—બાવાજીની કબુલાત; એક પલમાં તે પર ફરી વલેલુ પાણી—નવી બધી ભરેલી સાડી એક ધુવલ તરીકે—સાડી ગેપ!—સરજોરી—સાડી મલી!

મારાં આઠમાં વરસની શાલગરેહને દીવસે મારા એક ભાઇ દાદાભાઇએ, જેવણ મારાથી પંદર વરસ વડા છે તેવણે, નવાં વરસની ભેટ દાખલ મને શું આપવું તે માટે પુછ્યું? મેં તરતજ જવાબ આપ્યો કે "મને બીજું કાંઇબી જોઇતું નથી, પણ ફકત તમે દરરોજ વાપડો છો તેના જેવી મને એક 'ડાયેરી' જોઇએ છે." ડાયેરીમાં મારા જેવું બચ્ચું શું લખશે, તે વીશે તેવણે ઘણીક અજાયબી બતાવી. સાંજની ઓફીસમાંથી પાછાં આવતી વખતે એક લઇ આવવા તેવણે કબુલ્યું. સાલગરેહની ખુશાલીમાં મારા મામાની ત્રણ છોકરીઓ અને કાકાના બે છોકરાઓ ઉપરાંત બીજાં કેટલાંક સગાં વહાલાંઓને અમારે [illegible] રાતના [illegible] જમવાનું ભોજન કર્યું હતું. દાદાભાઇએ પોતાની કબુલાત મુજબ ઓફીસમાંથી આવતાંને વાર એક સુંદર નાની 'ડાયરી' મને ભેટ આપી, અને પોતે 'એસ્કી મેસ્કી' થઇ અમારી ગાડી જોડાવીને મામાજીની છોકરીઓને બોલાવવા ગયા. મારે જણાવવું જોઇએ કે તેઓમાંની સર્વેથી વડી છોકરી સુના સાથે તેવણ અહરાવાના હતા, એવી વાત મેં મારી બહેન મોતીબાઇથી સાંભલી હતી. દાદાભાઇ ત્રીમતરાક થઇને ગયા, કે આપણે તો લાગલા તેવણના ઓરડામાં ધુસ્યા. સારાં ભાગ્યે કહો કે માઠા ભાગ્યે કહો, પણ એવણનાં ખાનાની કુંચી કલની અંદર રહી ગયલી, તે ઉપર સેવકની નજર પડી. કોઇ જેવો હતે તો કંઇને કંઇબી, મોટા બાવા કેહે છે તેમ, તફરમચીમ ચજમદે કરતે; પણ મેં તો કશાંને હાથ લગાડ્યો નહી: સબબ, તેવણે મને એક સારી 'ડાયેરી' અપાવી હતી, તે ઉપકારની યાદ મનમાં તાજી હતી. પણ મને એક ખ્યાલ આવ્યો, કે ભાઇજી પોતાની ડાયેરીમાં શું શું લખે છે, અને કેવી રીત લખે છે તે શીખીને તે રીતે હુંબી મારી ડાયેરીમાં લખું. એવા વીચારથી મેં ટેબલનું ખાનું ઉઘાડી અંદરથી તેવણની ડાયેરી બહાર કહાડી. તેવણેબી થોડાક દીવસની લખવાની શરૂ કીધેલી: તેથી માત્ર ત્રણ ચાર પાના જેટલુંજ તેમાં લખેલું હતું.

મને કાંઇ તેવણનું લખેલું બરાબર સમજ પડયું નહી; પણ તે છતાંબી મારી ડાયેરીનું મુહુરત મારી સાલગરેહને દીવસેજ કરવું જોઇએ, એવું વીચારી કોઇ નહીં જોય તેમ મારા ઓરડામાંથી મારી ડાયેરી લઇ આવ્યો, અને દાદાભાઇની ડાયેરીમાંથી થોડું ઉતારી લઇ, સઘલું જેમનું તેમ કરી દઇ, ને હું બહાર નીકલી પડયો.

અમારી પાસેના બંગલામાં અમારા બાવાજીના કોઇ દોસ્ત રેહેતા, તેવણનો છોકરો જાંહાંગીર, જે મારા કરતાં એક વરસ નાનો હતો: તેની સાથે બંગલાના દરવાજા આગલ દીવાલીના ફટાકડા ફોડવામાં હું મશગુલ થઇ ગયો હતો, તેટલામાં અમારી ગાડી કમ્પાઉન્ડમાં દાખલ થઇ. કોચબોક્ષ ઉપર દાદાભાઇ બેસીને ગાડી હાંકતા હતા, અને તેવણની પાસે કાવસજી મામાનો નસલુ, જે મારીજ ઉમરનો હતો તે, બેઠો હતો. છેલ્લી પતેતીને દહાડે હું મામાજીને ત્યાં જમવા ગયો હતો, ત્યારે એજ નસલુએ મારા પોલ્કા ઉપર મેચીસ સલગાવીને નાખી હતી. તે દીવસનો ખાર લેવાને વાસ્તે મારા હાથમાંનો સલગાવેલો ફટાકડાનો ઝુમખો મેં તેની ઉપર ફેંકયો. પણ ઓ ખુદા! તેથી મને કેટલું ખમવું પડયું? બપાવાએ જે લાત જાહાડી તેથી મારાં પગનાં ટેટાં હજી કલે છે. બાવાજીએ તમાચો • માર્યો તેનાં પાંચે આંગલાં મારા ડાબા ગાલ ઉપર હજી આબાદ પડેલાં છે; માયજીએ ચમટા તોડી જે મોટા મોટા બચ્ચા ભર્યા, તે જગ્યા હજી લાલની લાલ છે; અને છેલ્લે મારી વ્હાલી બહેન મોતીબાઇએ એક કાનસલાપ ખેંચી કહાડી, ઘણા પ્યાર (!) સાથે કાન જે પસ્વાર્યો તે એવો કે કાનમાં હજી કસારાં બોલે છે! અરે ખોદાયજી! એવોબી તે જુલમ! મારાં જેવાં પશુ બચ્ચાં ઉપર આવો માર! અને તેબી શા વાસ્તે? ફકત એટલું થયું કે પેલા ફટાકડાનો ઝુમખો, જે મેં નસલુ ઉપર ફેંકયો હતો તે, જાણે નસલુને બદલે ઘોડા ઉપર નાખ્યો હોય તેમ આબાદ જઇને ઘોડાની પીઠ ઉપર પડયો, અને ઘોડાની પીઠ ઉપરજ ફટાફટ ફટાકડા ફુટવા માંડયા. પછી ઘોડો તો જાણે દીલમાં ભુત ભરાયો હોય તેમ મોટી છલાંગો મારી બગીચામાં એમથી તેમ ગાડી સુધાં દોડી દર પલે વધારે અને વધારે મસ્તી કરવા લાગ્યો. ગાડીની અંદર બેઠેલી મામાની છોકરીઓની ચીસ મને તો એક નવી જાતની પીંપુરી અથવા સરનાઇના જેવી લાગી! આટલો વખત હું અને મારો દોસ્ત જાંહાંગીર ઘોડાનું તોફાન જોઇ મજાહ અને ખુશાલીની ઘુમો પાડતા હતા, પણ એટલાંમાં તો પાણી ભરી રાખવાની ટાંકીની પાલ ઉપર ગાડીનું એક પઇડું ચઢી જવાથી ઘોડા સમેત તે ઉંધી વલી ગઇ! આ ગડબડથી ઘરમાંનાં દરેક જણ બહાર નીકલી આવ્યાં, અને ઘણીજ મહેનતે ઘોડા સુધાં, જેમ બન્યું તેમ, તરત ગાડી પાછી ઉભી કીધી.

મારે મનસે તો કોઇને કંઇ ઝાઝી ઇજા ઇજા થઇ નહીં; એટલુંજ કે ગરીબ બીચારા નસલુને કપાલમાં પથ્થર ભોકાવાથી તે લોહીલુહાણ થયો. દાદાભાઇ તો સજ્જર જીખાયા; પણ જીખાઇને નહી ધરાતાં નાખની નસકોરીબી ફોડી નાખી; તેવણનો વીમતરાક ડગલો પાટલુનબી રદ થયાં; છેલ્લે મામાની છોકરીઓમાંની બેને તો ગાડીમાંથી બેસુધ હાલતમાં બહાર કહાડી હતી, એમ મારો દોસ્ત જાંહાંગીર બોલતો હતો. એ સઘલો બનાવ મારા જોવામાં આવ્યો નહી, કારણકે મેં જયારે જોયું કે કામ અને રમખાન બહુ વધી ગયું, ત્યારે હું દોડતો જઇ ઓરડામાં ભરાઇ ગયો, અને મેં અંદરથી સાંકલ દીધી! એક કલાકની અંદર તો બારસાં પાંચેક વખત બારણાં ઠોકાયાં! આખરે કોઇથી વધારે વાર થોભાયું નહી, ત્યારે બાવા અને મોટા બાવાને તેડી મંગાવ્યા. તેવણે મને બહાર નીકલવા કહયું, પણ જયાં સુધી મેં તેવણ પાસે મને નહી મારવાને માટે કબુલાત લીધી નહી, ત્યાં સુધી હું બહાર આવ્યો નહી. પણ બાવાજીએ પોતાનું વચન પાલ્યું નહી. બહાર નીકલતાં વાર તેવણે બે લાત મારી, અને ત્યાર પછી માયજી, ભાઇજી અને બહેનજી તરફનો કીંમતી સરોપાવ મુંગે મ્હોડે ખમવો પડયો. તેઓના સપાટામાંથી કોઇએ બંચાવ્યો, અને ત્યાંથી નાસી જવા કહયું કે લાગલો

જીવ લઈને ત્યાંથી હું દોડયો. પણ અભાગ મારાં! હજી બાકી હતું તે પુરૂં થયું: એટલે કે સેવકે ઠોકર ખાતાં ધમ દઈ ધરતી માતાને કોટી કરી દીધી ઉઠવા પછી માલમ પડયું કે મ્હોડાં પરથી ખધું લાલ પાણી ટપકવા લાગ્યું હતું. હાએ! હાએ! હું બીધો કે શું નસલુની માફક મારૂંબી માથું ફુટયું કે! પણ નહી, એતો ફકત નસકોરી ફુટી હતી. મ્હોડાંમાં ધુલ અને નસકોરીનું લોહી ગયલું હતું, તેથી "ફું ફું ફું" કરતો આકરો ધાભરો થઈ ગયલો બંગલામાં દોડી ગયો, અને પહેલું જે કપડું દેખાયું તે લઈને આખું મહોડું જીભ, નાખ, આંખ સર્વે લુછી નાખ્યું! પણ અરે બાપજી! એ વલી નવી શી પીડા! મામાજીની સઉથી નાની છોકરી જાઈજી, જે ગાડી ઉંધી વલી ગયાથી બેસુધ્ધ થઈ ગઈ હતી તે,ની બીલકુલ નવી ખધી ભરેલી ચીકનની સાડી મારાં લોહી, થુક અને લોહીથી ગરકાવ! ઓ બાપ! હવે શું કરવું તેનો વીચાર કરતો હતો, એટલામાં મારી બહેનની કબાટની અંદર કુંચી રહી ગયલી દેખાઈ; ધભરાટ અકરાટમાં કબાટ ઉંધાડી, તેની અંદર પેલી સાડી ઢકેલી દીધી, અને બારણું બંધ કર્યું: એટલામાં સર્વે જણાં તે ઓરડામાં આવ્યાં. આટલો બધો સીતમ ખમવા છતાં વલી રહી સહી અમારે ત્યાંની રાંધનારી ઇરાનીનાબી ચાર પાંચ ચમટા ખમવા પડયા! તેણી એક રહી ગઈ હતી, તેણીએબી કોણ જાણે કેટલા દીવસનો ઉભરો કાઢયો! પણ કાંઈ ચીંતા નહી; એ ચમટાઓનો બાર લેવાનો મેં નીશ્ચય કર્યો હતો.

હવે વાંચનાર! એ સઘલામાં મારો કાંઈ પણ વાંક છે? બીલકુલ નહી! પણ તે છતાં મને નાહક કેટલું 'બાતા પુડીંગ જમવું પડયું!'

જ્યારે જાઈજી સુધ્ધીમાં આવ્યાં અને હુશ્યાર થયાં, ત્યારે તેવણે પોતાની સાડી પહેરવા માંગી. પણ સાડી મલે કયાંથી? દરેક ઓરડે ઓરડે ખોલ કીધી, પણ તેનો પતોજ નહી સાંપડીને જ્યારે સઘલાં થાક્યાં, ત્યારે કોઈ બોલ્યું કે 'કોઈ લાવી ગયું હશે!' ત્યારે કોઈએ પુછ્યું 'કોણ લાવી ગયું હશે?' પણ મને તો કોઈએ પુછયુંજ નહી, અને જો પુછતે તો શું? 'સસ્સેકા તીન પાંઉ' નો જવાબ હાજર હતો! માયજી તો કહે 'મરે પોણીબસોની સાડી!' ત્યારે જાઈજી ફોકેફોક રડીને કહે 'અરે કુઈજી, બસોની સાડી!' સઘલાં જણાં વીચારમાં હતાં, તેટલાં એક જણે માયજી અને મોતીબાઈને જણાવ્યું કે 'તમે તમારી કબાટમાં તો જુવો, વખતે ભુલમાં પોતાની સમજીને મુકાઈ ગઈ હોય.' માયજી તરત ઉઠયાં અને સર્વેનાં દેખતાં પોતાની કબાટ ઉંધાડી સઘલે ઠેકાણે જોયું; પણ કંઈજ નહી. પછી પેલી કબાટની વારણ આવી; સાડીની ગડબડમાં અત્યાર સુધી મને કોઇએ યાદ કર્યો હતો નહી, અને તેમજ હું પણ અત્યાર સુધી ચુપ બેઠો હતો. પણ હવે મેં ચુપકીદી ભાંજી, અને હીંમત રાખી વગર ધાસ્તીથી બોલ્યો, 'મોતીબાઈ, વખતે તમે તો નહી કેઠે ઉંચી મુકી હોય?' તેવણ તરત બોલી ઉઠયાં 'નહી રે નહી, મેં સાડી જોઈબી નથી.' માયજી બોલ્યાં 'દીકરી, તું તારી કબાટ જઈને જોઈ આવની, એટલે બસ; મનનો સંદેહ ભાંગી જાય.' મોતીબાઈએ જવાબ આપ્યો, 'અરે માયજી! હું સહવારની મારા ઓરડામાં ગઈજ નથીને! હમણાં બધાં જણની સાથે તે ઓરડામાંથી થઈને હયાં ચાલી આવી તેજ; અને મારી કુંચી કબાટમાં રહી ગઈ હતી, તે હું તમારાં દેખતાંજ કાઢી લાવી; બાકી સહવાર પછી મેં કબાટ ઉંધાડીજ નથી; તે છતાં પણ ચાલોની, આપણે જઈને જોઈ આવ્યે.' એમ બોલી મોતીબાઈ પોતાનાં ગજવાંમાંથી કુંચી કાઢી, પોતાના ઓરડા તરફ જવા લાગ્યાં. બધાં જણાં સરઘસના આકારમાં તેણીની પાછલ ગયાં; પણ સેવક નહી ગયો હો! હું તો પાસેના ઓરડામાં જઈ એક વીનીસન જરા ઉંધાડીને સઘલો તમાસો જોતો હતો. મોતીબાઈની કબાટ આગલ સંધાં જણાં ઉભાં રહયાં હતાં, તેથી તેવણ હસીને બોલ્યાં 'ઓવાય! હું કાંઈ ચોરબોર છઉં, જે બધાં જણાં મારા જાહાડા જોવા આવ્યાં!' તેણીએ કબાટનું બારણું ઉંધાડયું તો કાંઈ દેખાયું નહી, પણ બીજું બારણું ઉંધાડતાંજ જાઈજીની સાડી, ઢગલોડુચો થઈને પડેલી, દેખાઈ!!!

મસ્તી નંબર ૨.

દફેના અને ધુમ્મલીદા ખાવા માટે સેવકનું જન્મવું—મેહતાજી—તેવાણના જોડા ગેપ!—ગપ્પચકુ સ્કુલ-બીગદરો—મેહતાજીની ફીલસુફીઃ જોડા તેબલના ખાનામાં—પગની પીડા પગેજ—ચોટલી પર ચોટલી —નેતરમાં સમાયલો ભેદ—જાદુઇ થુકવાલી પાઘડી— નેતરને બદલે બાંબુ—ગોદરાં ઝાટકવા બદલે મારી પીઠને ઝાટકવી—હેતવંતાં ભાઇ બહેન.

અરે વાંચનાર! તમોમાંથી કોઇનેબી મારી દયા આવે છે? હું તમને પુછુંછું કે શું સઘલાં છોકરાંઓ માર ખાવાને વાસ્તેજ જનમ્યાં છે કે? નહીં નહીં! એમ હોયજ નહીં. મારી અક્કલ પ્રમાણે તો મને એવું લાગે છે કે જો અમો છોકરાંઓને માર ખાવા માટેજ સરજ્યાં હતે, તો અમોને આવી પતલી અને નાજુક ચામડીને બદલે ગાય ભેંસના જેવી ચામડી ખોદાયજી આપતે. ગમે તે હો! પણ મને લાગેછે કે અફસોસ કરી હું તો 'દફેનાં અને ધુમ્મલીદા' જમવાજ જનમ્યોછું. પાંચમે દહાડે મહેતાજી સ્કુલમાં ટેબલ ઉપર પગ લાંબા કરીને ઉંઘાતા હતા, ત્યારે કચરો એકઠો કરવાની ટોપલીમાં તેવણનો એક જોડો કોણ જાણે કોણે સંતાડયો! જ્યારે ઉઠયા ત્યારે આંખ ચોલી, ચોટલી બાંધતાં બાંધતાં ટેબલની નીચે તેવણે પગ ફેરવ્યો, અને એક જોડો પગમાં ઘાલ્યો. બીજો ઉંઘાડો પગ ટેબલ ખુરસીની નીચે બે ત્રણ મીનીટવેર અમસથોજ ફેરવ્યા કર્યો, પણ ફોકટ. બીજો જોડો હોય કયાંથી જે પગને લાગે? જ્યારે છોકરાઓથી હસવાનું ખમાયું નહી, ત્યારે સઘલા ખડખડ હસી ઉઠયા; ત્યારે મહેતાજીએ આંખ ઉંઘાડી, અને મોટે હસનારા છોકરાઓને મારવા જવા બીજો જોડો પગમાં ઘાલવા ગયા! પણ જોડો હોય કયાંથી? સઘલા છોકરાઓ મને નાહેકના ગલે પડયા! ખેર! એમાં મારો વાંક મુદલ હતોજ નહી. કાંઇ કામ નહી હોવાના સબબથી મારા ઉદયોગી હાથોએ મહેતાજીનો જોડો લઇ તે કચરાની ટોપલીમાં સહી સલામત જઇ મેલ્યો હતો! બીજે દીનથી મહેતાજીએ પોતાના જોડા એક કપડાંમાં વીંટાલી ખાનામાં મુકવા માંડયા. વલી બીજે દહાડે તેવણ ચોટલી છુટી કરી હમેશની માફક ઘોરવા લાગ્યા. તે દીવસે મોટા બાવા હજામત કરાવાના હતા, તેટલાં તેવણની પહેરવાની ડગલી ખુંટી ઉપરથી ઉતારી આખી લાંબી બોહે કોઇએ કાતરીને કાપી લીધી હતી; તે બોહેની એક લાંબી પટી મારાં ગજવાંમાંથી કહાડી આસ્તે રહીને ઘણા અલગે હાથે એક દોરાથી કોણ જાણે કોણે મહેતાજીની ચોટલી સાથે તે બાંધી! મહેતાજી જ્યારે જાગ્યા, ત્યારે ચોટલી પાછી વીટાલવા જતાં ચોટલી પછવાડેથી પતંગનું પુછડું હાથમાં આવી ગયું! કાંઇપણ બોલ બોલ્યા વગર, અને કોઇનેબી કાંઇ પુછયા વગર, ખાનાંમાંથી નેતર કાઢી, દોડતા મનેજ મારવા આવ્યા. એવોબી તે ગેરઇનસાફ! પણ એકજ ફટકાની અંદર નેતરનાં ત્રણ કટકા થઇ બે જમીન ઉપર પડયા, અને પેન્સીલ જેટલું લાંબું એક ઠુંઠું તેવણના હાથમાં રહી ગયું! આ પહેલા વર્ગનાં ઇનામની હું આશા રાખતો હતોજઃ એટલે મેં મારૂં મોત ચેતીને તેના ઉપાય તરીકે નેતરને ચાર પાંચ ઠેકાણેથી કાપી રાખી હતી. વળી થોડા દહાડા રહીને એવો બનાવ બન્યો કે સાંજના મહેતાજી ઘર જતી વેલા માથાં ઉપર પાઘડી મુકવા ગયા, ત્યારે તેવાણને માલમ પડયું કે અંદર તો 'કોણ જાણે કોણ' કોઇ થુકેલું! છી! છી! છી! છે! છે! છે! કરતા તેવણે તો પાઘડી પાછી મુકી દીધી, અને રાતા પીલા થઇ આસપાસ નજર કરી મને સોધવા લાગ્યા. પણ તમારો સેવક તો મહેતાજીને 'સાહેબજી' કરી બે મીનીટ અગાઉના બારણા આગલ જઇ, ત્યાંથી ચીમાઇને સઘલો ફારસ જોતો હતો. પણ બીજે દહાડે શું પુછવું? અમારે ત્યાં ગોદરૂં ઝાટકવા માટે રાખેલા બાંબુથી જરાકજ ઉતરતો બાંબુ મહેતાજી પોતાની સાથે લઇ આવ્યા, અને દાદા મરે એનો! મારી પીઠની તો બહુ ખાતર જમા કરી નાખી!

વાંચનાર! આ બાંબુ અને લાતનો ગરમાગરમ પણ બહુજ તીખો ખીચડી પાઠીયો જોકે ઘણોજ સખ્ત હતો, તોપણ જાઇજીની સાડી સંતાડનાર તરીકે પોહોક કબત. મારી બહેનને લાગેલી નામોશી અને તેણીની થયલી મશ્કેરીનું

જાણે હુંજ કારણ હોઉં, તેમ તેવણે લીધેલું વેર બીલકુલ નહી ખમી શકાય તેવું હતું. જાઈજીનાં આંગલાંઓએ મારા બાલ પીખી નાખ્યા હતા, અને તે એવા કે સેંહતો પણ પડી શકે નહી. જુવો! બહેને પોતાના ભાઇનું હેત બાધું તો! પણ કાંઇ નહી; મેંબી નીશ્ચય કર્યો હતો, કે સેવક તો ખરો કે તેવણનેબી 'હુકી હુકાઇ' બોલાવ્યા વગર રહુંજ નહી.

~~~~~~~~

મસ્તી નંબર ૩.

ડાયરી—તેમાં કીધેલી કબુંબર—કોઇને ગળે ઉતરી નહી— કડવી ઝેર જેવી—વરસ ગાંઠ પર ઉમદા સરોપાવ—સુરય ઘરણ અને ચંદ્ર ઘરણ—ભોજાણ બદલ બીસ્કીત.

રાતનું ખાણું લેવા બાદ સઘલાં જણાં સાથે બેસીને તરેહવાર વાતો ચલાવતાં હતાં. તે વેલા મારી "ડાયરી"માં મારી વરષગાંઠને લગતી કેટલીક નોંધો, તેજ ઓરડામાં એક બતી આગલ ઉભો રહીને, હું કરતો હતો. તેટલામાં મારા કાકાના છોકરા પેસતનજીએ હલવેથી મારી પછવાડે આવીને મારા હાથમાંથી તે લઇ લીધી, અને સઘલાં જણાં જયાં બેઠાં હતાં ત્યાં જઇને બરાબર તપાસવા લાગ્યાં. તે ડાયરીમાં મારૂં લખાણ કઇ પ્રકારનું હતું તે સાંભલવાને કેટલાકોએ ઇન્તેજારી બતાવ્યાથી પેસતનજીએ પેહેલું પાનું, કે જે દાદાભાઈની ડાયરીમાંથી બીલકુલ બોલેબોલ ઉતારી લીધું હતું તે, નીચે પ્રમાણે મોટેથી વાંચવાનું શરૂ કર્યું:—

"માયજીને કોણ જાણે એ શું વેજું લાગ્યું છે! મને એવણની વાત ખરેખર બીલકુલ ગમતી નથી. જેમ તેવણ બુઢાં થતાં જાય છે, તેમ તેમ તેવણ સાથે લાગાં બુબખબી થતાં જાય છે, તેમાં તો કશો શકજ નથી. કાવશજી મામાની છોકરી સુના સાથે મને પરણાવવાની તેવણ હઠજ લઇ બેઠાં છે. દરરોજ મને ટુપટોપ કરીને મને સતાવે છે કે 'જો તું એ છોકરી સાથે જલદીથી અદસવાનું કબુલ કરશે નહી તો હું તારૂં મોહડું બી જોઇશ નહી, અને મારી અરપીબુંબી નામ પાડીશ નહી.' એ ઉપરથી જેમ તેમ ગલે ગાંઠ અને આંખે પાતા બાંધીને મેં આખરે કબુલ કર્યું છે. શું કરૂં! માયજીને ખાતર એવી ચચીચી, ચીબાવલી, અને છકી ગયલી કાણી કોબાઇ સાથે જોડાવાને તઇયાર થયો છું! એના કરતાં જમશેદજી દુબાશની છોકરી ગુલાં સાથે મારાં લગન થતાં હોય તો કેવું સારૂં?"

અરે વાંચનાર! જે વખતે પેસ્તનજીએ વાંચવાનું પુરૂં કર્યું તે વખતનો દેખાવ ખરેખર નાટકના એક મુકનાટય (Tableau) ના સીનને મલતો હતો. આવી ખુલ્લી રીતે નેકનામ બેરાદર દાદાભાઈના ગુપ્ત વીચારો અને મતો એકાએક જાહેરમાં આવ્યાથી, તે માટે ખડખડ હસવું, મારી ઉપર ચીરડાવું, યા એ લખાણ મારી નવી ડાયરીમાં કયાંથી અને કેવી રીતે આવ્યું તે વીશે મને પુછવું, તે કોઇને તરત સુજયું નહી. સઘલાં જણા એક મેકનું મ્હોડું જોતાં ગુપચુપ બેઠાં! અરે! પણ દાદાભાઇના ચેહેરાએ કીધેલા દેખાવનો તમને ખ્યાલ આવવો મુશકેલ છે. બે મીનીટ અગાઉ તરીમતરાક અને ફક્કડ દરેસ સાથે ખુશનુમા ચેહેરો રાખી હસવું બોલવું તેવણને ઘણું બંધ બેસતું હતું, પણ હમણાના જેવો તેવણનો ચેહેરો જો સદાનો ફગલાયલો હતે તો તે સખી પાડનારાઓને કદી પણ બતાવવા તેવણ મરજી કરતે નહી. પેસતનજીના એક વરસના બચ્ચાના મ્હોડાં ઉપર પાઉડર છાંટીઆ પછી જેવો તે ગોરો ગોરો દેખાય છે, તેજ રીતે સફેદ ફ્રફેદ અને હોશકોશ વગરના ચેહેરા સાથે હોલમાં પાથરેલી સાદરીનાં તરેહવાર રંગ તરફ નીહાલતા દાદાભાઇ બેઠા હતા, અને જયારથી આવી ત્યારથી રંગરાગ ઉડાવતી અને ખીખી ખાખા કરતી સુનાએ, કાંઇ એકાએક દરદ ઉભરી આવ્યાથી, હાથની હથેલી ઉપર માથું ટેકવીને ડુસુક ડુસુક ડચકાં ખાઇને રડવા શરૂ કર્યું હતું. ત્યાર પછી તરતજ તેણીને હીસતીરીઆ અથવા પવન થઇ આવ્યો. સઘલાં જણાં તેણીની સારવાર કરવા ઉઠયાં, કે મારી ડાયરી ઉંચકી લઇ હોલમાંથી હું તરતજ બહાર સટકી ગયો. મારા ઓરડા તરફનો
~~~~~~~~

રસ્તો લેવા દાદર ઉપરથી ધીમેધીમે હું નીચે ઉતરતો હતો, તેટલાં દાદાભાઇએ ધસારાબંધ પછવાડેથી આવીને દાદર ઉપરજ મને નબલી ને નબલીજ એક લાત લગાવ્યાથી એકવીશ ફાંટ્યાંમાંનાં સતર ફાંટ્યાં ઉપરથી એક પછી એક ગોલાંટ સફાઇથી ખાઇ, હું હેઠ નીચે ગબરડી ખાઇ પડ્યો.

અરેરેરેરે! મારી વરષગાંઠ જેવા સપરમે દહાડે એવા એવા ઉમદા સરોપાવથી તો મારૂં નાનકડું પેટ, અગાઉથી બીલકુલ ચીકાર હતું તે,માં આ છેલ્લા સરોપાવે ઉમેરો કરી, નહી ખમી શકાય તેવું કરી મુકયું! ખેર! એબી મારાં નસીબનોજ વાંક! કયો દહાડો એવો ગયો છે જે આવો સપરમો દહાડોબી 'ધુમ મલીદા' વગર ચુપચુપ પસાર થાય!

બીજે દીને સહવારના આંખમાંની ઉંઘ હજી પુરી પાધરી ખલાસ થઇ નહી હતી, તેટલાં બાવાજીએ કાન પકડી અમરાવીને મને બીછાના ઉપરથી ઉઠાડયો. પણ શું હું ખરેખર ઉંઘાયલો હતો કે? નહી! કારણકે બાવાજી સાથનું સુર્ય ધરણ અને ભાઇજી સાથનું ચંદ્ર ધરણ સહવારનાં પહોરમાં ઉઠતાંનેવાર સાથેજ થશે, એવી સેવકની પુર ખાતરી હોવાથી નવ વાગ્તા વેર બીછાના ઉપર ઢોંગથી આંખ વીંચીને 'ભર ઉંઘ' માં પડી રહી, બન્ને જણુના ઓફીસમાં જવાના વખતની પુર ઇંતેજારી, ભારે કંટાલા, સાથે રાહ જોતા હતા. પણ ઉપર જણાવ્યું તે રીતે ઉંઘમાં ખલલ થવાથી આપણુ આંખ ચોલતા ઉઠયા, પણ તેટલાં બીજો કાન લગાર જોરમાં ચીમરાવાથી એકાએક સેવકને પુર હુશયારી આવી ગઇ. તેવણુના પુછવાથી દાદાભાઇનું લખાણુ મારી ડાયરીમાં કેમ આવ્યું તે વીશે મેં તેવણુ આગલ ખુલાશો કર્યો, અને તેમાં મારો વાંક ન જોતાં, ઉલટા તેવણુ હસ્વા લાગ્યા: જેથી મારાં પેટમાંની ઉડી ગયલી કલેજી પાછી આવી. તે દહાડે સહવારના પહોરમાં એ પ્રમાણે 'મલીદો' જમવાનું મેં તરત મુરત કીધું હતું.

ત્યાર પછી મને માલમ પડયું જે હીસતીરીયાના હુમલામાંથી સાજી થયા પછી અમારાં ઘરમાંનાં કોઇપણ માણુસ સાથે વાત કર્યા વગર સુના અને તેણીની બહેનો ગાડી જોતરાવી પુર મીજાજમાં ચાલી ગઇ, અને તે વખતે દાદાભાઇએ પોતાના ઓરડામાંથી બહાર આવવાનું માયજીને સાફ ના પાડયું હતું.

મેહેરબાન વાંચનાર! જોકે આ રકાસ મારી વ્હાલી ડાયરીથી થયો હતો એમ હું વગર શરમાવે કબુલ કરૂં છું, પણ કોઇબી એમાં મારો વાંક જોશે નહી એમ સાથે લાગું હું હીમ્મતથી કહેવા માંગુંછું. પણ તે છતાંબી આ રમુજી 'ગડબડ ગોટા' નું મુખ્ય કારણ હુંજ હોઉં તે રીતે ઘરમાંનાં સઘલાં માણુસો મારી ઉપર ડોલો રાખવા લાગ્યાં. માયજી, બહેનજી, ભાઇજી, વગેરે મારી સાથે વાત કરે નહી; રાંધણીમાં પીરોજ ઇરાની આવવા દે નહી, અને જો કોઇ હીકમતેજ અંદર જવા પામ્યો, તો મુઠી ભરી રાખ લઇને મારી આંખ આગલ લાવી ફુંક મારે! બપોરના માયજીએ મને ભુખો રાખ્યો અને રાતનાબી નહી જમાડવાની ધમકી આપી. પણ મેં તેની કાંઇ દરકાર કરી નહીઃ સબબ દરરોજ રાતના જમવા પછી બાવાજીનું મ્હોડું સમારવાની બીસકીટનો મોટો બાકસ કયાં સંતાડેલો હતો તેની સેવકને બરાબર ખબર હતી, અને સાદાં ભોજનને બદલે તેનાજ આપણે ચુપચુપ 'દણુસા માર્યા.'

સઘલાં જણાં રૂસાયલાં હોવાથી અને અમારી પડોશમાંનો જાંહાંગીરબી પોતાનાં માય સાથે કોટમાં કોઇ સગાને ત્યાં ગયલો હોવાથી, મને તે દીવસ બહુજ અકારો લાગ્યો. મેં મહીનાનો આખો એક દીવસ આલસાઇમાં અને આવી રીતે વગર મોજ મજાહે પસાર થાય એવા વીચારથી મને બહુ ખેદ ઉતપન થયો. પણ શું કરૂં? લાચાર! ઘરના ચાકર નફર, હમાલ, મસાલ વટીક મારી સાથે વાત કરે નહી.

મસ્તી નંબર ૪.

માછલાંના શીકારે જવું—સામગરી—તકરમચીમ વગર છુટકો નહી—સઘળું પાણીમાં—સેવક પણ તેમજ—ખરાબ થાય તે સારાંને કાજે.

બીજો દીવસબી એજ રીતે આલસાઇમાં જતે, પણ કાંઇ ધ્યાનમાં આવી ગયાથી અમારા બંગલાની પાસેથી વેહેતાં નાલાંમાં માછલીનો

શીકાર કરવા જવા માટે મેં તઈયારી કરવા માંડી. અમારા ઘોડાવાલાના છોકરા પાસેથી બે નહાના ગલ મલી આવ્યા તે, અને જાલને બદલે માયજીએ તરતના પુરા કીધેલા નેટના બે સદરા સાથે લઈને આપણે નાલાં તરફ કુચ કરી. તે નાલાંમાં ઝીણી ઝીણી માછલીઓ પુશકલ હતી, પણ એક કલાક સુધી મેહેનત કર્યા છતાં પણ આ મારી નવી જાતની સદરાની જાલમાં એક પણ માછલી સપડાઈ નહી. આખરે તાપ ઘણો પડયાથી, સદરા પાણીનેજ હવાલે કરીને, ઘર તરફનો રસ્તો લીધો: તે એવા વીચારથી કે સાંજના માછલી પકડવામાં જાલને બદલે ગલ વાપરી જોવો.

ઘર જયા અગાઉ જાંહાંગીર, જે હવે પાછો ફર્યો હતો તે,ની સાથે વાત કરી જોઈ, અને તેણેબી મારી સાથે માછલી મારવા આવવાનું કબુલ કીધું. ઠેડવેલા વખતની થોડોક વખત અગાઉથી બે લાંબી લાકડીઓ, ઘણીબી તલાશ કર્યા છતાં નહી મલ્યાથી, બપાવાની એક, બાવાની અને ભાઈની બે ફરવા જવાની લાકડીઓ, સુતરીનું એક બંડલ, અને દોરાનાં બે કાટલાં (જે મોતીબાઈની સીવવાની ઈસકોતરીમાંથી તેવણ નહી જાણે તેમ, ગુપચુપ લીધેલાં હતાં તે) લઈ અમો બન્ને જણા નાલાં આગલ જઈ પુગ્યા. ત્યાં ગયા પછી બાવાની અને મોટા બાવાની લાકડીઓ છેડે છેડેથી સુતરી વડે બાંધીને લાંબી કીધી; અને તેજ રીતે ભાઈજીની લાકડીઓબી સાથે બાંધીને અમોએ અમારૂં કામ શરૂ કરયું. મારી લાકડી અતીશય ભારી થઈ જવાથી એક વખત, ગલને પાણીમાં દુર નાખવા જતાં, સમતોલપણું નહી રહી શકવાથી હું પાણીમાં પડી ગયો અને થોડાજ વખતમાં પાણીનાં ત્રણ ચાર ગોટ ગલવા પછી આંખે અંધારાં આવી ગયાં, અને હું સમજયો કે હવે હું મરી જઈશ.

પણ નહી! જ્યારે હું સુધ્ધીમાં આવ્યો ત્યારે મેં જાણ્યું કે 'હું જીવતો છું' અને મારી આસપાસ બધાં જણા ઉભાં હતાં. સુધ્ધીમાં આવતોવાર મેં તેઓને પુછ્યું જે 'મારી પકડેલી માછલીઓ અને લાકડીઓ કયાં છે?' ત્યારે તેઓ ઘણા અજાયબ થયલાં દીસ્યાં હતાં.

દુન્યાંમાં વધારે હાડમાર થવા જો કે કમભાગે હું જીવતો નીકલ્યો, તોપણ માયજી મને જોઈને રડતાં અને ગલે લગાડતાં, તે શું હશે? એબી ઠીક થયું કે હું નાલાંમાં પડયો: કારણ કે જયારે થોડાક કલાક અગાઉ એક બોલબી મારી સાથે કોઈ બોલતું ન હતું, ત્યારે હવડાં ઘરમાંના દરેક જણ મારી આસપાસ ઉભાં હતાં અને મારો પડતો બોલ ઊંચકવાને તતપર દેખાતાં હતાં! માયજી મારે માટે ચાહ બનાવી લાવ્યાં, જે પીવા આપણે જયારે ના પાડી ત્યારે ધમકાવવાને બદલે પટાવવા અને કાલાવાલા કરવા પડયાં: "લે દીકરા બે દહાડાનો તરસો ભુખ્યો છે; એટલી ચાહ પી જાય તો તારી ઉપરથી ઓવરાઈ જાઊં!' પણ મેં ચાહ સાથે ભુંજેલું 'તોસ્ટ' માગ્યું, ત્યારે બેહેનજી મોતીબાઈ, જેવણે તે દીવસે મારા બાલ પીખી નાખ્યા પછી બીલકુલ 'ઊંચે મ્હોડે'જ હતાં તેવણ, દોડતાં જઈને 'તોસ્ટ' ભુંજી લઈ આવ્યાં; પણ સેવકે તે ખાવા મ્હોડું કુમલાવ્યું, ત્યારે બપાવાએ ઈંતેજારીથી પુછયું 'બીસકીટ લાઊં, બીસકીટ?' મેં જરા ડોકું હલાવ્યું કે તેવણ લાગલા બીસકીટનો પેલો બાકસ લેવા ઝડપમાં ચાલ્યા! પણ તે બાકસનું નામ નીશાન હોય કયાંથી? તેજ દહાડે સહવારના તેનું તલીઊં આવી પુગવાથી તમારા સેવકતો, તેમાં માછલીઓ પકડીને એકથી કરવા, તે સાથે લઈ ગયા હતા. આપણે જોયું કે જો બીસકીટના આવવાની વાત જોઈશું તો કદાચ 'તોસ્ટ' માંથીબી રખડી રહીશું, તેથી બપાવા ખાલી હાથે પાછા ફર્યા તેની અગાડી 'તોસ્ટ'નો ઈનસાફ કરવા આપણે ચુકયા નહી.

મસ્તી નંબર પ.

ડાકતર રૂસ્તમજી—ઊંડા પાણીમાં ફરતા દેખું!—એક ઈંગરેજ જાદુગર—તેનો જાદુઈ ખેલ—મેં બજવી બતાવેલો મોટો જાદુઇ ખેલ—એક સોનાનું ઘડીઆળ અને એક હીરાની વીંટી તેમને ખલબતાથી ભુંકડા કરવાની કલા—'જેના કામ તેજ કરે' એ કહેવત ઊલટી ઘડીએ મને ખરી માલમ પડે છે.

બે દીવસ વેર બીછાનામાં જેમ તેમ મને પડી રહેવું પડયું. અમુલ્ય મે મહીનાના મસ્તી

તોફાન કરવાના દીવસો આવા નકામાં જાય તે જોઇ મને બહુ સંતાપ થતો હતો. પણ અમારી બરાબર સામેના બંગલામાં ડાકતર રૂસતમજી રહેતા હતા, તેવણ દહાડામાં દહોડસો વખત મને જોવા આવતા; ઓરડામાંથી બહાર નીકલવાની મને તેવણે સખ્ત મના કીધેલી હોવાથી મને બીછાના પરથીબી ઉઠવા દેવામાં આવતો નહી. એ રૂસતમજી ડાકતર, મોતીબાઇની સાથે પરણવાના છે એવું હું જાણતો હોવાથી, મને તો નહી પણ તેવણ પોતાની ભવીષ્યની ધણીઆણીને જોવા આવતા, એવું હું ખાતરીથી માનતો હતો.

હું બરાબર સાજો થયો ત્યાર પછી એક દીવસે રૂસતમજી અમો સઘલાંને કોઇ ઇંગ્રેજ જાદુગરનો તમાસો જોવા લઇ ગયા. તેણે અજાયબ જેવા ઘણાક ખેલો કરી બતાવ્યા, જેમાંથી મને ફકત એકજ આવડશે, એવું વીચારી બીજે દીને તેનો અખ્તરો કરી જોવાનો મેં ઠરાવ કર્યો. એ ઇંગ્રેજે એક ઘડીઆલ માંગ્યાથી બાવાજીએ પોતાનું સોનાનું ઘડીઆલ કાઢી આપ્યું, અને રૂસ્તમજી પાસે, તેવણને આંગલીની ચકચકીત હીરાની વીટી માંગ્યાથી, તેવણેબી તે કાઢી આપી. એ બન્ને ચીજોને પેલા જાદુગરે ટેબલ ઉપર તઇઆર રાખેલી લોખંડની એક ખાંડણીમાં મુકી, બતાથી તે ચીજોને છુંદી નાંખી; અને પછી તે માહેલો ભુકો સર્વે તમાશગીરોને બતાવી, એક ખાલી ઇસકોતરીમાં નાખીને, થોડાજ વખતમાં તેમાંથી બાવાજીનું ઘડીઆલ અને રૂસ્તમજીની વીટી, જેવાં અસલ હતાં તેવાં, આખાં કાઢી આપ્યાં. એમાં કાંઇ નવાઇ જેવું નહી સમજી, બીજે દીવસે સાંજના બાવાજી ઓફીસમાંથી આવ્યા પછી, થોડેક વખતે તેવણના ઓરડામાં જઇ, બદીઆનના ગજવામાંથી તેવણનું ઘડીઆલ કોઇ જોય નહી તેમ, અખ્તરો કરવા માટે, હું ગજવામાં લઇ આવ્યો. વીટીને વાસ્તે અગાઉથી કીધેલી ગોઠવણ પ્રમાણે જાંહાંગીરે, પોતાનાં માયજીની હીરાની વીટી આગમચથી લાવીને, મારા ઓરડામાં મુકી હતી; જ્યાં પેલા ઇંગ્રેજની મીસાલ, મારી લખવાની ટેબલ ઉપર અમારા માલીનો, ખલબતો તઇઆર રાખવામાં આવ્યો હતો. જેવું ઘડીઆલ મલ્યું કે તરતજ મેં પણ જાદુ કરવાનું શરૂ કરયું. પેલા જાદુગર માફક હું આસપાસ નમીને (જાંહાંગીર સીવાય ઓરડામાં બીજું કોઇ તમાસગીર હતું નહી, અને વધારે તમાસગીરોથી ગરદી નહી થાય તે માટે બારણાં બારી અંદરથી ચપટ બંધ કરવામાં આવ્યાં હતાં!) કાંઇક 'ગોટપીત, સોતપીત' બોલ્યો કે, શીખવી રાખ્યા મુજબ તરત મારા દોસ્તદારે ઘડીઆલ અને વીટી સાથે આપીજ દીધાં. પેલા ઇંગ્રેજના ખેલમાં અને આ મારા જાદુના ખેલમાં ફેરફાર એજ કે જ્યારે પેહેલામાં જુદા જુદા ધણીઓએ જુદી ચીજો આપી હતી, ત્યારે બીજામાં એકજ ધણીએ બન્ને ચીજો સાથે આપી હતી. એ વતરોગે બીજો કાંઇએ ફેરફાર કર્યો નહી. તરતજ તે ચીજોનો ભુકો કરવાનું મેં શરૂ કર્યું. પણ અતરે મારે કબુલ કરવું જોઇએ કે ઘડીઆલનો કાચ તરત ભાંગી ગયો, પણ વીટીનું સોનું, હીરો, અને ઘડીઆલનું કોટલું ભુકો થઇ શકયું નહી; તે છતાં જેમ બન્યું તેમ જોરથી ઠોકી સર્વે ચીજો ચપટી કરી નાખી. ત્યાર પછી ઘણી સંભાલથી તે ભુકો (મોતીબાઇનો સીવવાનો સામાન રાખવાની) ઇસકોતરીમાં ખાલી કર્યો, અને બંધ કરી કુંચી દઇને તે કુંચી જાંહાંગીરને આપી. ત્યાર પછી (જોકે ઓરડામાં હું અને મારા કાબેલ (!) મીત્ર જાંહાંગીર સીવાય બીજું કોઇ નહી હતું તોપણ) પેલાની માફક ખંખાર મારી હું બોલ્યો 'છોકરીઓ અને છોકરાઓ, બાનુઓ, ગ્રહસ્થો, અને મી૦ જાંહાંગીર! તમારાં ઘડીઆલ અને વીટી, તેઓની અસલી હાલતમાં મારાં જાદુના જોરે આ ઇસકોતરીમાં આવી પડયાં છે, જે મેહેરબાની કરી તપાસી લેઓ.' જાંહાંગીરે તે ઇસકોતરી ઉઘાડી, પણ અમો બન્નેની અજાયબી, ઘબરાટ, અને ફીક્કા ચેહેરા વચ્ચે તે ચીજોનો ભુકો જેવીને તેવીજ હાલતમાં પડેલો અમોએ દીઠો!

જાંહાંગીર તો નાંના બચ્ચાંની માફક રડી પડયો, પણ મેં તેને હીમ્મત આપી કહ્યું.

'એમ તો હોય! એમાં રડવાનું શાનું? આપણે ફરીથી અજમાવી જોઈએ.' પણ નહી! ફરીથી અજમાવતાંબી કાંઈ જાદુ ચાલ્યું નહી. હવે મારા પેટમાં ફીકર પડી ખરી, પણ વીચાર સુજ્યાથી અંધારામાં કોઈ નહી જોય તેમ તો ભુકો લઈ જઈને, તબેલામાં ઘોડાનાં મ્હોડાં આગલ મુકયો.

બીજે દીને સહવારના પહોરમાં જમવાના ઓરડામાં ચાહ પીવા અમો એકઠા મલ્યા હતા, તે વેલા અકલાયલો ઘભરાયલો ગોવીંદ ઘોડાવાલો ઘડીઆલ અને વીટીની પેલી કસુંબર લઈને દાખલ થયો અને બાવાજીની સામે ટેબલ ઉપર તે ભુકો મુકી રડવા લાગ્યો. પોતાના ઘડીઆલના આ હાલ થયલા જોઈ તેવણ બહુજ ચીરડાયા, અને મારી આગલ આવી મને બોચીમાંથી પકડીને ખખડાવીને પુછ્યું, 'દુકતા! સાચે સાચું કહી દે. આ ઘડીઆલ એમ કેમ થયું?' જોકે હીમ્મત રાખીને જવાબ દેવાની મેં ઘણીબી કોશેશ કરી, પણ જવાબ દેતાં અભાગણી જીભ 'લેલે, પેપે' થઈ ગઈ. 'મેં-મેં હું કંઈ-હું ખબર નથી; મને શાનું પુછોછ?' બાવાજીએ વધારે દમ ભરાવીને પુછ્યું 'બોલ જલ્દી! આ ઘડીઆલ તેં લીધું હતું કે નહી?' મેં જવાબ આપ્યો 'ઘો—ઘોડાની આગલ આ બધું પડેલું હતું, ત્યારે તો ઘોડાએજ તમારાં બંદીઆનનાં ગજવાંમાંથી કાઢીને ભાંજી નાખ્યુ હશે!' પણ એટલામાં તો જાંહાંગીર અને તેના બાવા વીટીની પુછપરછ કરવા આવી લાગ્યા. અતરે જાંહાંગીરે સઘલું ફોડી નાખ્યું, અને એક નાનો જાદુગર થવામાં હું કેવી રીતે નીશફલ થયો તે, સઘલાંઓની હસાહસ વચ્ચે કહી દીધું. હું તો સમજ્યો કે આ મારૂં સાહસીકપણું જોઈને બાવાજી મને શાબાશી આપશે, પણ તેથી ઉલટુંજ જાંહાંગીરના બાવાના ગયા પછી 'કદી નહી સુધરે! એવો ખરાબ છોકરો' મને જણાવીને શીક્ષા દાખલ ત્રણ દહાડાવેર એક ખાલી ઓરડામાં મને બંધ કરવાનો હુકમ કર્યો. બસ!

મસ્તી નંબર ૬.

કેદ—એક નાનો દેલજંગ દલેર—નીસફલતા—એક કીમ્મતી પણ મફત આલ્બમ—નાદર પીકચર.

અરે માયાલુ વાંચનાર! તમારા બાબાપે શું તમોને કોઈ દીવસે કેદ કર્યા હતા? ના! હું નહી ધારતો. ત્યારે શું હુંજ એવો અભાગ્યો કે? આખાં શેહેરનાં છોકરાંઓ મોજ મજાહમાં દહાડા કાઢે, ત્યારે હું એખલો એક ખાલી ઓરડામાં કેદ પડું? મેં એવો તે શું મોટો ગુનાહ કર્યો કે મને કેદની સજા ફરમાવી? અરે, અરે! એબી નસીબની વાત! પણ મને એક વીચાર સુજ પડયો; શું હું નાસી જઈ શકીશ નહી? રાજા પાદશાહોની વારતાની એક ચોપડી, જે બહેન મોતીબાઈ થોડાક દીવસની વાત ઉપર વાંચતાં હતાં, તેની અંદર જયારે એક ચોરને કેદ કરવામાં આવ્યો, ત્યારે તે જે રીતે નાસી ગયો તે રીતે નાસી જવાની મેં પણ કોશેશ કરવા માંડી. અમારા બંગલાની ઉભરણી બહુ ઉંચી હતી: તેથી બારી વાટેથી કુદકો મારવાનું નહી બની શકે તેવું હતું; પણ બીછાણા ઉપરની મોટી ચાદરને લંબાઈમાંથી ફાડીને મેં ચાર કટકા કર્યા અને તે એકએક સાથે બાંધી, તેનો એક છેડો બારીના કટેરા સાથે બાંધ્યો, અને બીજો છેડો જમીન ઉપર નીચે ફેંકયો. આ રીતે તઈયારી કરી મેં સાવચેતીથી નીચે ઉતરવા માંડયું. બારીમાંથી બહાર નીકલ્યા પછી શું થયું તેનું મને ભાન નથી; કારણ કે મારાં માથાંમાં કાંઈ જોરથી વાગ્યાથી હું બેસુધ્ધ થઈ નીચે પડયા પછી ઘણે વખતે મને સુધ્ધી આવી.

મારા પડવાથી મને કાંઈ જાજું વાગ્યું હતું નહી; પણ તે છતાં બે દીવસ બીછાના ઉપર કાઢવા પડયા. ત્રણ દીવસ વેર ભુખ્યા તરસ્યા કેદ રહેવા કરતાં આ રીતે બે દીવસ બીછાના ઉપર સુઈને મજાહ મારવાનું મને બેશક વધારે પસંદ પડયું. રૂસ્તમજી જેવણ અમારે ત્યાં હરરોજ આવતા હતા, તેવણે મારી સારવાર અને દવાઈ કરી હતી. એવણ મારી ઉપર ઘણું હેત રાખતા હતા, અને જયાર ત્યાર વગર માંગવે બેઆની પણ આપતા હતા.

આજે સહવારના હું એવણુને બંગલે દવાઈ લેવા ગયો હતો, તે વેલા એવણુ પોતાના કોઈ દોસ્તદારને પોતાની આલબમ દેખાડતા હતા, જેની અંદર સબીઓ અને તરેહવાર રંગેલાં પીકચરો હતાં. એ જોઈને મારૂંબી મન થયું કે હુંબી મારી એક ખાસ આલ્બમ બનાવી મારા દોસ્તોને દેખાડું. આવા વીચારથી, અને રૂસ્તમજીને કામમાં રોકાયલા જોઈ, હું એવણુના દીવાનખાનામાં ગયો, અને ત્યાં રાખેલી પુશકલ ચોપડીઓમાંથી કેટલાંક સારાં સારાં પીકચરો ફાડી લીધાં, અને એક એસ્કી સુનેરી કોરવાલી, ચાંમડાંનાં પુઠાંની, ચોપડીમાંનાં વાંચવાનાં સઘલાં પાંના ફાડી નાખી, તેને બદલે પેલાં પસંદ કીધેલાં પીકચરો મેં ગોઠવ્યાં, અને નીરાંતે તે સઘલાંને ગુંદરે ચીટકાવી દેવાનો વીચાર રાખ્યો.

મારી આ (ખાસ પેટંટ મેલવેલી) આલબમમાં એક ઘણુંજ નાદર પીકચર બીરાજતું હતું, જે જોતાંનેવાર મારેથી હસતું થોભાયું નહી. એ પીકચરની મતલબ એ હતી કે એક 'ગાય જણ્યો' છે.કરો, જયારે તેનો પોતાનો બાપ પોતાના કોઈ ઓલખાણુવાલા સાથે જમવા બેઠો હતો ત્યારે, જમવાની ટેબલ નીચે સંતાઈને તે પરોણાના પગમાં ટાંચણી ભોકતો હતો. પેલો પરોણો સમજયો કે 'ખુરશીમાંના માકડ કરડે છે યા કીડ લાગે છે' અને તે વીચારથી તે ઠેકાણે તે ધવડયા કરતો હતો. આ પીકચરની મતલબ મને એટલી તો પસંદ પડી કે તેને મારા આલ્બમમાં મેં પેહલી જગ્યા આપી; અને રૂસ્તમજી ડાકટરના કાકા જમશેદજી, જેવણુ અમારો માથેરાનનો બંગલો વેચાતો લેવા બંદોબસ્ત કરવા આવવાના હતા અને જેવણુ પોતાનું બપોરનું ખાણું અમારે ત્યાંજ લેવાના હતા તેવણ, ઉપર આ રમુજી ગમત અજમાવી જોવાનો મેં નીશ્ચય કર્યો.

~~~~~~~~

મસ્તી નંબર ૭.

જમશેદજીની કુતરાઓએ કીધેલી આગતા સ્વાગતા—'ઓ મારા બાપ!'—જમશેદજીનો જોદી, અને તેણે વરતેલું ભવીષ્ય—સુથારનું મન બાવલ્યામાં—ટાંચણીનો ચમતકાર—ઈજારમાં ગાબડાં—ટેબલ નીચે ભરાયલો કુતરો!—જમશેદજીનો ધભરાટ—કુતરો પકડાંયો—કુતરાનો કુતુંબ્મો!

અગયાર વાગતે તેવણ આવી પોહોંચ્યા; પણ બારણા આગલ 'તામી' અને 'પીશુ' કુતરાઓ બેઠેલા હોવાથી અંદર આવવાની તેવણ, હીમત નહી કરતાં, બહારજ બાવાજીને નામની બુમ બરાડા મારતા ઉભા. મેં જયારે બહાર જઈને તેવણુને અંદર આવવા કહયું, ત્યારે કુતરાઓ તરફ આંગલી કરીને તેવણે કહયું કે 'પેહેલાં આ શેતાનને અહીંથી દુર કરો તો, હું અંદર આવું.' એ ઉપરથી મેં જાણ્યું કે તેવણ કુતરાંઓથી બહુ બીહતા હશે, અને તેટલા માટે તેવણની બીક ભાંજવા સારૂ કુતરાઓ આગલ જઈને તેઓને ત્યાંથી ઉઠાડવાને મસે ભોંસવાની શીખવી રાખેલી નીશાણી મુજબ બન્નેની પુછડી મેં જોરમાં દાબી, ધીમેથી 'છુ છુ' કરતાંજ તેઓ જમશેદજીના આંગ ઉપર એકદમ ધસ્યાં! 'ઓ મારા બાપ!' બોલી પુર ઘભરાટમાં પાછલે પગે ચાર પાંચ પગલાં તેવણે ભર્યાં નહી, તેટલાં તેવણુના પગ એક એક સાથે ભેરવાઈ ગયાથી તેવણ ચતાપાટ જીખાયા, અને 'તામી' અને 'પીશુ' તેવણની અડોઅડ જઈ જોરથી ભોંસવા લાગ્યા. તેટલામાં હું, બાવાજી, વગેરે તેવણની મદદે દોડી ગયા અને કુતરાંઓને લાત મુક્કી મારી ત્યાંથી નસાડયા.

'માફ કરજો જમશેદજી! માફ કરજો; હું ઘણો દલગીરછું. તમુને કાંઈ ઈજા તો થઈ નહી હશે.' મારા બાવા તેવણને જમીન ઉપરથી ઉઠાડતા ઉઠાડતા બોલ્યા.

"અ રે રે રે, મારા ખોદાય! શું બોલ્યા તમે? મને ઈજા નથી થઈ? એક મીનીટ જો તમે પછી આવ્યા હતે તો પેલા દોજખી હરેમનો મને આખ્ખોને આખ્ખો ફાડી નાખતે! સમજ્યા? અરેરે, બાપ મારા!"

આ બુઢેમીઆંનો મીજાજ જેમ તેમ નરમ પડયા પછી તેવણુને બાવાજી બંગલામાં લઈ જવા લાગ્યા; પણ બારણામાં આવી પુગતાંજ તેવણુ અટકી પડયા, અને બોલ્યા, 'ના! જયાં સુધી પેલા બેઉ કુતરાંઓને મજબુત સાંકલથી
~~~~~~~~

બાંધો નહી, ત્યાં સુધી હું અંદર પગ મુકનાર નથી.' આખરે તોમી અને પીશુને બાંધવા પડયા. કુતરાઓને જોઇને તેવણુ એટલા બધા બીતા હતાઃ તેનું કારણ એમ જણાયું કે કોઇ જોશીએ, તેવણનું મોત હડખાયલાં કુતરાંના કરડવાથી થરો કરી, તેવણનાં મન ઉપર ઠસાવ્યાથી તેવણ હરેક કુતરાંથી સો પગલાં દુર રહેવા માંગતા હતા.

એવણને એટલા બધા બીહતા જોઇને તેવણના વધારે 'હાંજાં ગગડાવવા' ને મારી હોંશ વધી. બાવાજી સાથે તેવણને અસલની ઓલખાણ હોવાથી તેઓ હોલમાં બેસી તરેહવાર વાતો કરતા હતા, તેટલામાં પીરોજ ઇરાની 'ખાણું તઇયાર છે' કરી જણાવી ગઇ. તેઓ ઉઠે તે આગમચ સેવકે જમવાના ઓરડામાં જઇ ટેબલની નીચે જગ્યા લીધી. ટેબલ ઉપરનું કપડું, મોટું હોવાથી, નીચેવેર ઝુલતું રહેતું હતું: જેથી હું નીચે ભરાયલો છું, એવો ખ્યાલ કોઇને આવ્યો નહી. જમશેદજીએ ખુરશી ઉપર બેસ્તાં પહેલો સવાલ કુતરાઓ માટે કર્યો, પણ બાવાજીએ તેવણને ખાતરી આપી કે તેઓ બન્નેને સાંકલ વડે બાંધી રાખ્યા હતા. બે ત્રણ બુક જમવા પછી મેં મારૂં કામ શરૂ કર્યું: એટલે હલવેથી અને સફાઇથી જમશેદજીના ટેટાંમાં મેં પહેલ વેહેલી ટાંચણી ભોકી. આ પહેલી કોશેશમાં હું ફતેહમંદ નીવડયો નહી; સબબ, તે ટાંચણી લાગ્યાનાં કાંઇ પણ ચીનહો તેવણે દેખાડયાં નહી. થોડોક વખત પછી મારી ટાંચણી મેં ફરીથી અજમાવી, જેનો તરતજ જવાબ મલ્યોઃ કારણકે, એકાએક ચોંકીને ટેબલ નીચે હાથ ઘાલી તે જગ્યા ઉપર તેવણ ઘવડવા લાગ્યા. આહાહાહા! મારેથી હસાઇ જવાતું હતું; પણ મેં જોયું કે હજુ વધારે રમુજ મેલવી શકાશેઃ તેથી મેં જેમ તેમ હસવું સ્માવ્યું. થોડે થોડે વારે ત્રણ ચાર વખત મારી ટાંચણી જમશેદજી ઉપર અજમાવી જોઇ, અને દર વખતે ઘવડવાથી અને કોઇ વખતે એકાએક ચોંકવાથી મને માલમ પડતું કે મારો હાથ બીલકુલ કામ કરવામાં ખામી વગરનો હતો. ત્યાર પછી તેઓ બંગલાને વીશે વાત ચલાવવા લાગ્યા, અને જમશેદજીને તેમાં મશગુલ થઇ ગયલા જોઇ, મોતીબાઇની જુની કાતર (જે છેલ્લા ત્રણ દીવસ થયા ખોવાઇ જઇને મારાં ગજવાંમાં બેસી ગઇ હતી તે) વડે તેવણની ઇજારમાં મોટાં મોટાં ગાબડાં પાડવાનું મેં સફાઇથી શરૂ કર્યું. બીજા પાયજાનું ગાબડું કાઢતો હતો, તેવામાં તેવણે એક પગ અચાનક ઊંચકયો, જે મારાં નાક સાથે લાગતાં સેહેજમાં બચી ગયો.

'તમારાં પેલાં સેહેતાની કુતરાંઓ તો હજુ બાંધેલાંજ છે નહી?' જમશેદજીએ પુછયું.

'હાજી! બેઉ જણાને હજી બાંધીજ રાખેલા છે.' બાવાજીએ જવાબ આપ્યો.

'તમારે ત્યા બીજાં કુતરાં નથી કે?' જમશેદજીએ ઇંતેજારીથી પુછયું.

'નહીજી! પણ એ કાંઇ કરડતા નથી; ખાલી ભોંસે છે.' બાવા બોલ્યા.

'પણ—પણ, ત્યારે—હું ધારૂં છું કે આ ટેબલ નીચે તમારો કુતરો છુટી આવીને ભરાયલો છે. ત્યારનો સવર વવર કર્યા કરે છે.' તેવણે લગાર ધભરાટમાં કહયું.

પણ એટલામાં તો બન્ને તોમી અને પીશુના ભસવાનો સાદ આવ્યો; જેથી બાવાજીએ ટેબલ નીચે ડોકયું કરવાની તસદી લીધી નહી. ઇજારમાં મોટાં મોટાં ગાબડાં પાડવાનું કામ ખલાસ થવાથી કાતર હું મારાં ગજવામાં પાછી મુકતો હતો, તેટલાંમાં જમશેદજીએ પોતાનો પગ ઊંચકવાથી તે મારાં માથાં સાથે અથડયો! મેં તરત વીચાર કર્યો કે હવે આખર કરવે પકડાઇ આવીશું; તેથી તરતજ તેજ પલે તેવણનું ટેટું જોરથી પકડયું.

'ઓ બાપરે! આખરે કરડયો રે!' કરતા તેવણ વીજલીના આંચકા મીસાલ એકાએક ઉભા થયા. 'ઓ બાપરે! કોઇ આવો રે! ઓ, હવે હું મરી જઇશ! હું જરૂર મરી જવાનો! મને આખરે કુતરાએ કરડયો રે, બાપ! મને હવે હડખાંનું ઝેર ચહડશે. ઓ ખુદા! અસલથી હું જાણતો હતો કે મને કોઇબી દહાડે હડખું લાગવાથી હું મરીજઇશ. અરરરર! કોઇ દોડોરે

દોડો ! રૂસ્તમજીને બોલાવી લાવો ! ઓ ! ઓ! ઓ!'

જમશેદજીના એકાએક જોરમાં ઉઠવાથી ટેબલને એટલો તો આંચકો લાગ્યો કે દારૂની બાટલી, પાણીના ટમ્બલર, પાણીના કલશીયા, વગેરે ટેબલ ઉપરથી નીચે ગબડવા લાગ્યાં; અને તેવણ જે ખુરસી ઉપર બેઠા હતા તેબી, તેવણના ઉઠવાની સાથે, ઉથલાઇ ગઇ.

માયજી, બેહેનજી, બપાવા, નોકરો, વગેરે તરત ઓરડામાં દોડી આવ્યાં અને તે વખતે મેં પ્રાર્થ્યું કે પેલા નાટકમાં જમીનની અંદર ગેબ થઇ જાય છે તેમ હુંબી ગેબ થઇ જાઊં, પણ નહી ! તરતજ બાવાએ કપડું ઊંચકયું અને હડખાયલા કુતરાને બદલે સર્વેની નજરે હું પડયો ! જોરથી કાન પકડીને મને તેવણે બહાર ઘસડી કહાડયો, અને એક સલાપ ખેંચી કાધી મને મારા ઓરડામાં જઇ બેસવાનો હુકમ કર્યો. જ્યાં થોડાક વખતમાં આવીને મારો ઇનસાફ કરવા તેવણે જણાવ્યું.

અરે વાંચનાર! જેટલી મજાહ કરી તેટલી અવરી નીકલી જવાનો વખત આવ્યો. હું ઓરડામાં જઇને બેઠો: તેટલામાં મારો માનીતો દોસ્ત જાંહાંગીર આવી લાગ્યો. તેને જોતાંજ મને એક વીચાર સુજ પડયો, જે તરત અમલમાં લાવવા હું ચુકયો નહી. મારા ઓરડામાં એક મોટી જુની કબાટ ખાલી હતી, તેની અંદર ભરાઇ, બહારથી તે બંધ કરવા મેં જાહાંગીરને જણાવ્યું.

આવી હીકમત છતાંબી હું બંચી જવા પામ્યો નહી. થોડાજ વખતમાં હાથમાં લાંબી નેટર લઇને બાવાજી ઓરડામાં દાખલ થયા, અને મને જોવાને સઘલે નજર કીધી, પણ હું નહી દેખાવાથી, 'એ ગયો કહાં?' એમ બોલતા હતા એટલામાં મને 'હાઆત—છીં' કરી મોટેથી એક છીંક આવી ગઇ! અરે તારૂં નખોદ જાયરે તારૂં, છીંક! છેક રહી રહીને તેજ વખતે અભાગણીએ નીકલી આવીને મારો સઘલો ધાણ બગાડી નાખ્યો!

નેતરના ઝપેટા જેટલા પડવા જોઇએ તે કરતાં તો ગણવીના દશ બાર વધારે પડયા; સબબ આ વખતે પેલા બુઢેમીઆંનો ગુસ્સો નરમ પડી શકયો નહી. તેવણ અમો સઘલાં તરફ બખારતા બખારતા તરત ત્યાંથી ચાલી ગયા, અને બંગલાનું વેચાણ વેચાણને ઘર રહયું અને જમશેદજી જમશેદજીને ઘર રહયા.

મસ્તી નંબર ૮.

વીજલીક 'બેતરી'—તેની વીજલીક અસર—માહબારત વીજલીક અખ્તરો—તેનું ધભરાવનારૂં પરીણામ—વાંક કોણનો ?—'કામચીમટી'વાણી—ગરજ મોરી બાપડી—તરેહવાર અજાયબીઓ.

આ બનાવને બે ત્રણ દીવસ થયા પછી એક દીને એવો સંજોગ બન્યો કે રૂસ્તમજી પોતાના કોઇ ઓલખીતાનાં લગ્નમાં ગયા, અને તેવણનો ફરંગી કમ્પાઉન્ડર કેથે ઉતરી પડયો. બન્ને જણાને કોઇ પણ દીવસે સાથે બહાર ગયલા જોવાને હું ઘણો ઇન્તેજાર હતો: કારણ કે દવાખાનામાં બે ત્રણ જાતની વીજલી પેદા કરવાની 'બેતરી' રાખેલી હતી. તે જે મીસાલ રૂસ્તમજી ચલાવતા હતા, તે માફક મને પણ ચલાવવાનો શોખ થતો હતો. એક દીવસે મારાં દેખતાં એક બલુ રંગની સીસીમાંથી કાંઇક થોડી દવાઇ પેલા વીજલીના સંચામાં નાખીને તેની સાથવાલા તારનો લાકડાંનો હાથો મારી પાસે તેવણે પકડાવ્યો, કે તરત મારાં દીલમાં કાંઇ થઇ આવ્યું, અને મોટેથી બુમ પાડી તે નાંખી દીધો. એ વીજલીક અખ્તરો જાહાંગીર ઉપર અજમાવી જોવા મેં તેને ઇજન કર્યું, અને તરત અમોએ, કોઇ નહી જોય તેમ, દવાખાનાવાલા ઓરડાની બારીનાં વીનીઝનમાં હાથ ઘાલી, અંદરની ઇસટાપણી ફેરવીને બારી ઉઘાડી, અમો ચોરની મીસાલે અંદર ચુપચુપ દાખલ થયા. મેં પેલી બલુ સીસી તેની ચોકસ જગ્યાએથી લઇને તેની અંદરની દવાઇ 'બેતરી'માં, જે ઠેકાણે નાખવી ઘટતી હતી તે ઠેકાણે, જાહાંગીરને વધારે બુમ પડાવવા જોઇએ તે કરતાં જાસ્તી નાખી; પછી પેલો લાકડાંનો હાથો હાથમાં મજબુત પકડવા તેને કહયું. ગરીબ બીચારાએ તેમ કીધું, પણ

તેજ વખતે તેણે કાઢેલા ઘભરાટ અને ચીસ સાંભલીને મારા હોશકોશ ઉડી ગયા. એક મોટા આંચકા સમેત તે જમીન ઉપર પછડાયો અને મોટી મોટી ચીસો પાડી આસપાસ લેટ્યા પછી બેસુધ્ધ થઈ ગયો. તેણે કાઢેલી ગડબડથી અમારી તરફ માણસો દોડી આવ્યાં, પણ અંદર આવવા માટે તેઓનેબી બારી કુદાવવી પડી. હું ધાસ્તી રાખતો હતો કે મારો પ્યારો દોસ્ત કદાચ મરણ પામે. પણ શુકર તે ખુદાના! પાણીના ફટકા અને કોલોન્વોટરના પુશકલ મારા પછી જરા જરા તે શુધ્ધીમાં આવ્યો, અને ત્યાર પછી તેનાં માય, જેવણે ખબર પહોંચતાં વાર ત્યાં દોડી આવ્યાં હતાં તેવણે, તેને ઘેર ઉંચકાવી લઈ ગયાં.

પોતાનાં કામનો જો કોઈનેબી પુરેપુરો બદલો મલતો હોય તો તે મને છે. ઉપલી બાબદમાં મારો વાંક બીલકુલ નહી હતોઃ કારણ કે શું હું કાંઈ જાણી બેઠો હતો કે જાહાંગીર એ રીતે બેસુધ્ધ થઈ જશે? પણ તે છતાંબી તેને વીશે મને તે દીવસે એકજ વાણી ઉપર જીવવું પડયું; જે વાણી, હું ઘણો દલગીર છું જે, મારા જેવા ગરીબ પણ કમનસીબ છોકરાઓવાલા ઘરમાં ઘણીજ સાધારણ છે અને જેને ગરમાગરમ 'કાનચીમટી' કહે છે. સઘલાંઓએ વારા ફરતી મારા કાન ચીમટવાથી મને ઘણી ધાસ્તી છે કે મારા કાન બબે ઇંચ એકાએક વધી ગયા હશે!

વીજલી જેવી મહાભારત શકતીને મારા નાના હાથે કાબુમાં રાખવાની સવલતા કેવા પ્રકારની થઈ તે મ્હારા દયાલુ વાંચનારાંઓએ જાણી હશે. રૂસતમજીને જયારે એ વાત ખબર પડી ત્યારે તેવણનો મારી ઉપરનો ગુસ્સો બેહદ હતો. તેવણે જણાવ્યું કે મારે હવે કદી પણ તેવણનાં દવાખાનામાં આવવું નહીઃ કારણ કે ફરીથી જો મારી એવી 'ભુલ' થઈ તો સમી કદી તેવણની ઘરાકી બીલકુલ તુટી જશે. ઠીક! દુનયાં સદા ગરજવંતીજ રહે છે; ગરજ સરી કે કોઈ કોઈનું નહી. ખરેજ, તમને કહું જ્યારે રૂસતમજી અમારે ત્યાં પેહલવેહલાં આવવા લાગ્યા, અને બેહેન મોતીબાઈ સાથે દોસ્તી પાડયા પછી તેવણ જયાર ત્યાર મને ચીઠીઓ લખીને આપતા હતા, તે એવી મતલબથી કે કોઈ જોય નહી તેમ મારે મોતીબાઈના હાથમાં મુકવી. આવી છુપી ચીઠીનો જવાબ પણ પાછો લઈ જવાની મારીજ ફરજ હતી, અને એ ફરજ બજાલાવવાને હું સદા ત્તપર રહેતો હતો, કારણ કે પેહેલ વેહેલાં તો એવી દરેક ખેપ વેલા મારી સુંદર ચલકતી પોકીટ (જે કાંઈજ નહી પણ કાવસજી મામાની તપખીર સુંઘવાની શીપની રૈનકદાર દાબડી, જે એક દીવસે મનમાનતી ફતેહ સાથે મેં 'સાહુકારી' કરીને તફરાવી લીધી હતી તે)માં હું મોટા હરખ સમેત રૂસતમજી તરફથી ચીઠીઓ છુપી રીતે લઈ જવાની લાંચ તરીકે મલતી બે આની ખખડાવતો હતો. પણ એ રવેશ હમેશ તીજ્હોરી પડી નહી. ત્યાર પછી રૂસતમજી ચાર દોઢીયાં ઉપર આવ્યા; પણ એટલુંબી હમેશ આપતાં તેવણે હાથ ખાંચવા માંડયો, અને એક દીવસે તો મારા હાથમાં બે દોઢીયાં મુકયાં! શરમ છે, તેવણને! મને એ ઉપરથી ઘણું લાગ્યું અને તેનું વૈર લેવા તે ચીઠી મોતીબાઈને આપવાને બદલે મેં પોતેજ ઉખેડીને વાંચી. પણ તેમાં કાંઈ જાણવાજોગ બીલકુલ ન હતું. તેમાં તરેહવાર અજાએબીઓ હતી, જે મને બીલકુલ સમજ પડી નહીઃ જેવી કે 'મારી આંખનાં નુર,' 'મારા પુનમના ચાંદ,' 'મારી મોહેના રાણી,' 'મારી પ્રેમપ્રીયા' વગેરે વગેરે; પણ જયારે મારા વાંચવામાં આવ્યું કે 'ઓ મારાં કલેજાં! ઓ મારાં આંતરડાં!' ત્યારે મેં ધારયું કે જે વખતે રૂસતમજી તે કાગજ લખવા બેઠા હશે ત્યારે તેવણનાં પેટમાં યા કલેજાંમાં યા આંતરડાંમાં એકાએક દુખી આવ્યું હશેઃ જેથી બીચારાથી એમ લખાઈ ગયું હશે! ગમે તે હો, પણ એવાં કાગજો આપવા માટે મારી ગમે તેટલી શેકાણ છતાં મને ખાસ તેડી મંગાવવામાં આવતો હતો; પણ મને હવે મના કીધેલી હોવાથી વગર બોલાવે કદી પણ નહી જવાનો મેં ઠરાવ કર્યો હતો.

મસ્તી નંબર ૯.

બબરચી તરીકે—તપખીરનો પોપટજી—તેની અસર—દોધીમાં ચાહીમ મીઠું—સુધરેલો સ્વાદ—સકરકંદમાં સરકો અને હલદ—હરવાનું ઇસ્તુ—કોપરેલમાં તળેલાં કેળાં—બેહેનજી ફીક્કાં ફ્યા!

એક વેલા અમારી રાંધનારી પીરોજે કાંઇ અગત્યનાં કામસર એક દીવસની રજા લીધી હતી; તે વખતે સાંટક એવું બન્યું કે રૂસતમજીનાં ઘરનાં સઘલાં કુંપે લગનમાં ગયલાં હતાં, જેથી રાતે અમારે ત્યાં જમવાનું તેવણુને મોટા બાવાએ ઇજન કરયું હતું. એ ઉપરથી રાંધવાનું સઘલું કામ મોતીબાઇને માથે આવી પડયું, જે તેવણે મોટી ખુશીથી કબુલ કરી, રાતને વાસ્તે ઘણું લેહેજતદાર ખાણું પકાવવાને તેણીએ ઉલટ ભર તરેહવાર તઇયારી કીધી હતી. બપોરનું જમવા પછી બેહેનજી રાંધણીમાં કામ કરતાં હતાં તે વેલા તેવણની જુણી કાતર, જે મારાં ગજવાંમાં નકામી પડી રહી હતી તે ,લઇ જાણે કોઇ ખોવાયલી ચીજ તરતજ જડી હોય તેમ દોડતો રાધણીમાં જઇને તેવણને મેં આપી. આ મારી દેખતી ભલાઈ માટે ઇનામમાં એક દોઢીયું મને તરત મલ્યું, અને ત્યાંજ રહી તેવણની રજાથી બાફેલા પટેટા છોલીને તેવણનાં દરેક કામમાં હું મદદ કરવા લાગ્યો; પણ તે કાંઇ ખરાં દીલની મદદ નહી હતી. વાંચનારને યાદ હશે કે જાઇજીની સાડી ચોરનાર તરીકે થોડોક વખત સુધી તેણીને નામોશીમાં નાખવા બદલ તેવણે મારાં માથાંના બાલ, જે પીખી નાખ્યાં હતા તે, નો અકરસાટ પેટ પુરતું વેર લેવા માટે મને હજી યાદ દેવડાવતો હતો. તે વખત હવે દુર નહી જોઇ મેં તેની છુપી તઇયારીઓ કરવા માંડી. કાંઇ કામનું બહાનું કાધી થોડોક વખત રાંધણીમાંથી રજા લીધી, અને મોટા બાવા પોતાની તપખીર જે ઠેકાણે બર[illegible] ભરી રાખતા હતા, ત્યાંથી લગભગ અરધું [illegible]લું ભરાય તેટલી તપખીર એક કાગજના કટકામાં બાંધીને ગજવાંમાં મુકી પાછો રાંધણીમાં જઇને ઉલટભર કામે લાગ્યો. થોડાક વખતમાં માયજીએ મોતીબાઇને હાંક માર્યો કે 'ચીતલવાલો આવેલો છે.' જેથી તેવણ લાગલાં દોડી ગયાં, અને તરત પાછાં તો ફરશે નહી એવી સેવકની ખાતરી હોવાથી રાતને વાસ્તે પોપટજીનો ઘાણ જે તઇઆર કરી રાખેલો હતો તેમાંથી થોડોએક પ્યાલાંમાં કહાડી લઈ, બાકીનામાં રફતે રફતે તપખીર ભભરાવી, ખુબ એકરસ કરી નાખ્યો. આ ઘાણ હવે કેવો સવાદીષ્ટ થયો હતો તે જાણવા મેં એક ટીપું મોઢાંમાં મુકી જોયું, પણ તરતજ મારી ખાતરજમા થઇ. સબબ, નાકનો દાંડો ફાટી જાય એવી એક જબરદસ્ત છીંક આવી! પોપટજીના આવા સુધરેલાં સવાદીશટપણાથી બીલકુલ સંતોશ પામી, પેહેલા ઘાણમાંથી એકજ પોપટજીને પુરતો પેલાં પ્યાલાંમાં કાઢી લીધેલો ઘાણ ઊંચો કરી હું રાંધણીમાંથી પાછો બહાર નીકલી પડયો. બેહેનજીએ નવાં ચીતલ પેહેરી લીધા પછી અમો બન્ને જણાં રાંધણીમાં પાછાં આવ્યાં. અંધારૂં થવા આવેલું હતું તેથી મને રાંધણીમાંની બતી સલગાવવા કહી પોપતજીનો પેણો તેવણે ચુલા ઉપર ચઢાવ્યો; પણ બતી સલગાવ્યા અગાઉ પેલું ઊંચું કાધેલું પ્યાલું કાધીને એમાં શું છે તે અનજાણો થઇને મેં પુછયું. તેવણે તે સુંઘયા પછી પોપટજીના ઘાણ મધેથી રહી ગયલો થોડોક ભાગ છે એમ જણાવી, પેણામાંના એક ખાંચામાં તે નાખ્યું અને બીજા ખાંચાઓમાં પેલી તપેલી મધેથી કાધી કાધીને નાખવા માંડયું. અંધારૂં હોવાથી પ્યાલામાંના, તેમજ તપેલીમાંના ઘાણના રંગમાં કેટલો તફાવત હતો તે માલમ પડી આવ્યો નહી. પેણામાંના પોપટજી તઇયાર થઇ ઉતર્યા પછી પેલાં પ્યાલાંમાંથી નાખેલા ઘાણનો પોપટજી, જે મેં ધ્યાનમાં રાખ્યો હતો તે, મેં મારા ભાગ તરીકે ઊંચકી લીધો, અને બેહેનજી સાથે કામ કરવામાં મેં ભાગ લીધેલો હોવાથી તેવણે કાંઇબી હરકત લીધી નહી. અરધો પોપટજી ખાવા બાદ, બાકી રહેલો અરધો બેહેનજીને આપ્યો, જે તેવણે ચાખ્યા બાદ, 'ઘણાજ સરસ થયા છે' એવું મત સાંભલી મારી [illegible]

ઉપર મલકાતો મલકાતો હું ત્યાંથી નીકલી પડ્યો.

સાત વાગી ગયા પછી રૂસતમજી આવી લાગ્યા, અને ખાવા તથા ખપાવા સાથે ગપ્પા સપ્પા ચલાવ્વા માંડયા. બેહેનજી તો હજી રાંધણીમાંજ હતાં અને હું જ્યારે ત્યાં ગયો ત્યારે ઘઉંનું દુધ ચુલા ઉપર ચઢાવી તે સાથે માથાંફોડ કરતાં મેં તેવણને જોયાં. મને જોતાંજ તેવણ કેહેવા લાગ્યાં: 'આજે ઘઊંનું દુધ આવું આરસીના કટકા જેવું સફેદ છે. તોબી મુવું એક કલાક થયો પીગલતુંજ નથી! ચુલા ઉપરથી મુકી જોયું, પણ જાણે પથ્થર! એ દુધ એવું કેમ?' બોલી પોતાની અજાયબી મને બતલાવી. 'મુઇ એવી અફાર જીહીબ મારેથી નહી થાય! એક વાણી વગર ચાલશે. ધુંમાડાથી આંખના ડોળાબી સુજી આવ્યા, પણ એ મુવું ચરતુંજ નથી.' બોલી ચોતરા ઉપર તે કહાડી નાખ્યું, અને બાકીની સઘલી વાણીઓ તઇયાર ગોઠવી, રાંધણીનું બારણું ધાંકીને, આખા દીવસના પસીનાથી ખરાબ થએલાં કપડાં બદલવા, તેવણ પોતાનાંજ ઓરડામાં ગયાં.

તેવણનાં જવા પછી કોઇ નહી જાણે તેમ અગાઉથી બારીક વાટી રાખેલું નીમક, જે એક રૂમાલમાં મુકીને ગોદરાં તલે મેં દાબી રાખ્યું હતું તે, લઇ હું બેધડક રાંધણીમાં પેઠો, અને મને કોઇએ જોયલો ન હોવાથી અંદરથી બારણું બંધ કર્યું; દોધીની તરકારીની તપેલીમાં જરા જરા મલી એક બોબાને આસરે મીઠું નાખ્યું, અને દર વેલા સારી રીતે ચમચ કરતો ગયો કે એકજ ઠેકાણે નીમક રહી ન જાય. વેંગણાની વાણીમાં દરેલાં મરી અને મરચાંની ભુકી ઘણી સરખી હોમાવી તે વાણીનો સવાદ એકદમ સુધારી નાખ્યો. પણ તેના કરતાં વધારે લેહેજદાર વાણી તો સકરકંદની તરકારીની તપેલીમાં સરકો અને દલેલી હલદ ઉમેરીઆથી બેહદ સરસ થઇ.

તે રાતના મોતીબાઇ મારી સાથે ઠંડાં [illegible] અને મામાજીઓબી કાંઇ હરકત નહી [illegible] સઘલાઓની સાથેજ હું જમવા બેસવાનો હતો. નવ વાગ્યા પછી રોજના રાબેતા મુજબ ટેબલ ઉપર રકાબીઓ ગોઠવઇ અને થોડા વખતમાં સર્વે જમવા બેઠાં. મોટા ખાવાના 'બનામે યઝદ' બોલવા પછી સર્વે જણાએ હાથ લંબાવ્યો. પણ પેહેલોજ નવાલો મોંહમાં જવા પછી દરેક જણના ચેહેરામાં થયલો ફેરફાર બેહદ હસવું પેદા કરે તેવો હતો.

'અરરર! આજે શું તોબાહ! આજે તરકારીમાં કેટલું મીઠું! એવી તે કઇ તમારી શાહ ખબરચણ? છાકટ થઇ હતી કે શું?' તરતજ રૂસતમજી તે થુક થુંકી નાખીને બોલ્યા.

'અરરર! આમાં શું નાખ્યું છે? અરરર! મારી તો જીભ બલી ચાલી! જરા પાણી આપો તો!' દાદાભાઇએ પેહેલો હાથ વેંગણાંની વાણીમાં નાંખેલો હોવાથી તે મધેનો તીખાસ ઘણો જલદી તેવણને મગજે ચઢી ગયો, અને તરતજ તેવણની આંખમાં પાણી આવી ગયાં.

'અરે! આજે શકરકંદની રકાબીમાં સરકો શાનો? એ શું—'

'એ હરવાઇરે, તું એમની એમ!' તલેલાં કેલાંનો પેહેલો નવાલો મ્હોડાંમાં મુકીને તરતજ થુંકી નાખ્યા પછી માયજી મોતીબાઇ તરફ ચીડભરી નજરથી જોઇને બોલ્યાં. 'માયંજી, હું રાંધું; હું રાંધીશ! તે શું મુવું આવું સોભતું રાંધ્યું કે? કયાં રાંધવા શીખી હતી? મરેરે કોઇ જુવોની! આ કેલાં ઘીને બદલે નરદમ કોપરેલમાં તલી કાઢયાંછ તે! મરેરે! તારી સુધ્ધ કયાં ગઇ? એ એમ શું કીધું? બોલની, ભોસની?'

પણ બેહનજી બોલે તે કયાંથી? 'મદઇ' ની તો જાણે છાતીજ બેસી ગઇ હતી. ઉમંગથી રાંધેલી વાણીઓની લેહેજત માટે રૂસતમજી તેમજ ખપાવાની તારીફ તથા પસંદગીના બોલો સાંભલવાને બદલે આવું રમખાણ થશે, એ તેવણના સ્વપ્નામાંબી હતું નહી. એક તો વેંગણાની વાણીના ભુકના તીખાસથી પોતાની મેલે આંખમાં પાણી ચઢી આવ્યાં હતાં: તેમાં આ રીતના ફજેતા અને ઠપકાથી તો તેવણ ખરેખર દંગ થઇ ગયાં! તેવણનો ચેહેરો ફીકોફચ થઇ જઇ તે ઉપર ઘભરાટની ખુલ્લી

અસર એટલી તો દેખાતી હતી કે મારા દીલમાં દયા આવી ગઈ. પણ હવે જે થઈ ગયું તે થઈ ગયું. મારી સાથે ગમે તેમ વર્તે, તોપણ ફરીથી એવી ચાલ તેવણની સાથે નહી ચલાવું, એવી તે વેલા મંછા કીધી.

'માયજી!—હું—હું કાંઈ—મેં કાંઈ કોણ જાણે એમ કેમ થયું તે!' સઘલાંઓની નજર મોતીબાઈના ચેહેરા ઉપર તીકતી હોવાથી શરમથી તેવણે નીચું જોઈને પોતાનો બચાવ કરવા માંડયો. 'હું તો—મેં—તો—બરાબર રાંધ્યું હતું.'

પણ એકાએક તેવણને કાંઈ ખ્યાલ આવ્યો અને તરત મારી તરફ નજર કરી બોલ્યાં, 'તારૂં તો નહી કાંઈ કારસતાન હોય? તું—'

'અરે વાહ! ઠીક—ઠીક! મેં તમારૂં ઉલટું બધું કામ કીધું અને તેના બદલામાં મનેજ ગલે પડો છો કે? હું શું જાણું, તમારી રાંધવાની વાત?'

આ મારી ફુરતાજે જેવી જોઈએ તેવી અસર કીધી નહી, અને સઘલાં જણાં મારી ઉપર શકની નજરથી જોવા લાગ્યાં.

'માયજી, હું ખરૂં કહી દઉં? આજે સહવારથી મને લાગ્યું કે બેહેનજીનું ધકધ્યાન ઠેકાણે નહી હતું. હું રાંધણીમાં હતો ખરો, પણ મને બોલાવ્યો ત્યારેજ હું અંદર ગયો હતો. આખો વખત કામ કરતી વખતે કોઈકોઈ વારે બેહેનજી અમથું અમથું બકતાં હતાં. મને તો લાગ્યું કે જેમ રામો છાકટો થઈને બબડે છે, તેમ મોતીબાઈ છાકટાં થયાં હતાં, અને એવણનું ભાન એટલા લગી નહી હતું કે રોટલીના આટાની અંદર પણ ઘી નાખવા જતાં હતાં; જે કરતાં મેં અટકાવ્યા. વલી——'

'ઓ માય! બધું જુઠું! જુઠ્ઠું—આવું-બી તે ઓ માયરે!——' ડચકાં ખાતાં ખાતાં મોતીબાઈ એટલુંજ બોલી શકયાં, અને વધારેવાર નહી ખમી શકાયાથી, મોટે મોટે રડતાં ત્યાંથી ઉઠી પોતાનાં ઓરડા તરફ ચાલી ગયાં.

આ દેખાવ ઘણો કઢંગો હતો. સઘલાં જણા પોત પોતાના વીચારમાં હતાં અને સાથે લાગ્યો હું પણ આ બેહેંકી ગયલાં રમખાનથી બેહદ પસ્તાતો હતો. આ બાબદનો નીવેડો કેવો આવશે તે વીશે મને ઘણી ચીંતા લાગી.

'અરેરે! દરેક વાણી એવીજ કે? અભાગણીનું ચીત ઠેકાણે નથી કે શું? લેઓ હું કંઈ બીજું કરી લાઉં, તેટલાં આપે પોપટજી લઇ જમો.' એમ બોલી માયજી ત્યાંથી ઉઠી ગયાં. બાવાજી, રૂસતમજી, અને દાદાભાઈએ લગભગ સરખી વખતે પોપટજી ભાંજીને નવાલો કરી મ્હોડાંમાં મેલ્યો, અને અજાયબ જેવી વાત એ છે કે ત્રણે જણાએ એક સરખી વખતેજ 'હાઆઆત—છીઈ!' કીધી. દાદાભાઈના અને રૂસતમજીના પોપટજી મધેની તપખીરનો તીખાસ તેઓના નાકના દાંડામાં એવો તો ચઢી ગયો કે બે ઈનજીનની માફક તેઓ 'છું-છીં-છીં—છીં—છીં—છીં—છું! કરવા પડયા'

'પોપટજીમાંબી તપખીર! નહી! મોતીબાઈ એટલીબધી બેકામ કદી થાય નહી. જયાં છે ત્યાં આ તારૂંજ કારસ્તાન છે!'

ઓ બાપરે! આખરે ફસવાની વારી આવી ખરી! મારા બચાવમાં હું બોલવા જાઉં છું તેટલાં તો મારો એક કાન પકડી બાવાજીએ મને ખુરશી ઉપરથી ઉંચકી કહાડયો.

'તું ગમે તે કહેશે, પણ હું કાંઈ માનવાનો નથી. હુ તુંને બરાબર ઓલખું છું. મારી પુરી ખાતરી છે કે તારા સીવાય બીજા કોઈથી આવું થાય નહી. બોલ! સાચ્ચે સાચ્ચું કહીદે; એમ કાંય કર્યું હશે?'

''અરે પણ બાવાજી! મને શું કહોછો? હું કાંઈબી જાણતો નથી; અને તમે અમસ્થા ગલે પડોછો!' મેં મારો બચાવ કર્યો.

'ગલે પડુ છ! અરે, વાહરેવાહ! સાહુકાર! કોણને શીખવેછ? ચાલ છોડી દે તારી ફુરતાજ! હું બધું જાણુંછું! બોલ હવે!' મને બોચીમાંથી પકડીને ખુબ તરેહથી હીલવીને તેવણે પુછયું.

'ચાલ, હવે જે હોય તે બોલીદેની? ભલું માણસ થઈજા. નકામો માર શું કરવા ખાએ છે?' બપાવા મને સમજાવવા લાગ્યા.

'બપાવા જુઓ! હું ખરેખર કહું છું હું કંઈ જાણતો નથી.' મેં હીમ્મતથી શરૂ કર્યું.

'મને પોતાનેબી સમજ પડતી નથી કે એ એમ કેમ થયું? જેવા પોપટજી કીધા તેવા મેં અને મોતીબાઇએ તે ચાખી જોયા હતા, અને ત્યારે તો ઘણા સરસ હતા; પણ એની અંદર તપખીર કેમ આવી, તે કાંઇ હું જાણતો નથી! ખરૂં કહુંછું; જોઇએ તો મોતીબાઇને પુછી જુઓ.'

'પોપટજી કીધા ત્યારે શું મોતીબાઇએ અને તેં ચાખી જોયા હતા?' દાદાભાઇએ મારી તરફ નજર કરી પુછ્યું.

'હાજી! અમે લોકોએ ચાખી જોયા ત્યારે તો સવાદદાર હતા. જોઇએતો——'

'અરે આટલી બધી તપખીર ભરેલીછેને અંદર! એમ બને કેમ! અજબ જેવું છે!' રૂસતમજીએ પોતાની અજાયબી બતાવી.

'જો મોતીબાઇએ ચાખો જોયા હોય અને પછવાડેથી આવા તપખીરથી ભરપુર થઇ જાય, તો તે બેશક ખરેખર અજબ થવા જેવું છે.' બાવાજી બોલ્યા, 'પણ સબુર કર! હું પોતે જઇને મોતીબાઇને પુછી આઉં, અને જો તું જુઠું બોલ્યો હશે તો તારી ખાતર જમા કરવા વગર રેહેવાનો નથી.'

આપણે તો મલકાયા: કારણકે મોતીબાઇને પુછવામાં કાંઇબી ધાસતી જેવું ન હતું. થોડા વખતમાં બાવાજી પાછા ફર્યા, અને પોતાની બેઠક ઉપર બેસી બોલ્યા 'ખરેખર, ઘણુંજ અજબ જેવું છે! મને કાંઇ સમજ પડતી નથી. મોતીબાઈ અજબ થાય છે કે અંદર તપખીર આવી ક્યાંથી! જેવા પોપટજી સુલા ઉપરથી ઉતાર્યા, તેવાજ તેણીએ ચાખી જોયા હતા!'

સઘલાં જણાં તરેહવાર ખ્યાલમાં મશગુલ હતાં; એ બન્યું કેમ, તે કોઇ પારખી શક્યું નહી.

થોડી વારમાં ટેબલ ઉપર નવાં વાણાંઓ આવી પડયાં: જેવાં કે, ઇંડા, મુરબ્બો, પનીર, મલાઇ, કેક, વગેરે! બાવાજીએ ઘણુંબી સમજાવ્યા છતાં, બેહેનજી ખાવાં જમવા આવ્યાં નહી.

ખરેખર! અમારી આગલ તેવણ શું નાક લઇને આવે?

પણ મારા દીલમાંની વાત તો કોઇનેબી ખબર પડી નહી.

વાંચનારનેજ હું છુપી રીતે જણાવીશ કે, બેહેનજીની ગમે તેટલી માથાકુટ અને મેહેનત છતાં ધઉંનું દુધ પીગલી શક્યું નહી, તેનું કારણ એકે તેવણે તપીલીમાં બનાવવા જે ધઉંના દુધના કટકાઓ પાણીમાં મુક્યા હતા, તે કાઢી લઇને તમારા બંદાએ શું મુક્યું હતું? લખવાના ચાકના મોટા કટકા!

મસ્તી નંબર ૧૦.

પતંગ—તેની રસીલી કહાણી—પતંગ સાથે જેહાંગીરબી નીચે—મારો ઘભરાટ—જેહાંગીરને માટે હાડવઇદની જરૂર—મને મલેલી છુપી ખબર—મારે માટે તઇઆર રાખેલું લાકડાંની ચીરનું ભોજણ—ભાંગેલા પગની તપાસ—આદાંની સુંઠ—બચી જવું.

હું ઘણો દલગીરછું કે મારા મીત્ર જાહાંગીરને એક અકસ્માત થયો છે. ગયાં અઠવાડયાંમાં અમો બન્ને જણા અમારાં કમ્પાઉન્ડમા પતંગ ચકાવતા હતા, તેટલાં મારૂં પતંગ એક મોટાં ઝાડની ટોંચ ઉપર વીંટલાઇ ગયું. ઝાડ ઉપર ચઢવું ઘણું સેહેલ હતું; મેં જાહાંગીરને ઉપર ચઢી તે પાડી લાવવા સમજાવ્યો. તેણે પેહેલાં તો સાફ ના પાડી, પણ જ્યારે મેં તેને મારા લાકડાંના ઘોડા ઉપર ઘણો વખત સવારી કરવા દેવાની લાલચ બતાવી, ત્યારે ઘણીક આનાકાનીથી તે કબુલ થયો. કોઇપણ ઉંચું ઝાડ ચઢવામાં ગમે તેવું મુશકેલ હોય, તોપણ જાહાંગીર ઘણી સેહેલાઇથી છેક ટોંચ વેર ચઢી શકતો હતો, અને હમેશ મુજબ આ વેલા પણ તેણે ઝડપથી ઉપર ચઢી પતંગ છુટું કરી નીચે નાખ્યું. હવે તેને લગાર ઘભરાવવા માટે મેં ખોટા ઘભરાટથી બુમ પાડી 'અરરર! નીચે ઉતર! નીચે ઉતર! બાવાની ગાડી આવી! ઉતર! ઉતર!' ગરીબ બાપડો જાહાંગીર! આ મારી મશકેરી તે સમજ્યો નહી, અને મારૂં બોલવું ખરૂં માની ઘભરાટ અકરાટથી ધ્રુજતો કાંપતો નીચે ઉતરવા ગયો, પણ ડાલીઓ પતલી અને નાજુક હોવાથી તે ભાંગી ગઇ અને બાપડો

જાહાંગીર ધમ દઇ નીચે આવી પડયો. ઝાડ ઉપર તે હતો ત્યારે મારી ખોટી ખબરથી તેણે બતાવેલો ઘભરાટ જોઇ હું મનમાં ખુબ હસતો હતો, પણ જ્યારે મેં તેને મારા પગ આગલ લોડપોઠ થઇ આવી પડેલો જોયો; ત્યારે મારા હોશકોશ ઉડી જઇ ખરા ઘભરાટથી મારી છાતી ધક-ધક થવા લાગી. મેં તેને બે ત્રણ વખત બોલાવી જોયો,પણ તેણે કાંઇબી જવાબ આપ્યો નહી. ત્યારે હું સમજ્યો કે હવે જાહાંગીર મરી ગયો હશે. આ રીતે ખુનના વાંકમાં આવતાં મને જે દેહેશત અને ચીંતા લાગી, તેવી દેહેશત અને ચીંતા મેં કોઇ પણ વખત જોઇ ન હતી. મોટે મોટે રડી પડું, યા દોડી જઇ કોઇને મદદે બોલાઉં, યા ત્યાંથી છાનોમાનો નાસી જઇ ઘરમાં ભરાઇ બેસું, તેનો હું કાંઇ વીચાર કરવાની અણી ઉપર હતો, તેટલાં તો જાહાંગીરે પોતેજ સેજ આંખ ઉઘાડી. આ ઉપરથી મેં હીમ્મત પકડી અને દોડતો જઇ પાણીનો કુંવારો, જે ત્યાંથી દુર નહી હતો, તે, માંથી મારી તોપીમાં જેટલું પાણી રહી શકયું તેટલું લાવી, ખોબલી ખોબલીએ મેં તેનું મોહોડું ધોયું અને તેજ રીતે બીજી વખત પણ પાણી લાવી તેનાં મ્હોડાં ઉપર છુટકા મારયાથી તેણે આંખ ઉઘાડી, અને ધીમે ધીમે રડવા લાગ્યો. મેં તેને હીમ્મત આપી, અને કાલાવાલા કરયા કે જો તે ઉઠી મુંગો રહે અને ઉઠીને ઘેર જાય તો તેને મારી પોકીટ (મામાની યજ મદે કરેલી તપખીર મુકવાની પેલી સાપની દાબડી) આપી દેઉં. પણ જાહાંગીર તો વધારે રડવા લાગ્યો અને બોલ્યો કે 'પગમાં ઘણુંજ દુખાએ છે.' એટલામાં અમારો માલી ત્યાં આવી લાગ્યો, અને તે આખરે જાહાંગીરને જેમ તેમ કરી તેના બંગલામાં મુકી આવ્યો.

બીજે દીવસે અમારે ત્યાંના સઘલાંઓએ જાણ્યું કે મારે લીધે જાહાંગીર ઝાડ ઉપરથી પડી ગયો હતો, અને તેણે પગ ભાંગી નાખ્યો હતો. ભાંગી ગયલા પગને કોઇ પારસી ડાકટરે આવીને સાંધ્યો; પણ ૧૫-૨૦ દહાડા વેર તેને બીછાના ઉપર ચતોપાટ સુઇ રેહેવું પડશે, એમ ડાકટરે જાહેર કીધું. અત્યાર સુધી મેં કોઇપણ દીવસ કોઇ માણસનો પગ ભાંગી ગયલો જોયો નહી હતો, અને તેથી જાહાંગીરનો ભાંગેલો પગ પાછો કેમ વલગશે તે જોવાને હું ઘણો ઇન્તેજાર હતો. કાચનાં પુતલાંનો જો પગ ભાગી ગયો હોય તે ગુંદરથી યા સરસથી સંધાય એ હું જાણતો હતો, પણ માણસનો ભાંગેલો પગ શાથી અને કેમ સંધાય, તે મારા ખ્યાલમાં ઉતર્યું નહી. મને છુપી રીતે ખબર પડી હતી કે જાહાંગીરનાં માએ પોતાનાં બંગલામાં ઓરડે ઓરડે લાકડાંની અકેકી ચીર મુકી રાખી હતી કે જેવો હું ફરીથી તેઓનાં બંગલામાં જાઉં કે તે ચીર મારા પગમાં મારીને મારોબી પગ ભાંગી નાખે. તે ઉપરથી હું જાહાંગીરનો વલગાવેલો યા સાંધેલો પગ તરતજ જોવા પામ્યો નહી.

પણ બીજે દીવસે મારી અજાયબી મેં પુરી પાડી. જાંહાંગીરનાં માયને મેં બહાર જતાં જોયાથી જાંહાંગીરના ઓરડાની બારી કુદાવી હું અંદર દાખલ થયો. હું તો સમજતો હતો કે જાંહાંગીરનો પગ છુટો પડી બે કટકા થઇ ગયા હશે. પણ તેમ નહી હતું. મેં તેની ખબર અંતર પુછી, અને પગ કયાંથી ભાંગી ગયો તે દેખાડવા મેં તેને કહયું. તેણે પોતાનાં દીલ ઉપર ઓઢેલું કપડું કાઢી નાખી મને પોતાનો પગ બતાવ્યો, કે જે બાંબુની પતલી ચીપ અને કપડાંના કટકાઓથી બાંધી લીધેલો હતો. તે ચીપો છોડીને તેનો પગ તપાસવાની મેં ખાહેશ બતાવી! પણ તેણે ફુગલીને નાપાડી: કારણ કે તેના પગમાં હજી બેહદ દરદ થવાની તે ફરીઆદ કરતો હતો. પણ મેં તેને પેલી પોકીટ ભેટ આપી અને ફરીથી મેં તેનો પગ જોવાની ખાહેશ બતાવી, ત્યારે તે આનાકાનીથી કબુલ થયો. પેલો પારો મેં ઘણી સંભાલથી છોડયો, ત્યારે ભાંગેલાને બદલે મને પગ બરાબર આખો માલમ પડયો. આ ઉપરથી તે વેલા મને શક ઉતપન થયો કે કદાચ જાંહાંગીર ઢોંગ તો નહી કરતો હોય. મેં વીચાર કરયો કે જો પગ ખરેખર ભાંગી ગયો હશે તો લગીર ખેંચી જોવાથી પગનો ભાંગી ગયલો કટકો છુટો થઇ મારા

હાથમાં આવી જશે. એવા વીચારથી તેનો પગ મેં જરા જોસથી ખેંચી જોયો. પણ ઓ મારા બાપરે! જહાંગીરે એવી તો ચીસો પાડી કે તેના બંગલાનાં તો શું પણ આસપાસના બંગલાનાં અને રસ્તાનાં ચાલતાં લોકો પણ દોડી આવે! હું તો તરત બારીમાંથી કુદી પડી ઘર તરફ દોડતો જઇ મારા ઓરડામાં ભરાઇ રહયો, અને તેને એટલી બધી અને એટલી મોટી ચીસો પાડવાનો શો સબબ હતો તે માટે વીચારમાં બેઠો.

થોડા વખતમાં નીચેથી કોઇનો મોટે મોટે બોલવાનો સહાદ આવ્યો. રમખાણ શું હતું તે હું તરત સમજી ગયો: તેથી મેં મારાં બારણાંને અંદરથી ઇસટાપરી તથા સાંકલ દીધી, અને હું ચુપચુપ અંદર બેસી રહયો. તરતજ એક મોટું લશકર આવીને મારા ઓરડાનાં બારણા આગલ ઊભું અને તે લશકરનો સરદાર, જે જહાંગીરનો મામો હતો તે, ગુસ્સામાં મારૂં નામ પોકારી જોરથી બારણું ઠોકવા લાગ્યો. પણ સેવક બચ્ચો કાંઇ એવો કાચો નહી હતો કે બારણું ઉઘાડે, યા અંદરથી જવાબ દેવાની પણ મેહેરબાની કરે! માયજીએ પણ મને બહારથી દમ આપ્યો કે 'મુંગો મુંગો બારણું ઉઘાડ, નહી તો તારા બાવા આવે ને તારી વલેજ કરાવી નાખીશ.' પણ આપણ તો જાણે અંદરથી બારણું બંધ કરીને ભર ઉંઘમાંજ પડેલા હતા. આખરે જરા ભપકો સપકો તથા ધમકી બતાવીને સઘલાં જણાં બહારથીજ વીદાય થયાં.

બાવા ઘરમાં આવે તે અગાઉ સાંજરે પુનેથી મારા મમાવા, જેવણનું નામ દોરાબજી હતું તેવણ, આવી પુગ્યા. તેવણ પુના મધે નસરવાનજી મામા સાથે રહેતા હતા, પણ કેટલેક વરસે પોતાના જમાઇને, એટલે મારા બાવાને, ત્યાં થોડાક મહીના ગુજારવા આવ્યા હતા.

મમાવાએ ૭૦ થી ઉપર પપેતીઓ જોઇ હતી. તેથી લગાર કમ્મરમાંથી વલેલા, ચીરડાઉ મીજાસના, અને લગાર બેહેરા હતા. પણ તેવણ પાસે પઇસાનો સંગ્રહ ખુબ હોવાથી તેવણને સઘલાંઓ રાજી ખુશી રાખવામાં એક એક ઉપર સરસાઇ મેલવતાં હતાં. માયજી પોતે દેખીતી રીતે તેવણની ખુશામત યા હદ બાહેર મેનીજ કરતાં દેખાતાં હતાં, અને બાવાજી પણ તેવણના આવતાંને વાર તેજ પગલે ચાલતાં હોય તેવું દેખાતું હતું.

મમાવાની ગડબડમાં મારી ઉપરની ફરયાદ વીશે કોઇએ ધ્યાન આપ્યું નહી: એટલે સઘલું ઠંડું થઇ ગયું. પણ તે દીવસથી જહાંગીરને બંગલે જવાનું મેં ઘણોક વખત સુધી મુકી દીધું.

મસ્તી નંબર ૧૧.

દાદાભાઇની સાલગરેહ—ધુમધામ—બીસ્પરડની તબલ પરની બનાતના ફારચાં—આસ્માન ચલ્ની દેખાડવી—મેજ્યાની મારા કહેવાથી માંડી વલાઇ!—સઘળાંઓની અજાયબી-મમાવાના પેટમાં લાગેલી કુરકુરી—તેવણનો મીજાશ—મને લાગેલી ગીલગીલી—ઘોડાની પુછડીના બાળ સલગાવી જોવાની મજાહ--પુછડી ગેપ—ધમ મલીદા—ચાલીશ રૂપ્યાની સેસ.

બીજે દીવસે દાદાભાઇની સાલગરેહ હતી. આ વેલા રાબેતા કરતાં લગાર વધારે ધામધુમથી સાલગરેહ ઉગાડવાની હતી; સંહવારનાં પહોરમાં ઓલખાણ પીછાનવાલાંઓને અને દોસ્ત આસનાઓને ત્યાં જલેબી મોકલવામાં આવી હતી, અને રાતને વાસ્તે આઇસક્રીમ, કેક, સુધાંનું ભપકાદાર ખાણું થવાનું હતું. વલી સાંજના છ વાગતેથી એક એક પારસીને ફીડલ વજાડવા તથા ગાવા માટે રોકવામાં આવ્યો હતો. સઘલી રીતે જોતાં તે રાત હસી ખુશી ખુરમીમાં ગુજારવામાં આવશે, એવી દરેક જણને આશા હતી. પણ વાંચનાર જાણે છે તેમ માણસ ધારે છે શું અને ખુદા કરે છે શું! જ્યાં તમારો સેવક હાજર, ત્યાં કાંઇ નવું જુનું થયા વીના રહે?

મેં મારાં દીલ સાથ વીચાર કર્યો કે ગઇ વેલા જ્યારે મારી શાલગરેહને ટાંકણે અગત્યનાં સગાં વહાલાંઓને ન બોલાવ્યાં હતાં અને તે દીવસે હું આટલો બધો હાડમાર થયો હતો, ત્યારે આ વખતે જ્યારે ઘણાં જણાંને ઇજન છે ત્યારે તો હું ગઇ વખત કરતાંબી

ઘણી વધારે હાડમાર થાશે, એ બીલકુલ બનવા જોગ છે. મને હજી વધારે હાડમાર થવાનું બીલકુલ પસંદ નહી હતું: તેથી મેં મારી સઘલી અક્કલ ખરચી એક યુકતી સોધી કહાડી કે જે જો બરાબર અમલમાં આવે તો મારી નેમ પાર પડે. કાકાના છોકરાઓ, મામાને ત્યાંના બઇરાં છોકરાં અને બીજાં સગાંઓ બરાબર ચાર વાગે આવનાર હતાં, અને દાદાભાઇના દોસ્ત આસનાઓને તેવણે સાત વાગે નોતરયા હતા. તે ઉપરથી બપોરનું જમી લઇને છુપાછુપ કપડાં પેહેરી હું બહાર નીકલી પડયો, અને ગાડીમાં બેસી કોટમાં આવી કાકાને ત્યાં, મામાને ત્યાં, માસીને ત્યાં, તથા બીજાં બે ત્રણ સગાંને ત્યાં જઇ ખબર આપી કે 'બાવાજીએ તમો લોકોને કહેવડાવ્યું છે કે આજે આપણે સાથે જમવાનાં હતા તે કેટલીક અડચણને લીધે બનશે નહી, અને તેથી ઘણી ઘણી માફ માંગીછે!' સઘલાં જણાં મારી ચવીત્રી ચાલને બરાબર ઓલખી ચુકયાં હતાં: તેથી કેટલાંકો મારૂં કહયું માનવાને પેહેલાં અચકાયાં ખરાં, પણ મેં મારૂં કામ એવી હીકમત અને સફાઇથી બજાવ્યું કે કોઇનાં દીલમાં ખતરો રહયો નહી. ત્યાંથી નીકલી જે તંબુ વાલી કલબમાં દાદાભાઇ પોતાના મીતરોને તેડું કરવા ગયા હતા અને જયાં હું પણ તેવણની સાથે ગયો હતો ત્યાં હું આવી પુગ્યો. તે તંબુને ત્રણ દરવાજા હતા અને જે દરવાજામાંથી અંદર દાખલ થયો તેની સામેના દરવાજાની બહાર જરા દુરથી સેંકડો લોકોનું એક ગોલ કુંડાલું ઉભું હતું. તંબુમાં મેં કોઇને જોયા નહી, તે ઉપરથી મેં અનુમાન કરયું કે સઘલા જણા પેલાં કુંડાલાંમાં જઇ ઉભા હશે. તે તંબુમાં એક બીલીઅરડ ટેબલ હતી અને તેને વીશે મેં દાદાભાઇને બોલતાં એમ સાંભલ્યું હતું કે એક મોટી સલેટની ઉપર લીલી બનાત જડી લીધાથી તે બીલીઅરડ ટેબલની સપાટી આટલી સફાઇદાર થઇ હતી.

એ મોટી સલેટ મેં દુન્યામાં અથવા આખી જીંદગીમાં જોઇ ન હતી: તેથી મારાં ગજવામાં એક ચાલતી છરી હતી તે કહાડી, કોઇ નહી જોએ તેમ, પેલી બનાતપર મેં એક કાપ મુકયો, અને છરી પાછી ગજવાંમાં મુકી દીધી. પણ તે કાપ એટલો હતો કે નીચેની સલેટ મને દેખાઇ નહી અને હજી પણ કોઇને તંબુ તરફ પાછા ફરતા નહી જોયાથી, હું મારા હાથ વડે તે કપડું લગાર વધારે ફાડવા ગયો; પણ હું ખાતરીથી કહુંછું કે તે બનાત કોહેલાંમાં કોહેલી હશેઃ કારણ એક જરાક વધારે ફાડવા જતાં એક બીલ્લસ કરતાં પણ વધારે ફાટી ગઇ! હવે મને કાંઇ સલેટના જેવું દેખાયું ખરૂં: તેથી તેની પક્કી અજમાએશ કરવા ગજવાંમાંથી મેં મારી લખવાની પેન કહાડી, તે ઉપર મેં મારૂં નામ લખી જોયું. પણ તેજ વેલા તંબુ તરફ દાદાભાઇના કેટલાક દોસ્તદારોને મેં આવતા જોયાથી પેન ઝડપથી ગજવાંમાં મુકી દઇ, હું તેઓને સામો મલવા ગયો. તેઓને પણ આસમાન ચલ્લી દેખાડવામાં હું ફતેહ પામ્યો, અને ત્યાંથી તરત નીકલી, એક ખાડામાં ભેંસ પડેલી હતી તે જોવાની પડતી મેલી, પેલા પારસી ડીલર જેનું ઘર હું જાણતો હતો તેને ત્યાં જઇ કોઇ બઇરી બેઠેલી હતી તેને કહયું કે ફલાણું ઠેકાણેનું આજે ખાણું માંડી વાલ્યું છે. આ રીતે મારૂં કામ ફતેહ કરી, કોઇના પણ જાણ્યા વગર, સાંજે ચાહ પીવાની વખતે હું ઘરમાં હાજર થઇ શકયો.

પાંચ વાગ્યા તોપણ મામી માસી કોઇ આવ્યું નહી. માયજી અને મોતીબાઇ ત્રીમ તરાક થઇ બારણા આગલજ બેઠાં હતાં કે આવનારાંઓને આવકાર દે! છ વાગ્યા; પણ બે ત્રણ ભીખારીઓ સીવાય કોઇ સગું વહાલું યા ઓલખીતું કમ્પાઉન્ડમાં દેખાયું નહી. 'મરેરે! શું થયું! ચારના સાત વાગવા આવ્યા; ને હજુતો કોઇ પણ આવ્યું નથી!' પણ તેટલામાં દુરથી એક ગાડી કમ્પાઉન્ડમાં દાખલ થતી દેખાઇ. 'લે લે, કોઇ આવ્યું ખરૂં! એટલું બધું મોડું કેમ થયું હશે!' પણ તે ગાડી તો અમારીજ નીકલી, અને તેમાંથી બાવા અને દાદાભાઇ બહાર આવ્યા! બાવાજીએ આવતાંને વાર રગ સાથે ધ્રુઠ સાફ કુરતાં કરતાં પુછ્યું 'કેમ! બધાં જણાને અંદર મુકીને તમે એકલાં

બહાર કેમ આવીને બેઠાં?' 'કોણ બધાં જણા? કોઇ મુવું જીવતું એકપણ નથી આવ્યુંની!' માયજીએ ફફડાટમાં જવાબ આપ્યો. બાવાજી-એ લગાર અજાયબી બતાવી, 'શું હજી કોઇ નથી આવ્યું? ચાલો! ત્યારે તો જે વખત જાએછે તેમાં બધાં જણા આવતા હશે.'

સાત વાગ્યા, સવાસાત વાગ્યા, સાડાસાત થયા, પણ કોઇજ નહી. દાદાભાઇએ મારતી ગાડીએ કોટમાં જઇને સગાં વહાલાંઓ શા સબબથી નહી આવ્યાં તે વીશે ખબર લાવવા પોતાની મરજી જણાવી, પણ બાવાએ રજા આપી નહી. આઠ વાગ્યા, અને મમાવા જેવણ અત્યાર સુધી ઇજીચેર ઉપર પડયા પડયા ઉંઘ કાધતા હતા, તેવણે પેટમાં કડકી લાગવાની ફરીઆદ કીધી. દાદાભાઇ દર પલે પોતાના દોસ્ત દારોના તથા પેલા ફીડલવાલાના આવી પુગ-વાની વાટ જોતા હતા, પણ સવા આઠનો ટકોરો થયો, અને પછી સાડાઆઠબી થયા, તોયે કોઇ દેખાયું નહી! જમવાનું કધાવવાની મમા-વાએ પાછી તલબ કીધી અને જયારે માયજી બોલ્યાં કે 'બાવા, એમ શું કરોછો! કોઇને આવવા તો દેઓ.' ત્યારે તેવણ બીજાજ બો-ઇને સઘલા આવનારાઓને ચોપડી કહાડી, અને ફીલસુફી ચલાવી કે 'તેઓને ખાતર શું આપણે ભુખાં રહીએ કે?' આ તેવણનું બોલવું બીલકુલ વાજબી હતું, અને હું પણ તેવણ નાંજ મતને મલતો હતો: સબબ, મારી તો ખાતરી હતી કે બીજા બેને બદલે બાર કલાક પણ જો બોટી રહે, તોપણ કોઇ કાલું ચલ્યું આવનાર નથી. આં તરેહના બનાવથી દરેક જણ તરેહવાર ખ્યાલ અને ઉંડા વીચારમાં પડયાં હતાં, પણ કોઇપણ ચોકસ કારણ ઉપર કોઇ આવી શકયું નહી. દરેક જણનાં દીલ ભાણા કુમાયાં: ફક્ત મારૂં તથા મમાવાનું જ નહી. આખરે જમવાનું કાધવાનો બાવાજીએ હુકમ આપ્યો, અને તેટલાં દાદાભાઇ પોતે સાં-મેણુમાં બંગલામાં રૂસતમજી ડાકટરને ખાણા માટે તેડવા ગયા. પણ તેવણને તેડાવવા કું સુઝયું નહી હતો, અને તેથી તેવણને બતી વખતે પોતાની ગાડીમાં બેસી પોતાની કલબમાં જમવા જતાં મેં જોયા હતા.

ત્યાંથી પણ નીરાસી તથા ગમગીની સાથે ભાઇજી પાછા ફરયા, અને ત્રીશ ચાલીશ માણસને વાસ્તે ગોઠવી રાખેલી ટેબલ ઉપર અમો કેલીમેલી ૭ જણાં જમવા બેઠાં!

સાત જણાંમાંથી જો કોઇબી ખુશ મી-જાજમાં હોય તો તે હુંજ એકલો હતો. હું મન-માંજ મલકાતો હતો: કારણ કે જો મેં આ બાજી રમી ન હતે તો મને એક રકાબીમાં ભોંણું કહાડી આપી, મારા ઓરડામાં મને મો-કલી દેવામાં આવતે. આ રીતે મને દુર કરયા પછી તેઓ સઘલાં તરેહવાર વાણાઓ ઉપર પોતાના હાથ નાખતે. કહે છે કે દરેક માણસ ભુલ કરવાને સદા લાયક છે, એટલે તે જો જયાર ત્યાર ભુલ કરે તો તેમાં કાઇ અસાધારણ જેવું નથી; અને તેજ રીતે મારેથી પણ જયાર ત્યાર ભુલ થાએ છે, એમ હું વગર રા-રમાવે કબુલ કરૂં છું; પણ તેથી શું અમો જેવા નાનકડા બુચાઓને તરેહવાર ધમ મલીદા જમાડવા માય-બાપોને લાજેમ છે કે? જયારે પણ બહારનાં પરોણાઓ સાથે જમવાનાં હોય ત્યારે અમોને એકુ બે વાણાનું ભોજન કરી આપી, જલદીથી ઘોંટાઇ જવાને હોકમ કરે, અને પછી પોતે સાત આઠ વાણાનું ભો-જન, જે ચુલા ઉપર જયારથી બનવા માંડયું હોય ત્યારથી મારાં મોઢાંમાં ખાટું પાંણી છુટે, પણ જેના ફકત સોહોરમ ઉપરજ અમોને સુકરાંના કરવા પડે, તે ભોજન અમો બચ્ચાં-ઓ વીશે મનમાં કાંઇપણ ખ્યાલ લાવ્યા વગર બનાંમે ચજદ કરવા મંડી જઇએ! હું પુછું છું કે શું એ ચાલ વાજબી છે કે? જેઓ અમો બાપડાઓની કદર પીછાને, છે, તેઓ એ ચાલને તદન ગેરવાજબી પુકારી ઊડશે. મા બાપો અને તેઓની તરફેન બેંચનારાંઓ અમારી સામણે એવી દલીલ લાવે છે કે બે વાણાઓથી પણ અમારૂં પેટ પુરતી રીતે ભરાય, ત્યારે વધારે વાની બચ્ચાંઓને ખવડાવી બાદી બેહજમીયતને બ્રણી જોઇને શા માટે ઇજન કરવું જોઇએ? પણ મેહેરબાન વાંચનાર, આ

દલીલને જબરદસ્ત સીકસત આપવાને અ-મારી ફીલસુફી તદન પુરતી છે; તે એકે શું તેઓનો તે જીવ, અને અમારો તે નહી કે?

અમો કમનસીબ બાપડાઓ! અમારૂં નામ અને કામ એટલું તો પ્રખ્યાત છે કે અ-મારી દયા કરવાને કોઇ પણ બહાર પડવાની હીમ્મત કરી શકતું નથી, અને અમો પશુ બા-લકોનું કાંઈ વનાતુંબી નથી: કારણ કે અમારે માટેની મા બાપોની ચાલ સામે જો જરા પણ અમારી તરફનો અવાજ નીકલ્યો તો જોઇ લેઓ! 'હું! વલી સામ્બું બોલ્યો કે ચુઉઉઉઉપ!'

આવી રીતનો તરેહવાર જુલમ અમારા ઊપર તો લખી આપેલો તો છેજ. પણ વાંચ-નાર, ખાતરીથી ધ્યાનમાં રાખજે કે હું જ્યારે મોટો થઇશ ત્યારે મારાં બચ્ચાંઓ ઉપર તો એવો જુલમ કદી પણ પાડીશ નહી, એવી હું કબુલાત આપું છું.

અરે રે! હું નહી ધારતો હતો કે જરાને વાસ્તે મને આટલો બધો મેઠીપાક જમવો પડશે. ઓ ખુદા! હું કયારે એટલો મોટો થઈશ કે જ્યારે મારી લુસો માટે મારી ઉપર કોઇ હાથ ઊંચકે નહી? જ્યાં જાઊં ત્યાં માર અને હાડમાર! પેલું થયું તો કેહેશે કે એણેજ કીધું; પેલું થયું તો તે પણ કેહેશે કે એણેજ કીધું! જરા પણ કાંઇ થયું તો તે મારાં નામ ઊપર છેજ તો! તે દહાડે જરા અમારા ઘોડા આગલ ઉભો ઉભો હું રમતો હતો, તો બસ બીજે દહાડે મનેજ ગલે પડયા કે ઘોડાની પુછડીના બાલ મેં કાપી લીધા! અરે તોબાહ, તોબાહ! મારા બાલ જેમ પોતાની મેલે ખરી પડે છે તેમ શું ઘોડાના બાલ પા યા અરધા કલાકમાં એક-દમ સઘલા નહી ખરે કે? કોઇ એ લોકોને પુછે? મને તો તે દહાડે એટલી બધી ચીડ ચઢી હતી કે બસ મારાં માયજી અને બાવા-જીની ઉપર 'ખોટો વાંક મુકવાની' અથવા તો 'લાઇબલ'ની ફરીઆદીજ માડું; અને જે કંઇ પણ વકીલ બારીસતરનો ખરચ થતે તે મારા વકરામાં ચઉદ રૂપીઆ અને ત્રણ બેઆણી હતી તેમાંથી ખરચ કરતે. એ રીતે એ લોકોની ખોડજ હું મુકાવી દેતે કે ફરીથી મને વગર કારણે ખોટી રીતે ગલે પડે નહી. તે દહાડે મેં કાંઇ ઘોડાના બાલ કાપી નાખયા નહી હતા, પણ જરા મજાહને ખાતર મેચીસની કાંડીથી કરીને તેની પુછડી સલગાવી હતી; પણ મેં તેજ વખતે જાણ્યું કે ઘાસની મીસાલ ઘો-ડાની પુછડી કાંઇ ભર ભર બલી જતી નથી. આ અખ્તરો બરાબર અજમાવવાને અરથે પાંચ છ વખત મેં પુછડી સલગાવી જોઇ, પણ દરેક વખત થોડા થોડા બાલ બલીને રહી જતા હતા. આખરે મેં તે છોડી દીધું, પણ બાલના છેડા કાલા કાલા દીસવા લાગયાથી કાતર વડે તે ભાગ મેં કાપી નાખવાનું દરૂસ્ત વીચારયું, અને એ રીતે મેં પુછડી કાપી તો તેમાં ખોટું શું કીધું? પણ એ માટે અને દા-દાભાઇની વરસગાંડને દહાડે મેં જે પરાક્રમ કીધું હતું, તે પાછલથી માલમ પડી જવાથી તેને માટે પણ મને ખુબ ધીસ ખાવી પડી. ભલા વાંચનાર, તેમાં તેં વાંક જેવું કાંઇ જોયું હતું? બેશક નહી! મેં તો ફકત મારો બચાવ કર્યો હતો, પણ કેહેવત છે કે 'શેહેરના બ-લ્યા વણમાં ગયા તો ત્યાંબી આગ ને આગ!' તેમ, માર ખાવા અને હાડમાર થવા સામે મેં અકકલ ખરચી જે કાંઇ ઉપાય કર્યો, તો તે ઉપાય કરવા માટે પણ મને ધમ મલીદાજ! ખૈર, નસીબમાંજ એવું કદાચ હશે તો!

આખી દુન્યામાં પેલી મોટામાં મોટી સ-લેત જોવાની ખાહેશ તો મને જબરી ભારી પડી ગઇ! પણ અભાગ મારાં! જો પેલી, મારો હાથ લાગતાંજ, પોતાની મેલે ફાટી ગયલી બ-નાતની નીચેની સલેત ઉપરે મેં મારૂં બરગસ્તે નામ લખ્યું ન હતે તો આજે મારા બરડા ઉપરના 'લાલ ગુમલા' ની મોજુદ સંખ્યામાં પુસ્કલ ઘટાડો થયો હતે. મારે કમનશીબ હા-થેજ મારૂં નામ ત્યાં લખી આવ્યો હતો: તેથી કલબમાંના રમનારાઓ મુજ નેકનામને તરત પીછાણી શકયા, અને તેથીજ દાદાભાઇને ચાલીસ રૂપ્યાની લોન' બીજે દીને ભરવી પડી.

મસ્તી નંબર ૧૨.

કેશરી પાકનો સ્વાદ અને તેની ચોવીસ કલાકની અસર—ઉંઘરેટા મમાવાને જોઇ ચઢેલું શુર—બંધીવાન—તપખીરને બદલે મરી મરચાંની ભુકી—મમાવાની જાડી ડાંગ—અજાયબ જેવી તપખીર—છીંકના ધરાધર ઉડતા ગોળાઓ—ધભરાટ—પરીણામ.

અરે વાંચનાર! તારે મારી ઉપર દયાની નજરથી જોવું જોઇએ. હું ખરેખરૂં 'મનસની, ગવસની અને કુનસની' થી કહું છું કે હું એકદમ સુધરી જવાનો, માર ખાધા પછી, દર વખતે ઠેડાવ કરૂં છું; પણ શું મારાં અભાગ્યાં નસીબ છે, કે કંઇ નહી ને કંઇ પોતાની મેલે નવું જુનું થયા વગર રેહેતું નથી. મે મહીનાની રજા પણ પુરી થવા આવી હતી, તથી છેલી કેસરી જુલ્યા પછી મેં એવો ઠરાવ કર્યો કે બાકીના છુટીના દહાડા કાંઇ પણ મોજ મજાહ યા 'મોટી જાતની ભુલ' કર્યા વગર બસ લેસન કરવામાં ગુજારવા. ખરૂં કહું છું કે એક આખા ચોવીસ કલાક સુધી મેં કાંઇબી જાતની 'ભુલ' યા બધા જણા કેહે છે તેમ મસ્તી, મેં કીધી નહીઃ અને આખો દીવસ લેસન કર્યા કીધું. અરે પણ હું શું કરૂં? બીજે દીને તો દોડધામ વગર મારૂં પેટ આફરી આવ્યુ, અને અવાચી ઉપર અવાચી આવે, અને લેસન ઉપર ધક ધ્યાન લાગેજ નહી. પણ તે છતાં જેમ તેમ કરી હું પહેલા મજલાપરના મારા ઓરડામાં બેસી લેસન કરતો હતોઃ તેટલામાં મારી નજર દોરાબજી મમાવા ઉપર પડતાંજ મારાં દીલમાં અજાયબ જેવું સુર ચઢી આવ્યું. તેવણ નીચે ઓટલા ઉપર મુકેલી ઇજીચેરોમાંની એક ઇજીચેર ઉપર ઊંઘાયલા હતા. સુતરીનું એક બંદલ લઇ હું મમાવા આગલ ગયો, જેવણ ઘોરતા હોવાથી વગર ધાસ્તીએ હલવેથી તેવણના પગ ખુરસીના લાંબા હાથા સાથે મેં બાંધ્યા. આ રીતે મમાવાને બંધીવાન કરેલા જોઇ મને ઘણું હસવું આવ્યું. હવે એટલાથી નહી, પણ તેવણની તપકીરની દાબડી, જે પાસેની ખુરસીના હાથા ઉપર મુકેલી હતી તે, માંની તપખીર નાખી દઇ, મલમલનાં જીણાં કપડાંમાં મરચાં અને મરીની ભુકી ચાલીને તપખીરને બદલે તે દાબડીમાં ભરી. તે પછી હું માળા પર ચહડી જઇ મારા ઓરડાની બારી વાટેથી તેવણનો તમાસો જોવા ઉભો. જ્યારે તેવણ ઉઠયા, ત્યારે આ રીતે પોતાના પગ બંધાયલા જોઇને તેવણે પોતાનો મીજાસ કઇ રીતે અને કેટલો ખોયો તે અતરે લખવું બહુ મુશકેલ થઇ પડે છે. એટલુંજ કહેવું બસ થશે કે તેવણે બાંગ અને બરાડ જે મારી તેથી અમારો તોમ અને પીરુ નહાશી ગયા, એટલુંજ નહી પણ માયજી શું કે કોઇ પણ તેવણની પાસે વધારે વાર ઉભું રહેવાનું ધાસ્તી ભરેલું સમજ્યાં. જેમ હંમેશ થાય છે તેમ મમાવાની વાત જ્યારે સર્વે જણે જાણી, ત્યારે દરેક જણા બોલી ઉઠયા કે એ તો મારૂંજ કામ? મમાવા તો ગાજતાવાજતા અને મને માયજીને બાવાજીને અને સાથે બીચારા મારા ખપાવાને પણ ગાલ ગલોચની સેસમાં લપેટતા હાથમાંનું જાડું ડીગોલું મારવાને ઠકી ઊંચકીને ધબર ધબર દાદર ઉપર ચઢયા. તેવણ ઉપર સેવકની નજર પડતાંજ લાગલા આપણે તો બારણું બંધ કરી, ઇસતાપરી ચઢાવી, અંદર ભરાઇ બેઠા. જોઇ લેવો મજાહ! તેવણે પોતાનું વેર બસ બારણા ઉપરજ લાકડી અફાડીને લીધું. જેમ જેમ તેવણ મોટેથી બુમ પાડી લાકડી ઠોકે, તેમ તેમ મને અજાયબ જેવી મજાહ મલે. જ્યારે તેવણ જરા નરમ પડયા, ત્યારે પાછા વરનદામાં આવી ખુરસી ઉપર બેહા, અને જરા જરા વારે બડબડાતમાં મને ચોપડતા રહયા. પણ ઓ મારા ખોદાયજી! રાબેતા મુજબ જ્યારે તેવણે પોતાની દાબડીમાંથી બબડતા બબડતાએ એક મોટો ચમટો ભરી તપખીરનો જોરમાં સહરૂકો લીધો, ત્યારે તો તેવણના દોલા બીલકુલ ઉપર ચઢી ગયા, અને મ્હોડાં ઉપર એટલો તો ઘભરાટ એક બે પલ રહયો કે હું તો ઘભરાયો કે રખેને તેવણ મરી જાય! પણ વાંચનાર! પછી શું છીંકા છીકની મેલ ટરેનો ચાલી! આહાહાહાહા! તેવણથી છીંકાય પણ નહી એટલી છીંક સામટી આવે, અને જાણે તેવણની આંખ, અને જીભ, ને નાક બધું નીકલી આવતું હોય તેમ થોડો વખત તો થઇ

રહયું. મને તો પુશકલ હસવું પણ આવે અને બીહીક પણ લાગે કે રખેને પકડાઇ જાઊં! તેવણ તો છીંકયાજ કરે અને કોઈ વખત 'માયરે' 'બાપરે' કરે. હવે માયજી, જેવણ પોતાના ઓરડાંમાં બેસી રહયાં હતાં તેવણ, વરનદા ઉપર આવ્યાં, અને 'શું છે? શું છે?' કરતાં તેવણનું માથું પકડયું. છીંકની આગગાડી તો ચાલુજ હતી, અને તબી એટલી બધી ઝદપથી કે તેવણ દમ લેવા વગર ગુંગલાઇ ગયા. હવે તો કામ ખરેખર વધી પડયું; આંખમાંથી પાણી પડવા લાગ્યું. મ્હોમાંથી લબ પડવા લાગી, નાકમાંથી રેલ ચાલવા લાગી, અને ખાંસી જબરદસ્ત થઇ તેવણ મોંહ વાટે અને નાક વાટે પેટ ખાલી કરવા પડયા! ચાકર નફર દોડી આવ્યા, અને તેવણ, જે હાથ પગ અફાડતા હતા તેવણ,ને પકડવા લાગ્યા. આખરે તેવણની છીંક નરમ પડીઃ કારણ કે તેવણ બેસુધ્ધ થઇને પડયા. તેવણનું બદીઆન કાધી નાખવામાં આવ્યું, અને બાલડી ભરીને પાણીનો છંટકાવ તેવણની ઉપર કરી તેવણને અંદર લઇ જઇને સુવાડયા. તેવણ બેસુધ્ધ પડી રહયાથી બપાવાએ રૂસ્તમજી દાકતરને તેડવા મોકલ્યો, પણ તેવણ જોગસંજોગે ઘરમાં હતા નહી. તરત એક માણસ બીજા દાકતરને બોલાવવા ગયું, અને ઘરમાં તો મોટો ઘભરાટ થઇ રહયો. હવે હું મારા ઓરડામાંથી બહાર નીકલ્યો, પણ કોઇએ મારી દરકાર કીધી નહી. મોતીબાઇ, માયજી, પેલી પીરોજ ઇરાની, બધાં દોડધામમાં પડેલાં હતાં. મમાવાને તો હોલમાંજ સુવાડયા હતા અને તેવણ તો હજી બેસુધ્ધ હતા. આવી ગડબડનો લાભ લઇ મેં પેલી દાબડીમાંથી મરચાંની ભુકી નાખી દીધી, અને તેને ખુબ નુછી નાખી સાફ કીધી, અને તેમાં પાછી ખરી તપખીર ભરી દીધી. મને ઘણોજ ઘભરાટ છુટો હતો, અને મારા હાથ પગ બન્ને ધ્રુંજતા હતા, કે રખેને મમાવાએ મારી આ મોટી 'ભુલ' જાણી હોય. પણ શુકરાના ખુદાયજી! દાકતર આવ્યાની જરાક અગાઉ તેવણ સુધ્ધીમાં આવ્યા, અને દાકતર આગલ નાકના દાંડામાં અને માથાંમાં આગ બલવાની તેવણ ફરીયાદ કરવા લાગ્યા. દાકતરે કાંઇ દવા સુંઘાડી અને પીવાની દવાઇ લખી આપી. સાંજના બાવાજી ઘેર આવ્યા, અને મમાવા આગલ લાગલા દોડી ગયા. ખબર અંતર પુછી, પણ મમાવા પોતાના આ દુઃખમાં એટલા તો ગગડી ગયા હતા કે પગ બાંધવાની વાત તો બીલકુલ ભુલીજ ગયલા લાગ્યા. અરેરેરે! ગરીબ બીચારા મમાવા! મારી લગાર સરખી મોજને ખાતર ચાર દહાડા વેર તેવણ ખાટલો સેહેવ્યો.

મસ્તી નંબર ૧૩.

મોટી સ્કુલના ફાયદાઓ—મારો હરખ : તેની ખુશાલીમાં ચોપડીઓના નીકલેલાં ચીરીયાં—ડાકતરનું ઘરાક—ડાકતરની ચેટવણી—તે પર ફરી વલેલું પાણી—એક હાડપીંજર—એક અખતરો—તેનું ભયંકર સેવટ—દવાખાનામાં પેઠેલો ચોર—ચોર પકડાયો: બીલાડો—રૂસ્તમજીને કાઢવી પડેલી ચારસો રૂપ્યાની સેસ.

બાવાજી એક દહાડે બોલવા લાગ્યા કે હવે મને મેહેતાજીની નીશાલેથી ઉઠાડી કોઇ મોટી સ્કુલમાં મુકવામાં આવશે. એવી મોટી સ્કુલમાં જવાની મને ઘણી હોંશ હતીઃ કારણ કે ત્યાં તો ઘણા છોકરાઓ સાથે રમતાં મજાહ મજાહ પડે, અને વલી ત્યાં ઘણા માળા અને ઓરડા હોવાથી 'નાસો ગેસો' બી ઠીક રમાય. એ ખુશ ખબર સાંભલી હું તો હરખમાં આવી ગયો, અને તેથી ખુશાલીમાં અને ખુશાલીમાં મારી વાંચવાની ત્રીજી ચોપડી, તેના અર્થ, આંકની ચોપડી, વગેરે ફાડીને નાખી દીધી: કારણ કે હવે તો નવી મોટી સ્કુલમાં જવાનું અને ત્યાં હવે બધી નવીજ ચોપડીઓ શીખવાની!

ગયા સુકરવારે સાંજના હું ડાહયો શીઆનો થઇ રૂસ્તમજીને બંગલે ગયોઃ ત્યાં કંઇ પણ જાતની મસ્તી કરવાનો મેં વીચાર રાખ્યો ન હતો. તેવણનો કમપાઉન્ડર તે દહાડે બીમાર હોવાથી આવી શકયો ન હતોઃ તેથી કંઇ અગત્યની દવાઇ બનાવી મુકવાની હશે તે પોતે બનાવવામાં મશગુલ હતા. હું ત્યાં થોડોક વખત ઉભો રહયો, તેટલામાં કોઇ ઘરાક અકલાતું ઘભરાતું આવી લાગ્યું કે 'ફલાણું ફલાણું ઘણું ઘભરાય છે, માથે લોહી ચઢી ગયું છે.' તે ઉપરથી રૂસ્તમજી જરા વીચારમાં પડયા

અને આખરે મને કહ્યું 'જો, હું જરા બહાર જઈ આઉં, તેટલાં અહીઆં બેસી આ દવાઈ ઠંડી થાય ત્યાં સુધી ઘુંટયા કરજે. હું હમણા પાછો આવીશ, અને જો અરધા કલાકમાં પાછો નહી આઉં તો આ ધાંકણું એની ઉપર ધાંકીને બારણું બંધ કરી કુંચી મારાં માયને આપી જજે. ખેઉ બારીઓ પણ! બીજી ચીજને હાથ લગાડતો ન હં! સંભાલ રાખજે; હું હમણા આઉં છું.' એમ બોલી અગત્યની દવાઈ અને હથ્યારની પેટી પોતા સાથે લઇ ઝડપથી તેવણ ચાલી ગયા. જતી વખતે પણ ફરીથી જણાવી ગયા કે 'જો, કસાંને પણ હાથ લગાડતો ના. હું આવીને તુંને તારે લાયકનું કંઇ આપીશ. ઠીક! આપણ તો ચોકસ ઠરાવ કર્યો કે એવણે સોંપેલું કામજ કરવું, અને બીજી કોઇબી ચીજને હાથ લગાડવો નહી. રૂસ્તમજીના ગયાને ઘણો વખત થયો, અને પેલી દવાઇ તો ઠંડી થઇ જવાથી વધારે વખત ઘુંટવાનું મેં માફી વાલ્યું. તે વાસણ ઉપર ધાંકણું ધાંકી હું તેવણના આવવાની વાટ જોતો હતો, તેટલાંમાં મને એકાએક અગતનું કામ યાદ આવ્યું. તે તે દીને સહવારના ગોદાઉનમાંથી કેટલાંક પાણીના અચાર અને આંબોસી ઉચાપત થયાં હતાં, જે મેં મારા બીછાણાનાં ગોડરાં તલે સંતાડેલાં હતાં; તે રખેને કોઇ ઘોલ્યો પાંથરવા જાય તેના હાથમાં આવી જાય, અને તે માયજી આગલ કજીઅ લઇ જાય; તે ધાસ્તીથી મેં મારે ઘેર જવાનો વીચાર કર્યો. પણ ત્યાં જાઉં તે કેમ? રૂસ્તમજી મને બધું સોંપી ગયલા, તે છોડી મારે એક મીનીટ પણ ત્યાંથી ખસાય નહી. કોઇ બદમાસ કંઇ ચોરી કરી જાય તો મારેજ ગલે તે આવે. મને હવે કંઇ પણ કરીને જવું તો જોઇએ, અને અંધારૂં પણ થવા આવેલું હોવાથી, મેં એક એવી હીકમત શોધી કાધી કે જેથી કોઇ ગમે તેવો હીમ્મતવાન ચોર તે ઓરડામાં દાખલ થવાની કદી હીમ્મત કરે નહી. રૂસ્તમજી થોડાક દીવસની વાત ઉપર પોતાના કોઇ દોસ્તદાર દાકતર પાસેથી માણુસ જાતનું હાડપાંજર, છેક માથાંની ખોપરીથી તે પગના અંગોઠા વેરનું, આખુંજ ઉભું કીધેલું લઇ આવ્યા હતા, જે જોતાંજ મને પહેલે દીવસે ઘણીજ બીહીક લાગી હતી; તે હાડપાંજર મેં ઉંચકીને એક ખુરસી ઉપર, માણુસ બેસે તેમ, બેસાડયું; અને તેના હાથમાં એક મોટો બાંબુ પકડાવ્યો. પણ તેટલાં મને એક બીજો સરસ ઇલાજ ધ્યાનમાં આવ્યાથી મલમને વાસ્તે ગંધકની મેલવણી, જે ચપુમાં રાખવામાં આવતી હતી તે,માંથી થોડીક લઇને પેલું હાડપાંજર, જે ખુરસી ઉપર બરોબર દરવાજાની સામણેજ મેં ગોઠવ્યું હતું તે,ની બન્ને આંખો ઉપર તે મેલવણી ચોપડી. તે પછી તેની તરફ અંધારાંમાં જોતાં તેની આંખો ચલકતી હોવાથી તે ખરેખર વધારે બીહામણું થયું. હવે મારી પુર ખાતરી થઇ કે ગમે તેવો છાતીવાલો ચોર તે ઓરડામાં દાખલ થઇ શકનાર નથી. આ રીતે સઘલું ઠીકઠાક કરી બારણું બંધ કર્યા અગાઉ બારીઓ ધાંકતો હતોઃ તેટલાં રૂસ્તમજીની પાસેના બંગલામાં, જે સાહેબ રહેતો હતો તે,નો એક મોટો બીલાડો મારી નજરે પડયો. થોડોજ વખત અગાઉ તે દવાખાનામાં મેં એક જબરદસ્ત ધુસ દીઠો હતોઃ તેથી તે બીલાડો જેનું નામ 'લીઓન' હતું અને જે મારી સાથે ઠીક દોસ્તી ધરાવતો હતો, તેની પાસે પેલા ધુસનો શીકાર કરાવવાની મતલબથી મેં 'લીઓન' ને બોલાવ્યો. તે તરત આવ્યો અને મારી સાથે ગેલ કરવા લાગ્યો, પણ તેટલાંમાં તેની નજર પેલા કમતાલેના ધુસ ઉપર પડી કે લાગલો તે તેની પાછલ મંડયો. હવે મેં બહાર નીકલી પડી, બારણું બંધ કરી, કુંચી રૂસ્તમજીના માયને આપી, અને મેં મારાં ઘરનો રસ્તો લીધો.

અરેરેરે! મેહેરબાન વાંચનાર! આટલી સરખી નજીવી વાત—અને તેમાં મારો તો લેશ ભાર પણ વાંક નહી—એટલી સરખી વાતમાંથી શું શું બન્યું તેનો તુંને કાંઇ ખ્યાલ આવે છે? ઓ મારાં બેહેસ્તી બપાઇ! મારી ઉપર બસ જાણે આખી દુન્યા, તેમાંની જીવતી તેમજ નજીવી ચીજો સાથે, સંપ કરીને સામટીજ રૂઠી છે! જે કાંઇ કરૂં છું તેની આડેખતમાં ઠપકો અને દફેણાજ મને મલે છે! કોઇના સ્વપ્નામાં પણ હતું કે આટલી સરખી બાબદ આટલું

મોટું રૂપ પકડશે? નહી, બીલકુલ નહી. અ: ભાગ્યું મારૂં નસીબ! કરવા શું જાઉં છું અને થઈ શું જાએછે! જે બન્યું, તેનો સાર ટુંકમાં હું જણાવું છું.

માથે લોહી ચઢી ગયલો પેલો દરદી બહુ ધાસ્તી ભરેલી હાલતમાં હોવાથી, રૂસ્તમજીથી રાતના અગીઆર વાગ્યા લગી તેની પાસેથી ખોંસાયું નહી. જ્યારે તેવણ ઘર આવ્યા ત્યારૂ જમીને તેવણ પોતાને બીછાણે ગયા. પાંચ દસ મીનીટ ગયા બાદ તેવણના માય તેવણને ઉઠાડવા આવ્યાં કે દવાખાનામાં બેહદ અફારજીક થાએ છે, અને તેનો સબબ શું હશે તે સમજ પડતી નથી. રૂસ્તમજી ઉઠયા, અને તરત બતી સળગાવી પોતાના માયની પાછલ ચાલ્યા. એવું બન્યું કે રૂસ્તમજીના હાથમાં બતી હોવાથી તેવણના માયજીએ ભોગજોગે બારણું ઉંઘાડયું. જેવી તેવણે અંદર નજર કીધી કે પેલો ભયાનક ચકચકીત દોલાવાલો હાડપાંજરનો દેખાવ તેવણની નજરે પડયો; તેજ પલે એક ચીસ પાડી તેવણ બેસુધ્ધ થઇ નીચે પડી ગયાં, અને બારણું પોતાની મેલે પાછું બંધ થઇ ગયું. પોતાના માયને પડી જતાં ફોકટમાં બચાવવા જતાં રૂસ્તમજીના હાથમાંથી બતી પણ પડી ગઈ, અને એક મોટા અવાજ સાથે તે ભાંગી ગઇ. ઘરમાનાં માણસો તરત એ ગડબડથી તે જગ્યાએ દોડી આવ્યાં, અને ત્યાં મોટો ઘભરાટ મચી રહયો. રૂસ્તમજીએ પોતાના માયની સારવાર કરતાં કરતાં પોતાના એક ચાકરને દવાખાનાનું બારણું ઉંઘાડી અંદર શું છે તે જોવા ફરમાવ્યું. પણ તે તેવણના જેવોજ મકોડી પેહેલવાન હોવાથી તેણે તો સાફ ના પાડયું. બીજાને આ ઉપરથી હુકમ કર્યો, પણ તેણે 'ભુત ખવીસ' ની બીક બતાવી. દવાખાનામાં કાંઇ પણ અસાધારણ છે એમ રૂસ્તમજીની ખાતરી હતી, અને તેથી હું ધારૂં છું કે તેવણની પણ 'લમ્પા' લેવાતી હતી. પણ વાત શરમમાં પડીઃ તેથી તેમ છાતી ધાડી કરી, ખંખાર મારી, પોતે અંદર જઇને પોતાના માયને વાસ્તે અગત્યની દવાઇ લઇ આવવાની તેવણે હીમ્મત કીધી. તેવણ બારણા આગલ જઇ કાન આપી સાંભલતા હતાં કે અંદર કંઈ અસાધારણ અવાજ થાય છે કે નહી. બે ત્રણ હીમ્મતવાન માણસો તેવણની બરાબર પછવાડે ઉભાં હતાં. આખરે રૂસ્તમજીએ હીમ્મતથી બારણું ઉંઘાડયું, અને અંદરનો પેલો દરામણો દેખાવ પુરેપાધરો જોયો, નહી જોયો, તેટલાંમાં તો પેલો બીલાડો એક છલાંગ મારી તેવણનો તોટો પીસવા કુદયોઃ આથી ઘભરાઇ જઇને, પુરેપુરૂં કારણ જાણ્યા વગર, તેવણ ભારે ઘભરાટમાં 'માયરે'? 'બાપરે!', 'કોઇ આવોરે!' કરવા પડયા, અને પેલાં પછવાડે ઉભેલાં માણસો તો હેબત અને ધાસ્તીને મારે ઓરડામાંથી નાસીજ ગયાં. પેલો 'લીઓન' બીચારા રૂસ્તીમજીના ચેહેરા ઉપર જબરદસ્ત નખરીઆં દઇ નાસી ગયો. તેવણે કેટલેક વારે પેલા દરામણા રાક્ષસને ઓલખ્યો. પણ અંદર જઇને જોય શું? લગભગ દરેક દવાઇની સીસીઓ અભરાઇઓ ઉપરથી નીચે પડીને ચુરેચુરો થઇ ગયલી; પોલાઇ ગયલી દવાઇનો વાસ તો એટલો બધો હતો કે દરેક જણ વોમીત કરવાની રાહ જોતું હતું. ગરીબ બીચારા રૂસ્તમજી! તેવણને કેટલું બધું નુકશાન થયું!

સંખ્યા બંધ સીસીઓ જમીન ઉપર પડીને ભાંગવાનું કારણ એ કે પેલો ધુસ દવાઈ મુકવાની અભરાઇ ઉપર 'લીઓન' થી નાસીને ભરાયો હશે, તે તેની નજરે પડતાં તે પણ અભરાઇ ઉપર ચઢયો અને પેલા ધુસની પુઠ પકડી. તે જે જે અભરાઇ ઉપર જતો, ત્યાં 'લીઓન' પણ જતો. આવી દોડાદોડમાં ઘણી સીસીઓ અને બાટલાઓ ભાંગી ગયાઃ જેની જુમલે સંખ્યા પછવાડેથી મને એકસોની ઉપર માલમ પડી. પેલા ધુસનું શું થયું, તે માલમ પડયું નહી. બીચારા મારા બીલાડા દોસ્તને ઘણું ખમવું અને શીખવું પડયું; તે એમ કે ધુસની પછવાડેની દોડધામમાં એક પ્રણાજ જલ્લદ તેજાબની સીસી ભાગી ગઇ, અને કમનસીબે (મારાં નહી, તે બીલાડાનાં) તે તેજાબમાં તેના બે પગ પડયા. કહે છે કે એ તેજાબનું એક ટીપું પણ માસને લાગે તો તે છેક હંડાણવેર કોતરી કાપે; એ વાત જો ખરી હોય તો બીચારા 'લીઓન' ને કેટલું

દરદ થયું હશે! હવે બનવા જોગ છે કે આ રીતે બેહદ દરદથી ગુસ્સામાં આવેલો બીલાડો, જે કોઇ તે બંધ ઓરડામાં પેહેલાં દાખલ થાય તેનાં; દીલ ઉપર કુદીને પોતાનું વેર લેવા રહે નહી. તેણે રૂસ્તમજી ઉપર કેટલું વેર લીધું તે આ ઉપરથી વાંચનારને ખ્યાલ આવશે કે ખાસો એક મહીનો વેર રૂસ્તમજી ધંધો ધાપો છોડી દઇ ઘરમાંજ ભરાઇ બેઠા હતાઃ સબબ 'લીઓ-નેં' તેવણના ગાલ અને ખસુસ કરીને નાક, નજરીઆંથી એટલું સોહોડી કાધયું હતું કે તેવી હાલતમાં પોતાનો ચેહેરો બહારના માણ-સોને તેવણ મરતાં દેખાડે નહી. બીજે દહાડે મેં જ્યારે તેવણનું નાક જોયું, ત્યારે સુજીને એટલું લાલ અને મોહું થયલું હતું કે એક પાકાં લાલ પેરના જેવું મને માલમ પડયું.

બીચારા ઉપરની આફતનો એટલાંમાંજ છેડો આવ્યો હતે તો બહુ ઠીક થતે. પણ પેલો અકસ્માત થયો તેને બીજે દીને સહવારના અમો સઘલાં જણાં ચાહ પીવા બેઠેલાં હતાં, તેટલાં રૂસ્તમજી પુર મીજાસ અને બેહદ ગુસ્સા-માં ઓરડામાં દાખલ થયા. બસ આવતાંને વાર તેવણે તો લડાઇનો લાલ વાવટો ઉડાડયો, અને બાગે બુલન્દ અવાજે મારી ઉપર હુમલો કર્યો. 'અરે એ શું! આવોબી તે જુલમ! શું આટલો સરખો વેંહેંટ છોકરો, તમારા તા-બામાં નહી રહી શકે? એવાં તે શું તમો મા બાપ! આએ શું! એણે મારૂં નખોદ વાલ્યું! જુવો મારા હાલ! હું એવું તે કયાંવેર સાંખું! શું આટલા સરખા છોકરાના જુલ-મથી અમો ઘરબાર છોડી નાસી જઇએ? આ મારૂં મ્હોડું જુવો! જનમ સુધીનો મને બદસુરત કરી નાખ્યો! મારી ચારસો રૂપી-આની દવાઇની સીસીઓ ભાંગી ગઇ! મારાં ... સુધી બેસુધ્ધ પડી રહેલાં છે! અરે! એ છોકરાએ મારૂં નખોદ વાલી મુકયું! એને હું શું કરૂં, તે મને સમજ પડતી નથી!'

મસ્તી નંબર ૧૪.

[illegible] નરમ થી જેવાં ઉપાવ—તે [illegible] અમલઃ બંધીખાનું—કાંઇ [illegible] —પટમાં સ-ળગેલી આગ—વાસી કુમેસ્તા—માતાજીનું લેકચર—છુટકારો.

સર્વ જણાએ પેહેલાં તો અજાયબીમાં ગરકાવ થઇ તેવણના બોલો સાંભળ્યાઃ જેમાંનાં થોડાજ તેઓને સમજ પડયા હશેઃ કારણ કે રાતની વાત તેમને કાંઇ પણ માલમ નહી હતી. પણ બાવાજી યા માયજી કંઇ બોલે તેની અ-ગાઉ મોતીબાઇથી ઘણુંજ જોરમાં હસી પડાયું. રૂસ્તમજીનું લાલ સપરચંદ જેવું નાક તેવણ જોતાં જાય અને હસતાં જાય. વાંચનાર! આ કવખતનાં મોતીબાઇનાં હસવાથી રૂસ્તમજીના ઉસકેરાયલાં દીલમાં ગુસ્સાએ એટલો તો મોટો ઉછાલો માર્યો કે તેવણે સઘલી શરમ એક ઠેકાણે મુકી, બધાંને પખોડી નાખ્યાં. 'અરે શ-રમ છે તમો સઘલાંઓને!' રૂસ્તમજી ધાંટો પા-ડીને બોલ્યા, 'અરે શરમ છે તમો સઘલાંઓને! પોતાના છોકરાને મારવા ધમ્કાવવાને બદલે, મારાં આવાં દુઃખ ઉપર દહામ દેવા નફત થઇ, તમો ખડખડ હસો છો! આ તે કેવી નફતાઇ! આ તે કેવી શોખાઇ! આ તે કેવી બેહાઇ! તમારી આંખમાં શરમ નથી! મારી આવી હાલત જોઇ મારી ઉપર દયા કરવાને બદલે હસીને મઘન થાઓ છો! ઠીક! ઠીક! વારૂ! હું પણ હવે મારૂં જોઇ લઇશ!'

આ છેલ્લા બોલો બોલતાં જેટલા ઉસકે-રાયલા મીજાસમાં દાખલ થયા હતા તે કરતાં દસ ઘણા વધારે મીજાસમાં એક મોટા ધડાકા સમેત બારણું બંધ કરી, કોઇનો એક બોલ પણ સાંભળ્યા વગર, તેવણ ત્યાંથી ચાલી ગયા.

બાવાજી, માતાજી, બપાવા, અને દાદા-ભાઇ તો બીલકુલ સમજયાં નહી હતાં કે રૂસ્ત-મજીના એટલા બધા ગુસ્સાનું અને રૂસ્તમજીનાં આવા હાલનું કારણ શું હતું. તે વીશે હજી તો તેઓ વીચાર મનમાં કરતાં હતાં, તેટલાંમાં તો મોતીબાઇ રૂસ્તમજીનું પેર જેવું મોહું બદ-સુરત નાક જોઇ હસી પડયાં અને તે ઉપરથી રૂસ્તમજીનો ગુસ્સો છેક ટોંચ ઉપર ચઢી ગયો, અને કંઇ ખુલાસો થાય તે અગાઉ તો તેવણ ત્યાંથી ચાલી ગયા.

અરે અરે! નસીબ! તું પણ કેવું છે? પછી જેહાંનમાં શું મેં તુંને પુંજયું નહી હશે?

રૂસ્તમજીના દવાખાનામાં બનેલા બનાવની ખુલાસાવાર ખબર માય બાવાના કાન ઉપર આખરે પડી, અને તે માટે જેમ યુરોપીઅન રીજમીટમાં 'કાંજી હાઉસ' ની સજા છે તેમ, મને પણ 'કાંજી હાઉસ' ની સજા મલી.

અરેરે વાંચનાર! શું તુંને કહું? જ્યારે માયજી અને બાવાજી મારો ઇનસાફ કરતાં હતાં, ત્યારે બેહેન મોતીબાઇએ મારી દયા ખાધી કે 'અરે માયજી, એ કોઇ દહાડો સુધરવાનો નથી! એને તમે ગમે તેટલો મારો કે જીભો, પણ એ તો એવોને એવોજ રહેશે; એને માર ખાતાં જોઇને મને ઘણી દયા છુટે છેઃ તેથી હું તમોને એક ઉપાય બતાઊં તેમ કરો. આપણી નહાણી વાલી ઓરડીમાં એને બંધ કરી રાખો અને સુવાને વાસ્તે એક સાદરી અને તકીઓ આપો, અને આખા દહાડા વચ્ચે નાસતો કે ચાએ પાણી કંઇ પણ નહી આપી, બપોરના એક વખત અને રાતના એક વખત મલી બે વખત ફકત કાંજી ઉપર રાખો! જો મારૂં કહયું માનો! એમ કરી જુઓ! પછી એ નહી કેમ સુધરે!'

વાહરે બેહેન! ભાઇ ઉપર શું બેહેનનું હેત છુટે છે! બધાંની બેહેનો એવીજ દયાળુ અને મયાળુ હોજો!

મોતીબાઇની સુચના મુજબ ચાલવાને માયજીએ ના પાડયું, પણ બાવાજીએ તો એક મત થઇ એ સીક્ષા બહાલ રાખી, અને અરધા કલાક પછી તો આપણે તે અંધારી ઓરડીમાં કેદ પડયા.

વાંચનારને કદાચ યાદ હશે કે એક જાદુગર થવા જતાં મારે હાથે બાવાજીનું સોનાનું ઘડીઆલ અને જાંહાંગીરનાં માયની પેલી હીરાની વીટીનો ભુરદો થઇ જવાથી શીક્ષા દાખલ મને મારાજ રૂમમાં ગાંધ્યો હતો, ત્યારે હું બારીએથી છુટો થયો હતો; પણ આ વેલા કાંઇ નહસાય તેવું હતું નહીઃ કારણ કે દીવાલ ઉપર ઊંચેથી એક બારી હતી, અને તે પણ લોખંડના સલીઆથી જડી લીધી હતી.

તે બંધીખાનામાં હું એમથી તેમ ફરવા લાગ્યો, અને મારી આવી હાલત ઉપર અફસોસ કરવા લાગ્યો. મને કાંઇબી સુજ પડે નહી. ત્યાંથી નાસી જવાના મેં ઘણાબી વીચાર કરી જોયા, પણ તેમાંનો એક પણ બની શકે તેવો ન હતો. આખરે હું એક સાદરીના કટકા ઉપર બેઠો, કે જે મને સુવા માટે આપવામાં આવ્યો હતો. થોડાક વખતમાં બારણું બહારથી ઉઘડયું, અને મોતીબાઇ એક કાંજીનું પ્યાલું અને પાંઉની બે કાતરી લાવ્યાં. અરે! નક્કી માલ ખાઇને હું ઉછરેલો, તો હવે શું હું કાંજી ઉપર દહાડા કાઢું? ના, નહી. બહેનજીનાં દેખતાંજ મેં તે કાંજીનું કપ મોરીમાં ધોરી નાખ્યું, અને પાંઉ જમીન ઉપર ફેંકી દીધું. મોતીબાઇ તો ઉલતાં થંડે કલેજે ઉભાં રહી, મને દમ ભસવી, બહાર નીકલી ગયાં. માયજી, બાવાજી અને બહેનજીની આવી કઠણાઇ જોઇ મેં પણ ઠરાવ કર્યો કે જો એ લોકો મને કાંજી ઉપરજ રાખવાં માંગતાં હોય તો હું તેને મરતાં અડકીશ નહી. એક મહીનો સુધી ભુખો તરસો જેમ તેમ રહીશ, પણ કાંજી તો કોઇ વખત પણ પીઇશ નહી. ઘણું થશે તો થશે શું? ભુખે ભુખે મરીજ જઇશ કેની? બીજું કાંઇ નહી કેની? મેં ધાર્યું કે જો હું મરી જઇશ, તો મારૂં કાંઇ ઘણું જનાર નથી, પણ મારાં મા બાપનો એક દીકરો જશે, અને હું તો નહી પણ તેઓજ ફોકેફોક પછી રડશે!

એવા એવા તરેહવાર ખ્યાલમાં રાત પડી, અને જ્યારે જમવાનો વખત થયો ત્યારે મોતીબાઇ બપોરની મીસાલ વલી કાંજી અને પાંઉ લઇ દાખલ થયાં. તેવણે ધારયું હતું કે આખા દહાડાનો ભુખો હોવાથી આ વખતે હું વગર ગડબડે, જે આપે તે, લઇશ; પણ નહી! સહવાર મીસાલ મેં તે કપ લઇ મોરીમાં રેડી નાખ્યું; તે જોઇ મોતીબાઇ મારી કાંઇ પણ દયા કરયા વના બોલ્યાં 'વારૂ! હું પણ જોઉં છું કે તું કયાં વેર એમ નખરાં કરીને ભુખો રહેશે.' એટલું બોલી તેવણ ચાલી ગયાં.

અરે વાંચનાર! મેં કોઇ પણ આમાં કબુલ નથી કીધું, મગર તારીજ આગલ કબુલ કરૂં છું કે તે આખી રાત મેં બીહી બીહીને કહાડીઃ કારણ કે ત્યાં બીલકુલ બતી પણ રાખવા દીધી ન હતી. સાંજની વખતે એક દીવો પીરોજ મુકી ગઇ હતી; પણ [illegible]

મારી માશાકુ બહેનનું, કે થોડા વખતમાં આવીને તે દીવો પણ માછો લઈ ગઈ. ખુદા એવી બહેનનું શું ભલું કરશે! એણીએજ આવો મારો હાલ કીધો; પણ તમારો બંદોબી ખરો કે એની પાસે માફ મંગાઉં! એનો પણ મારે ઘાટ ઘડવો છે. કાંઈ ફીકર નહી! એની દયા ખાવી નકામી છે! દયાની માયનેજ ડાકણ ખાય!

તે રાત એક સાદરીના કટકા અને તકીયા ઉપર જેમ તેમ કાઢ્યા પછી દીને સહવારના ઉઠતાનેવાર પેટમાં આગ બલવા લાગી. મેં તો હવે ચાહના એક કપની આશા રાખી હતી; પણ નહી. થોડોક વખત રહીને મોતીબાઈએ બહારથીજ પુછ્યું 'કેમ શેઠયા! કેમછો? મીજાજ ઠેકાણે આવ્યો છે કે? કાંજી ને પાંઉ લેશો કે?' જો કે હું ભુખ્યો થયો હતો અને એક ચાહના કપને ખાતર સો 'ઉઠબેસ' કરવા તઈયાર હતો, તોપણ મેં હીમ્મતથી ના પાડયું. અરે! કેવાં નીરદય! બસ તેવણ તો મુંગે મ્હોડે ત્યાંથી ચાલી ગયાં. અરે વાંચનાર! તુને મારા દુઃખની શું વાત કહું? મને ભુખ તો બહુ લાગી હતી, અને ઉપરથી આ દુઃખથી મારેથી રડી પડાયું. ૧૦-૧૧ ને અમલે પેટમાં એવા તો શોલા ઉઠયા કે એક મહીનો વેર ભુખો રહેવાનો મારો વીચાર આસમાન ઉપર ઉડી ગયો, અને ગઈ કાલે મેં જમીન ઉપર જે પાંઉ ફેંકી દીધું હતું તે ઉઠાવી ખાવા લાગ્યો! અરે તોબાહ! કેવો જુલમ! એક ગરીબ પશુ બચ્ચાં ઉપર કેટલીક સીતમી ગાય ઘોર અને મુંગાં જાનવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવવા માટે મંડળીઓ છે; ત્યારે ગરીબ નાદાન બચ્ચાંઓ ઉપરનું ઘાતકીપણું અટકાવનારૂં કોઈજ નથી શું?

બપોરે પછી બારણું ઉઘડયું, અને મોતીબાઈને બહેને માયજી દાખલ થયાં. તેવણે આવતાનેવાર એક લાંબું ભાશણ કરયું: જેનો મતલબ એજ કે 'દીકરા! તું હાથે કરી કાંય હેરાન હેરાન થાય છે? બધી મસ્તી કરવાની છોડી દે; કાલના દિવસ થી હવે તું કંઈ બચ્ચું છે? કોઈ કહે તેમ ચાલીઓ કાલનો કહાડો થયો તેં કેઈ આખું આખું ખાધું: તેથી મારો જીવ કેવો બાલીને ખાખ થઈ ગયો!' વગેરે, વગેરે; અને છેલ્લાં તેવણ આંખમાં આંસુ લાવીને મારી આવી ચાલ ઉપર અફસોસ અને બલાપો કરવા લાગ્યાં: જે ઉપરથી મારી આંખમાં પણ પાણી આવી ગયાં, અને મેં મારાં અંતઃકરણથી તેવણને વંચન આપ્યું કે હવે કોઈપણ પ્રકારની મસ્તી કરીશ નહી. તે વચન લીધા પછી મને બંધીખાનેથી છુટો કરવામાં આવ્યો.

આવી રીતે સમજુતી થયા પછી માયજીએ મને ભોણું કરી આપ્યું, અને ગઈ કાલનું પણ સાથે જમી લીધા બાદ, ડાહયોડોરો થઈ, હું લેસન કરવા બેઠો.

~~~~~~~~~~

મસ્તી નંબર ૧૫.

હાલના જમાનાના ગુજરાતી કવીરાજો (!)—સેવક પણ શાહેર તરીકે—રસ ગણે ને કટકા પડે એવો શાહેરી દાખલો—બાઈ બેહનમો કુકડાત.

લેસન કરતાં કરતાં મારૂં ધક, મારી હાલત પર, શાહેરી કરવા ઉપર દોડયું; અને ચોપડીના પુઠાં ઉપરજ નીચલી બૈત જોડી કાઢી:—

અરે કમનશીબ હું છું બહુ ખરેખર.
અફસોસ મને આને છુટેછ બહુજ તેપર.
સુધરી જવાની મુજમાં છે બહુ ખાહેશ.
ને તેને માટે કરૂં છું સદા કોશેશ.
નસીબજ પાધરાં નથી મુજનાં રે ભાઈ,
મુજનો વાંક સઘલાં કધે એ મુરખાઈ?
બેહેનને જોશો તો એક લડની માછણ,
પીરોજ તો વલી જાણે બખતી ડાકણ;
માયજી તો દેખાય બહુ ભોલાં બટાક,
ભાઈજી તો નરાં જાણે સેતાન નાપાક.
બાવાજીને નહી મલે બીલકુલ અકલ;
ખપાવા આવી રહેલા છેક ઘડી પલ.
ભાઈજી મારા છે વલી એવા હુશયાર,
કે બેશક તેવણ લેખાય મુરખના સરદાર.
ઘેલા ઘાંચી જેવું છે મુજ કુટુંબ ખાર,
ફસેલો છું તેઓમાં હું પણ લાચાર.
ને લોકો કરે મુજને માહેક બદનામ.
ખલકનાં બેહુદા છે લોકો તમામ.

બન્યું એવું કે તે રાતનાં જમવા પછી સર્વે જણાં વાતે બેઠાં હતાં, અને મારૂં લેસન લેવા દાદાબાઈએ ચોપડી માગી. મેં ઘણીજ આનાકાનીથી તે આપી, અને જેમ મારાં દીલમાં ધાસ્તી હતી તેમજ થયું. ચોપડી ઉઘાડ-
~~~~~~~~~~

તાંને વારજ પેહેલાં પાના ઉપર તેવણની નજર પડી, અને એક વખત નહી પણ બે વખત સઘલાં જણાં સાંભળે તેમ મોટેથી મેં જોડેલી ફરમાશુ કવીતા તેવણે વાંચી સંભલાવી!

તે કોણે લખ્યું હતું તે જયારે મને પુછવામાં આવ્યું, ત્યારે મેં તો કાન ઉપર હાથ મુકયો કે 'હું શું જાણું? કોણે લખ્યું તે.' પણ મારૂં કહયું કોઈએ માન્યું નહી; કબાટમાંથી નેતર કાઢવા ભાઈજી તો ઉઠયા, પણ માયજી વચમાં પડયાથી સર્વે જણા ફફડી અટકીને રહયાં: તેમાં બેહેન મોતીબાઈએ 'માછણ' નો ભાગ ખુબ બજાવ્યો.

સારૂં થયું કે તે દહાડે આવાં ભયાનક બંધીખાનામાંથી મારો છુટકારો થયો; નહી તો બીજે દહાડે સર્વે જણાં લગનમાં જનાર હતાં, તે મારેથી કેમ જોવાઈ શકાતે!

મસ્તી નંબર ૧૬.

મસ્તી તથા 'મોટી ભુલ' નહી કરવાનો ઠરાવ—ઠરાવ, ઠરાવને ઠેકાણે—આટાથી ભરેલું ગાડું—ગલીમાં ઉડેલો સફેદ ગુલાલ—ડામરથી ખરડાઈ ગયલા ડગલાની રસીક કહાણી—એક તાલ—ટટુની અપાયલી કબુલાત—હવાઈ કીલ્લા.

મેં મારાં દીલ સાથે ઘણોજ મક્કમ ઠરાવ કરયો હતો કે હવે બનતાં સુધી કોઈ પણ જાતની મસ્તી યા 'મોટી ભુલ' કરવી નહી; પણ 'ઇનશાન ધારે છે શું, ને ખુદા કરે છે શું? લગ્નમાં જવા માટે તઈયાર થઈ, એક્કી ફાંકડો બની, હું વરનડામાં ઉભો હતો; તેટલાંએક ગાડાંમાં કેટલીક મોટી ગુણો જતી મારી નજરે પડી, અને તેમાં શું ભરેલું હતું તેની ખાતરી કરવા માટે તે ગાડાં પાછલ જઈને જોતાં માલમ પડયું કે તે ગુણો મોખાના આટાની હતી. સઘલી ગુણોના મ્હોડાં ઉઘાડાં જોઈને અને આસપાસ તે વેલા કોઈ તેવું ન જોવાથી મેં છુપીથી તે ગાડાંનાં એક પઈડાંની ખીલી કાઢી નાખી; પણ તેમ કરતાં ડગલાને કેટલેક ઠેકાણે ડામર લાગ્યો. દસ પંદર પગલાં તે ગાડું આગલ ગયું નહી કે તેનું ખીલી વગરનું પઈડું છુટું થઈ ગયું, અને એક ધડાકા સમેત ગાડાંની એક બાજુ જમીન ઉપર આવી પડી. એ વેલા હવામાં આસપાસ આટો એટલો તો ઉડયો કે કેટલીક વખત તો ગાડાંવાલો દખાઈ ગયો કે સલામત છે, તે પણ મને દેખાયું નહી. બે ત્રણ મીનીટમાં ત્યાં ઘણું લોક ભેગું મલ્યું, અને હું પણ સાહુકારીથી તેઓ વચ્ચે જઈ ઉભો. ત્યાં જતાંવાર માલમ પડયું કે અરધોઅરધ આટો હવામાં આસપાસ ફેલાઈ ગયો હતો, અને કેટલોક જમીન પર પડી ખરાબ થયો હતો. તે બાપડા ગાડાંવાલાની મને ઘણી દયા આવી; પણ તેનું નસીબ અભાગ્યું, અને મારો કાંઈ તેમાં વાંક હતો?

હવે તેનું તો થયું, પણ મારો ડગલો ખરાબ થઈ ગયો તેનું શું કરવું? માયજીને જો ખબર પડે કે આવો સરસ ડગલો ખરાબ કરી નાખ્યો, તો તેવણ બહુજ ગુસ્સે થાય; મોતીબાઈ સાથે સારૂં હતે તો તેવણ ગુપચુપ મને બીજો ડગલો આપતે; પણ મોતીબાઈના દીલમાં એમજ હતું કે રૂસતમજી સાથે તેવણનો સંબંધ તુટે, તેમાં સઘલો મારોજ વાંક હતો. અને જાણે સઘલું મારેથીજ થયું હતું. તેટલાં માટે તેવણ મારી ઉપર બહુ કરડી નજર રાખતાં હતાં. કેટલોક વખત વીચાર કર્યા પછી મારાં ફલદરૂપ મગજે એક સાહુકારી ભરેલી હીકમત શોધી કાઢી. બગીચામાંથી થોડોક કાદવ લઈ પાટલુનને તથા ડગલાને થોડોક લગાડયો અને જાણે ઘણુંક વાગ્યું હોય તેમ ઢોંગ કરી, માયજી, જેવણ કપડાં પેહેરતાં હતાં તેવણ, આગલ કાંસતો કરાસતો જઈ જણાવ્યું કે પગ સરી જવાથી હું પડી ગયો અને મને ઘણું વાગ્યું! આહાહાહા! માયજી બોલ્યાં બટાક તો બરોબર જો! કપડાં પેહેડવાનું મુકીદઈ 'દીકરા કયાં વાગ્યું? કયાં વાગ્યું?' કરતાં મારી પાસે આવ્યાં, અને પછી પોતાને હાથે બીજો ડગલો કાઢી મને પેહેરવા આપ્યો. અરે વાંચનાર! મેં જો આવી હીકમત કરી ન હતે તો જરૂર ... થતે; કહે છે તેમ 'વાજ વરતે' હીકમતથીજ આ દુન્યાં છે!

માયજીએ કહયું કે, જયાં સુધી ... અમારાં ઘરમાં રેહે ત્યાં સુધી, જો ...

મસ્તી નહી કરૂં તો અમારી પાસેના બંગલામાં જે સાહેબ રહેતા હતા તેના છોકરાનું નાનું સુંદર ફરબે ટટ્ટુ તેવણ મને અપાવશે. આહા! હું કેવો ઈછું છું કે બસ એકદમ આવતી કાલે બે મહીના ખલાસ થઈ જાય! હવે તો હું મરતાં કોઈને છેડું યા મસતી કરૂં નહી. મને તે ટટ્ટુ અસલથીજ ઘણું પસંદ હતું, અને જયારે હવે તે મારા હાથમાં આવે એમ છે, ત્યારે સુધરી જવાની મારામાં જેટલી શકતી હશે તે હું કામે લગાડીશ. આહાહા! મારા હાથમાં જો તે ટટ્ટુ આવે તો હું શું શું મજાહ કરૂં! પેહેલ વેહેલાં તો મારવાડીઓને બુમ પડાબી! મને તેઓની પાઘડી ઉપર બહુજ પ્યાર છે! ધબ્બા મારીને, અથવા પાઘડી જમીન ઉપર ફેંકી દઈને, અથવા તો આપણા હાથમાંજ આવે તો તે લઈ ચાર પગે ટટ્ટુ દોડાવ્યે, અને આપણી પછવાડે તે બુમ પાડતો દોડે, તે જોવાની બહુજ રમુજ છે હો! વલી કોઈ ચપરખંધો મુસલમાન બેધ્યાન ઉભો હોય તેને સવારીના એક ચાબકાનો સવાદ પણ ચખાડવામાં મજાહ છે. વલી કોઈ મારવાડી બતાસાવાલો માથાં ઉપર ટોપલો રાખી 'ચાપીઈઈઈત બતાસઆઆઆઓ' કરતો રસ્તેથી જતાં મલી ગયો, તો પછવાડેથી આવીને તેનો આખો ટોપલો જમીન ઉપર ઊંધો નાખવામાં હું ધારૂં છુ કે હું ફતેમંદ થયા વીના રહું નહી; પછી તે મારવાડીનો મીજાજ જાય તે જોવામાં, અને બતાસા ઊંચકતો જાય અને જીહુરાબંધ ગાલી દેતો જાય તે સાંભલવામાં, બેહદ રમુજ મલે. વલી બીજું એ કે જયારેબી અમારે ત્યાં હોરમજદારૂ આવે છે ત્યારે ફુંટીવેર આવતી તેવણની લાંબી દહાડી જોઈને મને તે ખેંચી જોવા બહુ ગમે છે, મગર મારી તેટલી હીમ્મત ચાલતી નથી; પણ જો પેલું સુંદર બદામી રંગનું, અમારી પીરોજ જેવું ફરબે, અને તેના જેવીજ ઉતાવલી ચાલનું ટટ્ટુ સેવકને મલે તો હોરમજદારૂની દહાડી તો શું પણુ બધા ભીકટાઓની મુંછપી ટુંપી કાઢું; એવી બંદામાં તાકાત છે; પણ એ મારૂં પ્યારૂં ટટ્ટુ મને મલે તે અગાઉ મારે કાંઈ પણ મસ્તી કરવી જોઈએ નહી. તે સારાં જીવ મર જખરી જતા હતા.

મસ્તી નંબર ૧૭.

જેવાં બેહેનના મોસાલાં તેવાં ભાઈના ગીત—ઇજારમાં લાગુ પડેલા ઉંદર—બેહેનજીને સહવારના પહોરમાં મલેલી વધાઈ—તેવણનો બબરાટ—ગરજ મોટી બાપડી!

અરે પણ મારો બીજો અગાઉનો ઠરાવ ભુલી જવો ન જોઈએ. મારી વહાલામાં વહાલી અને પ્યારાંમાં પ્યારી જીવ સમાન બેહેનની મારા ઉપરની મેહેરબાની હું જો ભુલી જાઊં તો મારા જેવો બેવફા કોઈજ નહી. તેણીએ મારી ઉપર કેવો પ્યાર કરીને મને માર ખાતાં બચાવ્યો, અને નાહવાની ઓરડીમાં બંધ કરાવ્યો, તે મેહેરબાન વાંચનારે જોયું હશે. એ દીલસોજી અને મેહેરબાનીના બદલામાં કોઈ ઊંદરે તેવણની સુંદર નવી ત્રણ ચાર ઈજારના પાયંજા એવી તો રીતે તેવણનીજ જીણી કાતર વડે કાતરી ખાધા, કે તે કોઈ બે પગના મોટા ધુસે કાતરયા છે કે ચાર પગનાં જીણાં કુલકુલ્યાંએ, તે કોઈથી પણ પરખાઈ શકાયજ નહી. એ તો અત્યાર સુધીમાં ત્રણ ચાર ઈજારમાંજ ઊંદર લાગુ પડયા; પણ હું આશા રાખું છું કે આવતા સાત દીવસની અંદર તો તેવણની સાડીથી તે છેક પેટીવેર તેવીજ સીફતથી કુલકુલ્યાં પહોંચી વલશે.

એતો રહયું, પણ આવતી કાલે જોઈ લેઓ મજાહ! હમણા તો મોતીબાઈએ નાહી, કપડાં બદલી, માથે ધુપરૂં લગાડી, માથાંબાણું બાંધ્યું છે; પણ જો કાલ અત્યારની અંદર એવણ જારજાર રડીને મારી પાસે માફ નહી માંગે, તો મારૂં નામ નહી.

બીજે દીને સહવારના રાબેતા કરતાં હું ઘણો જલ્દી ઉઠયો હતોઃ મગર હજી ઉંઘાયલો હોઉં તેમ ગુપચુપ પડી રહયો. ગરમીના દીવસ હોવાથી અને મારા રૂમમાં જાજે પવન ન હોવાથી, માયજીએ મારૂં બીછાનું મોતીબાઈના ઓરડામાંજ કરાવ્યું હતું.

મોતીબાઈના ઉઠવાની રાહ મને ઘણો વખત જોવી પડી નહી. રાતની બેહાયતીમાં આપ થાયાનું સરી જાય છે વા છુટી જાય છે, તેથી સહવારના ઉઠતાં વાર બૈરાંઓની પેહેલી ચીંતા

તેની હોય છે; તે મુજબ બેહેનજી ઉઠતાં વાર પોલ્યા ઉપર બેઠાં બેઠાંજ પોતાનું માથાબાનું બાંધવા જતાં, તેવણુનો હાથ અમોરાને લાગતાંજ, તેવણુના ચેહેરા ઉપર બેહદ અજાયબી અને ઘભરાટનો છાપ દેખાઇ આવ્યો; અમોરાના બાલ તેવણથી છુટા થાય નહી, અને જરા પણ કોશેશ કરતાં ઘણાજ તણાય! તેવણુનો અમોરો 'ડચુક'ના બોલ જેવો કડણુ અને કકરો થઇ ગયલો હતો, તેનું કારણ શું તે તેવણુ સમજી શકયાં નહી. આહાહાહાહા! કોણુ જાણે શું કુદરત છે કે જે કાંઇ કામમાં મારો હાથ હોય, અને તે કામથી કરી કોઇ માણસને દલગીર થતાં જોઉં, તો મને મારાં મનમાં કાંઇ ઓરજ મજાહ મલે છે. તેજ રીતે બેહેનજીનો ઘભરાટ, અને અજાયબી અને ખીજવાતથી ભરેલો ચેહેરો, પલંગ ઉપર પડયો પડયો જરાકજ આંખ ઉઘાડીને જોતાં મારા મનને ઘણો કરાર થયો.

બેહેનજી આખરે માયજીની મદદ લેવા દોડયાં, પણ બીચારાં માયજીબી તે શું કરે! 'શા સબબથી થયું હશે?' 'મુવું ગઇ કાલે સાંજનાં લગાડેલું ધુપડું ખરાબ હશે કે શું?' એવા એવા ફોકટના ખાલી અનુમાનો કરયા પછી જયારે દાદાભાઇને ખબર કીધી, ત્યારે તેવણે મોતીબાઇનાં માથાંના બાલની હાલત જોઇને તેને પાણીમાં ભીંજવી રાખવાની સલાહ આપી. તેવણુને ભાઇજીએ ખાલી ધોંસ આપી હતી, કે જો એક બે કલાકમાં બાલ છુટા નહી થાય તો પછી બધા કાપી નખાવવા પડશે! આ બીના સાંભલતાંજ મોતીબાઇને ફાલ પડી, અને જાણે બાલ કપાવી નાખ્યા વના છુટકો ન હોય તેમ રડી પડયાં.

સેવકતો જાણે કાંઇ જાણતાજ નહી હોય તેમ મુગા મુગા ઓરડામાં જઇને મોટે મોટે લેસન કરવા બેઠા હતા. કાંઇ કામસર તેટલાં મોતીબાઇ ત્યાં આવ્યાં, અને તેવણુના ચેહેરા ઉપર જાણે હમણાજ નજર પડી હોય તેમ મેં અજાયબીથી પુછયું.

'કેમ બેહેનજી! રડોછો કાંય? આંખમાં આંસુ શાંના.' 'મુવા મારા બધા બાલ કોણુ જાણે કેમ કરતાં એકેક સાથે ચીપટી વલગી ગયા છે.' પોતા ઉપર કાંઇ મોટે ગજબ આવી પડયો હોય તેમ લાચાર થઇ તેવણુ નીસાસો નાખી બોલ્યાં.

'બાલ વલગી ગયા! અરરર! હવે!'

'હમણા પાણીએ ભીંજવ્યા છે તો ખરા. જો નહી છુટશે તો કાપી નાખવા પડશે.' વલી આંખમાં પાણી લાવી તેવણુ બોલ્યાં.

'જોઉં જોઉં. અરરર! એ કેમ કરતાં થયું હશે! એ કાંઇ છુટેછુટે નહી. બેહેનજી! એ તો હવે કાપી નાખવા પડશે.'

'ઓ માયરે! હું કેમ કરૂં! નહી નહી! હું કાંઇ કાપવા દઉં નહી. પછી હું શું બોડકી બાંડી થઇ ફરૂં કે?'

'પણ ત્યારે શું કરશો? બાલ તો કાપવાજ જોઇશે.'

'ઓ! તું એમ ના બોલ! શું બીજો કોઇ ઉપાય હરોજ નહી! જો એક મારૂં કામ કર! તું રૂસ્તમજીને પુછી આવ.' મને કરગરીને બેહેનજીએ કહયું.

'શું બોલ્યાં? રૂસ્તમજીને પુછી આઉં? નારે બા! આપણુ કાંઇ જાણુયે નહી! તેવણુની મારી ઉપર હાલમાં એટલી બધી મેહેરબાની છે કે મને પોતાના કમ્પાઉન્ડમાં જોતાં વારજ પીસતોલ મારે! નારે બા! આપણુ કાંઇ તેવણુને ઓલખતા નથી.'

આ વાતચીતની વલણુ બરાબર મેં ઇછયું હતું તેમજ ગઇ; પણ હજી મારી બીજી મતલબને થકી હું ખાલી ભારી થયો.

બેહેનજી તો બારી આગલની ખુરશી ઉપર બેઠાં, અને કાંઇ ઉંડા વીચારમાં ગુતાયાં. મારી તો ખાતરી હતી કે હું જેમ ઇછુછું તેમજ થશે: તેથી હું મારે કામે વલગ્યો.

'તું એટલું મારૂં કામ નહી કરશે?' ગરીબ ગાય જેવું મ્હોડું કરી, કરગરીને બેહેનજીએ પુછયું. એ વેલા મારા દીલમાં હેતનો જુસ્સો ભરાઇ આવ્યો, અને જો કે તેવણુ મારી તરફ આટલા કરડાં રહેતાં હતાં તોપણુ તે વીસરી જઇ, તેવણુ જે કાંઇ ફરમાવે તે કરવા, હું તઇયાર થયો. મગર, બેહેનજીનો ઇતરાટ અને તોર

વધારે તોડવા માટે મેં તેવણુની દરખાસ્ત એકદમ કબુલ કીધી નહી.

'અરે! પણ તમે એવું બોલોછો કે જે મારેથી થાયજ નહી. બા નહી. હું કાંઇ રૂસ્તમજી પાસે જવાનો નથી.' થોડોક વખત થોભી હું પાછો બોલ્યો, પણ જો તમે એક ચીઠી લખી આપો તો વખતે કદાચ હું તે લઇ જાઉં ખરો.'

'તું જાણે છે તો ખરો કે તેવણે આપણા કુટુંબ સાથનો વેહેવાર સદન્તર તોડયો છે; અને ખસુસ કરી મારી ઉપર તો ઘણાજ ચીરડાયલા છે, ત્યારે હું ચીઠી કેમ લખી શકું?'

'તમારી ગરજ છે કે કોઇ બીજાની? ગરજને ખાતર ગધેડાનેબી બાપા મામા કરવા પડે, તે તમો જાણોછો કેની? ચીઠી લખવામાં દમ શું? દાકતરની ગરજ તો જ્યાર ત્યાર પડવાની. લખો કે જે બન્યું છે તે માફ કરો, હું ઘણી દલગીરછું અને પસતાઉંછું' વગેરે વગેરે.

ભલા વાંચનાર! આખરે તેવણે એક માફી પતર ઘણાજ મીનતજારી ભરેલા શબ્દોએ રૂસ્તમજી ઉપર લખી કાધલું ખરૂં. પણ તે પત્ર લખી રહયા પછી જયારે મને તેવણ આપવા આવ્યાં, ત્યારે આપણા ભાવ એકદમ ચઢી ગયા, એટલે તે કાગજ લઇ જવા મેં સાફ ના પાડી.

'કેમ? કાંય નહી લઇ જતો?' નહી ધારેલા મારા જવાબથી ઘણાં અચરત થઇ તેવણે મને પુછયું.

'નહી બા. વખતે મને પોતાના ઓરડામાં બોલાવીને મારે તો!' મેં ખાલી પીલી બીક બતાવી. 'હું કદીપણ લઇ જનાર નથી; ને આએ કાગજ છે તે તરત ફાડી નાખો; કોઇ પાસે પણ મોકલાવતાં ના; નહી તો હું બધાંને જણાવી દઇશ.'

મસ્તી નંબર ૧૮.

[illegible] આપની છ સરતો—સરતો કબુલ—રૂસ્તમજી સાથે સલાહ—ઘડીઆલની આપી કમાનનો [illegible]—ઘડીઆલનું [illegible]—રૂસ્તમજી ડાકતર: ગણુ [illegible] સરીકે—[illegible] અને ડાકતર સાહેબ [illegible]—[illegible] એનું મિજાજમાં [illegible] સંધાણ્યું!

મારી પુરેપુરી ખાતરી હતી કે તેવણ કાંઇ તે કાગજ ફાડી નાખે પણ નહી અને તે કોઇ પાસે મોકલાવે પણ નહી, પણ મારા જરા રોબ કસવાથી મનેજ 'બાપજી' કરશેઃ અને તેમજ થયું.

'ત્યારે મારી આ બધી મેહેનત રદ કે? નહી, નહી! વલી, ચાલ ડાહયો થઇ જા. એટલું કામ કરી આવ.'

'વારૂં હું જાઉં અને તમારૂં કામ કરી આઉં, પણ તેની અગાઉ મારી સાથે કોલકરાર કરો.'

'શાના કોલકરાર કરાવે છે?'

'પેહેલું, મારી સાથે હેતથી વરતવું.—'

'કબુલ છે.'

'બીજું, મારા કોઇબી વખતે ખાલ પીખવા નહી.'

'વારૂં. પછી?'

'ત્રીજું, માયજી, બાવાજી આગલ કોઇ વખતે મારી ફરીઆદ કરવી નહી.'

'વારૂં, વારૂં. હવે લઇ જાની.'

'કબુલ છે? કબુલ હોય તો આગલ ચાલું.'

'વારૂં, વારૂં લઇ જા.'

'ઉભાં રહો! ચોથું, પેલું પાસેનુ ટટુ મને અપાવવા માયજીને તમે સમજાવવું, અને—'

'વારૂં રે વારૂં, હવે લઇ જાય છે કે નહી?'

'જરા ઉભાં રહો! પાંચમું-પાંચમું, એ કે મારેથી જો કંઇ વાંક થઇ ગયો હોય તો તે કોઇને ન કહેતાં મને ખંચાવી લેવા.'

'ઓ વાય! તું બી શું નખરાં કરે છે! કોઇ જાણે તો મારે માટે શું શું બોલે.'

'તે બા હું કંઇ જાણું નહી, અને છઠું છઠું—'

'લો! હજુબી તારૂં બાકી છે કે?'

'છઠું અને છેલ્લું, એકે જેમ માયજી દર રોજ મને એકેકું ઢોયબુ આપે છે તેમ દરરોજ તમોએ એકેકું આપવું. એ સરત જો તમો રાજી ખુશીથી કબુલ કરો તો હું તમારી ચીઠી લઇ જાઉં; અને ખાતરીથી કહુંછું કે રૂસ્તમજી સાથે તમોને દોસ્તી કરાવી આપ્યા વગર રહું નહી.'

આ મારી કબુલાતનાં ખેંચાણથીજ બેહેનજીએ ઉપલી સઘલી સરતો કબુલ કીધી, એમ કહેવામાં હું ધારૂં છું કે હું ખોટો નથી. ભલાં વાંચનાર, ડાકટર રૂસ્તમજી ઉપર મારાં બેહેનનું ઘણું દીલ હતું તે હું ખાતરીથી જાણું છું: કારણ કે રૂસ્તમજીના ગુસ્સે થયા બાદ તેવણને હું જયારે ત્યારે ગમગીનીમાં ગીરફતાર જોતો હતો. તે સબબથી એ બન્નેને પાછાં સાથે મેલવવાની દરેક કોશેશ કરી જોવાનો મે નીશ્ચય ઠરાવ કર્યો.

તે ચીઠી લઈ હું રૂસ્તમજીને બંગલે ગયો. તેવણ પોતાના ઓરડામાં ઇજીચેર ઉપર લાંબા થઇ ન્યુસ પેપર વાંચતા હતા. મને જોઇને તેવણ અજબ થયા ખરા, પણ મેં સાહેબજી કરી તરત તે ચીઠી તેવણના હાથમાં મુકી. વાંચતાં વાંચતાં તેવણ મુછમાં હસયા, તે ઉપરથી મેં અટકલ કીધી કે ચાલ કામ ફતેહ થયું ખરૂં. તેવણના પુછવાથી મેં જણાવ્યું કે બાવાજી અને ભાઈજી ઓફીસમાં ગયા હતા, અને મમાવા પોતાના ઓરડામાં લેટેલા હતા. તરત ઉઠી, તેવણે પેલા કાગજનો જવાબ લખ્યો અને મને મોહોડેથી પણ કહયું કે 'અરધો કલાક રહી હું આવીશ.'

તે ચીઠી ઉઘેડતાં બેહેનજીના હાથ ધ્રુજયા, પણ વાંચી રહયા પછી તેવણના ખુબસુરત ચેહેરામાં ખુશનુમા ફેરફાર મને તરત નજરે પડયો.

ડાકટર રૂસ્તમજી આવવાના હતા: તેથી ઠીકઠાક થઇ તેવણ હોલમાં જઇ બેઠાં. હું પણ તેવણની પાછલ ગયો, પણ ગજવામાંથી બેઆની કાઢી મને તે આપી, અને કહયું કે 'જા, મેહેરબાની કરીને તું તારા ઓરડામાં જરા બેસ; રૂસ્તમજી જાય પછી આવજે.'

જોયું? ગરજની કેવી દુન્યા છે?

હું મારા ઓરડામાં જઇ બેઠો, અને થોડી વારમાં રૂસ્તમજીને કમ્પાઉન્ડમાં દાખલ થતા મેં જોયા. તેઓની મુલાકાત કેવી રીતે થાય છે તે જોવાની મારામાં ઘણીજ ખાહેશ થઇ, મગર મારાં ગજવામાંની બેઆનીએ મને મના કર્યો; પણ થોડોક વખત પછી ધીમેથી જઇ, મેં હોલનાં બારણાની કુંચીના ખાંચામાંથી ગીમાઇને જોયું તો બન્ને જણને સોફા ઉપર બેસીને વાતો કરતાં મેં દીઠાં; આવી વેલા તેઓની વાટમાં ખલલ કરવાનું મેં દરૂસ્ત વીચાર્યું નહી, તેથી હું બહાર થોડોક વખત ઉભો રહો અંદર જાઉં કે નહી તે માટે વીચાર કરતો હતોઃ તેટલાં એક નવું ઘણું મોટું અને મોઘું ઘડીઆલ, જેમાં દર કલાકે પોતાની મેલે અંગરેજી રાગો વાગતા હતા તેમાં,નો Sweet dreamland જે મને ઘણો પસંદ હતો તે થોડોક વખત વગાડી જોવાની મેં ઇચ્છા કીધી. કુંચી આપવા જતાં કુંચી અંદર ફરી નહી, અને હજી તો હું જરાક વધારે જોર કરી જોઉં છું: તેટલામાં અંદર ખરરરર—ખનનનન થયું; ત્યારેજ મને માલમ પડયું કે ભુલથી ઉપલી બાજુએ કુંચી ફેરવ્યાથી અંદરની કમાન ભાગી ગઇ. ખેર; તે બીચારાં ઘડીઆલનું નસીબ! તેમાં કાંઇ મારો વાંક નહી: સબબ મોટા બાવા તે દીવસે બોલતા હતા તે મને યાદ છે કે 'અરે બાવા, જયાં નસીબનીજ વાત આવી, ત્યાં માણસ જાતનું તે શું ચાલે.' તેમ ઘડીઆલનાં નસીબ આગલ મારૂં શું ચાલે? એમાં કાંઇ મારો વાંક હતો?

બારણું ઠોકી હું અંદર દાખલ થયો, તે વખતે પણ બેહેનજી અને રૂસતમજી બેસીને વાતો કરતાં હતાં. વાતમાં એટલાં તો મશગુલ અને ચકચુર હતાં કે જે સબબસર રૂસતમજીનું ત્યાં આવવું થયું, તે કામ તેઓ વીસરી ગયલાં મને જણાયાં.

'રૂસ્તમજીને બાલ બતાવ્યા કે?' મેં બેહેનજીને પુછયુ.

'અરે હા. હું તો ભુલીજ ગઇ.'

ડાકતર સાહેબે આઇગ્લાસ ચઢાવી મોતીબાઇને બારી આગલ ઉંજરડામાં લઇ જઇને બારીકાઇથી બાલ તપાસવા લાગ્યા, પણ ડાકટર રૂસ્તમજી ગણ કુકરડાના ભાઇ ઉકરડા નીકલ્યા, અને બેહેનજીના બાલની હાલત કેમ થઇ તે તેવણ સમજી શકયા નહી.

ડાકતર સાહેબને ગુંચવાડામાં પડેલા જોઇ મેં તેવણને દાકતરપણું શીખવવાના વીચારથી કહયું.

'રૂસ્તમજી, એ બાલ એમ કેમ થયા તે હું તમુને કહું તો હું ધારૂં છું કે તમો તેનો ઉ-

માપ કરી શકશો.' રૂસ્તમજીએ ડોકું ધુંનાવીને હા કહ્યાથી મેં આગલ ચલાવ્યું. 'આવી જાતનું માથાંના ખાલનું દરદ, જે બેહેન પોતાના ભાઇ ઉપર મેહેરબાનીની માયા નહી રાખે અને તેને નાહાવાની ઓરડીમાં કેદ કરાવી કાંજી પાંઉ ઉપર રખાવવા માગે તેની ઉપર એ દરદ, ગલબો કરે, એમાં કાંઇજ નવાઇ જેવું હું જોતો નથી.'

રૂસ્તમજી કાંઇ સમજ્યા નહી, પણ બેહેનજી ચેતી જઇ બોલવા લાગ્યાં, 'ત્યારે આએબી તારાંજ કારસતાન દેખું. અરે, અરે, આટલો નાનો તું છે, અને આટલાં તારાંમાં કારસતાન છે! હદ થઇ, હદ!'

'હાજી, હવે બેહેનજી, તમારે જાણવું જોઇએ કે ગઇ કાલે તમે નાહી ધોઇ ખાલે જે ધુપરું લગાડયું હતું તેમાં તમારા સેવકે વેલાતી ગુંદરની અરધી બાટલી ખાલી કરી દીધી હતી. ડાકતર સાહેબ, હવે તમે તેનો ઉપાય સુચવો નહી તો બેહેનજીના ખાલ કાપી નખાવવા પડશે.'

આ મારો ખુલાસો સાંભલી બન્ને જણાં છક થઇ ગયલાં દીસ્યાં, અને હું ત્યાંથી હસતો હસતો નીકલી પડયો.

અરરરરર! વાંચનાર! મારેથી બહુ કાચું કપાઇ ગયું! બેહદ કાચું કપાયું!

અમારાં કુટુંબ સાથે રૂસ્તમજીને સલાહ કરાવી આપવાનું માન મને મલ્યું; અને તે કામથી સરવે જણાનાં દીલ ખુશ ખુશાલ હતાં: તેટલાં, એટલે તેને બીજે દીવસેજ મારેથી એક 'બહુ મોટી ભુલ'—અલબત, અંજાણતાંજ તો—થઇ ગઇ.

અરે વાંચનાર! શું તુંને જણાઉં! બસ મારૂં દીલ બહુજ ગમગીન છે. ઓ મારાં બદામી રંગના વહાલાં ટટુ! તારે માટે મેં બાંધેલી સુંદર આશાઓ શું હવે હું છોડી દઉં? અરે નહી, બનતાં સુધી નહી.

મસ્તી નંબર ૧૯.

જેહાંગીરના સાજાં થવાની ખુશાલીમાં 'શુકરવારી ચણા ગરમ'ની જયાફત—મમાવાનાં જબરદસ્ત બાર્ગી ગજવાં—મારી સાહુકારી—પરીણામ: દર્દેણ—બેનાર ફટાકડો—૨૧ કલાકનું બંધીખાનું—માફી.

મમાવાને આવ્યાને હજુ તો એકજ માસ થયો હતો, અને તેવણુની ત્રણ માસની હાજરીમાં જો હું સારી ચાલ ચલાઉં તો માયજીએ મને પેલું ટટુ અપાવવા કબુલ્યું હતું, તેને હજુ તો થોડાંજ અઠવાડીયાં થયાં હતાં. મારો દોસ્ત જેહાંગીર હવે તદન સાજો થયો હતો. તેને અને મારા બીજા ત્રણ ચાર મીતરોને પણ અમારા બંગલાની પછવાડે આવેલાં પેલાં નાળાંને કીનારે બોરનાં એક મોટાં ઝાડ નીચે 'શુકરવારી ચણા ગરમ' અને 'ખીમા રોટલી'ની એક જયાફત ગયે શુકરવારે આપવાને મેં કબુલ કર્યું હતું. પણ બેહેન મોતીબાઇએ એક દીવસ અગાઉની આપેલી પેલી બેઆંની ખરચ માટે પુરતી નહી ધારી, તેટલીજ રકમ મમાવા પાસે મેં માંગી જોઇ હતી. હવે બન્યું એમ કે 'કોણ જાણે કોણે' કોઇએ તેવણનાં બંદીઆનનાં એક ગજવામાં જીણા જીણા પથરા અને બીજાં ગજવામાં બગીચામાંની રેતી ભરેલી હતી; તે બંદીઆન તેવણના હાથમાંજ હજી તો હતું, તેટલાંમાં મેં મારી અરજ ગુજારી. તે વખતે જરા 'લાહાત'માં હોવાથી કોથલીમાંથી મને બેઆંની કાધી આપવા તે બંદીઆનનાં ગજવામાં તેવણે હાથ નાખ્યો. પછી જોઇ લો મજાહ! ઓ બાપજી! આવું કામ કોણે કીધું તેનો વીચાર કરવાનો જરાપણ વખત લીધા વગર બસ જેટલી બની તેટલી મને મ્હોડાંમાંથી તેવણે ચોપડી કાધી; એટલાંથી નહી પરાતાં સાહુકારી કરવા થકી અજાયબ થઇ હું તે બંદીઆનનાં ગજવાં તપાસવા ગયો કે તેવીજ બે લાકડી મારા પગ ઉપર તેવણે જોખી. લંગડાતો ખોડાતો હું ત્યાંથી નાઠો ખરો, પણ મારા ગુડામાં એવી તો કલ લાગી કે આવી તેવણની માયાળુ ચાલનો પુરતો બદલો લેવાનો મેં ઠેડાવ કીધો, અને તે ઠેડાવ પ્રમાણે જોગજોગે મારી પાસે એક ઘણો મોટો ત્રણ આનાવાલો ફટાકડો હતો તે મેં લગાવાનો વીચાર કર્યો.

બપોરના જમવા પછી હમેશ એ ધાંખશને બે કલાક ખરડો નાખવાની ટેવ હતી, તે મુજબ વરનડામાં મુકેલી ઇજીચેરમાંની એક

ઉપર તેવણુ જઇ સુતા. હજીતો તેવણુની જરાકજ આંખ લાગેલી હશે કે તરત તે ઇજીચેરની નીચે કાનનો પડદો ફાડે તેવો એક મોટો ધડાકો થયો. તરત વેલા તે ધડાકાથી તેવણ 'ઢાંખરાજી' ને કેવી મજાહ અને ગીલી—ગીલી છુટી હશે તે કહી શકતો નથીઃ કારણ કે તે ફટાકડો સલગાવી ખુરશીની નીચે પછવાડેથી નાખીને પાછલે રસ્તે જાહાંગીરને બંગલે આપણ 'વંજો માપી' ગયા. ચાહે પીવાની વખતે જાણે કાંઇ પણ બન્યું ન હોય તેવું અંજાણપણાનું ડોલ કરી સેવક ઘરમાં ગયા, પણ ત્યાં તો દોડધામ થઇ રહેલી મને માલમ પડી. હોલમાંના સોફા ઉપર મમાવા પડેલા હતા, રૂસ્તમજી ડાકટરે મમાવાના નાક આગલ કાંઇ દવાઇની સીસી ધરેલી હતી, માયજી કોલોનવોટર તેવણના મ્હોડાં ઉપર લગાડતાં હતાં, અને મોતીબાઇ પંખો કરતાં હતાં, જ્યારે બીજાં માણસો આસપા દોડધામમાંજ રોકાયલાં હતાં! મેં જોયું કે કામ તો ધારવા કરતાં વહુ વધી ગયું, પણ તે છતાં હીમ્મત રાખીં હું પાસે ગયો અને 'મમાવારે શું થયું' એમ હજી તો હું પુછતો હતો તેટલાં માયજીની અને બપાવાની નજર મારી ઉપર પડી કે તેવાંજ તેઓએ મારી ઉપર તરાપ મારી, અને બન્ને જણાએ અકેક કાન પકડી, જાણે બુટના રબરનો તે બનાવેલો હોય અને ઘણો ખેંચવાથી ઘણો લાંબો થઇ શકતો હોય તેમ, તેઓ ખેંચવા અને મરડવા લાગ્યાં, અને પેલી ઇરાની પીરોજ મારી તરફ ખુનખાર નજર કરી બોલી કે 'અરે શીડ, એજ બીજું કોઇ નહી.' મારાં ભોગ ચોઘડયે તેટલામાં બાવાજી આવી લાગ્યા, અને મારી સામેની ફરીઆદ સાંભલતાંજ મમાવાનું ડીંગોલું, જે ત્યાં તે વેલા પડેલું હતું તે, મારી ઉપર ઉડાવ્યું. પણ ખુદા મારા મમાવાનું ભલું કરે, તેટલાં તેવણ સુધ્ધીમાં આવ્યાથી સર્વેનું ધક ધ્યાન તેવણ તરફ દોડયું. આપણે તો બા શુકરાના કરતા ત્યાંથી 'પોબારા' માપી ગયા, અને ઓરડામાં જઇ સાંકલ ઇસ્તાપરી ચઢાવી, આ મારી મોટી ભુલનું પરીણામ શું આવશે તે અને ભજ્યાં ચટણીની ઉજાણીની આશામાં પેલાં ઝાડ નીચે એકઠા મલેલા મારા મીત્રોએ મારે વાસ્તે શું વીચાર્યું હશે તેનો વીચાર કરતા ખાટલાપર લેટયા. તે રાતના કેટલી જાતના લેહેજતદાર પકવાનો હું જમ્યો હોઇશ અને બીજે દીને સહવારના કેવો 'પેટમાં આંધરાં પડે' તેવો નાસ્તો કર્યો હશે, તે જાણવાની ખાહેશ, વાંચનાર, જો તુંનેન હોય તો જણાવવું જોઇએ કે સાંજના ૪ વાગ્યાનો ઓરડામાં ભરાયલો બીજે દીને સાંજના ૬ વાગે હું બહાર નીકલવા પામ્યોઃ કારણ, જેવું મેં અંદરથી બારણું બંધ કરયું કે તેવુંજ કોઇએ તેજ મીસાલ બહારથી પણ બંધ કરયું હતું. તે દીવસ શનીવારનો હોવાથી બાવાજી અને ભાઇજી બન્ને જણા વાડીએ જમવા ગયા હતાઃ તેથી છવીશ કલાકના કેદખાનાની મુદત પુરી થવા પછી માયજીએ જેવું બારણું ઉઘાડયું તેવાજ આપણ મમાવા આગલ દોડી ગયા, અને આસપાસ કોઇ ન હોવાથી પગે લાગી ઘણી આજુજીથી તેવણ પાસ માફ માંગી. વાંચનારને જણાવવું જોઇએ કે કેટલીક મેહેનતે માફી મેલવવા ફતેહ પામ્યોઃ કે જેથી બાવા તરફથી કાંઇ શીક્ષાની મને હવે ધાસ્તી રહી નહી.

અરે! પણ તે ધાસ્તીથી મોકલો હું ૨૪ કલાકબી રહેવા પામ્યો નહી. મારાં નસીબજ એવાં અભાગ્યાં!

મસ્તી નંબર ૨૦.

મમાવાનો ચશમો 'તોમી'કુતરાની આંખ પર—નકરાબીજ મમાવા?—નાટક—તપખીરનું પડીકું—'હાચ્ચાઆતચછી'નું બેન્ડ—છીંકનો અને હસાહસનો કોરસ—ભરમ કુયે!

બીજે દીને બપોરના રાબેતા મુજબ મમાવા ઉંઘ કાઘતા હતા, તેટલાં હું ત્યાં ભોગચોઘડયે જઇ લાગ્યો. તેવણને કોઇબી રીતે હવે ગુસ્સે નહી કરવા, એવો મારો મક્કમ ઠરાવ હતોઃ તેથી કોઇબી રીતની અલપચારી કરવાની મારી જરા લેશભાર પણ મરજી નહી હતી. તોપણ મમાવાનો સોનાની ફ્રેમનો ચશમો, જે પાસેની ખુરસી ઉપર પડેલો હતો તે, મેં પેહેડી જોયો, પણ તે વડે કાંઇ દેખાયું નહી. ખુરસી પાસે તોમી, સુતો સુતો પુછડી હલાવી

મારી તરફ જોતા હતા તે,ને મેં તે ચશમો પેહેડાવ્યો, જે તેને એટલો તો બંધબેસ્તો આવ્યો કે દુરથી નકરા જાણે બીજા મમાવાજ જોઇ લેવા! પણ તેજ પલે અમારા અને પાસેના બંગલાની વચમાંની પાલ ઉપર બેઠેલી એક બીલાડી તોમીની નજરે પડી. તોમી તરતજ તે બીલાડી ઉપર ધસારાબંધ દોડયો, પણ તેને પોતા તરફ આવતાં જોઇ તે બીલાડી જીવ લઇ નાઠી, જેની પુઠે તોમી લાગ્યો. તોમી જ્યારે પાછો ફરયો ત્યારે અલબતાં! ચશમો તો હતો નહી, તેથી હું ચશમાની સોધમાં ગયો. કેટલીક મેહેનતે તે જડયો, ત્યારે તેના બન્ને કાચ ભાંગેલા માલમ પડયા. આ નહી ધારેલા અકસમાતથી હું પેહેલાં બહુ ધભરાટમાં પડયો, પણ પછવાડેથી મને એક હીકમત સુજી, અને મારા ઓરડામાં જઇ મારા પાસે ચશમાના કેટલાક જુના કાચો હતા તેમાંથી મમાવાની ફરેમમાં બરાબર બેસ્તા કાચ શોધી કાઢયા, અને તે સફાઇથી અંદર બેસાડી, જે જગ્યાએથી તે ચશમો લીધો હતો તે જગ્યાએ, આ મારી હીકમત ઉપર હરખાતો હરખાતો હું તે મુકી આવ્યો-

દાદાભાઇની કલબના મેમબરોએ તે દ. હાડે એક નાટક કર્યો હતો, જે જોવા બે 'ઢાંખરાઓ' સીવાય સઘલાં જણાં ઘરમાંથી ગયાં હતાં. નાટક ઇંગરેજી ભાષામાં હોવાથી મને તેમાં કાંઇ મજાહ લાગશે નહી એવું વીચારી, તેટલો વખત બેસીને જુંહુંફયા કરતાં કોઇ બીજાં વધારે સારાં કાંમમાં ગુજારવાના ઇરાદાથી તપખીરની બરણીમાંની થોડીક તપખીર ઘણી સેહેલાઇથી મેલવી, એક પડીકું બાંધી, મેં, સાથે રાખી, અને પછી નાટક જોવા ગયો. તે નાટકમાં દાદાભાઇનો મુખ્ય ભાગ હોવાથી તેવણે તે ઘણી મેહેનત અને સંભાલથી કર્યો હતો, અને તેના બદલામાં સાંભલનારાઓ તરફથી શાબાશીના પુકારોની તેવણ પુરેપુરી આશા રાખતા હતા. હવે બન્યું એમ કે તે ખેલ જ્યારે પુરેપુરો રસ ઉપર આવ્યો અને દરેક જણ ઘણી સુપકીથી અને આતુરતાથી ધ્યાન આપી દાદાભાઇનો દુઃખ અને શોકથી ભરેલો ભાગ જોતાં અને સાંભલતાં હતાં, ત્યારે અમારી બેઠક, જે પેહેલા માલ ઉપરના બોક્ષમાં હતી, ત્યાંથી પેલાં પડીકાંમાંની એક મોટી મુઠીભર તપખીર કાધી, આસેપાસેનાને કાંઇ શક જાય નહી તેમ, કટેરામાં હાય ઘાલી મેં નીચે નાખી. મેં પક્કી આશા રાખી હતી તેમ તરતજ તરેહવાર ઉંચાં નીચાં શુરનું 'હાહાઆતછી' 'હાઆઆઆત છીઇઇ' નું અસરકારક બેન્ડ વાગવા લાગ્યું! સામટી રીતે વીશ પચીશ જણાને એકાએક છીંક કેમ આવી હશે તે વીચારથી દાદાભાઇનો ગમખાર ભાગ, જે ઘણો અસરકારક કરવા માટે તેવણ ઘણીજ મેહેનત લેતા હતા તે, જોવા સાંભલવાનું પડતું મુકી, જે ટોલીમાંથી છીંકનું બેન્ડ વાગ્યું તે તરફ ઘણાં જણાનું કુદરતી રીતે ધ્યાન ખેંચાયું. તેટલાં મારી આસપાસનાને ખબર પડે નહી તેમ છેલ્લાં કરતાં વધારે મોટી એક બીજી મુઠી એવી સીફતથી નીચલે હાથે મેં ફેંકી કે જાણે 'હાઆઆઆતછીં' ના ગાયણનો 'કોરસ' પુરેપુરો ખરાં શુરથી ગાઇ બતલાવવાનો લગભગ અરધી નાટકશાળાએ મક્કમ ઠેડાવ કર્યો હોય એવું લાગ્યું. આ ગડબડાટના ગગડાટમાં બીજો ઘોંઘાટ હસાહસનો ચાલી રહ્યો, અને આસપાસનાને હસ્તાં જોઇ, જેઓને હસવું નહી આવે તેઓબી,બીન કારણે હસવા લાગ્યાથી આખી નાટકશાળામાં છીંકાછીંક અને હસાહસની રેલછેલ ચાલી રહી. પણ મને ઘણું હસવું તો એ ઉપરથી આવ્યું કે છીંકવામાં દાદાભાઇએ કાંઇજ બાકી રાખ્યું નહી. તેવણની સુંઘવાની શકતી ઘણીજ નાજુક હોવાથી છીંકતી વેલા જે હાવભાવ અને ચાલા તેવણ સ્ટેજ ઉપરજ ઉભા ઉભા કરતા હતા, તે હદથી બાહેર રમુજી હતા. પોતાનો 'રકાસ' થતો જોઇ તેવણે તુરતાતુરત અંદર નાસી જવું દરૂસ્ત વીચારયું. જ્યારે ઘણે વખતે ગડબડાટ નરમ પડયો, ત્યારે દાદાભાઇ પોતાનો 'ગંભીર' ભાગ પુરો કરવા પાછા સ્ટેજ ઉપર આવ્યા. પણ વાંચનાર! તું શું એમ માને છે કે તે મોટી ખલલ પછી પોતાનો ભાગ તેવણ મનમાનતી રીતે બજાવી શકયા હતા? ના, નહી. બીચારાએ શાબાશીના તાબડાની જે જે ઉમેદ રાખી હતી, તે સઘલી કહે છે તેમ 'પાણીમાં ગઇ.'

ઉપલા 'બોક્ષ'માંથી કોઇએ તપખીર નીચે ઉડાડી હશે એવું ઘણુંાંખરાંઓના દીલમાં હશે; પણ તે ઉડાડનાર કોણ નેકનામ હશે, તે અલબત તેઓ જાણી શકયાં નહી, અને જો મારે હાથે એક ગફલતી થઇ નહી હતે તો કોઇને પણ તે હરગીજ માલમ પડતે નહી. રાતના ઘર પાછાં ફરયા પછી મારા ડગલાના ગજવાંમાંથી પેલું પડીકું કાધી લેવાની મારામાં સુરતા રહી નહીઃ જેથી બીજે દીને સહવારના મારો ડગલો ઉંચો મુકતાં માયજીના હાથમાં તે આવી ગયું. દાદાભાઇ ત્યાં તે વેલા હાજર હોવાથી સઘલો ભરમ ફુટી ગયો, અને નાટકમાં પોતાના પારટ વેલા જે ખલલ થઇ હતી, અને જેથી કેટલેક દરજ્જે તેવણુની હસી પણ થઇ હતી, તેનું કારણ કોઇજ નહી પણ હુંજ હતો એમ તેવણુની ખાતરી થઇ. તે વેલા જો હું તેવણુના હાથમાં સપડાયો હતે તો મારાં ગરીબ બીચારાં દીલના કયા અવ્યયનો કયો ભાગ લોહીથી 'લુહાણુ' થતે, યા સુજીને 'પોરા' જેવો થઇ આવતે, તે હું કહી શકતો નથી.

~~~~~~~~~

મસ્તી નંબર ૨૧.

મમાવાની જતી રહેલી આંખ—શીવરામ જોશીનો વરતારો—મોતીઆના કાચ અને ટુંકી નજરના કાચની ભેલમ ભેલ—સેવક પર આવેલી ધાડ—મમાવાનો ગુસ્સો—તેવણુની ધમકી—કીલ્લારૂપી ઓરડામાં સેવકનું ખોરાક પાણી સાથે ભરાવું—ઓરડા પર ઘેરો—ધસારો—ખાનાખરાબી.

ખપોરનું જમવા બાદ રાબેતા મુજબ ઇજીચેર ઉપર મમાવા ધોંટાયલા હતા, તેટલાં પોસ્ટનો સીપાઇ એક મમાવાનું અને એક માયજીને નામનું કાગજ લઇ આવ્યો. માયજી તે વખતે હોલમાં હોવાથી સીપાઇને કમપાઉંડમાં દાખલ થતો જોઇ તેવણુ વરનડા ઉપર આવ્યાં. મમાવાની આંખ તેટલાં ઉઘડી ગયાથી તેવણે પોતાને નામનું કાગજ, જે પુણેથી પોતાના દીકરાએ મોકલાવ્યું હતું તે, તરત વાંચવા માટે ઉતાવલથી પોતાનો ચશમો ચઢાવ્યો. 'અરે! પણ આ શું?' બેહદ અજાયબીથી હેરાન થવાનો છાપ તેવણુનાં મ્હોડાં ઉપર દેખાતો હતો. 'અરે! પણુ આ શું! હેં! આ શું! અરરરર! મને દેખાતું નહી, દીકરી! મારી આંખ જતી રહી ખરી! અરે પરવરદેગાર! સહવારનાં આ ચશમાંથી મને બરાબર દેખાતું હતું અને હમણાં આ શું થઇ ગયું! એકાએક આંખે પાણી ફરી વલ્યાં કે શું? હાએ હાએ!'

'અરે મમાવા, અમસથા ઘભરાવોછ શાના? તમારી આંખ તો મારા જેવી આખી છે, અને તમુંને નહી દેખાતું એ બને કેમ?' મેં મારી ફીલસુફી ચલાવી.

'અરે ઓવારૂં રે બાવા, તમારી પરથી! એ એમ શું જેવું તેવું બોલોછો!——'

'અરે, નહી દીકરી, નહી. મારી આંખ હવે ગઇ, ખરેખર ગઇ. બસ, આંખે પાણી ફરી વલ્યાં રે! પેલા શીવરામ જોશીએ કહયું હતું કે આએ વરસ તમારો શુક્કરનો ઘરેહ શનીમાં જશે તો જરૂર તમારી આંખે પાણી ફરી વલશે!'

'ઓ વાય! લુસું રે તમારા શીવરામને! મુવો મોત લાગ્યો અમસ્થો અમસ્થો બધાંને દપકાવે, તેમાં——'

'અરે દીકરા! તું નહી સમજે, તું નહી સમજે. અરેરે! હવે શું કરૂં! મોતીઆ કઢાવ્યા પછી આ ચશમાંથી જરા દેખાતું હતું, પણુ હવે તો પાણી ફરયાંઃ એટલે વાત બસ હાથથી ગઇ! કોઇથી હવે એ સારૂં થઇ શકે નહી. અરે, અરે! આંખ વગરનું તે શું જીવતર હવે!' એટલું બોલી નીરાસીથી પુર ચેહેરો કરી ઇજીચેર ઉપર તેવણુ પડયા.

'અરે પણુ બાવા, આ તમારો ચશમો જોઉં!' એમ કહી માયજી જયારે મમાવાની આંખ ઉપરથી ચશમો ખેંચી કાધી તેના કાચ નીહાલીને તપાસવા લાગ્યાં ત્યારે, મારા પેટમાં ધસકો પડયો. 'અરે! આએ-કાંઇ મોતીઆના કાચ નહી! આ કાચ મોતીઆના છેજ નહી! અહીં આવ મોતઇ. જોની, આ કાચ મોતીઆના છે કે?'

'નહી રે માયજી. મોતીઆના કાચ કાંઇ એવા હોય કે? અરે! પણુ એ ચશમો તો મારી આંખને બરાબર લાગે છે! આ ફરેમ તો મમાવાની છે, અને આવી ટુંકી નજરના કાચ એમાં
~~~~~~~~~

ક્યાંથી આવ્યા, એનું નંબર ૭ મું છે! ૫,૬ મહીના ઉપર મારો એજ નંબરનો ચશમો ખોવાઇ ગયો હતો, તેના જેવાજ આએ, પણ કાચ મને લાગે છે. અરે આ શું! એજ મારા કાચ! આ મારી નીશાણી! અહીં આવરે, આ તારાંજ કારસ્તાન છે, એવું મને લાગે છે!——'

'અરે નહીરે, બેહેનજી. હું—હું—હું—કાંઇજ જાણતો નથી. મને શું ખબર——'

'શું? એ મારા ચશમાના કાચ નથી?' મારો જીવ ઉડી ગયો, ત્યારે હવે મમાવાના પેટમાં જીવ આવ્યો.

'નહી, બાવા. એ તમારા કાચ નથી અને તેથી તમુંને બરાબર દેખાતું નથી. તમારી આંખની તમારે કાંઇ ધાસ્તી કરવી નહી.' માયજી હવે મારી તરફ ફરીને બોલ્યાં 'કેમ દુકતા, તું સાચ્ચું નથી બોલવાનો કે? મારા પક્કી ખાતરી છે કે એમાંથી કાચ કાધી લઇ, અગાઉ મોતીબાઇનો ચશમો તેં ચોરયો હશે, તેના કાચ તેં એમાં મુકયા છે. જા, જ્યાં ઉંચા મુકયા હોય ત્યાંથી લઇ આવ——'

'અરે પણ માયજી——'

'હું કંઇ સમજતી નથી. હમણાને હમણા જો તું કાચ નથી લાવ્યો તો સાંજના જોઇ લે તારી વલે કેવી થાય છે તે!'

'મારી પણ ખાતરીજ છે કે એના વગર બીજું કોઇ એમ કરે નહી.' મોતીબાઇએ વચ્ચમાં તાહુકો પુરયો.

'અરે! અરે! આ છોકરાને હું શું કરૂં!' મમાવાને હવે સુર ચઢી આવ્યું. 'એજ મારૂં મોત થઇ પડવાનો! દારૂખાનાથી મને ઉડાવી મુકવા ખાતર મેં એને માફ કીધો: ત્યારે હવે એ મને આંખે અપંગ કરવા બેઠો છે! તોબાહ! તોબાહ! હવે બાકી શું રહયું? કાલ ઉઠી હું ઉંઘાયલો હોઇશ ત્યારે મારાં ગલાં ઉપર છરી પણ એ ફેરવશે. નહી, બસ; હવે વધારે વખત મારેથી આ ઘરમાં રહેવાય નહી. બસ, હું સાંજની ગાડીમાં પુણે જતો રહુંછું. હું જસ એને કરાર આપવા ઘણે વરસે અહીં આવ્યો ત્યારે તો આ નાપાક સેતાન મારા જીવનો જમ થઇ બેઠો છે. જા મોતઇ, મારાં કપડાં પેક કર. હું રતોરાત જાઉંછું. જા, બસ.'

બસ તેવણનો મીજાસ હાથથી ગયો. બપાવા, માયજી, મોતીબાઇ સરવેએ તેવણને ઘણું સમજાવ્યું, પણ ફોકટ. તેવણનો ટુંક જવાબ એટલોજ હતો કે 'શું હું જીવ ખોવા અહીં રહું કે?' રાતના પુણે ઉપડી જવાની તેવણે તેયારી કરી રાખી. તુરતા તુરત માયજીને એટલી આશા હતી કે સાંજના બાવાજી આવીને મમાવાને સમજાવશે. મમાવા આ રીતે જવા નીકલ્યાથી માયજીને ઘણુંજ લાગ્યું. તેનું કારણ, મારી નાની સરખી અક્કલ પ્રમાણે તો એ છે જે, કાંઇજ નહી પણ મમાવાની દોલત હતી. જેટલો વખત તેવણ અમારી સાથે રહયા તેટલો વખત બાવાજી તેવણની ઘણીજ ખીદમત કરતા હતા, અને માયજી તો બીલકુલ 'પરૂંપરૂ' કરી રહયાં હતાં. આ રીતે મમાવા ગુસ્સે થઇને યા મારેથી કંતાલીને જતા રહે તે મારાં માય બાવાની મરજી અને લાભને અનુકુલ તો હતુંજ નહી, તેથી જ્યારે સાંજના બાવાજી આવી લાગશે, અને સઘલી બીનાથી વાકેફ થશે, ત્યારે હું ગરીબ નાદાનના શું હાલ કરશે, તેના અંદેશાથી મારી છાતી ધપકવા લાગી. બેશક, મારી નજીવી જેવી ભુલથી,—અલબત્તાં! તેમાં વાંચનાર મારો લેશભાર પણ વાંક જોશેજ નહી—મેં મારી ઉપર બહુ મોટી આફત ખેંચી હતી. હવે આ સપાટામાંથી કેમ બચી જવું તેનો મેં ઘણોબી ખ્યાલ કર્યો, પણ કાંઇએ સુજયું નહી. મમાવા પાસે હવે ફરીથી માફ તો મંગાયજ નહી: કારણ તેવણ ફરીથી માફ કરેજ નહી, અને મારેથી તેવણના કાચ તો આખા થાયજ નહી; સબબ તે તો કમબખત તાગીએ ભાંગી નાખ્યા હતા. જ્યારે કાંઇજ સુજ પડયું નહી, ત્યારે જેમ લડાઇમાં હારેલું લસ્કર નાસીને કીલ્લામાં જઇ ભરાઇ બેસે, તેમ આખરે મને પણ કરવું પડયું. રાંધણીમાંથી જે સુકુંપાકું હાથમાં આવ્યું તે, પીડીક મુરબ્બાની ચીર, આંચણાં, ખપાવાને માટે મેંડું સંભારવાનો બીસકીટનો બાક્સ, અને એક મોટો કુંજો ભરી પીવાનું પાણી લઇ આ-

પણ આપણા કીલ્લારૂપી ઓરડામાં ભરાયા! અને બારણાંની મજબુતાઈ ફરીથી બરાબર તપાસી, અંદરથી સાંકલ અને ઇસતાપરી ચ-ઢાવી. મારી ગણત્રી પ્રમાણે મારી પાસે પાંચ દીવસનો ખોરાક હતો, અને તેટલા દીવસ સુધીમાં જો મારા દુશ્મનનું લશ્કર ઘેરો ઘાલી, મારા કીલ્લા ઉપર હુમલો કરી, જબરાઈથી અંદર દાખલ નહી થાય તો પછી બાહાદુરીથી બહાર નીકલવાનો મેં ઇરાદો રાખ્યો હતો: કારણ કે ત્યારે કાંઇ ઘણી ધાસ્તી નહી: સબબ પાંચ છ દીવસમાં તો સઘલાં જણાંનો મારી સામેનો ગુસ્સો નરમ પડી જવાની મને આશા હતી.

આખરે સાંજ પડી અને બાવાજીની ગાડી કમ્પાઉંડમાં દાખલ થઈ. તે વેલા મને લાગેલી ધાસ્તીનું વરણન કરવું બહુ મુશકેલ છે: જો આ વેલા હું બચી જવા પામું તો મારે હાથે અનજાણતાં થતી આવી આવી ભુલો હવેથી નહીજ કરૂં, એવો નીશ્ચય ઠેડાવ મેં કર્યો. પણ અફસોસ! એ ઠેડાવ શું કામનો! અનજાણતાંજ એવી ભુલો થઇ જાય તેમાં મુજ બાપડાનો શો વાંક!

બાવાજીની સરદારી હેઠલ ચઢાઇનું લશ્કર હુમલો શરૂ કરવા આવી લાગ્યું; તેની ખબર, દાદર ઉપર ચઢતાં ઘણા પગલાંનો સામટો અવાજ મને આવ્યો તે ઉપરથી, મારે કાને પડી.

અલબતાં, કીલ્લાનો દરવાજો તો બંધબસ્ત જોવાની સર્વેની ખાતરી હતી: તેથી તે જબરાઈથી ઉઘાડવાનો સામાન તેઓએ તરત મંગાવ્યો. એકેદમ શરણ થવાની બહારથી મને ઘણી ભલામણ થઈ, પણ એવી રીતે વગર શરતે શરણ થવા મેં ના પાડયાથી, બારણાના ઉપલા ભાગ ઉપર, જે બાજુ ઇસતાપરી હતી તે બાજુ, ખાંડણીનાં બતાથી દાદાભાઇએ ઘણાક મજબુત ફતકા માર્યા, એવી મતલબથી કે લોખંડના પતરાંના જે ગાલામાં ઇસતાપરી જઇ અટકી હતી તે ગાળો ઢીલો થઇ નીકળી જાય. અને ખરેખર! મારી ઘણી અજાયબી વચ્ચે તેમજ થયું! મેં જોયું કે બારણું હવે ઉઘડયા વીના રહેશે તો નહી; તેથી મેં બુમ પાડીને કહયું કે બારણાને ઢકેલો મારવો નહી, નહી તો ફરનીચર અને સરસામાનનું ઘણું નુકશાન થશે. પણ તેઓ સમજ્યાં નહી અને બહારથી વધારે અને વધારે જોર કરવાનું જારી રાખ્યું. મેં ફરીથી જણાવ્યું કે જો બારણું હવે જરા પણ વધારે ઉઘાડવામાં આવ્યું તો ઘણાક સામાન ભાંગીને ભુકો થઇ જશે, અને જો મને ફકત પાંચ મીનીટની મેહેલત આપો તો સઘલો સામાન ખીસાડી તેને નુકશાન થતું બચાવું. પણ નહી, મારા કેહેવા ઉપર કોઇએ ભરૂસો રાખ્યો નહી. આખરે એક મજબુત આંચકાને મારા કીલ્લાનો દરવાજો શરણ થયો; પણ તે અગાઉ એવો તો એક મોટો ધડાકો થયો કે સઘલાં જણા તે બનાવ અને નુકશાન જોઈ દંગ થઇ ગયાં.

તે બનાવ એ હતો કે ફકત ઇસટાપરીનાં જોર ઉપર મને ભરૂસો નહી હોવાથી, જેટલો બન્યો તેટલો પરચુટણ સામાનનો ઢગ બારણાની પછવાડે મેં ટેકાવ દાખલ કરી રાખ્યો હતો, અને તેની છેક ટોચ ઉપર હોલમાંની કેટલીક આરસીઓ, જેની ફરેમો અને કાચો સાફ કરવાના હતા તે આરસીઓ, મેં એક ઉપર એક ચઢાવી હતી. જ્યારે બહારથી બારણું ઉઘાડવામાં આવ્યું, ત્યારે એ સઘલો સામાન ધડાકા સમેત જમીન ઉપર પછડાયો, અને લગભગ સઘલો ભાંગીને ભુકો થઇ ગયો!

એ સઘલો સામાન ખીસાડયા વીના કોઇથી અંદર એકાએક અવાય તેવું નહી હતું. આ નુકશાન જોઇ સર્વે ઉપર કેવી અસર થઇ હશે, તેનો ખ્યાલ કરવો હું વાંચનારને સોંપું છું.

અઠવાડીયાંના સાત વાર મધેથી કોઇને એક ચોક્કસ વાર ફલતો નથી: એટલે તે તેનો કાળ-વાર તરીકે લેખાય છે. તમારા કમનસીબ બંદાના તો કાળવાર સાતેસાત છે: એટલે એવો કોઇ વાર ખાલી જતો નથી કે તે દહાડે 'મિશ્રીપાક' હું નહી જમ્યો હોઉં! શનીવાર, આતવાર તો જાણે ટપકામાં લખી રાખેલાજ છે.

મસ્તી નંબર ૨૨.

'જમશેદજી ખુશ્કાસ બોરડીંગ હાઉસ'—મમાવાની સરતઃ સેવકને પુણા ખાતે દેશનીકાલ—મોટી સ્કુલના માહાભારત કાયદા—પપાનું પાણી ઉતાર કરે એવું લાંબું લેક્ચર—મમાનું અસરકારક ભાસણ—બાવાજીની ઉમદા શીખામણ પ્રમાણે ચાલતાં સેજ પલમાં હાડમાર—'અભાગ્યા, કમબખ્ત, ઘધેડા' ઇ૦ના ખેતાબોનો સરોપાવ.

ભલાં વાંચનાર! લાત મુક્કી, ધમોલા, તમાચા, કાનચીમટી, ધભ્ભા, ચમટા, ટપલા, અને ચમ્ચમ્તી નેતરના ખુમલા, વગેરેના તરેહવાર જુદી જુદી જાતના સવાદ, જે વારંવાર ચાખવાની ફર્યાદ હું કરતો હતો તે, હવે તું સાંભલશે નહીઃ સબબ, છેલ્લે જે બનાવ બન્યો, તેને બીજેજ દીવસે પુણા ખાતે જમશેદજી ખુશ્કાની બોરડીંગ સ્કુલ (વીસી) માં મને મોકલાવી દેવાનું નક્કી થયું.

મારાં હેતવંતાં માતાજીને આ ગોઠવણ બીલકુલ ગમી નહી; પણ પેલા છેડાયલા ઢાંખરાજીની તો બસ નાથી હા થાય નહી. અમારાં કુટુંબના સઘલાં સાથે રૂસાઇને તરત અમારૂં ઘર છોડી જતાં તેવણ એજ સરતે અટકયા કે યા તો હું ઘરમાંથી જાઊં યા તેવણ જાય, અલબતા! મમાવા આગલ હું શી બીસાદમાં?. પણ હું ધારૂં છું કે તેવણ પાસે જેટલા ચીબોડા હતા, તેટલાજ જો તમારા સેવક પાસેબી હતે તો એવા ગલેપડુ, મખીચુસ, ચીરડાઉ અને ભેજ્નંફાટેલ મમાવાની કોઇ દરકાર કરે નહી. ખેર ! એબી કીસમત; પણ જો કે ઘર છોડી બાહેર પરલોકમાં જતાં મને બહુ અણગમો લાગે છે, તોપણ મને એક વાતથી હાલ તરત સંતોશ એ છે જે મેહતાજીની નીશાલ છોડી હવે હું મોટી સ્કુલમાં જનારછું, કે જ્યાં વધારે ફરવા હરવાનું, શીખવાનું, જોવાનું, અને અલબતાં, જરાક વધારે મોજ મજાહ કરવાનું પણ બની શકશે.

બીજે દહાડે સહુવારના બાવાજીએ મને પોતાના ઓરડામાં બોલાવ્યો, જ્યાં માયજી પણ બેઠાં હતાં. બાવાજીએ મને પોતાની પાસે બેસાડી ઘણી ગંભીરાઇથી એક લાંબું ભાશણ કહી સંભલાવ્યુંઃ જેની મતલબ ટુંકમાં એ કે હું હવે ઘણો મોટો થયો, પણ તે પ્રમાણમાં મને બીલકુલ અક્કલ કે શ્યાણ મલે નહી, પણ ઉલટો ઉછાછલો અને મસ્તાનછું, અને એમ જો થોડોક વખત વધારે ચાલ્યું તો જરૂર હું મારાજ જીવનો ઘાત કરનાર થઇશઃ માટે તે દીનથી મારે હવે શ્યાણ સોગતના થવું, કાંઇ પણ ચેડાં યા મસ્તી તોફાન કરવી નહી; અત્યાર સુધી તો ઘરમાંનું ઘરમાં હતું તે ચાલી શકયું, પણ મારી એવી ચાલ કેઘે ચલાવીશ તો હું બહુ દુખી થઇશ. એવી મતલબનું બાવાજીએ તેમજ માયજીએ મને ઘણી અસરકારક રીતે કહી સંભલાવ્યું; જે ખરૂં કહું તો થોડું ઘણું મારા ધ્યાનમાં ઉતરયું ખરૂં.

પણ, બાવાજીએ જે કાંઇ શીખામણો દીધી, તે કાંઇ સઘલીજ ખરી ન હતી. તે શીખામણ પ્રમાણે ચાલતાં ઉલટો હું ડપકામાં આવ્યો; તે શીખામણમાંની એક કેમ ખોટી પડી તે હું તમોને દાખલા દલીલથી સમજાવીશ, ત્યારેજ તમારાં ધ્યાનમાં ઉતરશે કે સારી શીખામણ પ્રમાણે ચાલતાં પણ હું હાડમાર થયોછું.

બાવાજીની શીખામણ એ હતી કે 'દરેક કામ કર્યે, ત્યારે બરાબર વીચાર કર્યે કે તે કામ કરવું ઘટે છે કે નહી.'

હવે બન્યું એમ કે ઊંબર આગલ અમારો કુતરો 'તોમ' ઉભો હતોઃ એટલામાં બારણું પવનથી કરી બંધ થઇ જતું હતું, તે એવી રીતે કે જો તે બંધ થયું તો બારણા વચ્ચે તોમની પુછડી આવી જાય. એ બનાવ જ્યારે બાવાની નજરે પડયો ત્યારે 'પેલું બારણું અટકાવ' કરી તેવણ તરત બોલી ઉઠયા; જો ચાહતે તો હું તે બારણું બંધ થતું અટકાવી શકતે, પણ મેં તેમ કરયું નહીઃ કારણકે બાવાજીની 'અમુલ્ય' શીખામણ મને યાદ આવ્યાથી બરાબર વીચાર કરવા માટે મેં હાથ ખાંચ્યો; પણ તેટલાં તો 'ધપ' કરતું બારણું બંધ થવાથી બીચારા તોમની પુછડી છુંદાઇ ગઇ. તોમને દુખ થવાથી જેમ જેમ તે મોટે સાદે બુમ પાડે, તેમ તેમ બાવાજી મારી ઉપર બુમ પાડે કે 'અભાગ્યા, કમબખ્ત, ઘધેડા,' વગેરે.

અરે વાંચનાર! નસીબ! નસીબ! 'અમુલ્ય' શીખામણ પ્રમાણે બોલેબોલ ચાલતાં પણ ઠપકો; અને તેમ નથી ચાલતો, તોપણ ઠપકો!

મસ્તી નંબર ૨૩.

પુણા તરફ કુચ—આગગાડી—દસ્તુર દાહારૂસદારૂની વાયજી—જંગલા મડમ થવાં નીકળેલાં પારસીઆનું લાયબલ—દસ્તુરજીને ગવન્દર થવાનો થઇ આવેલો શોખ—તેવણે ધારી રાખેલું પેહેલું ફીલસુફી ભરેલું કામ—બુત સરસ કે જોડા?

સઘલાંને મલી ભેટી લીધા બાદ દાદાભાઇ મને સ્ટેશન પર મુકવા આવ્યા. સેકન્ડ કલાસની એક ટીકીટ મારા હાથમાં મુકી, મને ગાડીમાં જગ્યા કરી આપી. જ્યારે ગાડી ઉપડી ત્યારે તે ગાડીમાં મારી સાથે બે બુઢા પારસીઓ, એક જવાન એશાકી પારસી, અને એક મોબેદ, એક પારસી જોડું (ઘણુંખરૂં માટી બૈયર) બેઠાં. પણ નજદીકનાં સ્ટેશન ઉપર તેઓ ઉતરી પડયાં. અત્યાર સુધી સઘલાં જણાં ચુપચુપ બેસી રહયાં હતાં, પણ પેલાં જોડાનાં ઉતરી જવા પછી પેલા બુઢામાંના એકે તેઓ માટે કાંઇ ટીકા કર્યા.

'ખપવા તો જાય છે જંગલા મડમમાં! પણ કેવાં એબ લગામણાં દેખાય છે, તે એ લોકો જાણતાં નથી.' બીજા કાકાએ જવાબ આપ્યો.

'અરે ક્રી! વાંદર એવાં લાગેશરે! મન આણે કે સુધરેલાંમાં ખપીએ, પણ ખરૂં ઓતાં તો પારસીઓના ટોલાંને હીણપશતી લગારેશ, હીણપશતી!' પેલા દસ્તુરજી દાહારૂસે પોતા તરફથી ઉમેરયું.

'ખરૂં છે, બાદશાહ! એવા એવા જુવાન્યાઓ પોતાની બૈરીઓને બુત, મોજાં તથા પોલકા પેહેરાવીને સાથે ફેરવે છે: તેથીજ પારસીઓનાં નામ આજ કાલ ધરાય છે તો!'

'નહી, મુરબ્બી! એમ નથી. છોકરાઓ બુત મોજાં પેહેરે, તેથી તેઓના નામ ધરાય છે, એ તમારો વીચાર ભુલ ભરેલો છે. અને જો નામ ધરાતાંજ હોય તો તેનું કારણ જુદુંજ છે. તે એ કે પોતાની ગુંજાસ કરતાં પારસીઓ વધારે ખરચ કરે છે.' અમારી સાથવાલા પેલા જવાન પારસીએ પોતાના વીચાર જણાવ્યા.

'તમે કેહેશ, તેબી રાશત શેરે! પણ તે બધા ખરશ વધી શાના જાયશ? ખરૂં જુઓ તો પોલકા, ને બુત, ઇશતાકરાં ને રૂમાલ, ને વેલાતી અતરના બેહુંઢા ખરશ, ઝારે આજ કાલના શોકરાંઓને કરવા પરે, તારેઝ કેની?' જાણે પોતે કેવી એક સરસ દલીલ રજુ કરી હોય, તેમ ફતેહની ખુશાલી બતાવતાં પેલા અંધીઆરૂજી બોલ્યા.

'હા, બાદશાહ! છોકરીઓ બુત મોજાં પેહેડે, ને આવી ત્રીમતરાક થઇને માતીડાઓ સાથે ફરવા જાય, તે મને બીલકુલ પસંદ નથી. મારાં ઘેરમાંની છોકરીઓ જો બુત મોજાં ને પોલકા ફોલકા પેહેરવા માગે, તો હું છરીજ ભોકું!' આ કાકાના આ બોલો જેવા જવાન્યાને કાને પડયા કે તેને હસતું આવી ગયું; પણ તરત મોહોડું ફેરવી નાખી, બારીની બહાર ડોકું કહાડવાથી તેનું હસતું, સેવક સીવાય, કોઇ જોઇ શકયું નહી.

બરાબર કહયું, શાહેબ! નાદાન શોકરીઓને એમજ દાબેલી રાખવામાં શોભા! અમારા ઉડવારા નોશારીની શોકરીઓબી એમ કરવા માગે, ને ઓ રાણી શરકાર મને હાકેમ કે ગવનદર બનાવે કેની, તો હું શોગંદ ખાઇને ખરૂં કેહુંશ કે બધીઓને ઘધેરે બેશાડી ગામની પાદરે હાંકી કાહાડવાનો તરત હુકમ કરૂં.'

'શાબાસ રે શાબાસ, દસ્તુર સાહેબ! ધન છે તમારી છાતીને!' હસતાં હસતાં પેલા જવાન્યાએ તકોર કીધી. 'તમારી વહુઓ, છોકરીઓ, સગાં વહાલાંઓ બધાંને તેવીજ શીક્ષા કરો કે?'

'હા, બધાંનેઝ તો.'

"તમારાં ગોરાણી તથા તમારાં બુજરગ માએ જો બુત પેહેરવા માંગે તો તેઓને પણ ઘધડે બેસાડીને ગામની પાદરે હાંકી કાઢો કે? કેમ, બોલોની? જવાબ દેઓ? મારા સાહેબ, તે ગાયકવાડ બાજીરાવના વખત ગયા. રાણી

પણ તમારાજ જેવી અક્કલની હતે, અને તેવ-ણુભી તમારાજ જેવા લાંબી ચાંચના જોડા પેહેરતાં હતે તો બેશક તમુંને તમારી 'નોશા-રીના ગવનરર' બનાવી દેતે, સમજ્યા!"

આ સખુનો સાંભલી પેલા દસ્તુર સીવાય સર્વે જણ હસી પડયાઃ જેથી તેવણુની હુસ્યારી યા ચીશયારીને બહુ ઝાંખ લાગી. પેલા બે બુઢા કાકાઓ તરફ તેવણે નજર કીધી, પણ તેઓએ તેની તરફથી કાંઈએ બોલવા દરૂસ્ત ધારયું નહી.

'અરે પણ ઝી! બુન ને મોઝાં, ને પોલ-કાની ફાશીનો, ને તરેહવાર બેન કોતકો હમ-નાઝ નીકરીઆં કેની? અગાઉ તે કાં ઉતાં? ને તારે પારસી ટોલો શુખી ઉતો સ્રુખી' આવી વખતે કાંઇ પણ બોલીને વાત ઉડાવવી જોઇએ એવા વીચારથી દસ્તુર સાહેબે વાત ફેરવવા માંડી. 'આજે ઝુઓ; આજે ઝોરા પેહેરનારા-ઓને કેવું શુખ! આપરે તો બા આએ ઝોરા કહારી નાખી, કરારે પલાંઠો વાલીને બેઠા! કેમ? તમારેથી એમ બેસાય?'

તેટલાંમાં એક સ્ટેશન આવી પુગેલું હો-વાથી બે પોરતરોએ કોઇ પ્રભુનો સામાન અ-મારી ગાડીમાં લાવી મુકયો, જેની ગડબડમાં તે વાત અતરેજ અટકી.

હું અત્યાર સુધી મુંગો મુંગો એક ખુણા-માં બેસીને સઘલું જોયા અને સાંભલ્યા કરતો હતો. સઘલાનું ધ્યાન પ્લેટ-ફોરમ તરફ ખેંચા-યલું જોઇ ધીમેથી હું ઉઠયો, અને પેલા દસ્તુ-રના બન્ને જોડા ઉંચકી લઇ મારી બેઠકની પાછલ કોઇ નહી જોય તેમ મુકયા; થોડા વખ-તમાં ગાડી ઉપડી, કે એકેક પછી બન્ને જોડા બારીની બહાર ઉડી જઇ, રસ્તામાં હવા ખાતા પડયા.

ઘણો વખત ગયો નહી તેટલાં કલ્યાણીનું સ્ટેશન આવી લાગ્યું, કે જયાં આપણા ધરમના આ મોટા ઉપાધ્યા ઉતરવાના હતા. તેવણ બેઠક ઉપર મેલા ઢંધાડા પગ ચઢાવીને અત્યાર સુધી અવાચી ખાયા કરતા હતા, પણ સ્ટેશન નજદીક આવેલું હોવાથી ઉતરવાની તેયારી કરવા તેવણ ઉઠયા, અને તેવણના 'ઝોરા', જે બાપડા રેલની સડક ઉપર નચીંતે કંઇક માઇ-લોને તફાવતે પડયા હતા તે,ની તેવણે શોધ ચલાવી. પેહેલાં તો મુંગે મ્હોડે વાંકા વલી સઘલી બેઠકની નીચે જોયું; પણ જયારે પોતાના માનીતા પેતાવા કેયે નજરે પડયા નહી, ત્યારે તેવણુના મનમાં આવ્યું કે પેલા જવાને તેવ-ણુને બુમ પડાવવા કેયે જોડા સંતાડયા હશે.

'ભઇ, ઓ ભઇ! શેઠીઆ, એમ તે કંઇ હોય! સ્ટેશન ઓય પારી આવી ઉલું રેશે.'

'શું છે, બાદશાહ? મને પણ ધધેડે બેસા-ડવાનો તમોએ ઠરાવ કીધો છે શું?'

'નારે શાહેબ! પણ ઝી મારા ઝોરા—

'અરે, મારા પેહેરવાના ઝોરારે! તમે કેયે ઉંચા મુકયાશ તે આપી દેઓ, શાહેબ! સ્ટેશન આવી લાગું.' કાલાવાલા કરતાં દસ્તુરજીએ કહયું.

'અરરર! શું થયું?' પેલા કાકાએ પુછયું. 'જોડા જતા રહયા કે શું?'

'નહીરેઝી, ઝતા તે કોં રેતાતા! એ તો આએ ભઇએ કેયે ઉંચા મુકયાશ. ભઇ, શેઠ, આપી દેઓની!'

'બાદશાહ! હું એવી મશકેરી કોઇની કરતો નથી. તમારા જોડાની વાત મને બીલ-કુલ ખબર નથી; છતાં, તમે એવી રાતે બોલોછો કે જાણે મેંજ તે સંતાડયા હોય!'

સ્ટેશન આવી લાગ્યું. દસ્તુરજીનો ધભ-રાટ વધ્યો, અને પેલા બુઢા પારસીઓ અને પેલો પ્રભુ આ વાતનો છેડો કેમ પતરો તે જાણ-વાની ખાહેશ સાથે મનમાં હસવા લાગ્યા. તેઓમાંના એકે પેલા જવાનને નરમ શબ્દોમાં અરજ કીધી કે જોડા સંતાડયા હોય તો આપી દેવા. પણ તે સાંભલતાંજ તેવણ છછણી પડયા.

'શું, તમે મને કાંઇ એટલો બધો નાદાન સમજોય કે? એવણના જોડાને હું હાથ લ-ગાડું? શું; સકયાની જોડા લઇને મારા પોર્ત-ફોલ્યામાં મુકું, કે આ તીરીન-બેસકેતમાં! બાદશાહ, પેલાં કાંય કાધો છો; વાંકા વલીને, જરા જુઓ. અહીયાંજ કેયે પડેલા હશે. નો-શારીના ગવરનર ગવાના છો, તે એમજ કે?'

એટલું બોલતાંજ સઘલા જણા પોતપોતાની બેઠક નીચે જોવા લાગ્યા, જેઓની સાથે તેવણી જોવા લાગ્યા, પણ ફોકત. જોડા હોયજ કયાંથી? દસ્તુર દાહારૂસ, જેવણ થોડોક વખત અગાઉ તો બુટ મોજાં પેહેરનારી પારસી બાનુઓને ધપેડે બેસાડવા નીકલ્યા હતા તેવણ, રડવા જેવા થઇ ગયા, અને પેલા જવાનને ખરેખર પગે પડયા.

'તમે કાંઇ ગાંડા છો? હું સોગન્દ ખાઇને કહુંછું કે તમારા જોડા કયાં છે, તે હું જાણુતો નથી.'

'તારે શું હું ઉઘાડે પગે ઘર જાંઉં?'

'તેનું મને શું પુછોછો? સંભાલીને રાખ્યા કાંય નહી? મારાં બુટ તો કોઇએ નહી સંતાડયાં?'

'હવે બુટ સરસ કે જોડા? દસ્તુરજી' મેં અતરે મારી જખાં ઉપાડી, 'અમે પણ જોડા પેહેડયે તો અમારા પણ જોડા કોઇ સંતાડે. મને લાગે છે કે તમારા જોડા પેલા બે પોરતરો, જેઓ એવણનો સામાન મુકવા આવ્યા હતા તેઓ, લઇ ગયા હશે. બાકી કોઇ સંતાડે તો હોયબી તે કયાં? અહીયાંના અહીયાંજ! હું આ કોઠડીમાં પણ જોઇ આવ્યો.'

વાંચનાર! મેં જ્યારે તે જોડા ફેંકી દીધા ત્યારે મને ખ્યાલ પણ નહી હતો કે તે અંધીઆરૂને એટલું બધું દુઃખ લાગશે. ગાડી ઉપડવાનો ઘંટ સાંભલતાંજ 'નોશારીનાં ગવરનર,' જે ચેહેરા સાથે નીચે ઉતર્યા તે ચેહેરો, કેટલીક વાતે રમુજી અને વલી દીલગીરી ભરયો પણ હતો. સર્વે જણા મનમાં ધારતું હતું કે ત્રેન ઉપડશે ત્યારે જોડા આપવામાં આવશે; પણ નહી! ત્રેન તો ઉપડી, અને જોડા હોય કયાંથી જે આપવામાં આવે?

જોડા ગયા કયાં, તે વીશે અમો વચ્ચે ભારે અજાયબી સાથે ચકચાર ચાલી, અને ભરમ ફોડી દેવામાં કાંઇ પણ ફાયદો નહી જોઇ, મેં તેઓને તે વીશે અણજાણજ રાખ્યા.

પુણાનું સ્ટેશન આવી લાગ્યું, ત્યાં સુધી બીજું કાંઇ જાણવા જોગ બન્યું નહી. ત્રેન ઉભી રહી કે એક બુઢા જેવા કાકાએ મારી આગલ આવી, મારૂં નામ પુછી જોયું. મેં તે જણાવ્યા પછી તેવણે પોતાને જમશેદજી માસ્તર દાખલ ઓલખાવ્યા. તે દીને આદીતવાર હોવાથી પોતેજ મને સ્ટેશન પરૂ લેવા આવ્યા હતા.

~~~~~~

મસ્તી નંબર ૨૪.

પુણાના દરશન—જમશેદજી માસ્તરની મુલાકાત—બોરડીંગ સ્કુલ--નવા નીશાળીયા નવ દહાડા—વીરબાઇજીની માયા—જાણે એક ધોબીનો ગાંસડો—બબરાટ—પેહેલા વાંકે શીક્ષા નહીનો ઉમદા કાનુન.

હું તો ધારતો હતો કે તેવણની કોઇ મોટી જેવી સ્કુલ હશે; પણ નહી! એક નાનો જેવો બંગલો હતો, જેમાં પોતે રહેતા હતા, અને એક ઓરડો અલાહેદો કાઢી તેમાં કલાસ બેસાડતા હતા. કલાસમાં શીખવા આસરે ત્રીસ છોકરાઓ, મારી ઉમરના યા મારા કરતાં જરા વડા, આવતા હતા: જેમાંના દશ જણા આસપાસના ગામોમાંના હોવાથી ત્યાંજ સાથે રેહેતા હતા.

જમશેદજી આસરે ૫૦—૫૫ વરસના આંગે પતલા અને ઘણા થંડા મીજાજના હતા. પણ તેવણનાં ધણીઆણી વીરબાઇજી, તેવણથી તદન ઉલટાં, ધીની બરણી જેવાં ગોલ અને આકલા સ્વભાવનાં હતાં. પેહેલ વેહેલાં તો તેવણે મારા પર ઠીક માયા રાખી; પણ થોડાજ કલાકમાં તેવણનો કેહેર મારી ઉપર ઉતરયો. તે એમ કે અમો સર્વે જણાં સાથેજ એક ટેબલ ઉપર જમવા બેસતાં હતાં, અને હું નવો નીશાલ્યો હોવાથી વીરબાઇજીએ મારી ખુરશી પોતાની બરાબર પાસે મુકાવી હતી. હવે મને ત્યાં જવાને બીજે દહાડે બન્યું એમ કે, રાતના જ્યારે જમવા બેઠાં ત્યારે ટેબલ ઉપર સઘલી વાનીઓ આવી પુગ્યા પછી, મારો ટુવાલ ભુલી આવ્યો હતો તે લેવા હું મારા સુવાના ઓરડામાં ગયો: જ્યારે હું તે લઇ આવ્યો ત્યારે રકાબીઓ બરાબર ગોઠવવા વીરબાઇજી ઉઠયાં, અને પોતાના પગને ખુરશી અડચણ કરતી હોવાથી તેવણે તે જરા પછવાડે હડાવી. તેવણે
~~~~~~

ઉપર મને દયા આવ્યાથી, તેવણનાં ભારી આંગને બીલકુલ અડચણ થાય નહી એવી મતલબથી, મેં તેવણની ખુરસી જરા વધારે દુર મુકી; પણ તેજ વખતે હું તેવણને ચેતાઉં તે અગાઉ તેવણ પોતાની ખુરસી ઉપર તરત બેસવા ગયાં, અને ઓ બાપરે!——જેમ ધોબીનો એક ગાંસડો પેહેલે માલેથી નીચે નાખતાં અવાજ થાય છે, તેવાજ એક અવાજ સમેત તેવણ ટેબલ નીચે પડયાં! હાય, હાય! મારાથી એ શું કામ થઇ ગયું? હું તો દંગ થઇ ત્યાંજ ખુરસી ધરી ઉભો; બીચારાં વીરબાઇજીને ઘણી કલ લાગેલી હોવી જોઇએ: સબબ, જોરથી હોઠ પીસીને કાંઇ પણ બોલ્યા વગર આ બાજુથી પેલી બાજુ ડોક મંડયા કરે. જમસેદજીએ તેવણને ઉઠાડવાને હાથ આપ્યો, પણ તેવણથી કાંઇ ઉડાય નહી, તેમજ જમસેદજી જેવા બીજા પાંચથી પણ તેવણ ઉંચકી શકાય નહી. ત્યાં તો મોટો ઘભરાટ થઇ રહયો, અને કેટલાંક છોકરાઓ મ્હોંડા પર હાથ દાબી હસ્વા લાગ્યા. આખરે, ઘણેક વખતે, કાંસ્તાં કરાંજતાં જ્યારે તેવણ ઉઠવા પામ્યાં, ત્યારે જાણે ભાંગીને દોદરાં થઇ ગયાં હોય તેમ ચાલીને, તેવણ ભુખાંને ભુખાંજ સુવા ગયાં!

અરે અરે! મને તેવણનાં દોંગાં આંગ ઉપર કેવી દયા આવે છે? બીચારાંને કેવું લાગ્યું હશે? પણ તેમાં મારો શો વાંક? અનજાણમાં થયલા ગુનાહ પાપમાં ગણાય નહી; તેમજ હું ધારૂં છું કે અનજાણમાં થયલી આ મારી ભુલ પણ વાંકમાં ગણાય નહી. જમશેદજી અને તેવણનાં દકફલ ધણીઆણીએ તો તે એક મોટો વાંક દાખલ ગણી, પણ તે મારો પેહેલોજ વાંક હોવાથી કાંઇ શીક્ષા કરવામાં આવી નહી.

સઘલી રીતે જોતાં મહેતાજીની નીશાલ કરતાં તો આ સ્કુલ ઘણે દરજ્જે ચઢતી હતી. દરેક પ્રકારનું નવું નવું શીખવાને, અને તે મુંજબ કરી જોવાને, પુરતો અવકાસ મલતો હતો.

મસ્તી નંબર ૨૫.

લેશન અને દાખલા કરવાને બદલે ચીત્ર-કલા—ઓર્ડ માદર ચીત્ર—માસ્તર મીસીસ ફુકકા—હસાહસમાં ફ્રાસ્ટ—"ફુ-લંપાક"નું ભાજણ—વેર લેવાનો ઠરાવ.

એક દહાડે કલાસ બેઠેલો હતો, અને જમસેદજી માસ્તર બીજા છોકરાઓનું લેશન લેતા હતા. મારા વર્ગના છોકરાઓને એક દાખલો કરવા આપેલો હતો. દાખલા કરવાનો વખત આવે કે દર વખતે મને પેટમાં દુખી આવે, યા માથું દુખે! પણ આ વખતે મારો પડોશી દાખલામાં હુસ્યાર હોવાથી દાખલો તે કરી રહે અને પછી તેમાંથી 'તીકરી' કરી લેતાં ઝાઝો વાર લાગશે નહી, એવા વીચારથી સ્લેત ઉપર આપણે ચીત્રામણ પાડવા બેઠા. તે ચીત્રામણમાં એક પતલો સાટકાં જેવો મરદ અને તેની ચરબદાર દબરદીંગ જેવી બાયડીને હાયમાં હાથ આપીને પાડયાં, અને તેની નીચે લખ્યું કે 'જમશેદજી ફુક્કા, તે આપણા નેકનામ માસ્તર, અને વીરબાઇજી, તે આપણી બહુ પતલી માસ્તરણ, બગલમાં હાથ લઇ બંડ ગારડન પર ફરવા જાય છે, તેનો દેખાવ!' આ પીકચર એવું તો રમુજી થયું કે, હું તે ચીતરતો જાઉં અને સાથે સાથે હસ્તો જાઉં. દાખલો કરવાનો વીચાર છોડી દઇ, જ્યારે સઘલા જણા દાખલા કરી રહયા ત્યારે, તે પીકચર નીચે 'આગલ ચલાવજો' લખી પાસેના છોકરાને આપ્યું. બે ત્રણ જગ્યા આગલ વધ્યું નહી કે તે જોવાને સઘલા છોકરાઓ સાથે ઉઠયા, અને એક ટોલું થઇ તે જોવા લાગ્યા. એ વેલા થયલી હસાહસ અને ગડબડથી જમશેદજી ત્યાં દોડી આવ્યા, અને મારી મોટી નીરાશી વચ્ચે તે સ્લેત તેવણના હાથમાં આવી ગઇ. અરે! એ શો આટો બફાઇ ગયો?

અને તે કેવો? કેહેચ તેમ પેહેલા નમ્બરનો ચોખ્ખો અને વળી ફસ્ટ કલાસ!

છોકરાઓમાં ધીમેથી ચાલતી મુછમાંની હસાહસ વચ્ચે ઉભા રહીને, તે પીકચર નીચે લખેલો ખુલાસો માસ્તર સાહેબ ઉકલાવતા હતા, તેટલાં અંબાડીથી સજેલા ડોલતા મસ હાથી જેવાં તેવણના ધણીઆણી ત્યાં આવી લાગ્યાં.

ખુલાસો ઉકલાવ્યા બાદ પોતાની તેમજ મોહોરદારની કાઢવામાં આવેલી સખી તરફ લગાર નજર ફેંકી, છેડાઇ પડી, ઘાંટો કાઢ્યો: 'સ—ત્યાનાશ એનું! એ કોણ—એ કોણે કીધું!

બોલીદે, ક—ત!' અને છેલ્લા શબ્દો સાથે, પાસે ઉભેલા એક છોકરાના દીલ પર, નેતરનો એક ફટકો ઉતરયો.

વીરબાઈજી અને જમશેદજી જ્યારે મારાં નામથી વાકેફ થયાં ત્યારે થયલું રમખાણ, ગાજવીજ સાથના છેલ્લા હાથ્થાના તોફાન, ને સદાબરૂં મલતું હતું. તરેહવાર આળના સુગંધી અરકમાં મને બોળી કાધી, બન્ને જણાંએ મને 'કુન્દાંપાક જમાડવા'માં કાંઈ બાકી રાખ્યું નહી.

અરે, અરે! આ નવી સ્કુલમાં પણ ધમ મલીદાનું મંડાણ થયું ખરૂં! આખાં ગામમાં કહેણી ચાલે છે કેઃ-

'નવા નીશાળ્યા નવ દહાડા,
બાહજું કરે તો દસ દહાડા.
અગ્યારમે દહાડે આમળી,
ને બારમે દહાડે ચામડી!'

પણ બારમે દહાડે ચામડી નીકળવાને બદલે, મારાં અભાગ્યાં નસીબમાં, ચોથે દહાડેજ લખેલું હશે કેમ? તે રાતના મને ઉંઘ આવી નહીઃ તેનું પેહેલું કારણ મને મળેલો ગેરઈનસાફ, અને બીજું કારણ—તે હું પછી કહીશ. બીછાના ઉપર પડયા પડયા મેં ઘણો ઉંડો વીચાર કરયો; જે કારણ સર મને શીક્ષા કરવામાં આવી હતી, તે કારણમાં સેવકે બીલકુલ વજુદ જોયું નહીઃ મને તેમાં મારો બીલકુલ વાંક લાગ્યો નહી. હાઃ તે પીકચર મેં પાડયું ખરૂં, પણ તે શું કાંઈ ખોટું હતું? નહીજની? વારૂં ત્યારે, આ રીતે ખોટારાં અને જુઠાઈને ધીકકારનારો અને સચાઈની તરફેન કરનારો, એક સાચું ચીત્ર પાડવા ખાતર, આટલો બધો ઠપકો અને માર ખમે, એ શું બતાવે છે? મારાં કમનસીબ! અને બીજું શું બતાવે છે? મારી સાથે આવી વર્તનુક ચલાવનારાંઓની ટુંક વીચાર-શકતી! ખેર!

મારી ઉપર ગુજરેલા ગેરઈનસાફનો બદલો મેળવવા, તે દીનથી, જમશેદજી તથા તેવણના ધણીઆણીને બુમ પડાવવાનો મેં વીચાર કીધો; તેમાં વીરબાઈજીને તો જો બને તો 'દાંતમાં બાસડું" આપવાને મેં તેજ રાતના હડહડતા સપત લીધા.

મસ્તી નંબર ૨૬.

સહવારના પહોરમાં વધાઈ—સપાટ ગેપ—હાથોહાથ વેંહેંચી લેવું—ફીલસુફી—જમશેદજીએ આપેલી ધમકી—સઘલાઓની સપાટે જડી! અને તેબી કચરાની ટોપલીમાંથી.

વાંચનારને યાદ હશે કે, 'બોરદર' તરીકે રેહેનારા છોકરાઓ સઘળા એકજ ઓરડામાં સુતા હતા, અને મારૂં પણ બીછાનું તેજ ઓરડામાં હતું. એ સુવાના ઓરડામાં બીજે દીને સહવારના પહોરમાં થઈ રહેલી ગડબડથી હું જાગી ઉઠયો, અને જોઉં છું તો તરણ ચાર છોકરાઓ આપઅપસમાં મરાતા હતાઃ કારણ પુછતાં માલમ પડયું કે, કોઈએ ૭-૮ જણની સપાટ (તેમાં મારી પણ) કેથે સંતાડી હતી; અને છોકરાઓ, એકમેક પર શક લાવી ગળે-પડયાથી, હાથોહાથ વેંહેંચી લેતા હતા. સપાટ ખોનારાઓમાંના એકે ફીલસુફી ચલાવી, અને સેવકે તેને દીલોજાનથી ટેકો આપ્યો, કે જેટલાઓની સપાટ સલામત હતી તેઓમાંથીજ એક જણે આ કામ કીધેલું હોવું જોઈએ. મારામારી કરતા પરવાડયા પછી, હું અને બીજા બે જણા, માસ્તર આગળ ફરયાદ કરવા ગયા. જમશેદજી ભણવા બેઠા હતા; પણ અમારી ફરયાદ સાંભળી, ભણવાનું મોકુફ રાખી, ફફરતા ચટકતા સુવાના ઓરડામાં એ વાતની તલાસ કરવા, અમારી સાથે આવ્યા. સપાટ સંતાડનારો કાંઈ એવો કાચો નહી હતો કે તેવણે આપેલી ધમકાથી બીહીને તરત માનીદે. માસ્તરનો મીજાજ ગયો, અને જેટલાઓની સપાટ સલામત હતી તે સઘલાઓનેજ જોખી કાધવાને તેવણ નેતર લેવા ગયાઃ કારણ, અમારી મીસાલ તેવણે પણ માની લીધું કે તેઓમાંનોજ કોઈ તે સંતાડનાર હોવો જોઈએ. હવે સપાટવાલા છોકરાઓમાં પંચાતી ચાલી રહી. પેલો કહે 'તેં સંતાડી!' ત્યારે બીજો કહે 'તેં સંતાડી!' મગર કોઈએ પણ સંતાડનારને સપાટો સંતાડતાં જોયો હતો નહી. માસ્તર એક

લાંબી નેતર લઇ આવ્યા, અને પોતે આપેલી ધમકી મુજબ અમલ કરવા જતા હતા, તેટલાં ઘેર મધેનું પરચુટણ કામકાજ કરવા રાખેલો રેહેમુ, કચરો એકઠો કરવાનો ખાકસ, ત્યાં ઉંડાવી લઇ આવ્યો: જેની અંદર અમો સર્વેની સપાટ સંતાડવામાં આવી હતી!

અમારી સપાટ તો મલી, પણ તે સંતાડનારો મલ્યો નહી. તે આખો દીવસ અમોએ પોતપોતામાં ઘણી તલાસ કીધી, પણ તે સઘલી વ્યરથ ગઇ!

મસ્તી નંબર ૨૭.

બીજી સહવારમાં મલેલી વધાઇ—જમશેદજીની નવી જાતની પેંપુરી—નવું જુનું—માસ્તર અને માસ્તરાણીની સુકયાની સપાટોની થયલી ચોરી—ગરમાગરમ દકેના—નાના દીટેકટીવોની મહાભારત તપાસ—રેહેમુએ ખાધેલી ચાડી—તેનું પરીણામ—આખરે સેવક સપડાયા!—વાગ્યા મુંછ નીચી—માડી.

પપેતીને દીવસે સહવારના પહોરમાં સરનાઇ અને પેંપુરીના અવાજથી આપણે જાગી ઉઠીએ છીયે, તેજ મીસાલે બીજે દીવસે સહવારના પહોરમાં પાંચ વાગ્યા નહી હશે તેટલાંમાં 'અરે તમારૂં નખોદ થાય! અરે તમારૂં સત્યાનાશ જાય! હારેમનજાદાઓ! નાપાકો!' ના બેહેર ફાડીનાખે તેવા સાધથી અમો સરવે ઝબકી ઉઠયા, અને જોઇએ છીએ તો જમશેદજીને અને વીરબાઇજીને બુમ બરાડ મારતાં, બન્નેના હાથમાં એકકી નેતર સાથે, ઓરડાની વચમાં ઉભેલાં દીઠાં. અરે તોબાહ! એ વળી શું નવું જુનું થયું?

ભલાં વાંચનાર! આ રીતે અમો બાપડાઓને ઘભરાવવાનું કારણ કાંઇ નજીવું યા નાનુસંનું ન હતું. અમારામાથી કોઇ છોકરો એક વેલા અમારી સપાટ સંતાડવા ફતેહ પામ્યો, અને તેજ છોકરાએ આગલ હીમ્મત કરી માસ્તર તથા તેવણના ધણીઆણીની પણ સપાટ સંતાડી! પણ આ વેલા કાંઇ અમો કોરેક રહી શકયા નહી. ઉંઘાડા પગે અમારા ઓરડામાં દાખલ થયલાં બન્ને જણાંએ આસપાસ તરત નેતર ફેરવવા માંડી, અમારાં ડંડાં આંગમાં તરત ગરમી લાવી નાખી. 'હું નહી—હું નહીજી!' ના કકલાટથી આખું ઘેર ગાજી રહ્યું. એ રીતે કેટલોક વખત ધુનામરકી ચલાવ્યા બાદ, અમોને અરધા કલાકની મેહેતલ આપવામાં આવી કે આખાં ઘેરમાં ફરીવલી ખુણેખુણું તપાશી સપાટ શોધી કાઢવામાં આવી તો ઠીક, નહી તો દરેક જણને નેતરના બબ્બે દજન ફટકાની સજા કરવામાં આવશે!

મનમાં હજારો હજાર ચોપડતાં દરેક ઓરડામાં સરવે જણા ફરી વલ્યા, અને દરેક જણે ઘણી સખત તલાશ કીધી, પેટારાઓમાં, કબટ નીચે, કબટ ઉપર, આરસી પછવાડે, વગેરે દરેક ખુણેખુણું, એક આખા કલાક સુધી, તપાસવામાં આવ્યું; પણ ફોકટ! સપાટનો પત્તોજ નહી!

મેહેતલ પુરી થઇ ગયાથી અમોને ફટકાવવા માટેની તૈયારી ચાલતી હતી: તેટલામાં બોવાયલી ચીજે વીરબાઇજી હાથમાં લઇ દાખલ થયાં. 'કયાંથી પાઇ!-કયાથી!' ના સવાલો આતુરતાથી પુછાયા; તેના જવાબમાં, દરેક બાજે સંતાડનારને સેસમાં લપેટતાં, પોતાના પલંગ પરના ગોદડાં નીચેથી તે સપાટો પોતાને કેવી અચાનક રીતે મલી આવી તે, વીરબાઇજીએ કહી સંભલાવ્યું!

હવે એટલી બધી હીમ્મત કરવાની છાતી કોણની ચાલી, તે જાણવાની સર્વેમાં જીજ્ઞાશા ઉત્પન્ન થઇ.

અને ભોગ મારાં, કે તે જીજ્ઞાસા પાર પડી.

જો પેલો લુચ્ચો ચાડીયો રેહેમુ મુંગો મરી રહયો હતે તો, કોણની મકદુર કે આટલી બુમ પડાવનાર તરીકે તમારા સેવકનું નામ બાહેર પાડે! અરે! પણ મને જેમ ધાસ્તી હતી, તેમજ થયું.

છોકરાઓની સપાટ સંતાડનાર કોઇજ નહી પણ તમારો ગુલામ હતો કે જેણે, પોતા ઉપરથી શક દુર કરવા, પોતાની સપાટને પણ કચરાના ખાકસને હવાલે કરવાની અગત જોગ પુરતી સંભાલ લીધી હતી; અને તેજ રીતે મધ્ય રાતના ઉઠી, માસ્તરના ઓરડા આગલ જઇ,

બન્ને જણાંને ઘોરતાં સાંભલી, તેઓની સપાટ તેઓનાજ પલંગના ગોદરાં નીચે પગ આગલથી, સંતાડવામાં હું ફતેહ પામ્યો. એ કામ કર્યાબાદ, મારા ઓરડામાં હું પાછો ફરતો હતો તેટલાં, ચાલમાં સુતેલો રેહેમુ જાગી ઉઠયાથી તેણુ મને જોયો. શક જવાથી તેણુ એ બીના સહુવારના નાસ્તા વેલા જમશેદજીને કહી દીધી, અને કબુલ કરતાં ઘણોજ શરમીંદો છું કે, ચમચમતી નેતરની ધાકથી, માસ્તરને વધારે મેહેનત આપવા વીના, સઘલું મેં માની દઈ મારી મેલવી!

પણ એ કમ્બખ્ત રેહેમુની વલે કેમ કરવી, ત મને બરાબર ખબર છે. એની લાંબી દહાડીના દરેકે દરેક બાલ ટુંપી નહી કધાઉં તો હું નહી!

મસ્તી નંબર ૨૮.

માયજી બાવાજીના કાગળોની 'હોટ કેર!'—ભેજાંનો ખીમો થાય એવી તેઓની શીખામણો—હીસાબને બદલે પોપટ ચક્લીની ચીતામણ—લેશનને બદલે 'પાન સોપારી'નો દાવ, વગેરે—ભુગોળ વીધ્યા વીશે મારી અટકળ.

બાવાજી તથા માયજીને હાથનાં કાગજો મને વારંવાર મલે છે, પણ તેમાં, કાંઈ નવી જુની જાણવાજોગ ખબર આવવાને બદલે, હમેશ એકનું એક પીંજણ હોવાથી હવેથી એવાં કાગજો વાંચવાની મેહેનતજ નહી લઈશ. 'બા તું સુધરી જા; દીકરા તું ડાહયો થા; મસ્તી તોફાન કરતો ના; લેસન કરવામાં ધક ધ્યાન રાખજે' વગેરે વગેરે ટાહેલાંથી તો બા મારા પેટમાં ચુંથારો થઈ આવી માથું દુખે! માય બાવાને રાજી રાખવા મેં—અવાક્ષે પરોમાન—કેટલું બધું અસ્તમ પસ્તમ લખ્યું છે? હું શું શીખુંચ અને કેવી ચાલ ચલાઉંચ, ત વીશેનો બોલેબોલ સાચ્ચો (!) હેવાલ વાંચી તેઓના મનમાં ધીરજ આવશે ખરી. પણ તેઓની જો જાણુમાં આવે કે હીસાબ કરવાને બદલે હું પોપટ ચલ્લી સ્લેટ ઉપર પાડું છું, અક્ષર સુધારવા માટે કાપી લખવા બદલે તેરસો વખત કોઈ છોકરા સંગાત 'પાન સોપારી' રમું છું, વાંચણમાં હુશયાર થવાને બદલે નવી તરાંહની ગાળો સડસડાત બોલી જઈ શકું છું, કલાસ બેસવા પછી સરવે જણા પોતપોતાનું લેસન નીચી મુંડીએ કરતા હોય તે વેલા, ગજવાંમાં ભરી રાખેલા, બોરના ઠળીયા હું એવી તો સીફતથી ફેંકવા શીખ્યોછું કે ત કોણે માર્યા તે કોઈને ખબરજ પડે નહી, અને

એ બી સી દીઈ એફ!
તારી ટગલી પાઘડી ગેપ!

એ રાહ ઉપર, એજ મુજબ છેક 'ઝેડ' (Z) સુધીની જોડી કાધેલી, કવીતા ઘણીજ સફાઈથી પરપર હું બોલી જઈ શકું છું—તે સઘલું જો તેઓની જાણમાં આવે તો, અતરે આવીને મેં મારા અભીયાસમાં બેશક જે મોટો વધારો કર્યો છે તે માટે, મને ઉતેજન આપવા ખાતર મારે વાસ્તે જરૂર બા જરૂર કાંઈ ઉમદા ભેટ મોકલાવી દે ખરાં.

વલી હવેથી અમોને ભુગોલ વીધ્યા યાને જીઓગ્રાફી (Geography) શીખવવા માંડી છે. મને તે બરાબર સમજ પડતી નથી. તેમાં લખેલું છે કે દુન્યાં ગોળ છે; પણ મને કાંઈ દુન્યાં ગોળ દેખાતી નથી. વધારે જીઓગ્રાફી શીખેલા છોકરાઓને, બરાબર સમજાવવા ખાતર, માસ્તરે પોતાની કબાટ ઉપર મોટું ગોળ દડા જેવું કાંઈ રાખેલું છે. અમોને તેવણ કહેતા હતા કે દુન્યાનો આકાર તેના જેવો ગોળ છે, અને જેમ તે દડો ફરી શકે છે તેજ મીસાલે દુન્યાં પણ ફરે છે! એ અજબ જેવું લાગે છે! પણ મારે તેની પરવા નથી. હું તો ફકત એટલુંજ જાણવા માંગું છું; અને તે એ કે જેમ આપણી દુન્યાની નીચે મટોડી અને પથ્થરા હોય છે, તેમ કબાટ પરની પેલી ગોળ દુન્યાં નીચે પણ માટી અને પથ્થરાજ ભરેલા હશે કે શું? આજે રાતના સરવે જણા વગેસગે થઈ જશે, તે વેલા મારા ચાલતી છરાની મદદથી તેમાં એક ગાબડું પાડી જોવાનો મારો ઇરાદો છે.

આહાહાહા! કેવી મજાહ! આહાહાહા! અરે મારા બાપરે! વીરબાઈજીની કેવી મજાહ થઈ! અરે ભલાં વાંચનાર, શું તુને કહું!

મસ્તી નંબર ૨૯.

બહાદુર (!) વીરબાઇજી—બહાદુરી તપાસવાનો ભેવકનો ઠરાવ—ધોલ્યા તજે ભરાયલો ચોર-ખુન! ખુન! —જમશેદજીનો ઘબરાટ અકરાટ—ખણ્યો ડુંગર અને મારયો ઉંદર!

એક જુના છોકરાએ, વાત ઉપરથી વાત નીકળતાં, મને જણાવ્યું કે વીરબાઇજી ઘણુંજ બીકણ છે, અને તેવણ પોતાના ઘરમાં કોઇ ચોર ભરાવાની એટલી તો ધાસ્તી સદા રાખે છે, કે દરરોજ રાતના સુતી વખતે, દરેક ઓરડાના બારી બારણાની જાતે તપાસ કરે છે; અને પોતાના ઓરડામાં તો, કબાટ પછવાડેજ નહી પણ પલંગની નીચે પણ, જેમ તેમ વાંકાં વળી નજર ફેંકયા વના કોઇ દીવસે સુતાં નથી. રાતના લગાર પણ ખણખણાટ થયો તો તેવણના દીલમાં એવુંજ આવી જાય છે કે છાકટા સોલજરો યા બદમાસ ચોરો ચોરી કરવા આવેલાજ છે. એ રીતે જમશેદજીને જ્યાર ત્યાર મધ્ય રાતના ઉઠીને, એક હાથમા બતી અને બીજા હાથમાં લાકડી લઇ, દરેક ઓરડે અને ખુણે 'ખનટોલે સફર કરી આવવી પડે છે; પણ ઉંઘમાંથી ઉઠીને આ રીતે તપાસ કરી આવવાને જો જમશેદજી ના પાડે છે (કારણ કે વગર કારણે જ્યાર ત્યાર ઉંઘમાં ખલલ પડવાનું કોઇને પણ પસંદ પડતું નથી) તો તેઓ વચ્ચે એવી તો રમુજી બાજમબાજી થાય છે કે સઘળા છોકરાઓ વગર પૈસે ફારસ જોવા પામે છે.

અત્યાર સુધી કોઇપણ વેલા ચોરની કાંઇ પણ નીશાણુ જણાઇ ન હતી; પણ આ બાબદ મારા સાભલવામાં આવી, તેજ દીને તેઓના ઓરડામાં કોઇ મકલા પીર ખરેખર લાગુ પડયા ખરા!

વીરબાઇજીનો સખત હોકમ હતો કે સુવાના ઓરડામાં હમેશાં બતી રાખવી, પણ અમે તે મુજબ અમલ કરતા હતા નહીઃ સબબ, બીછાને જતી વખતે બતી બુજાવી નાખી બીલકુલ અંધારૂં કરી અમો ધપ્પાબાજી ચલાવતા હતા; હદથી બહાર ગડબડ થાય ત્યારે કોઇ વેલા જમશેદજી આવે, પણ બતી હોય કયાંથી જે તેવણને અમો દેખાઇએ? પુછે, ત્યારે સાફ જવાબ દઇએ કે પવનથી બતી બુજાઇ ગઇ હશે.

એ રીતે ધીંગામસ્તી કરવા બાદ, એક રાતે, મારા સીવાય સરવે જણા ઉંઘાઇ ગયા પછી, મધ્ય રાતે ઉઠી, આખાં ઘરની બતી બુજાવી નાખવા હું ફતેહ પામ્યો. એટલું કામ પુરૂં કરી ઉઘાડે પગે ચાલી લગાર પણ ખખડાટ કરયા વીના જમશેદજીના ઓરડામાં દાખલ થયો. મેં આશા રાખી હતી તે મુજબ, બન્ને જણાંને ભર ઉંઘમાં પડી ઘોરતાં મેં સાંભલવાથી ત્યાં રાખેલાં ફાનસમાંનો મોટો ચેરાગ મેં બુજાવી નાખ્યો. પલંગની જે બાજુએ વીરબાઇજી સુતેલાં હતાં તે બાજુ, નીચે ભરાતાં, મેં જાણી જોઇ લગાર ખખડાટ કીધો. મારા ધારવા મુજબ એ ખખડાટથી વીરબાઇજીની આંખ ઉઘડી ગઇ.

'જમશેદજી! જમશેદજી! ઓ જમશેદજી!'

'હું—હું! કાંય શું છે?'

'ઓ વાય! શું થયું! કેટલા હાંક મારૂં! આજે બારણા તમે બરાબર તપાસ્યાં હતાં કે?'

પણ તેવણના ધણી તરફથી તેવણને તરત જવાબ મલ્યો નહી.

'ઓ વાય! એમ શું કરો છો? બોલોની! ઢોરની માંફક ઉંઘ શાની કહાડો છો?'

'અરે, હા-રે-હા. પણ છે શું?'

'તમે બધાં બારણાં બરાબર તપાસ્યાં હતાં કે?'

'બારણા? બારણા? અંહ-અં-શું તું— બારણાં શું—'

'ઓ વાયરે! એ દુખ કોણને કેઉં?' વીરબાઇજીએ હવે મીજાજ ખોઇ દીધો. 'જમશેદજી! સાંભળોછોકે? ઉઠો ધસીને! ને જુઓ ઢોલીયા નીચે કંઇ ખખડાટ થયો તે શું બીલાડી બીલાડી ભરાઇછે કે?'

'અંહ, હા-રે-હા, હું તો જાગુંછું રે! તું તો-હું તો—'

'અરે રે તોબાહ! આખું ઘેર લુટાઇ જશે, તોબી આએ પારસી નફકરો સુધ રેહેવાનો! ઉઠો, ઘેરમાં ચોર ભરાયા છે! કોઇ દહાડે નહી, ને આજે દીવોબી કોણ જાણે બુજાઇ ગીયો!'

'અરે પવનથી બુજાઇ ગીયો હશે રે!'

'નહી, નહી; તમે ઉઠીજાઓ વેહેલા, ને દીવો સલગાવો, ઉઠોની!'

'અરે હા-રે-હા, ઉઠું છું'.

હવે મેં જોયું કે જો જમશેદજીએ ઉઠીને દીવો સલગાવ્યો તો પોતાના મનનો વ્હેમ ભાંગવા જરૂર પલંગ નીચે તો જોયા વીના વીરબાઈજી રહેશે નહી. તેથી ઝટ મેં તેવણુનો હાથ પકડી જરા તાણીને છોડી દીધો. પણ મારો હાથ તેવણુના હાથને લાગતાંવાર તેવણુ ચીસ પાડી ઉઠયાં: 'ઓ માયરે! ઓ બાપરે! જમશેદજી, કોઈ આવોરે! ચોર! ચોર! ચોર! ખુન! ખુન!'

વાંચનાર! એવી વેળા કોણ ધાભરૂં નહી પડી જાય! હું પણ ધાબરો પડી ગયો. જમશેદજી અને તેવણુનાં ધણીઆણીના ધભરાટનો તારે ખ્યાલજ કરી લેવો જોઈએ.

જમશેદજી પલંગ ઉપરથી તરત કુદી પડયા, અને તેવણુ પાછલ વીરબાઈજીએ પણ એક છલાંગ મારી. પણ તેવણુનું પા ખાંડી ઉપર વજનવાલું 'હલકું ને હલકું' આંગ છલ્લાંગ મારતી વેલા યાતો સમતોલપણું નહી જાલવી શકયાથી, યાતો આંગ ઉપરના ઓધવાનાં કપડાં સંગાતજ છલ્લાંગ મારવા જતાં પગમાં તે ભેરવાઈ જવાથી, એક પાકત ચીભરાં મીસાલ 'જીભરૂં' જીખાયાં. ઓરડાની બહાર નીકલી મદદ માટે જમશેદજી કોઈને હાંક મારે તે અગાઉ, ધાણીજ ધકધકતી છાતી સાથે, ત્યાંથી હું નીકળી જઈ મારા ઓરડામાં જવા પામ્યો, અને આપણે તો બા તરત ભર ઉંઘમાં પડી ગયા!

ભલાં વાંચનાર! 'તુરત ભર ઉઘમાં પડી ગયા' નો અર્થ તારે એમ કરવો કે આંખના પોપચાં વીંચી ખરેખરી ઉંઘમાં બેફામ પડયો હોઉં તેવો દેખાવ મેં કર્યો; તેટલાંજ 'ચોર! ચોર! ખુન! ખુન!,' 'આવોરે! કોઈ આવોરે!' ની ધભરાટથી ધ્રુજતી, પણ બહુ મોટી જમશેદજીની બુમોથી જાગી ઉઠી, બે મોટા છોકરાઓ તેવણુના ઓરડા તરફ દોડયા.

સહવાર સુધી હું આ રીતે 'મીંઢો મસકરો' થઈ પડી રહયો હતે, પણ તેટલાં ઘણું ઠીક થયું કે મારી સપાટ, જે જમશેદજીના ઓરડામાં દાખલ થયા અગાઉ મેં તેવણુના ઉંબર બહાર કાપી મુકી રાખી હતી, તે મને એકાએક યાદ આવી; નહી તો, અરે મારાં નાજુક શરીર! ઘણા કલાક નહી વીત્યા હોત તે અગાઉ તારા કયા કયા ભાગો જમશેદજી તરફથી પીજ્યાની ધંસ, અને વીરબાઈજી તરફથી બાવલના સાંગલ ફેર લાકડાંની ચીર, વડે બોખરા થયા હોત! અને, અરે મારા નાનકડા બરડાની ચામડી! પેલી પતલી પતલી નેતર વડે તું જમાં કેટલી ગમ તરેલ પડી હોત!

જમશેદજીએ કરેલા ઘોંઘાટથી, જાણે મારી ભર ઉંઘમાં ખલલ થઇ હોય તેમ ઉઠી, હું અમારા ઓરડાની બહાર નીકલ્યો, અને માસ્તર સાહેબના ઓરડામાં જવા આગમચ મારી સપાટ મેં પેહેડી લીધી.

વીરબાઈજી ધભરાટમાં તુટી પડયાં; જમશેદજીએ મદદ માટે બુમો પાડી; કોઈ ત્યાં જઈ પુગે તે આગમચ હું તે જગ્યાએથી નીકલી મારા પલંગ ઉપર જઈ સુતો, અને પેલા બે મોટા છોકરાઓ પાછલ સેવક પણ માસ્તર સાહેબની મદદે જઈ પોંહચ્યા; એ સઘલા બનાવો બનતાં એક મીનીટથી વધુ વખત કદાચજ થયો હોય.

મારા ત્યાં જઈ પુગ્યા બાદ રેહેમુ બતી લઈ આવ્યો. વીરબાઈજી, જેવણે હજી સુધી ઉંધે મસ્તક જમીનને કોટી કરી રાખી હતી તેવણુ,ને ઉઠાડવાની તેવણુના ધણીએ કોશેશ કીધી, પણ ફોકતઃ કારણ, તેવણુ બેસુધ્ધ થઈ ગયલાં હતાં. સઘલાં જણાએ મલીને આખરે મહામુશ્કેલીએ તેવણુને ઉંચકી, તેવણુનાજ પલંગ ઉપર મુકયાં. પછી અમો સર્વે લાકડાં લોઢાંથી હથ્યારબંદ થઈ ઘરમાં ભરાયલા ચોરની શોધ કરવા સઘલે ખુણે ખણુટોલે ફરી વલ્યા; અરધા કલાક ઉપરની મેહેનત કીધા બાદ, કોઈ બદમાશ ચોરને શોધી કાઢવામાં અમો ફતેહમંદ થયા કે નહી, તે તો વાંચનાર સેહેલથી જાણી લેશે.

'અરે, અહીંયાં છરી બોલીએ રે, અહીંયાં' ઘણુંજ કરમાઈ ગયલા અવાજે બોલી, વીરબાઈજીએ પોતાના બરડાની ડાબી બાજુ તરફ હાથ કર્યો.

અત્યાર સુધી જમશેદજીએ બેહદ ઘભરાટની કાંઇ પણ નીશાણીઓ બતાવી ન હતી. પણ પોતાની વહાલી મોહરદારને છરી ભોકવાની વાત તેવણુના કાનમાં પડતાંજ, તેવણુ ગાહેલ થઇ ગયા.

કદાચ તે ખુની ચોર, જયાં ભરાયો હોય ત્યાંથી, હવે એકાએક નીકલી આવી અમો સરવેનાં ખુન કરી નાખે એવી ધાસ્તી, મારા સીવાય, સર્વેનાં મનમાં એકાએક લાગી. તરત રેહેમુ દોડયો, અને બંગલાનું બારણું ઉંઘાડી, બહાર નીકલી 'ચોર! ચોર! ખુન! ખુન! સીપાઇ! સીપાઇ!' વગેરે, મદદની બુમો પાડી. મારા મનમાં કાંઇ વીચાર આવ્યાથી, હું લાગલો ખુદ સીપાઇને તેડવા દોડયો. રસ્તામાં દોડતાં દોડતાં મેં પણ બુમો પાડી. સારાં ભાગ્યે મને ઘણું દોડવું પડયું નહીઃ કારણ 'કીદર—કીદર હયે? કીદર ખુન હુવા!' કરતો મારી સામણેથી એક સીપાઇ દોડતો આવ્યો. અમે બંગલે જઇ પુગ્યા, ત્યારે કમ્પાઉંડમાં પુશકલ માણસો ઉભાં હતાં જયારે વરનદોતો બીલકુલ ખીચોખીચ ભરાઇ ગયો હતો.

આ સઘલા ઘભરાટ અકરાટ અને ગડબડ સડબડનું પરીણામ કેવું આવ્યું? ઘણી પણ તલાશ છતાં પેલો ચોર યા ખુનીનો ઘરમાંથી કાંઇ પતો મલ્યો નહી. જે મોટું ટોલું ત્યાં ભેગું થયું હતું તેને તદન વીખેરાઇ જતાં ઓછામાં ઓછા બે કલાક લાગ્યા.

ત્યાં ભેગાં થયલાં સેંકડો માણસોમાંથી, જમશેદજીની ઓલખાણવાલા બે દાકટરો હતાઃ જેઓ બેશુધ્ધ પડેલાં વીરબાઇજીને કરવામાં આવેલો જખમ કેટલો ભયંકર અને કારી હતો તે તપાસવા ગયા, પણ સર્વેની અજાયબી અને ખુશાલી વચ્ચે માલમ પડયું કે તેગીને તો કાંઇ પણ જખમ થયોજ ન હતો. તેણીએ પોતાને બરડામાં છરી ભોકાવાનું જે જણાવ્યું તે કાંઇજ નહી પણ બેહદ ઘભરાત અને ધાસ્તીનું પરીણામ હતું.

આ બધા બનાવ પછી લગભગ ૧૫ દહાડાંવેર વીરબાઇજી કેમતની તાવથી બીછાણે પડયાં, અને ઘરમાં ફરતાં હરતાં થઇ કામકાજ કરવા લાયકના થયા તે આશરે એક મહીનો પસાર થઇ ગયો.

પણ તેવણ શુધ્ધીમાં આવ્યાં તે ઘડીથી, તે આજની ઘડી સુધી, એક બરાબર ચોરે તેવણુનો હાથ પકડીને ખરેખર તાણ્યો હતો એમ તેવણુ જણાવતાં આવ્યાં છેઃ મગર જમશેદજી પોતાના ધણીઆણીનું માનવા સાફ ના પાડે છે!

~~~~~~~~

મસ્તી નંબર ૩૦.

ચાડયો રેહેમુ—ધનજીનો બીમાનો સ્વાદ—અક્લાકી દૂર ગેપા—બભરાટ—પાણીસું!

થોડાક દીવસની વાત ઉપર રેહેમુએ મારી ચાડી ખાઇ મને ફસાવ્યો હતો, તે બીના મારા ભલાં વાંચનારને કદાચ યાદ હશે. એ ઉપકારનો બદલો તરત વાલી દેવાની રાતદીન પ્રતેજ્ઞાથી હું રાહ જોતો હતોઃ તેટલાં એક દીને સાંજનાં મને સારી ટક મલી ગઇ. તે દહાડે રેહેમુને પગાર મલેલો હોવાથી, અને વલી તેની જાતનો કાંઇ તેહેવાર પણ હોવાથી, બેવડાની ઝુમમાં તદન ગરકાવ થયલો, બેભાન હાલતમાં તેના ઓલખીતાઓએ એક પીઠાંમાંથી તેને લઇ આવીને લાકડાં તથા છાણા ભરવાની એક એલાહેદી કોથડીમાં નાખ્યો. પાંચ વાગ્યા પછી મારા સીવાય સઘલાં જણાં ફરવા ગયા બાદ, ટક સાંધી કોઇ જોય નહી તેમ, હું તે ગોદાઉનમાં દાખલ થયો, અને બારણા બંધ કરી રેહેમુને ઉઠાડવા મેં હીલવી જોયો. પણ જયારે મારી ખાતરી થઇ કે તે ગામઠી 'બબા'ની ખુશ કેફમાં પડયો પડયો રાજા ઇંદરની સભામાં છુપી રીતે દાખલ થયલો 'ગુલફામ' પોતાનેજ સમજે છે, ત્યારે મારા ગજવામાં છુપાવેલી કાતર કાઢી, મેં મારૂં કામ બીન દહેસતે શરૂ કરી, બીન ખલલે થોડી વારમાં પુરૂં કરી, ત્યાંથી હું નીકલી પડયો.

બીજે દીને સહવારના પહોરમાં શું પુછવું? ઝનુનમાં આવી જઇ કાલવાલો છાકટો એટલો તો મોટે મોટે બરાડવા પડયો કે તે ખરેખર રેહેમુજ છે કે કોઇ ગાંડો આદમી છે, તે વીશેનો શક, મુજ સીવાય, દરેકને પેહેલાં ઉપજ્યો. લગાર નજર ઠેડવીને જોતાં તે રેહેમુજ માલમ પડયો. આ રીતે પેહેલી નજરે નહી ઓલખાઇ આવવાનું કારણ એ કે તે દહાડી
~~~~~~~~

મુછ વગરનો બોડકો જેવો થઇ આવ્યો હતો! તેને જોઇ સરવે છોકરાઓ જેમ જેમ હસ્તા જાય, તેમ તેમ તે ઝનુનમાં આવી વધારે જોરથી બુમો પાડે. થોડી વારમાં તેના શેઠ અને શેઠાણી ત્યાં આવી પુગ્યાં. જમશેદજી સમજ્યા કે તે છાકટો થઇ કેફમાં ને કેફમાં કેપે દાઢી મુછ કતરાવી આવ્યો હશે: તેથી આવતાંને વાર તેનું સાભળ્યા વગર એક ચોપડી કહાડી, બહાર જતો રહેવાને તેને હુકમ કરયો; પણ છેડાયલો રૈહેમુ કાંઇ સમજ્યો નહી, અને વધારે ને વધારે બકવા લાગ્યાથી જમશેદજીએ એક આંચકો મારયો, જે તેને લાગતાંજ ઝનુનમાં આવી પોતાના 'મિહેરમસ્ત' શેઠને એક એવોતો જોરમાં આંચકો મારયો કે તેવણ બીચારા ત્રણ ચાર પગલાં પાછલ ભરી ચતાપાટ જમીન માપી પડયા. પડતાં પડતાં તેવણનું માથું એક ખુરસીના પાઇયા સાથ અથડયું: તેથી ત્યાં લાલ લોહીના ધાબોળ્યાં પડયાં. તેટલાં વીરબાઇજી આવી પુગ્યાં, અને જો મોટા છોકરાઓએ અને બખરચીએ રૈહેમુને પકડી રાખ્યો ન હતે તો, તેવણના પણ તેવણના ધણી જેવાજ હાલ કદાચ થતે.

ઓ ભલા વાંચનાર! બાપડા રૈહેમુની મને ઘણી દયા આવે છે. 'અલ્લાકા નુર' અને 'મરદકી શાન' સાથે તે કાંઇ ચેડાં કાઢવાના હોય? આવો જુલમ તે બાપડો કેમ ખમી શકે?

તે કલાકથી રૈહેમુ ગયો તે ગયો. જો ફરીથી તે ચાકરી ઉપર આવે તો કદાચ તેનો શેઠ પોતા ઉપર હુમલો કરવા માટે પકડાવે, એવી ધાસ્તીથી અને વલી દહાડે દહાડાનો પગાર પણ ચુકતો લીધેલો હોવાથી, નામવર રૈહેમુએ ત્યાંથી હમેશની વીદાયગીરી લેવામાં વધારે ડહાપણ જોયું.

મસ્તી નંબર ૩૧.

વીરબાઇજીની સાલગરેહ—તેની ખુશાલીમાં બપોરના ખાનાની લેહેજત—બીજા જમશેદજી માસ્તર: સેવકનું પરાક્રમ—બરરર ભુડુસ—પડતી પર પચા-સ!—વીરબાઇજી વીધનમાં—ડાકતર વગર છુટકો નહી!

ઉપલા બનાવ પછી બે ત્રણ દીવસે એક બીજો જાણવાજોગ બનાવ બન્યો.

ત્યાર પછી પડેલા આદીતવારને દહાડે વીરબાઇજીની સાલગરેહ હતી. ઘરમાં સારી સારી વાનીઓ બપોર રાત માટે રાંધવામાં આવી હતી. આ શુભ દીવસની ખુશાલીમાં બપોરના ટેબલ પર દારૂ મુકવામાં આવ્યો હતો; વીરબાઇજી ઘણા ખુશમીજાજમાં હતાં અને છોકરાઓને બોહોસ કરી તેવણે બબે વખત દારૂ પાયો હતો: જેથી બપોરના ખાણા ઉપર બ્રાન્ડીની બાટલીનું માથું ભાંગ્યું હતું. જમી રહી, હાથ ધોયા પછી, જમશેદજીએ પણ ખુશ મીજાજમાં આવી કહયું: 'જાઓ છોકરાઓ! આજે તમોને પુરેપુરી રજા છે; જાઓ, રમો! મોજ મજાહ કરો! પણ એટલું ધ્યાનમાં રાખજો કે અથડા અથડી પર આવી ન જતા.' અમો પણ લગાર રંગીલા બનેલા હોવાથી 'પીત પીત હુરરે!' કરી કમ્પાઉંડમાં દોડયા, જ્યાં લગભગ બે કલાકવેર 'ચીઝ, નાગોરીઓ, આશક માશુક' વગેરે રમી, ધામી, થાકી,ને અમારા ઓરડામાં પાછા ફરયા.

જમશેદજી વરન્ડામાં ઇજીચેર કાધી લેટેલા હતા ઇજીચેરના હાથા ઉપર તેવણે પોતાનો ચશમો કાધીને મુકેલો હતો: તે ઉપર મારી નજર ભોગચોઘડીએ પડયાથી, તે મેં ઉંચકી લીધો, અને વીરબાઇજીનાં રાંધણીમાં રોકાયલાં હોવાનો લાભ લઇ, તેઓના ઓરડામાં ઘુસી, ખુંટી ઉપર ઓરવેલું જમશેદજીનું કસવાલું બદીઆન મેં પેહેરી, તેવણની બાંધેલી પાઘડી પણ મારાં માથાં ઉપર મુકી, ચશમો ચઢાવી, હું મારા ઓરડામાં ગયો. મારો આ દેખાવ જોઇ દરેકે દરેક જણ એટલા તો જોસથી હસ્યા, કે મને ધાસ્તી લાગી.કે રખે જમશેદજી ઉઠી ત્યાં આવે! તે પવીત્ર દહાડાની મોટી તારીફનું એક ભાશણ કરવા, બારણા આગલ મુકેલી એક કબટનાં મથાલાં પર સરવેની હસાહસ વચ્ચે હું ચઢયો, અને જમશેદજી જે રીતે પોતાનો ચશમો નાકની અણી ઉપર મુકે છે તે રીતે મુકી, હું મારૂં ભાશણ શરૂ કરતો હતો, તેટલાં પાંચ સાત જણા ઘભરાટથી બોલી ઉઠયા કે ઉતર! ઉતર!! માસ્તર આવ્યા!!! મેં ફરને કઇ સાંભલ્યું; કોઇના આવવાનો અવાજ મારે કાને પડયો, અને મને એવું લાગ્યું કે કોઇ બારણામાં દાખલ થાય છે. તેજ પલે કબટ

ઉપરથી મેં ભુસ્કો મારયો; પણ અરે મારા ખુદાપજીરે! માસ્તરના માથાં ઉપર હું પડયો, મારા ટાંટીયા તેવણુની ડોકની આસપાસ વીટલાઇ ગયા, અને તેવીજ હાલતમાં અમો બન્ને જમીન ઉપર પટકાયા!!!

અલબતાં! મને પુશકલ લાગ્યું, પણ તે અકરાટ ધભરાટની વખતે મને કાંઇ માલમ પડયું નહી. ભોંય ઉપરથી પેહેલાં તો હું ઉઠયો, પણ જોઉં તો લોહીમાં ગરકાવ! મારી હડપચી ફાટી ગઇ હતી, અને નલનો કોક ઉઘાડતાં, જેમ તેમાંથી પાણી નીકલે તેમ, તેમાંથી નીકલેલી લોહીની ધાર મારી છાતી ઉપર પડવાથી બંદીઆન, (માસતરનુંજ પેલું કસચાલું) સદરો, લોહીથી બીલકુલ તરબોર થઈ ગયો, અને બાકીનું લોહી જમીન ઉપર ટપકાતું હતું. તે વેલાનો દેખાવ ઘણોજ અસરકારક ગંભીર હતો. જમીન પર જમશેદજી હજી ઉંધા પડેલાજ હતા, તેવણુના માથાં આગલ લોહીથી ગરકાવ અને દઘાયલે ચેહેરે હું ઉભો હતો, અને સરવે છોકરાઓ, જેઓના ચેહેરા મસ્તીની ખુમારીમાં થોડીજ પલ અગાઉ લાલ હતા તેઓ, ગાફેલ બની ફીક્કા જેમના તેમ ઉભા હતા: કારણ નીરદોશ ગમત અને ખુશાલીની છેક ટોચ ઉપર ચઢવા પછી, એકાએક થયલા ધભરાટની અસરથી, તેઓનાં હોંશ કોશ ઉડી ગયા હતા. મને પોતાને હવે શું શીક્ષા થશે તે વીશેનો અંદેશો મારા મનમાં આવતો હતો: તેટલાં ધીરે ધીરે માસ્તર સાહેબ કમ્મર દાબતા ઉઠગા. હું મારા મનમાં જાણતો હતો કે પોતાના હાડકાં ઢીલાં થવાનું વેર તુરતા તુરત મારી ઉપર લેવા તેવણુ ચુકશે નહી, અને એટલું પણ જાણતો હતો કે હાથમાં નેતર જો નહી હશે તો, તેની ગેરહાજરીમાં, તેને બદલે તેવણુ લાત ઉંચકયા વગર રેહેનાર નથી અને તેમજ થયું! મારી અટકલમાં જરા પણ ફેર પડયો નહી! લોહીમાં ઘગરતો હું ઉભો, તેની કાંઇ પણ પરવાર કર્યા વગર મારી નજદીક આવી, મારી નાજુક કમ્મર પર એક લાત મારવા માટે તેવણે પોતાનો જમણો પગ ઉંચકયો; પણ તે મારી કમ્મરને લાગે તે અગાઉ તુરત ફરી જઇને, કમ્મર પર આવતો પગ, મેં મારા બન્ને હાથોમાં પકડી લીધો, કે તેજ પલે એક ધડાકા સમેત માસ્તર સાહેબ તો જમીન ઉપર પાછા લાંબા થઇ સીલીન્ગના ભારવતીઆ ગણુવા પડયા! હાય! હાય! એ એમ શું થઇ ગયું? ભલા વાંચનાર! તેવણુ પોતાનું સમતોલપણું અથવા જોંક સાચવી શકયા નહી, તેથીજ તેવણુ ઉકલાઇ ગયા; ત્યારે તેમાં વાંક કોણનો? અલબતાં, તેવણુનો પોતાનોજ! કાંય નહી તેવણે પોતાનો જોંક સાચવ્યો?

હવે બન્યું એમ કે જમશેદજીનો બરડો જમીનને જેવો અડકયો કે તેજ વખતે વીરબાઇજીનું ત્યાં આવવું થયું, અને પોતાના ભરથારને જમીન માપતાં જોઇ 'ઓ બધા જીરે! જીરે!' કરતાં પોતાની ચાલવાની હમેશાની ઝડપ કરતાં દશ ઘણી વધુ ઝડપથી અમારા ઓરડામાં દાખલ થવા ગયાં, પણ ઘેર બાંધનાર મીસ્તરીનું ખાતું ખરાબ થાય! તેણે અમારા ઓરડાના બારણુાનો ઉંબર એટલો તો ઉંચો રાખેલો, કે તેની ઠોકડ લાગતાંજ તેવણુ, પોતાના ભરથાર મીસાલેજ, ઓરડાની લંબાઇ પોહોલાઇની માપણી કરવા મંડયાં. ફરક ફકત એટલોજ કે ધણીએ જ્યારે ચતાપાટ પડી બરડાથી માપણી કીધેલી, ત્યારે ધણીઆણીએ ઉંધે મસ્તક પડી છાતી પેટથી ઓરડો માપ્યો હતો! એક મેકથી થોડેક દુર ધણી ધણીઆણીને આ રીતે જોવાથી અમો સર્વેના પેટમાં કાંઇ તાઢક પડી નહી; ઉલતો અમારો ધભરાટ વધ્યો: કારણ કે વીઆરના નલનો કોક ઉઘાડતાં જેટલાં જોસથી પાણી વહે, તેટલાં જોરથી વીરબાઇજીના નાકમાંથી લોહી, તેવણુની નસકોરી ફુટવાથી, નીકલતું હતું: જે સબબથી થોડીજ પલમાંતો ત્યાં લોહીનું એક ખાબોચ્યું ભરાયું. બન્ને ધણી ધણીઆણીમાંથી જલદીથી ઉઠી ઉભું થવાની કોઇએ પણ કોશેશ કીધી નહી. આખરે જમશેદજી, જેમ તેમ કરતાં, પહેલાં ઉઠયા, અને લપેરા ખાતા પોતાની મોહોરદાર આગલ આવી તેવણુને હાંક મારી. પણ તેવણુને જવાબ મલેજ કયાંથી? વીરબાઇજી પડતી વેલા એટલાં તો જોરથી થપકાયાં હતાં કે તે થપકારાથી તેવણુ બેસુધ્ધ થઇ ગયાં હતાં. એ બીના જ્યારે માસ્તર સાહેબની જાણમાં આવી, ત્યારે તેવણુને સુધ્ધીમાં લાવવાના ઉ-

પાણી તરીકે એક જણને કોલોન-વોતરની સીસી, અને એક જણને પાણીનો હાંડો, તરત લઇ આવવા દોડાવ્યો. વીરબાઇજી, જેવણ બેસુધ હાલતમાં લોહીના ખાબોચ્યાંમાં હજી સુધી ઉંધાંજ પડેલાં હતાં તેવણ,ને ચત્તાં કરવા અને લોહીના ખાબોચ્યાંમાંથી તેવણનું મ્હોડું દુર ખીસાડવા તેવણના ધણીએ ચાહયું, પણ તેવણ એબલાથી તો તેમ કાંઇ બની શકયું નહી, અને જમણા ખભામાં ઘણું દરદ થતું હોય તે મીસાલે કલવઇને ત્યાં પોતાનો ડાબો હાથ મુકયો. પોતાની ધણીઆણીને ખીસાડવાનું પોતાથી નહી બન્યાથી તેવણે બે મોટા છોકરાઓને કહયું. પણ લાકડાંનાં એક મોટા ભારા જેટલુંજ પટલું અને ધોબીના એક ગાંસડા જેવાં પેટવાલું વીરબાઇજીનું આંગ: તે એક ઇંચ પણ ખીસાડી શકયા નહી. તેવણ એવાં લાગે કે રસ્તા ઉપરનાં પથ્થરા દાબવાનુ નકરૂં જાણે ગોલ ગોલ રોલર! અને મારા હીસાબ પ્રમાણે તેવાં એક રોલરને ગબડાવતાં જેટલાં માણસ જોઇએ, તેટલાં માણસ એવણને પણ એક જગ્યેથી બીજી જગ્યે ખીસાડતાં યા ગબડાવતાં બેશક જોઇએ. આખરે પાંચ છ જણાના કાંસી કાંસીને કાપેલાં સામતાં જોરથી વીરબાઇજીને ચત્તાં કરવામાં આવ્યાં. ધ્રુજતે હાથે જમશેદજીએ ડાબા હાથમાં પાણીથી ભરેલો કલશ્યો લઇ, જમણા હાથની ખોબલીથી તેવણના મ્હોડાં ઉપર પાણીના ફટકા મારવાની કોશેશ કીધી; પણ જમણો હાથ લાંબો થાયજ નહી. હવે તેવણની ધાસ્તી ખરી પડી કે તેવણનો જમણો હાથ ઉતરી ગયો હતો, યાને લબકાઇ ગયો હતો. એ સઘલા બનાવોનું જાણે હુંજ કારણ હોઉં તેમ તેવણ ઘણાજ જહનુનમાં આવી જઇ, તરેહવાર સેસ ભરતા, મને ફરીથી લાત મારવા આવ્યા (કારણ હાથ ઉતરી જવાને લીધે નેતર તો હાથમાં પકડાયજ નહી) પણ ફરીથી તેવણની લાત હાથમાં પકડી લેવાને બદલે, સેવકે તો તેવણ સાથે ઓરડાની વચમાં મુકેલી તેબલની આસપાસ કરારે 'નાસો ભુસો' રમવાનું શરૂ કીધું. હું સમજયો કે એવણ જેવા મરકુતપાથી પકડાઇજ નહી શકાય; પણ નહી, એમ ધારવામાં મારી ભુલ હતી. કારણ એક કરતાં બે વેલા જમીન પર જબરદસ્ત ઝીખાઇને હાડકાં ઢીલાં બોખરાં થવા છતાં પોતાના સઘલા જહનુનમાં આવી, મારી ઉપર તરતજ વેર લેવા એવાંતો જોરથી અને એવીતો ઝડપથી મારી પુઠે દોડવા લાગ્યા, કે મને લાગ્યું કે જે વખત જતો હતો તેટલાંમાં હું પકડાઇજ જઇશ, અને જો એમ સપડાઇ ગયો તો જહનુનમાં છુટેલા એક મસ્તાન હાથી, જેબી ચીજ પોતાના મારગમાં આવે તેનો ચુરેચુરો કરી નાખે તે, મીસાલ મારો પણ સહન્તર ખુરદોજ થવાની મને ધાસ્તી હતી; પણ તેજ વેલા એક એવો બનાવ મેં બનાવી દીધો, કે જહનુન ઉપર છુટેલા જમશેદજી બુકકાના હાથમાંથી તરત વેલા તો સેવક સટકી જવા પામ્યા. ભલા વાંચનાર! તે બનાવ કાંઇજ નહી પણ ફકત એક ખુરસી હતી! આવી રીતે જમશેદજી બુકકાને મારી પાછલ લાગેલા જોઇ, બચી જવાનો ફકત એકજ રસ્તો હતો, તે તરત હું અમલમાં લાવ્યો: એટલે કે, જે ગોલ તેબલની આસપાસ અમે અમારી સઘલી ઝડપથી દોડતા હતા તે, તેબલની નીચે મુકી રાખેલી એક ખુરસી એક હાથે મેં મારી પછવાડે ખેંચી કહાડી કે, ઓ મારા બાપ! એવા તો ધડાકા સમેત જમશેદજી અને ખુરસી નીચે આવી કે જાણે—જાણે—એક વાગ્યાની ટોપ! હું પાછલ ફરીને જોઉં'ચ તો જમશેદજીનું મસ્તક જમીન પર, નાખમાંથી ધમધુકાર લોહી જાય, એક ટાંટયો પડીને ભાંગી ગયલી ખુરસી પર, બીજો ટાંટયો ભોંય પર, અને બન્ને પગમાંની સપાત ઉડીને ઓરડાની વચમાં ઉંધી પડેલી! અરે ખોદાયજી! એ શી આફતો એ શું ચોધડયું! સરવે છોકરાઓના મ્હોડાં તો ફીકકાં ફચ! અને હું તો ડર ડર ધ્રુજું! અરધી મીનીટ ગઇ! આખી મીનીટ ગઇ! પણ જમશેદજી તો મુડદાંની મીસાલ પડી રહયા! હવે મારા ધબરાટનો પાર રહયો નહી! ઓરડામાં આ મીસાલ એક કરતાં બે મુડદાં અને તે પણ માસ્તર અને તેવણના ધણીઆણીના, પડેલાં જોઇ કોણની છાતી નહી ધબકે? ભલા વાંચનાર! અમો સરવેના ધબરાટનો તુંજ ખ્યાલ કરી લે! બસ એકજ ફીકર અમો સરવેના મનમાં ધસી આવી

હતીઃ અને તે એ કે રખે બન્ને જણા અથવા બન્નેમાંથી એકું પણ મરી ગયું હોય! અને જો મરી ગયું હોય તો હાય! હાય! અમો મધેથી કોણુને સરકાર ફાંસી દેશે બા, એમાં તો મારો કંઇ વાંક નહી હતો! અને તે વીશે તું સાક્ષી તો છેજ!

ઘભરાટથી અમો સરવેના જે હોંશકોશ ઉડી જઇ અમે બાવરા બની ગયા હતા, તે કેટલેક વારે પાછા આવ્યા. પછી એક જણે પુછ્યું કે 'હવે શું કરીએ?' પણ કોઇ બરાબર ઉપાય સુચવી શકયું નહી. આખરે અમારા પેલા નામદાર રેહેમુને જગ્યે રહેલો કાસમ, કે જેનું નામ અમોએ 'વસીડડો' પાડયું હતું: કારણ કે એક વસીડડા જેવું મ્હોડું રાખી હમેશ ફરતો હતો તે,ને એક જણ જઇ તેડી લાવ્યો. તેણે આવો બનાવ બનેલો જોઇ ઘેરના બીજાં માણસોને બોલાવ્યાં, અને એક જણુને અમારી પડોસમાં રેહેતા એક ફીરંગી દાકતરને તેડી લાવવા દોડાવ્યો. એક માણસ જમશેદજીનું અને બીજો વીરબાઇજીનું મ્હોડું, જે લોહીથી ખરડાઇ ગયલું હતું તે, પાણીથી સાફ કરવા બેઠો. દાકતર સાહેબ દોડતા દોડતા આવ્યા; તેવણુને ટુંકમાંજ બીના જણાવવામાં આવી, અને તેવણુના હુકમથી જમશેદજીને ઉંચકી એક બીછાણા ઉપર મુકવા માટે ઘણીજ સંભાલથી ઉંચકવાની દાકતર [illegible] વણ કીધીઃ કારણ તેવણુને ધાસ્ત [illegible] પાણીથી ભરેલા માટીના એક ઘડાની [illegible] હાથમાંથી છટકી જવાથી, રખે તેવણુ પ [illegible] ફુટી જાય! પણ તેવણુને અગ્યાર જણાએ જયારે ઉંચકયાં, ત્યારે તે વેલા મને વીચાર આવ્યો કે રૂસ્તમજી દાકતરે મારે માટે ભેટ મોકલાવેલી 'ગુલીવરની મુસાફરીઓ' માંના લીલીપત દેશના વેહેંત્યાંઓ પાસે, જો એક બારગી,વીરબાઇજીને ઉચકાવ્યે તો કેટલાં માણસોની સંખ્યા પુરતી થાય! આખરે તેવણુને પણ એક બીછાણા પર મુકયા પછી દાકતરના ફરમાવ્યાથી મેં પણ પેલું માસ્તરવાલું બંદીઆન, જે મારાં લોહીથી તરબોર થયું હતું તે, કાઢી નાખ્યું, અને દાઢી પરનો જખમ પાટાને પાટે બાંધ્યા પછી મારાં સઘલાં કપડાં હું બદલી આવ્યોઃ તેટલામાં બન્ને જણાને તબીબ સુધીમાં લાવ્યો હતો, પણ તરત વેલા બાજું બોલવા તેણે સખત મનાઇ કીધી હતી. બન્ને જણાંની નસકોરીનું લોહી બંધ કર્યા પછી જમશેદજીના હાથની કાંઇ સારવાર તેણે કીધી. ત્યાર પછી તેણે મારો જખમ ફરીથી તપાસ્યો, અને પોતાની પોકેટમાંથી કાંઇ પટી કાઢી, મારી દાઢીએ વલગાવી, અને સઘલું સમાધાન કરી તે વીદાય થયો.

~~~~~~~~~

મસ્તી નંબર ૩૨.

બાવાજી પર લખાવલી ફર્યાદનો ચીઠી—પાન સોપારી—ચીઠી ગેપ!

મેહેરબાન વાંચનાર! હવે, હું તુંને એક સવાલ પુછવા માંગું છું, અને વગર રાખરખાવત રાખવે તેનો તું જવાબ દેજે. એ સઘલા બનાવો એક એક પછી બન્યા, તેમાં મારો લગાર પણ વાંક તુંને માલમ પડયો છે? નહીજ કેની વારૂં? પણ, એમ કોણ? સઘલાજ કાંઈ તારા જેવા માયાલુ દીલના અને અપક્ષપાત નથી કે તેઓ એવું દહાપણ ભરેલું મત ઓચરે! અને તેમાં મારા માસ્તર, તેવણુના ઘણીઆણી, મારાં માય, મારા બાવા, મારાં બેહેન, મારા ભાઇ, વગેરે તો બીલકુલજ નહીઃ કારણ તેઓ સઘલાં એમાં કોઇનોજ નહી, ને બસ મારોજ વાંક કહાડેચ. માસ્તર સાહેબ, પેહેલાં ચત્તા પડયાથી તેવણુના માથાનાં પાછલા ભાગમાં સજજર વાગ્યું હતું, અને પછી ખુરસી સાથની પેલી રસાકસી ભરેલી હમાજોરમાં માથું કેહેજે જમીન ઉપર પેહેલાં હું પડું: તેથી કપાલ ઉપર આવેલા સોજા ઉપર આંબાહરડ અને રૈવનગીના સીરાનો કેટલાક દહાડા સુધી મારો ચાલ્યો હતો, તથા તેજ વેલા જમીન ઉપર 'નાઘસ્ની' કરતાં લગાર વધારે ભાર પડી ગયાથી, નાકની તીચકી સુજી, એક મોટાં ખુનેગરી પાકાં અંજીર જેવું રૂપ પકડયું હતું. તથા વીરબાઇજીની સાલગરીના પવીત્ર અને મુબારક દહાડાની તારીફ કરવા તમારો કમીનો સેવક
~~~~~~~~~

માસ્તરનાજ બંદીઆન, પાઘડી અને ચશમામાં બીરાજી બારણા આગલ ગોઠવેલી એક કબાતના મઠાલા પર ચડયો હતો, અને તેટલામાં માસ્તર સાહેબનું ઓરડામાં દાખલ થવું અને મારૂં ઉપરથી નીચે ભુસ્કો મારવાનું એક થઇ ગયાથી મારા ટાંટયા તેવણુના ખભાંની આસપાસ વીંતલાઇ ગયા, અને તેવીજ હાલતમાં અમે જમીન ઉપર પડયાથી તેવણુનો જમણો હાથ લચકાઇ ગયો હતો: જેથી તે હાથ તેવણુને એક અઠવાડયાં વેર ઝોળીમાં લઇ ફરવું પડયું હતું; પછી ઉંબરની ઠોકડ લાગયાથી વીરબાઇજી 'ભરરર—ભુઉસ' થઇ ગયાં હતાં, અને તેવણુના નાકની નસકોરી ફુટી ગઇ હતી; અને પછી ખોદાએ બે આખ આપવા છતા ખુરસી, વચમાં હતી તે નહી જોઇ ને, ઉપરથી દોડી જતાં જમીન ઉપર માસ્તર સાહેબ પટકાઇ ગયા: તેથી તેવણુની પણ નસકોરી ફુતી ગઇ, અને તેવણુ બેસુધ્ધ થઇ ગયા હતા:—એ સઘલાંમાં મારો શો કસુર હતો, તે હું બીલકુલ સમજી શકતોજ નથી. પણ તે છતાં બીજે ફડાડે જમશેદજીએ બીછાણે પડયા પડયા પણ એક છોકરા પાસે ૭ બાજુ ભરીને એક કાગજ મારા બાવા ઉપર મુંબઇ લખાવ્યું હતું: જેમાં મારી તમામ જુઠી જુઠી ફર્યાદ લખી, છેલ્લે એવું જણાવ્યું હતું કે મને પોતાને ત્યાં એક પણ દીવસ વધુ રાખવાને તેવણુ રાજી નથી.

એ કાગજ લખાઇ રહયા પછી, બીડીને, વસીડડાને આપવામાં આવ્યું હતું, કે પછી કામ માટે સર કેહે બહાર જાય ત્યારે પોસ્ત ઓફીસમાં તે નાખતો આવે. પણ તે કાગજ મારા બાવાના હાથમાં તો શું પણ મુંબઇબી જવા પામ્યું નહી! જયારે વસીડડો બહાર જતો હતો, ત્યારે મેં તને એક બાજુ તેડી, તેના હાથમાં બેઆણી મુકી, ૪ દોઢયાંના ખાટાં મીઠાં બોર લાવવા કહયું, અને તેની મેહેનતના બદલામાં બાકીના ૪ દોઢયાંના 'પાન સોપારી' ખાવા તેને જણાવ્યું: જે મારી ઉદારતા માટે, જતાં જતાં, મારો ઉપકાર માનવાને ચુકયો નહી. અલબતાં! પોસ્ત ઓફીસ સુધી વસીડડો ગયો તો હશે; પણ ગજવામાંથી પેલું કાગજ બહાર કાઢવા જાયચ તો, ઓજબા! કાગજ તો ગેપ! કદાચ બીજા ગજવામાં મુકાયું હશે એવું ધારી તેણે વેહેલા વેહલાએ બીજું ગજવું પણ તપાસ્યું હશે, પણ ત્યાં પણ તે કાગજ નહી મલે! ઘબરાટ અકરાટમાં બાપડાએ પોતાની તોપીમાં પણ જોયું હશે, અને કદાચ ઓતી પણ દાબી જોઇ હશે ખરી, પણ કાગજ હસ્તીમાં હોયજ કયાંથી કે તેને તે મલે! તેના તો કકલા બુકલા થઇ પવનમાં કયાં ને કયાં ઉડી ગયા હતા! પણ બાપડો વસીડડો કાંઇ તે જાણુતો ન હતો. તે એટલુંજ બસ જાણુતો હતો કે ઘેરમાંથી બહાર નીકલતી વખતે તો તેણે ખાસ યાદ રાખીને પેલું કાગજ ચોકસ ગજવામાં મુકયું હતું; પણ જયારે તે ગજવામાંથી અથવા બીજા કોઇ પણ ગજવાંમાંથી તેને તે મલ્યું નહી, ત્યારે તે એવાં અનુમાન ઉપર આવ્યો કે પોતાનીજ બેદરકારીથી તે કાગજ રસ્તામાં કેઠે પડી ગયું હશે; અને તેણે ધારયું હશે કે એમ જો શેઠને તે કેહેશે તો તેની બેદરકારી માટે તેવણુ તેની ઉપર ઘણા ગુસ્સે થશે; તે કરતાં બેહેતર તો એજ કે કંઇ બોલવું નહી, અને પુછે તો તરત શેકડો જવાબ આપવો કે 'હા, સાહેબ! નાખ્યું હતું.' અને જયારે રાતના તેને પુછવામાં આવ્યું, ત્યારે તેણે ઉપર મીસાલેજ જવાબ આપ્યો. પણ, ભલાં વાંચનાર! પેલું કાગજ મારા હાથમાં કેમ હું મેલવી શકયો, તે જો તું ચેતી નહી ગયો હોય તો તુંને હું કહુંચ:—એક ખુણામાં વસીડડાને તેડી, ૪ દોઢયાના બોર માટે પેલી બે આણી તેના હાથમાં મેં મુકી, અને બાકીના ૪ દોઢયાની તેને 'ચેરીમેરી' આપી હતી. તે વેલા, જયારે તેનું ધ્યાન મારો ઉપકાર માનવામાં રોકાયલું હતું ત્યારે, પેલું કાગજ ધીરેથી હલકા હાથે અને લગાર પણ સંસારા વગર 'કોણ જાણે કોણે' કાધી લીધું હતું! અને તે કાગજનું શું થયું તે, તું અને હું સીવાય, કોઇની જાણમાં હજી સુધી આવ્યું નથી!

માસ્તર સાહેબ અને તેવણુના ધણીઆણીએ લગભગ આઠ દીવસ વેર મારા પ્રતાપથી ખાટલો ભોગવ્યો અને તેટલો વખત અ-

લખતાં, અમો સર્વેને છુટીની મજાહ પડી. અમો સર્વે દુવા માગ્યા કરયે કે હજી પણ વધારે દહાડા જમશેદજી ખાટલે પડે તો અમોને 'સોનાની ચલ્લી!' આખું અજવાડયું અમોને મજાહ તો ખુબ પડી, અને એ આઠ દહાડાની છુટીનું નામ અમોએ એક મતથી 'નસકોરાં વેકેશન' પાડયું!

મસ્તી નંબર ૩૩.

પેટ પર હાથ—ચીઠી પર ચીઠી—'ગુલ અફ્શાન' ને યાદ—સેવકની નામદારી માસ્તર સાહેબે યાદ કીધો—'નશકોરાં વેકેશન'—ચીઠીઓના જબાબોજ નહી!—બંદાનાજ પ્રતાપ!

મને પોતાને ત્યાં નહીજ રાખવાનો જમશેદજીએ ઠરાવ કીધેલો હોવાથી, મારા ઘણાંક સાથીઓ દીલગીર થતા હતા; પણ હું તેમને વારંવાર દીલાસો દેતો હતો કે 'યારો, તમે કંઇ પણ ફીકર કરો ના! મારા બાવા ઉપર માસ્તરે કાગજ લખાવ્યુંચ તો શું થયું? પણ હું તમોને ખાતરીથી કહુંચ કે મારા બાવા મને સારી પેઠે ઓલખેચ કે હું કેવો ગરીબ છોકરો છું! અને માસ્તરનું કાગજ વાચતાંને વાર તેવણ કચરાની ટોપલીને તે સવાધીન કરશેઃ એટલે કે તે કાગજનો જવાબ તેવણ લખશેજ નહી.'

મારી તો ખાતરીજ હતી કે તેવણ તે કાગજનો જવાબ લખશે નહી. કાગજ મલ્યું હોય તો લખે કેની!

ઘણા દહાડા સુધી વાર જોવા પછી માસ્તર સાહેબે એક બીજી ચીઠી સેવકના બાપ પર લખીઃ જેમાં સેવકની નામદારીની વાત વીગતે લખી હતી. જે પ્રમાણે 'ગુલ અફ્શાન' ના અધીપતી પર કેટલાંકો લંબાણ બાબદો મોકલે છે તે પ્રમાણે.

માસ્તર જમશેદજીએ આ વેલા મારી નામદારીની લંબાણ વીગત મારા બાવાજી પર લખી મોકલી. પણ આ વેલા તેવણે ઘણી સંભાલ રાખી હતી, અને મારી નેકનામીના હેવાલથી ભરપુર પેલું બીજું કાગજ વગર શકે પોસ્ત ઓફીસમાં પડયું. વળી છોકરાઓએ મારાંથી જુદા પડવાની વાતો કરવા માંડી; પણ સેવક થંડે પેટે તેમને દીલાસો દેતો 'અરે યારો! તમે શું કામ ફીકર કરોછો? માસ્તર ગમે તેવું પણ કાંય નહી લખે, તોપણ મારા બાવા એવણનું માણશેજ નહી! હું ખાતરીથી કહુંચ કે એ કાગજનો પણ કાંઇ જવાબ મલવાનો નથી!'

'નસકોરાં વેકેશન' પુરી થવા બાદ જમશેદજી કલાસમા બેસ્તા હતા; પણ બીચારાના માથાંમાં એવું તો વાગ્યું હતું કે જરા પણ જોરમાં બોલતાં માથાંમાં દરદ થઇ આવતું હતું; જમણા હાથમાં હજી લગાર કસર રહી જવાથી તેવણ નેતર તો બીલકુલ વાપડીજ શકતા ન હતા, અને એક વખત જબરદસ્ત શીક્ષા લાગેલી હોવાથી લાત ઉંચકવાનું તો તેવણ બીલકુલજ ભુલી ગયા હતા; જે સઘલું મારા પ્રતાપથી થયલું સમજી કેટલાક જણા મારો ઉપકાર ત્રીક માનતા હતા.

એક કરતાં બે ચીઠીઓ નાખવા છતાં, અને ખુદ પોતાને હાથે લખેલાં કાગજો નાખવાને ૪—૫ દીવસ થઇ ગયા છતાં, જયારે દર રોજ વાર જોતાં, પણ મુંબઇથી કાંઇ જવાબ નહી મલ્યો, ત્યારે જમશેદજીના દીલમાં ઘણીજ ચટપટ થઇ. દર મેલમાં મારા બાવા તરફથી જવાબ મેલવવાની તેવણ ઇન્તેજારીથી આશા રાખતા હતા; પણ કહેવાની કાંઇજ જરૂર નથી કે આ વેલા પણ છોકરાઓને મેં જે ખાતરી આપી હતી, તે ખરી પડી.

પણ તે કેમ? જો કે મારા બાવાના સરનામાનું તેજ કાગજ પોસ્ત ઓફીસમાં ખરેખર જવા પામ્યું હતું, અને, તે છતાં તરત નહી તો, ઘણે દહાડે પણ તેનો કંઇજ જવાબ નહી આવે, એ કેમ બને? ભલાં વાંચનાર! તેનો ભેદ હું તારી આગલ ખુલ્લો કરૂંછું. સાંભલ! જેવું પેલું કાગજ વસીડડાને આપવામાં આવ્યું, તેવું તુરતા તુરત તો પોતાનું બંદીખાન, જયાં મુકી રાખતો હતો ત્યાં જઇ તે,ના ગજવામાં તેણુ તે દાવકું મુકયું, અને પછી પોતાને બીજે કામે મંડયો. હવે મેં મારી નજર તેની ઉપર, તેમજ તે અગત્યના કાગજ ઉપર પણ રાખી હતી; એક સારી ટક સાંધી પેલું કાગજ મેં

બહાર કાઢી લઇ, અગાઉથી વીચાર કરી રાખવા મુજબ તે કાગજ ઉપરનું મોટા અક્ષરનું 'મુંબઇ' છેકી નાખી તેને બદલે 'કરાંચી' લખ્યું, અને તેવીજ એક સારી ટક ફરીથી સાંધી, તેજ ગજવામાં, જેમનું તેમ પાછું સેરવી દીધું! તે કાગજ વસીલડાએ તો પાછળથી ખરાં એકીનથી પોસ્તને હવાલે કીધું હતું! મુંબઇમાં મારા ખાવાના હાથમાં જવાને બદલે તે કાગજ તો કરાંચીની લાંબી સેહેલ કરવા ગયું. કેમ! ભલાં વાંચનાર, કેવી તાલ! જ્યાં તારા બંદાનુંજ કામ, અને જે કામમાં તારા બંદાનોજ હાથ, તો પછી પુછવુંજ શું!

'નસકોરાં વેકેશન' પછીનું અઠવાડ્યું પણ ફકત એક સીવાય કાંઇ જાણવાજોગ બનાવ બન્યા વગર, અને અલબતાં માસ્તર સાહેબના કાગજનો કાંઇ પણ જવાબ કરી વળ્યા વગર, પસાર થયું. સઘળો વખત જમશેદજીને ચટપટ થતી હતી. એટલાં લગી કે હું તો ધારું છું કે તેવણને રાતના બરાબર ઉંઘ પણ નહી આવી હશે.

મસ્તી નંબર ૩૪.

મરઘીના વાણીઓ—રબરની તીરની એબજમતી કરામત—મરઘીઓમાં પેઠેલો રોગ—અને તે પણ દરેક હાઇવલીજ હો!—શીશીની ખાંટ કેમ! અરધે વીજલીક સ પૈસા પર મારો—પોસ્ત ઓફીસનું મહાભારત અંધેર—સેવકની સરએરી.

ઉપર જણાવ્યું તેમ, જે એક બનાવ જાણવાજોગ બન્યો તે એજ કે, લગભગ એક આખું અઠવાડ્યું ખાના ઉપર અમોને મરઘીની એક વાણી વધારે મલતી હતી. જોકે મરઘીની વાણી તો આખાં વરસમાં થોડીજ વખત કરવામા આવતી હતી, તોપણ આખાં અઠવાડ્યાં વર અમોને મરઘીની વાણી મલી શકી, તે કંઇજ નહી પણ સેવકનાજ પરતાપથી! એક વખત એક ઇંગ્રેજના છોકરા પાસેથી રબરની તીર (કબુતર અને ચલ્લી મારવા માટે) એક બેઆણી આપી મેં ખરીદ કીધી હતી. પણ કબુતર યા ચલ્લી નાહેક મારીને પાપનું અને હત્યાનું કામ કરવા માંરૂ દીલ ચાલ્યું નહી, અને જ્યારે કોરી કકરતી અને ચલકતી આખી બેઆણી આપી મારા શોખ માટે તે તીર ખાસ ખરીદ કીધી, ત્યારે તેને અમસ્થી નાખી મુકવાનું પણ મારૂં દીલ ચાલ્યું નહીઃ તેથી કમ્પાઉન્ડમાં ફરતી મરઘીઓ ઉપર મારો ડોલો ભરાયો. પેહેલે દહાડે તો એક મરઘી ઝુંકતી હાલતમાં વીરબાઇજીને માલમ પડી. તરત તેને ઉંચકી લઇ, તેની કંઇ સારવાર કરી, એક ટોપલા તલે તેવણે તે ધંકાવી; પણ અફસોસ! 'અરેરે! કેવી મજાહની ઇંડાં સાથની મરઘી હતી!' તે મરણ પામેલી બીજી સહવારના તેવણને જણાઇ! પણ તેટલાં વલી બીજી એક મરઘી ઝુંકતી હાલતમાં તેવણને માલમ પડી! તેની પણ તેવણે કંઇ સારવાર કરીને તે પણ ધંકાવી; પણ સાંજની વખતે ટોપલો ઉંચકી જોતાં તે મરઘીનો તો 'ઘરકલો' ચાલતો જોઇ તાબરતોબ તે વેતરી નાખવાનો તેવણે તરતજ હુકમ કીધોઃ કારણ કે તેટલા વખતમાં જો તે ધપી ગઇ તો પછી તે ખાવામાં આવી શકે નહી ભલાં વાંચનાર! વારૂ! મરઘીઓમાં પણ કંઇ રોગ ફેલાયો હશે કે શું? કારણ કે મરઘીઓમાં જે સરવેથી ફરબે હતી તેમાંની બે બીજે દાને ઘણીજ ઝુંકતી હાલતમા દેખાઇ: જેથી બાઇની હજુરમાં તે બન્ને મરઘીઓને વસીલડો લઇ ગયો, જેવણે કેટલીક તપાસ પછી બન્નેને ત્યાંને ત્યાંજ હલાલ કરી નાખવા ઘણી દીલગીરીથી ફરમાવ્યું: કારણ બાઇને ધાસ્તી હતી કે રખેને તેઓનો જીવ જતો રહે, અને પછી તેમને નાખી દેવી પડે. વીરબાઇજીની તો ખાતરીજ થઇ કે મરઘીઓમાં કોલેરા ફેલાયો! અને તેવણે તે પરથી પોતાની સઘલી મરઘીઓની આશાજ છોડી! સેવકને પણ એમજ જોઇતું હતું! રોજની બે ત્રણ મરઘીઓ ઉપર હું મારી રબરની તીર છોડતો, અને તે જેવી ઝુંકતી કે, મરી જવાની, બીકથી તરતજ હલાલ કરવામાં આવવી! એ રીતે એક અઠવાડયાંમાં દોઢ દઝન મરઘીનું પાંજરૂં બીલકુલ ખાલી થઇ ગયું! આ ઘડી સુધી વીરબાઇજી એમજ સમજેછ કે મરઘાંઓમાં કાંઇ ચોક્કસ રોગ ફેલાયાથીજ તેવણની

ઘણી મરઘીઓ મરણ પામી હતી; અને હું ઇચ્છું છું કે કોઇ તેવણની ભુલ ભાંજેજ નહી.

ધારવા મુજબ, મુંબઇ ખાતે મારા બાવા પર માસ્તરે છેલ્લું કાગજ મોકલવાને ૮-૯ દહાડા થયા ત્યાં તુલીક વાર જોઇ જોઇને, એક દહાડે સાંજનાં તેવણ પોતે તાર ઓફીસમાં જઇ, મારા બાવા ઉપર એક તાર મુકી પુછાવ્યું કે ઘણા અગત્યના કામને લગતાં બે કાગજો મોકલવા છતાં તેનો જવાબ નહી આવ્યો, તેનું કારણ શું? બીજે દીને તારમાંજ જવાબ મલ્યો કે 'કાગજ શું અને વાત શું? હું કાંઇ જાણતો નથી! કાગજો મને મલ્યાંજ નથી'! જોઇ લેવો હવે માસ્તર સાહેબનો ચેહેરો! તેવણ તો લાલ અને પીલા થઇ ગયા! એક જબરદસ્ત બરાડ મારી વસીડડાને બોલાવ્યો, અને તે બાપડાને ખુબ ડડરાવી કાઢ્યો, પણ તે તો સોગન્દ લઇ જણાવે કે 'સાહેબ, મેં કાગજ પોસ્તમાં નાખ્યાં હતાં, પણ તે નહી પુગ્યાં, તેમાં મારો શો વાંક?' એટલામાં વીરબાઇજી તેની તરફથી નીકલ્યાં કે 'હા, એમાં એનો શો વાંક, વારૂં? મુવાં મુંબઇના સીપાઇને પુછો! તેણેજ હરામખોરી કીધી હશે, અને કાગજ બરાબર ઠેકાણે પુગાડયાં નહી હશે.' પા કલાક સુધી ફફરી ચટકી આખરે જમશેદજી નવેસરથી એક બીજું કાગજ, મારી નેકબખ્તીનું, લખવા બેઠા. મેં ધારયું કે હવે કદાચ એ કાગજ મારા બાવાના હાથમાં જાય ખરૂં: કારણ કે, ખુદ પોતે પોસ્ત ઓફીસમાં જઇ તે કાગજ તેવણ રેજીસ્તર કરાવનાર હતા. એવી બીના જોઇ હું પણ તરત મારા ઓરડામાં ગયો, અને માય બાવા ઉપર એક કાગજ લખવા બેઠો.

આ દેશની પોસ્ત ઓફીસ જેવાં બોહલાં અને ઘણી ચોકસાઇથી ચાલતાં એક ખાતાંની આબરૂને, તમારા કમીના બંદાએ પોતાની તાલ તલાવત અને હલગબરડીથી, કેવી ઝાંખી પાડી હતી, તે તો ભલાં વાંચનારે જોયું છે. હું જાણતો હતોજ કે માસ્તર સાહેબનું પેટ મારી ખુબીઓથી ભરાઇને તદન ચીકાર થઇ ગયલું છે, અને તેથી કાંઇ પણ કરી મને મને વાંદ્રાય કરવીજ; તેથી જાણે અવલથી આખર વેર બધી તકસીર માસ્તરનો, માસ્તરના ધણીઆણીનો વસીડડાનો, રાંધનારનો, અને બધા છોકરાઓનો હોય, અને તેઓ સરવે એકસંપ થઇ મને ઘણોજ હેરાન કરતાં હોય, અને તેથી હું ઘણોજ કંતાલી ગયો હોઉં, તેવીજ ધપથી તે કાગજો લખવાની મેં સંભાલ લીધી હતી. અને છેલ્લાં એવો પણ સુકકો દમ આપવાને ભુલ્યો ન હતો કે જો તરતજ મને તેડી નહી લેવામાં આવશે, તો હું કોઇનેબી પુછયા પરછયા વગર—એખલો તો એખલો, અને વગર પઇસે તો વગર પઇસે—માસ્તરના ઘરમાંથી બહાર નીકલી પડીશ, અને જયાં જવાશે ત્યાં ચાલી જઇશ! આવી રીતનો ખાલી દમ કસવાની મારી મતલબ એ કે, જો હું મુંબઇ પાછો ફરૂં તો ત્યાં કોઇને બોલવાનું નહી થાય કે 'તારી ચાલજ એવી કે તારા માસ્તરે તુંને હાલ હાલ કાઢી મુકયો.'

પોસ્ત ઓફીસમાં એકી વખતે બંને કાગજો પડયાં. આપણે તો બા જાણતાજ હતા કે ઘણું થાય તો આપણે બે ત્રણ દીવસનાજ પરોણા હતા, અને તેથી કંઇ મજાહ કરવાની બાકી હોય તો તે એ બે ત્રણ દીવસોમાંજ કરી લેવી જોઇએ. ૯૯ ત્યાં ભરયા ૧૦૦! આખરે નામ તો વાયદુ છેજ! ત્યારે જો બને તો જરા આપણે પણ આપણી ખુબી બતાવીજ જઇએની, કે કોઇ જલ્દીથી આપણને ભુલી જાય નહી!

મસ્તી નંબર ૩૫.

જશન:મેજબાની—હાથ ચાલાકીનો ખેલ—કાવસને અર્પણ—ગરમીનો ઇલાજ—પથરના પવનની ખુશ લેહેકી—આખરે નેકનામી કરતા સપડાયા ખરા!—જમશેદજી માસ્તરની પથવાડ ઉંગેલું પુછડું—ચીમ ખાકેલી ઘીસ.

તેજ દીને જશન હતું: જેથી માસ્તર સાહેબ, સરવે છોકરાઓ સાથે, રાતનાં ભોજણ લેવા ત્યાં સાધારયા હતા. બચ્ચાં છોકરાંઓને સકારામાં જમાડી લેવામાં આવ્યાં હતાં, અને માસ્તર સાહેબે અમોમાંથી કેટલાકોને છોકરાંઓ સાથે બેસાડી દીધાથી આપણેબી જમી જલ્દીથી જમી પરવાડી ગયા હતા. અમો જમી રહેલા

પછી, બીજા સરવે જણા તેબલ પર બેઠા: જ્યાં અમારૂં કાંઇ કામ ન હોવાથી, જે ઠેકાણે વાજું વાગતું હતું ત્યાં, જઇ બેઠા. ત્યાં મારા હાથ જરા નવરા આવ્યાથી તેની સફાઇ અજમાવી જોવાની મારી મરજી થઇ. સેવકની હાથ ચાલાકીના કેટલાક દાખલા હું ધારૂં છું કે વાંચનાર સારી પેઠે જાણે છે. હાથ ચાલાકીના બેસો મધે માણસોને પુછડાં ઉગાડવાના હુન્નરમાં સેવકનો જોડીદાર મલવો મુશકેલ છે. ગમે તેવો બેસો ધનેતર રસ્તેથી ચાલી જતો હોય, અને બસ ફકત તું મને આંગલી કરે તો તે પચીસ કદમ આગલ નહી વધે તે અગાઉ તો તેની પીઠે એક પુછડું લટકતું સરવેની નજરે પડશે. એ હુન્નર કાંઇ જેવા તેવો નથી હો! એ કાંઇ સરવેને નહી આવડે! સેવકે તો કંઇક મહીના સુધી મેહેનત કરી એ હુન્નર મેલવેલો, તે આજે લગાર અજમાવી જોવાનો વીચાર થયો, અને એ માણસાઇ પુછડાંનું અસાધારણ માન જમશેદજી બુક્કાનેજ આપવાનો મેં ઠરાવ કીધો. પણ જો મારો પોતીકો રૂમાલ તેવણની પાછલ લટકતો માલમ પડે તો સેવક ઉપર ધાડ આવ્યા વગર રહે નહી: તેથી કાવસ ધીમ ઉપર મેં મારી નજર ફેંકી. 'ધીમ' નો બેતાબ કાવસને મેંજ અરપણ કીધેલો હતો: કારણકે તે બીચારો બહુજ સુકઇ સોહરઇને ગોલ ગોલ બફેણાની બરાણી જેવો પટલો હતો; જ્યારે પણ તે બહાર જતો અને કોઇ અજાણ્યાની નજર તેની ઉપર પડતી, ત્યારે તે અજાણ્યો અંદેસામાં પડી જતો કે 'ઓ બાપરે! નખ્ખોદ ગયો બાઇ શું મરતો હશે!' એ કાવસ ધીમે બે ત્રણ વેલા મારી ચાડી ચુગલી કીધી હતી, તે હજી મને બરાબર યાદ છે, અને તે આ પ્રમાણે:—

એક રાતના ઘણી ગરમી પડવા છતાં, માસ્તર સાહેબના ધણીઆણીએ, અમારા સુવાના ઓરડાની બારીઓ બંધ રાખવાનો સખ્ત હુકમ આપ્યો હતો, અને તેના કારણમાં એમ જણાવતાં કે પાછલી રાતના બહુ થંડો પવન દીલ ઉપર લાગ્યાથી છોકરાઓ જરૂર સીક પડયા વગર રહે નહી, અને પછી અહીં તેઓની સારવાર કોણ કરે?' બધા છોકરાઓ તો બીચારા બારી બંધ કરી ગરમીમાં જેમ તેમ સુતા હતા, પણ સેવકને તો કાંઇ ઉંઘ આવે નહી: જેથી બીજે દીને સેવકે તેનો ઉપાય કીધો. રાતના સુતા કે મારી સામેની બારી ઉપર કોઇએ કાંઇ ફેંકયું, અને ખનનનન કરતો એક કાચ ભાંગો! બધા જણા ધભરાટમાં પડયા કે ચોર આવ્યા કે શું! બીકને મારે કોઇ હીલ્યું બોલ્યું નહી, અને આપણને તો પવનની ખુશ લેહેકી આવવા લાગી! થોડાક વખતમાં વલી કંઇ અવાજ થયો, અને બીજો કાચ ભુકો થઇને નીચે પડયો.

આપણે તો બા તે રાત પવનની ખુશ લેહેકીમાં કાથી! બીજે દીને રાતના સુતા પછી કેટલેક વખતે, સરવેની આંખ લાગી હશે એવું ધારી, વધારે પવન મેલવવાની આશા ઉપર તકયા નીચે સાંતી રાખેલો પથર બારી ઉપર સેવક ફેંકયો! પણ તેજ પલે મારી પછવાડે ઉભેલા કાવસ ધીમે ગડબડ કરી મુકી, અને બીજે દીને સહવારના માસ્તરને કહી આપી, મને નેતરના દસ ફટકાનું ઇનામ અપાવ્યું હતું. કાવસ-ધીમની એ મેહેરબાની હું ભુલ્યો ન હતો: તેથી તેનું ચીત વાજું વાગતું હતું તેમાં હોવાનો લાભ લઇ લાલ કીનારીનો રૂમાલ, કે જે ફકત તેજ વાપડતો હતો તે, તેના ગજવામાંથી સેરવી લીધો. હવે મને ફકત એક તાંચણી જોઇતી હતી, જે મેલવવાનું કામ સેહેલું ન હતું. જો કોઇ પાસે માંગતે તો મને મલતે ખરી, પણ પાછલથી પકડાઇ આવતાં કાંઇ મુશકેલીબી પડતે ખરી. વીચાર કરતાં આખરે બીજો ઉપાય સુજયો, અને સોદાવોતરની એક ખાલી બાતલીનો તાર સેહેલાઇથી મેલવી, મેં મારૂં કામ એવી તો સફાઇથી બજાવ્યું કે જમશેદજીની નજરે હું પડયોજ નહી. કાવસ ધીમના લાલ રૂમાલનું પુછડું માસ્તરની ડગલીએ વલગાવ્યા પછી, હાથ ધોવડાવતાં કોઇ ચાકરની નજરે તે પડે નહી તેટલાં માટે, તેનોબી મેં અગાઉથી ઉપાય લીધો હતો. ત્યાંથી ઝટ નીકલી હું બીજા છોકરાઓ સાથે જઇને બેઠો, અને મારા દોસ્ત કાવસ ધીમને અને બીજા એકને સમજાવવા લાગ્યો કે આપણી ફર-

જ છે કે માસ્તર જમવા બેહાય. ત્યાં જઈ તેવણુને કાંઈ જોઈએય કે નહી તે પુછવું જોઈએ. મારી સલાહ કાવસને ઘણી ગમી, અને અમોને સાથે લેવાની કંઈ પણ પરવાર કર્યા વગર, માસ્તર પાસે દોડી ગયો: જેથી તેની સાથે જવાનું આપરે મન કીધુંજ નહી. પણ થોડો વખત પછી હું દુરથી તમાશો જોઈ આવ્યો, અને તે એકે માસ્તર સાહેબના ગલાસમાં ધીમ સોદા વોતર નામતો હતો. થોડી વારમાં ધીમ અમારી સંઘમાં પાછો જોડાયો, અને રમત ગમતની વાતો ચાલી, પણ મારો બધો જીવ તો બીજેજ ઠેકાણે હતો. પા કલાક નહી થયો હશે, તેટલાં માસ્તર સાહેબને અસાધારણ ઝડપથી અમારી તરફ આવતાં મેં જોયા, અને તેવણ પાછલ પુરા મીજાજમાં હસ્તું એક નાનું ટોલુંબી અમો તરફ આવતું મારી નજરે પડયું. બારીકાઈથી જોતાં જમશેદજીના હાથમાં પેલોજ કમબખ્ત રૂમાલ પણ નજરે પડયો. મેં મારી નજર તરત ફેરવી નાખી અને કંઈજ હોય નહી તેમ બેદરકારીથી ઉભો; પણ જેમ જેમ જમશેદજી અને તેવણની પાછલનું ટોલું અમારી નજદીક આવતું ગયું, તેમ તેમ મારી છાતી વધારે ને વધારે ધપકવા લાગી, કે રખેને મેં મારૂં કામ કાચું કીધું હોય અને હું પકડાઈ જાઉં. પણ, નહી! માસ્તર સાહેબે તરત કાવસને શોધી કાઢ્યો, અને લાગલા તેની આગલ જઈ તેને બોચીમાંથી પકડી, એક એવી તો લાત મારી કે ગરીબ બાપડો ધીમ પોતાના ધીમરાં જેવાં આંગ સાથે ધમ દઈ જમીન ઉપર ધીમ થઈ ગયો! અને તોબાહ! પેલાં ટોલાંમાંથી કોઈ તેવણુને પકડે અથવા અટકાવે, તે અગાઉ તો બાપડા કમનસીબ ધીમ ઉપર બીજી બે ત્રણ લાત પડી ચુકી! જમશેદજી માસ્તરે પોતાના હાથમાં હજી પેલો રૂમાલ પકડેલો હતો, અને ભર મીજલસમાં પોતાને પુછડું બાંધવાથી જે અપમાન થયું હતું તેથી, તેવણ એટલા ગુસ્સે થયા હતા અને ઝનુનમાં આવ્યા હતા કે, તેવણ ગુસ્સાના ગુસ્સાથી ઠર ઠર ધ્રુજતા હતા અને એક વાકય પણ પુરો બોલી શકતા નહી હતા! તરત સરવે જણા વચમાં પડયા, અને તેવણને ઘંડા પાડવાની તજવીજ કરવા લાગ્યા, અને કેટલા જણા બીચારા કાવસ ધીમને ટેકો આપીને જમીન પરથી ઉઠાડતા હતા. બાપડો ધીમ રડતો અને કલ ખાતો જેમ તેમ ઉઠયો, તે જોઈ મારા દીલમાં મને દયા છુટી; પણ હું શું કરૂં? ભલાં વાંચનાર! તું ખરૂં માન, એમાં મારો કંઈજ વાંક ન હતો! હું તો ધારૂં છું કે એમાં મારો કંઈજ ગુનાહ નથી, પછી તો જેમ તારી મરજી!

જશનમાં પેટ પુરતું જમી રહેવા પછી સરવે મીજલસ તેબલ પરથી ઉઠીને, એકમેક સાથે વાત કરતી હતી, તેટલાંમાં ચાર પાંચથી એકાએક હસાઈ પડાયું: જેથી સરવે જણાંનું જમશેદજી ઉપર ધ્યાન ખેંચાયું, પણ તેવણની જાણે બલા! પણ જયારે કોઈએ તેવણના પુછડાં તરફ ધ્યાન ખેંચ્યું ત્યારે માસ્તર સાહેબને 'બરડે પાણી ઉતરયું.' પોતાનાજ ચેલાઓ ઉપર તેવણનો શક ગયો; હું ખાતરીથી માનુંચ કે સપર પેહેલાં તો તેવણને સેંત્રકનું નામ યાદ આવ્યું હશે, પણ હું તો તેવણ આગલ ફતકયોજ કયાં હતો? તે પણ તેવણને યાદ આવ્યું હશે. તેવણ આગલ તો કાવસ ધીમ હતો." તે એવાજ લાલ કોરના રૂમાલો વાપરતો હતો, તે તો તેવણને ખબર હતીજ: તેથી તેવણનો મજબુત શક તેની પર ગયો; પણ જયારે રૂમાલ હાથમાં લઈ તેની ઉપર કાવસનું નામ, તેના બાપનું નામ, તથા અટક ટુંકમાં લખેલી વાંચી, ત્યારે તે બાપડા બોકરાં ઉપર ઘણુંજ ઝનુન છુટેલું હોવું જોઈએ, અને તેનું પરીણામ શું નીપજયું હશે, તેથી વાંચનાર વાકેફ હોવાં જોઈએ.

ટુંકામાં, ત્યાં થોડો પણ વખત થોભ્યા વગર અમો સરવને લઈને માસ્તર સાહેબ ઘેર જવા નીકલી પડયા, અને રસ્તામાં ગરીબ બીચારા ધીમને કેટલી ગાલો, તમાચા, લાત મુકકાએ 'મ્હોડું સમારવું પડયું' તેની મેં ગણત્રી રાખી નથી. પણ એટલું તો ખરૂં કે બે ત્રણ વખત મારી સુઅલી કરી કાવસે જે મને શીક્ષા કરાવી હતી તે કરતાં સો ઘણું વધારે નહી તો પચાસ ઘણું વધારે તો એને જરૂર

ખમવું પડયું હશે. ઘેર પુગ્યા તે અગાઉ તો બીચારાનું પીણું લોહી પાણી નાહેકનું ઉડી ગયું, અને સાથે લાગું તેનું જમેલું પીધેલું, મરઘીની ટાંગ, કસ્તર, આઇસ લેમીનેદ, પણ ઉડી ગયું હતું, તેમાં કાંઇજ ચક નથી.

~~~~~~~~~

મસ્તી નંબર ૩૬.

વીરબાઇજીની સેસની નવી વધામણી—કેડી વીરબાઇજી—માસ્તર સાહેબે બજાવેલું અપરમપાર પુણ—ગુલીનું વધન કાંટે ગયું!

ગરીબ બીચારો કાવસ ધીમ! વગર વાંકે નાહેકનો બાપડો રસ્તામાંજ 'હલકો' થઇ ગયો, તે તો વાંચનારે જોયું હશે. પણ તેની સરજતમાંતો કેડા બીજા પણ 'મલીદા' હતા, તેની કંઇ આપણને ખબર નહી! બંગલાના કમ્પાઉન્ડમાં હજુ તો દાખલ થઇએચ, તે અગાઉ વીરબાઇજીના સાધની ગરજના અમારે કાને પડીઃ 'મુવા હારેમનજાદાઓને આવવા તો દે! જો મુવાઓના દરેકના બાલે બાલ ટુંપી નહી કાઢું તો હું હતી' આપણે તો બા તરત સમજી ગયાઃ કારણકે એ નવાં રમખાણમાંથી તમારા સેવકનોજ હાથ હતો. જશનમાં જવા માટે સરવે જણા તઇઆર થઇ રહયા હતાઃ ફકત જમશેદજીની બહાર આવવાની ખોટી હતી, તેટલાં લાકડાં છાનાં વગેરે ભરવાના ગોદાઊનમાં વીરબાઇજીને જતાં મેં જોયાં કે મારા હાથમાં વત થઇ આવીઃ જેથી કોઇનું ધ્યાન નહી ખેંચાય તેમ તે ગોદાઉન આગલ જઇ અંદર મેં દોકયું કાંઇ, અને વીરબાઇજીને અંદરના બીજા ઓરડામાં ગયલાં જોઇ વગર ખણખણાતે મેં બારણું ધાંકી, બહારથી સાંકલ દાબી હતી, અને કંઇજ બન્યું નહી હોય તેમ બીજા છોકરાઓ સાથે ભેલાઇને આપણે તો જશનમાં ધંડે પેટે કુચ કરી ગયા હતા.

અમો પાછા ફર્યા ત્યારે આસરે નવ વાગ્યા હશેઃ તેથી સઘલે ઠેકાણે સુપાસુપ હતું. અમારી ઘોડાગાડી પર દુરથી નજર પડતાંજ, વીરબાઇજીએ પોતાના પેટાખાનામાં ભરી રાખેલો દારૂગોલો અમારી ઉપર એકદમ છોડી દઇ, ઉપર જણાવ્યા પ્રમાણે આસપાસના બંગલામાંના સુતેલાંઓને જાગરૂત કીધાં. આવી રીતે કવખતે ઉશકેરાઇ જવાનું કારણ પુછતા પુછતા જમશેદજી સીહડી પર ચઢયા; પણ તેવણને કંઇ પણ ખુલાસો કરવાને બદલે, હું જેવો જમશેદજીની પછવાડેજ ચહડતો હતો તેવોજ, વીરબાઇજીએ મને મારી ગરદનમાંથી પકડયો અને ગાલોના વરસાદ સાથે એવો તો હીલવી નાખ્યો, કે બે ઘડી મારી ખાતર જમે થઇ ગઇ. પણ એવી હાલતમાંથી મને છોડવવાનું અપરમપાર પુણ જમશેદજીએ લીધું. તેવણ વચ્ચે પડયા, અને મને છોડાવી વીરબાઇજીના ગુસ્સાનું કારણ તેવણે સાંભળ્યું. પોતાની મોહોરદારને એવી રીતે હેરાન કરવાની અમોમાંથી કોણ નાપેકારે હીંમત કીધી હશે તેનો તેવણ વીચાર કરતા હતા, તેટલાંમાં ગરીબડા કાવસ ધીમ ઉપર, તેના કમબખતે, તેવણની નજર પડી કે તેજ ઘડી પોતાને પુછડું બાંધનાર તરીકે પણ તેજ તેવણને યાદ આવ્યોઃ જેથી તેવણની સોએ સો ટકા ખાતરી થઇ ચુકી કે, જે છોકરાએ ખુદ પોતાને ભર મીજલસમાં પુછડું બાંધવાની બેહાઇ અને હીમ્મત કીધી, તે છોકરો વીરબાઇજીને પણ એમ બુમ પડાવે એ તદન બનવા જોગ હતું. ભોગ બીચારા ધીમના! માસ્તર સાહેબે તેનેજ અપરાધી ઠેરવ્યો! કાવસે ઘણા પણ કાલાવાલા કીધા, અને કરગરીને પોતાને નીરદોશ જણાવ્યો, પણ નહી! જમશેદજી ઉપર કંઇજ અસર થઇ નહી, અને બાપડાને રાતો રાત કંઇ કુડીબંધ જપેતાથી હલકો કીધો, ત્યારેજ ધણી ધણીઆણી બન્ને દપત પડયાં!

બાપડો કાવસ! ગરીબડો કાવસ! બીચારાને જશન તો બહુ ભારી પડી ગયું! પાછલથી તેની હાલત ઉપર મને ઘણી દયા છુટીઃ કારણકે આટલી બધી કુન્દીપાક તે જમ્યો તે મારાં કારસ્તાનથીજ, યા મારા ચબીલા હાથથીજ, એમ મને લાગ્યું. પણ ચારૂં, તેમાં હું શું કરૂં? એવો બા એના નસીબમાં લખ્યું હશે તેવુંજ બન્યું!
~~~~~~~~~

મસ્તી નંબર ૩૭.

માયજી તથા બાવાજી તરફથી આખરે જવાબ—કુચની તઇઆરી—ધડેલો ઘાટ—આખાંનો પુરદો—રંગમાં ભંગ—સહી સલામત.

બીજે દીને મારી ઉપર બે કાગજો આવ્યાંઃ એક માયજીનું અને એક બાવાજીનું. બન્ને લખનારાંઓએ પોત પોતાના કાગજમાં મારી ખરાબ ચાલ માટે અફસોસ કરી, હું હવે કયારે સુધરીશ તે માટે અજાયબી બતલાવી હતી, અને છેલ્લાં લખ્યું હતું કે 'જમશેદજી માસ્તર તુંને એક દહાડો પણ વધારે રાખવા માગતા નથીઃ તેથી આએ કાગજ તુંને પુગે કે મુંબઇ આવવાની તઇયારી કરજે, અને બીજે દહાડે બપોરની ગાડીમાં ઉપડજે. એ વીશે બન્દોબસ્ત કરવા જમશેદજીને લખ્યું છે.'

ચાલ! આપણે પણ કયાં તઇઆર નહી હતા? પુણું તો પેટ ભરતું જોઇ લીધું હતું, અને ઘણા મહીના વર બહારગામ રહેવાથી ઘેરમાં જીવ ભરાઇ રહયો હતોઃ તેથી મુંબઇ ઉપડી જવા સેવક તો એક પગેજ હતા. બીજા ચોવીસ કલાકમાં તો મારે પુણાને, અને સાથે લાગી જમશેદજીને તેમજ વારબાઇજીને, છેલ્લી સલામ કરવાની હતી.

આગગાડીમાં મુસાફરી કરવા સેવકને ઘણી ગમે છે; એક મહીનો દહાડો આગગાડીમાંજ બેસીને મુસાફરી કરવા કોઇ કહે તો સેવક બંદા કંઇ ના બા કહે નહી જો! મુંબઇથી પુણે આવતી વખતે પેલા 'દશતુરજી શાહેબ' તે 'નોશાદીના ગવન્દર', જેવણ સુધારાવાલાંઓને ગધેડાં ઉપર બેસાડવા માંગતા હતા તેવણ,ના માણીતા પેતાવાની ગમત કદાચ વાંચનારને યાદ હશે. આ વેલાની વલતી મુસાફરી વખતે મને એક બે નવી ચીજની અજમાયશ કરવાની હતીઃ તેમાંની પેહેલી એ કે લાંબા અને બીલકુલ અંધારા ગુફાઓમાંથી જયારે આગગાડી ધીમે ધીમે પસાર થાય છે તે વેલા જો એક મોટો ફતાકડો ફોડવામાં આવે (બપાવાની ઇંજીનેરની નીચે ફોડયો હતો તેવો) તો લોકો બીહે કે? અને શું સમજે? અને બીજી અજમાયશ એ કરવાની હતી કે ગાડીના બારણાની નીચે જે લામ્બું દોરડું બાંધી રાખવામાં આવે છે, તે જો ખેંચવામાં આવે તો શું થાય? કારણ કે એ દોરડાં વીશે મેં એમ સાંભળ્યું હતું કે, જો કંઇ જીવ સતોસતનું કામ હોય તો તે વખતે, એ દોરડું ખેંચવાથી તરત તરેન ઉભી રહી જાય, અને કોઇને કંઇ મદદ જોઇતી હોય તો તે પુગાડવામાં આવે. ઉપલી બન્ને અજમાયશ કરી જોવા માટે સરવેથી મોટા બે ફતાકડા, ગંધકની મેચીસનો એક બાકસ (કારણકે, પેલી બીજી તો સલગાવતી વખત અવાજ કરે), પેહલું દોરડું ખેંચવા માટે હાંડી ઓરવવાનો એક લામ્બો હુક, અને છેલ્લે સુતરીનો એક કટકો—એટલી ચીજો મારે જોઇતી હતી. ફતાકડા સીવાય સરવે ચીજો ઘર મધેથી મેલવી શકાય તેમ હતુંઃ તેથી ફતાકડા લેવા રૂસ્તીમ લાંબતાંગ સાથે સાંજના બજારમાં જવાનો મેં વીચાર કીધો હતો. રૂસ્તીમ અમો સરવેમાં લામ્બો હતોઃ તેથી તેનું નામ લાંબતાંગ પાડયું હતું. રૂસ્તીમને અને મને ઘણી દોસ્તી હતીઃ કારણકે મારી દરેક રમત ગમતમાં અને ધીંગા મસ્તીમાં તે હમેશાં ભાગ લેતો હતો, અને હું પોતબી તેને દરેક રીતે તેના કામમાં મદદ કરતો હતો. મારેથી જુદું પડવાનું હોવાથી બીજા છોકરાઓ ઘણા દલગીર હતા; પણ તેમાં રૂસ્તીમ તો ઘણોજ દલગીર હતો. હવે છેલ્લી એકજ રાત બાકી રહેલી હોવાથી તે રાતના કાંઇ મજાહ કરવાનું મેં તેને સુચવ્યું, પણ પોતે દલગીર હોવાનું કારણ બતલાવી પેહેલાં તો તેણે ના પાડયું. મેં જયારે ઘણી બોહોંસ કીધી, ત્યારે કોઇબી રીતે એટલી છેલ્લી રાત ગજાવવામાં ભાગ લેવા, તે આખરે કબુલ થયો. બજાર તરફ જતાં મેં વીચાર કીધો, અને તે રાતનાં શું શું કરવું તે મેં જાહાંગીરને જણાવ્યુંઃ જેનેબી તે પસંદ પડવાથી મારી સુચના મુજબ કરવાનું અમોએ નકકી કીધું. ફતાકડા, મેચીસનો એક બાકસ, અને થોડોક લોખંડનો પતલો તાર ખરીદ કરી, ઘર તરફ પાછા ફરવાનો વીચાર કરતા હતા, તેટલાં એક દુકાનની બહાર ઓરવેલાં કાગજના બનાવેલાં ફકરબીહામના બેલાતી મોહોડાં પર

મારી નજર પડી. તે રાતના તે ચીજ ઘણી કામ લાગે એવી હોવાથી તે પણ અમોએ અમારી સાથે લીધી, અને પછી લગાર લામ્બો કાંવો ફરીને ઘર જવાનો વીચાર કીધો. ફરતા ફરતા અમો એક ઈંગ્રેજની મોટી દુકાન આગલ જઈ લાગ્યા; જેના બારણા, જે તમામ કાચનાં હતાં તે, હમેશાં બંધ રાખવામાં આવતાં હતાં, અને બારણા બહાર, એટલે રસ્તા ઉપરથી આવનાં જતાં લોક વાંચે તેમ, ખુલ્લા અક્ષરે PUSH (પુશ) કરી લખેલું હતું. 'પુશ' એટલે 'અંદર ઢકેલો.' એટલું તો હું ચોકસ જાણતો હતો. પણ રસ્તા પરથી આવતાં જતાં લોકો પાસે એ બારણાને અંદર ધકેલાવવાનું કારણ શું હશે તે મારી ગમે તેટલી હુસ્યારી છતાં હું સમજી શકતો ન હતો. અને હવે પુણા શેહેરમાં તો હું થોડાજ કલાકનો પરોણો હતો: તેથી એ 'પુશ' નો ભેદબી જાણી લઉં, એવો મારો વીચાર રૂસ્તીમને જણાવી, મારા હાથનું બાંડરૂં મેં તેના હાથમાં મુકયું, અને તેને જરા આગલ ચાલી જવા જણાવ્યું. મેં વીચાર કીધો કે એ બારણું તો ઘણાં જણાંએ અંદર હડસેલ્યું હશે તેમાં કંઈ નવાઈ થઈજ નહી, પણ સેવક એવી રીતે હડસેલી બતાવે કે તેવી રીતે કોઈએ પણ એ બારણાને અંદર હડસેલ્યુંજ નહી હોય. મને લાગ્યું કે એમ કરવાથી કાંઈ નવું રમખાણબી કદાચ ઉઠું થાય: તેથી પેહેલાં તો મારી હીમ્મત ચાલી નહી; પણ તમારા સેવકે આટલી ઉમરમાં કોઈબી વખતે હીમ્મત હારી ખાધી ન હતી, અને આ વેલા જો હારી ખાઉં તો મારી આબરૂને જાખ લાગે અને કદાચ હાંચકારોબી ગણાઉ! તે પરથી બારણા આગલ એક ગાડી ઉભેલી છતાં, મેં મારી છાતી કઠણ કીધી, અને મારા આંગમાં જેટલું પણ જોર હોય તે બધાં જોર સાથ તે કાચનું બારણું અંદર હડસેલવાનો મેં મારાં દીલમાં ઘણોજ મકકમ ઠરાવ કરી, ધસારા બંધ હું સીહડી પર ચઢયો; જેવો હું મારી ધારણા પર પાડવા જતો હતો, તેટલાં દુકાનમાંથી બહાર નીકલવાના વીચારથી બારણા આગલ ઉભેલો એક બુઢો ઈંગ્રેજ મને કાચમાંથી દેખાયો! પણ મારેથી મારી ધારણા અટકાવી શકાઈ નહી: એટલે પેલા બુઢા ઈંગ્રેજને બારણાની પેલી બાજુએ ઉભેલો જોવા છતાં, મારાં સઘલાં જોર અને ધસારા સાથે, મારેથી બન્ને બારણાં અંદર ઠેરવી દેવાયાં! વીજલીની ઝડપથી મેં મારી પીઠ ફેરવી (અલબતાં, ત્યાંથી 'વટેણાં વાવી જવા' માટેજ તો), પણ તે અગાઉ એક બારણું એક જબરદસ્ત ધડાકા સાથ કસાંને અઠડયું, અને બીજું બારણું પેલા બુઢા દોસાના 'ડોઠાં' સાથે એવુ તો અઠડયું કે, તેજ પલે તે બીચારો ત્યાં ચતો પાટ પડયો! બારણાંનો ધડાકો એવો મોટો થયો કે કોઈના પણ પેટમાં ફાલ પડયા વીના રહે નહી, અને મારા પેટમા તો તે પલે કલેજી નહી હતી! નાસવા માટે હું વીજલીની ઝડપથી સીહડી પરથી કુદી પડયો! અને થોડાંક પગલાંબી દોડયો નહી હોઈશ, કે બારણા આગલ ઉભેલી પેલી ગાડી, જેનો ઘોડો પેલા જબરદસ્ત ધડાકાથી ચોંકીને નહાસતો હતો તે, મારી પછવાડે આવતી મેં જોઈ. આ રમખાનની જગ્યેથી તરત દુર નાસવાની સરસ ટક જોઇ, લાગલો હું પેલી દોડતી ગાડીની પછવાડેની બેઠક પર, મારા હાથના કોપરીથાંથી, તીંગાયો; તે ગાડી મેલ તરેનની ઝડપથી દોડતી હતી! ગાડીને થોભાવવા કોચમેને ઘણીબી કોશેશ કીધી હશે, પણ તે ચોંકુલો ઘોડો થોભાવી શકાયો નહી. બે મીનીતમાં તો અમે ઘણા દુર નીકલી ગયા; અને જયારે ઘોડાને મેં ધીમો પડતાં જોયો: એટલે વધારે વાર તીંગઈ રેહેવામાં સાર નહી• સમજી હું તે બેઠક પરથી સરી પડયો; પણ કમનસીબે જમીન ઉપર ઉંધો પટકાયો! ગમે તેવી જોરમાં દોડતી ગાડી પકડી પછવાડેની બેઠક ઉપર તીંગાઈ રહેવાની, અને પછી જયાં ઉતરવું ઘટે ત્યાં સફાઈથી ઉતરી પડવાની, મેં ખાસ ટેવ પાડેલી હતી, અને તેવી રીતે ઉતરતાં અત્યાર સુલીકમાં એકબી વખત મેં ઠાપ ખાધી ન હતી; પણ આ વેલા મારી હુસ્યારી કામે લાગી નહી: કારણકે, એક તો તે વખત બીલકુલ મારા પેટમાં કલેજી હતી નહી, મારા હાથ પગ ધ્રુજતા હતા,

અને વળી મુખ્ય કારણ તો એ કે રસ્તા પર તરતનું પાણી સીપેલું હતું: જેથી સઘલે કાદવ થઇ રહેવાથી મારૂં પગલું છટકી ગયું હતું. રસ્તેથી પસાર થતાં કેટલાક માણસોએ મને એમ પડેલો જોયો. પણ તે લોકમાંથી કોઇ કાંઇ બોલ્યું નહી. તેઓએ ધારયું હશે કે ગાડી ઉપર હું અમસથો ચઢયો હોઇશ, અને પાછો ઉતરવા જતાં પડી ગયો હોઇશ! પણ જો તેઓમાંથી કોઇ ખરી બીનાથી વાકેફ હતે તો, જરૂર મને પકડીને, પેલી દુકાનના માલેક આગલ લઇ જતે! પડી જવાથી મને કાંઇ ઘણું વાગ્યું ન હતું, પણ મારો દગલો પાતલુન તદન, ઉપરથી નીચે સુધી, કાદવમાં ખરાબ થયો હતો. હું તો મુંગો મુંગો આગલ ચાલ્યો, પણ મારી સામનેથી આવતું દરેક જણ મારાં ખરડાયલાં કપડાંને લીધે મને તગર તગર તીકીને પસાર થતું હતું. હવે કેમ કરવું તેના વીચારમાં હું પડયો, પણ તરત મારો વીચાર મારી મદદે આવ્યો. દગલો પાતલુન મેં કાઢી નાખ્યો, અને તે હાથમાંજ રાખ્યો. આ હીકમત મને ઠીક લાગીઃ કારણ કે દગલો પાતલુન હાથમાં રાખ્યા પછી કોઇનું બી મેં ખાસ ધ્યાન ખેંચયું નહી, અને ખંદીઆન લેંગા પરજ હું સહી સલામત ઘેર જઇ પુગ્યો.

હું ઘરે પુગ્યા પછી કેટલેક વારે જાંહગીર આવ્યો, અને મને સહીસલામત બેહેલો જોઇ, તેના પેટમાં ધીરજ આવી. મેં તેને મારો હેવાલ જણાવ્યા પછી તેણે ખુલાસો કીધો કે દોડતી ગાડી પાછલ ચઢી બેહેલો મને જોઇ તે એક રીતે ખુશી થયો કે હું સેહેલાઇથી દુર નાસી જઇ શકીશ, અને બીજી રીતે દલગીર થયો કે ઘોડો ઘણો ચોંકેલો હોવાથી રખેને ગાડીને કેઠે ઉંધી મારે, અને મને કંઇ અકસમાત થાય. બારણું અફલાવાનો અવાજ એટલો મોટો થયો કે, તેણુબી બીહીને પાછું ફરી જોયું હતું. ગાડી પાછલ મને સહીસલામત ચઢેલો જોઇ, તે કંઇ જાણતો નહી હોય તેમ, બીજા રાહદારીઓ સાથે ભેલાઇને, પેલાં બારણાં આગલ જઇને ઉભો, ત્યારે દુકાનમાં ઘણો ઘભરાત થઇ રહેલો તેને માલમ પડયો. એક બારણાંના તમામ કાચો ભાંગીને ભુકો થઇ જમીન ઉપર પડયા હતા, અને દુકાનમાં માણસોનું ટોલું બે ભાગમાં વેંહેંચાઇને, દોડધામ કરતું હતું: એક બાજત ઉપર એક બુઢા ઇંગ્રેજને સુવડાવેલો હતો, અને તેની સારવાર કરવામાં કેટલાક જણા ગુંતાયલા હતાઃ જયારે બીજી તરફ એક મડમ, પેલા જબરા ધડાકાથી ઘભરાઇને, બેશુદ્ધ થઇ પડી હતી, જેણીને સુધ્ધીમાં લાવવાની દોડધામ ચાલતી હતી; ત્યાર પછી બે ત્રણ જણા દુકાનની બહાર આવ્યા, અને ભાંગી ગયલું બારણું તપાસી, આખરે એવાં મત ઉપર આવ્યા કે, કોઇએ જાણી બુજી નુકશાની કરવાના ઇરાદાથી તે બારણું ઘણા જોરથી અંદર હડસેલ્યું હતું; પણ તે કોણે, તે અલબતાં કોઇ જાણી શકયું નહી. કેટલેક વારે પેલો બુઢો દોસો સુધ્ધીમાં આવ્યો, અને પોતાને ઘરે જવા માગ્યું: જેથી તેને ટેકો દેતા બે ત્રણ જણા બારણા સુધી જેમ તેમ ચલાવી લઇ આવ્યા; પણ તે બાપડાને પછીજ ખબર પડી કે તેની ગાડી તો કેઠે નાસી ગઇ હતી. બીજી ભાડેની ગાડી લઇ આવવા એક માણસને દોડાવવામાં આવ્યું, અને તેટલી વાર તે બાપડાને પાછો સુવડાવી દીધો.

પ્રીય વાંચનાર! આ રીતે હું એક વધનમાંથી તદન સહીસલામત બંચવા પામ્યો ખરો, પણ એજ રાતના રચેલી બાજી જો સહીસલામત પાર પડે તોજ પુણા બાતેની 'મારી મસ્તીની મોસમ' પુરી થયલી ગણાય!

મસ્તી નંબર ૩૮.

ઘડેલો નવો ઘાટ—તેને લગતી માહાભારત ગોઠવણ—જમશેદ ચટાપટાની સામેલગારી—બજીગુલ—ખુશ ઉંઘમાં પડેલાં માસ્તર સાહેબ અને તેવણના પાણીઆણી—ચીતર ઘોડેરવારો—બરાબર અગ્યારના ટકોરાએ એક અતી કદરબીહામણો આકાર.

અમારી છુપી મસલતમાં પાર પડવા અમોને એક બીજા જોરાવર છોકરાની મદદ જોહતી હતી, જે પણ અમોએ અગાઉથી મેલવી રાખી હતી. ટુંકમાં, અમો ત્રણ જણા સીવાય બીજા કોઇ પણ છોકરાને અમારી એ બાજીમાં સામેલ નહી કરવાની મેં સંભાલ રાખી હતી.

રાત પડવાની અમો ત્રણ જણા ઘણી ઇન્તેજારીથી વાર જોતા હતા. આખરે તે વખત આવ્યો, અને કેટલીક ગડબડ પછી, એક પછી એક કરી, અમો ત્રણ જણા સીવાય સરવે છોકરાઓ ઉંઘાઇ ગયા. જયારે અમારી ખાતરી થઇ કે સરવે જણ ભર ઉંઘમાં પડયા હતા ત્યારેજ અમે ઉઠયા, અને અમારૂં પરાક્રમ અમલમાં ગુપચુપ મુકવાની તઇયારીઓ અમે કરવા માંડી.

ઉપર જણાવ્યું છે કે એક જોરાવર છોકરાને અમોએ અમારી મસલતમાં સામેલ કીધો હતો, તે છોકરાનું બી નામ જમશેદ હતું, પણ

તેને ‘ચટાપટી’નો ખેતાબ સેવકે બક્ષેલો હતો, જેથી પેલા ‘જમશેદ ધીમ’ સાથ તેનું નામ ભેલાઇ જાય નહી. જમશેદ ચટાપટી અમારા સુવાના ઓરડામાંનો દીવો પેહેલાં બુજાવી નાખવા જતા હતો, પણ બતીનો સ્ક્રુ ફેરવતાં મેં તેને અટકાવ્યો, અને ચીમનીમાં ફુંક મારી મેં બતી બુજાવી નાખી. એ રીતે બતી બુજાવવાનું કારણ એ જે, અમારી યોજનામાં જો અમો પાર નહી પડયે, અને અમારે વીશે કંઇ ખોલ કરવામાં આવે તો, બતી જાણી જોઇને બુજાવી નાખવામાં આવી હતી એવો શક કોઇને પણ જાય નહીઃ કારણ ફુંક મારવાથી બતીનો કાકરો જેમનો તેમ રહે અને તે ઉપરથી ધારવામાં આવે કે પવનથીજ બતી બુજાઇ ગઇ હોય. એ બતી ગુલ કીધા પછી, જમવા બેસવાના મોટા ઓરડામાંની લાઇતના પણ મેં તેવાજ હાલ કીધા; અને ઓરડામાં પાછો ફરૂં તે અગાઉ મારી ખાતરી કરતા આવ્યો કે માસ્તર સાહેબ અને તેવણના ધણીઆણી ખુશ ઉંઘમાં ઘોરતાં હતાં. ઓરડામાં પાછો ફરયો, ત્યારે રૂસ્તીમને મેં જમશેદ ચટાપટીની ખાંધ ઉપર ઘોડો કીધેલો જોયો. ચાલવામાં જરાબી હરકત પડે નહી તેની સંભાલ રાખી, તેઓ બન્નેની આસપાસ મેં એક ચાદર લપેટી, અને પછી પેલું કાગજનું કદરબોહામણું મ્હોડું પેહેરી, એકેએક હાથમાં એક એક લાકડી રાખી, કબતની મદદથી હું પોતે રૂસ્તીમની ખાંધ ઉપર ચઢી બેઠો. ઉપર બેઠા બેઠાએ મેં મારાં આંગ ઉપર એવી રીતે બીજી ચાદર ઓઢી કે, ચટાપટી અને રૂસ્તીમ પોતાનો રસતો જોઇ શકે તે માટે તેઓએ ઓઢેલી ચાદરમાં જે કાણાં પાડયાં હતાં તે પુરાઇ જાય નહી. અમારી આ તઇઆરી પુરી થઇ, અને અગ્યારનો ટકોરો પણ સંભલાયો! અરે વાંચનાર! ઉંબરમાં પણ નહી માય એટલો ઉંચો. દુધ શફેદ, અને ઘણુંજ કદરૂપાં કદરબોહામણાં મ્હોડાં સાથનો આકાર, ખરી મધરાતના તારા બીછાણાથી જરા દુર ઉભેલો, એકાએક તારી નજરે પડે તો તે વખતે તું શું ધારે? તું ચીસ પાડે કે બેશુદ્ધ થઇ જાય? તે વીષે હું પોતે નક્કી કહી શકતો નથી, પણ એટલું તો કહી શકું કે તે વખતે તારૂં કલેજું કુદકો મારીને તારાં મ્હોડામાં આવ્યા વગર રહેજ નહી!

મસ્તી નંબર ૩૯.

આકારની દબદબા ભરેલી કુચ—એક ઘાડો અવાજ—શહેતાન, ભુત, ખવીશ કે ‘ઘેરનો રખેવાલ’! આકારની ઉઠ બેસ—વીરબાઇજીએ બાધેલી હેબત—આકારે લીધેલાં ‘ઝંમ્પાં!’—આકારના છુટાં પડેલાં હાડકાં પાંસરાં—આકાર બર્‌ર્‌ર્‌ર ભુઉઉસ!

ધોકડ નહી લાગે તેટલા માટે દરેક કદમ ઘણીજ સંભાલથી ઉંચકી, જમશેદ ચટાપટીએ માસ્તર સાહેબના ઓરડા તરફ ચાલવા માંડયું; પણ તે પેહેલાં અમારા ઓરડાના ઉંબરમાંથી બહાર નીકલવાને અમને કેટલીક મુસ્કેલી પડી હતી. ત્રણ જણા મલી અમે એટલા લાંબા થયા હતા કે ચટાપટીને બેસી જઇને બેઠાંબેઠાંજ ઉંબર ઓલંગવો પડયો અને બહાર પડયા પછીજ તે પાછો ઉભો થયો! જરા પણ અવાજ યા ખખડાટ કીધા વગર આસ્તે આસ્તે જમશેદજીના ઓરડા નજદીક અમો જઇ લાગ્યા, અને ઉંબર આગલ બહારથી ઉભા રહી ઓરડાનું બારણું, જે અલગું ધાંકવામાં આવતું હતું તે, હલવેથી ઉઘાડયું, અને અંદરની બતીના ઉજાસથી અમો જોઇ શકયા કે માસ્તર સાહેબ અને વીરબાઇજી ભર ઉંઘમાં પડેલાં હતાં. જમશેદજીની ઉંઘ ઘણી ખરાબ હતી, અને વીરબાઇજીની ઉંઘ અતી સજાગરૂ હતી, તે વાંચનાર તું ભુલી ગયો નહી હશે; અને જો ભુલી ગયો હોય તો એ બન્ને માટી બઇચરના બીછાના નીચે અગાઉ સેવક ભરાયા હતા તે બીના તારે યાદ કરવી. બન્ને જણાને મીઠી ઉંઘમાં બેખબરા પડેલાં જોઇ, ફકત વીરબાઇજીનેજ સજાગરૂ કરવાની મતલબથી, એક મોટો કુતરો ઘુરકે તેવો, ઘાડો અવાજ મેં મારા ઘાટાંમાંથી કાઢયો. મારી ત્રીજી કોરોશ ફતેહમંદ નીકલી, અને વીરબાઇજીએ કુદરતી રીતે પહેલી નજર બારણાં તરફ ફેંકી! ઓ મારા ખુદાય! તેવણના કલેજાંએ તેવણના મોંહમાં કુદી આવવા તે વેલા કેવો ઉછાલો મારયો હશે? તેવણે અમારા આકાર વીશે શું ધારયું હશે? શહેતાન! ભુત! ખવીસ! કે ‘ઘેરનો રખેવાલ’! વલી તેવણને વધારે બીહીવડાવવા માટે મેં મારા હાથમાંની દરેક લાકડી, જેબી મેં ઓઢેલી પીછોડીથી ઢંકાઇ ગઇ હતી તે, સાથે મેં મારા હાથ પોહોલા કરયા, અને ધીમેથી ગુંગલાયલો સાદ મેં મારાં ગલાંમાંથી કાઢયો! લાકડીઓ સાથે બન્ને હાથ પોહોલા કરવાની મતલબ એ કે, જેમ કદ લામ્બું તેમ હાથ પણ લામ્બા રાખવાથી, કોઇને પણ કાંઇ શક જાય નહી. વીરબાઇજીની છાતી અને મગજની હાલત તે વખતે કેવી હશે તે વીશે વાંચનારેજ ખ્યાલ કરી લેવો! તેવણ તો ઢબાઇજ ગયાં, ને આંખના ડોલા ફાડી જોતાં! અને

તેવણું અમારી ઉપરજ નજર રાખી મુકી હતી! અમારી તરફથી નજર ફેરવવાની પણ તેવણુંમાં હીમ્મત અથવા સુધ્ધ નહતી! પેલો બીહામણો અવાજ થોડે થોડે વખતે કાઢવાનું મેં મારીજ રાખ્યું હતું, અને મારો ભાગ પુરેપુરો બજાવવા ખાતર હું મારા હાથો પણ થોડે થોડે વખતે ઉંચકતો, પોહોલા કરતો, અને પાછા સરખા કરી દેતો હતો! મારો ભાગ સારી રીતે બજાવવા હું જેટલો ઉલતમંદ હતો તેટલોજ ઉલતમંદ જમશેદ અટાપટી પણ હતો. તે થોડી થોડી વારે બેસી જતો, અને પાછો ઉઠતો! જેથી અમારો આકાર ઘડીકમાં લાંબો અને ઘડીકમાં ટુંકો થતો હતો! અલબત્તાં! તે વેલા વીરબાઈજીની હાલત કેવી હતી તે અમો સારી રવેશ સમજતા હતા, પણ તેવણુને બીહીવડાવવામાં અમે ઘણી મજાહ મેલવતા હોવાથી, કેટલીક મેહેનતે અને જોખમે ઉભી કાધેલી, આ અમારી ગમત તરત છોડી દેવાનું અમોએ દુરસ્ત ધારયું નહી. હજી કેટલોક વખત વેર અમે એમ કરયા કરતે, પણ તેટલાં વીરબાઈજીએ એક એવી તો જબરદસ્ત અને ભયંકર ચીસ એકાએક પાડી કે આખો બંગલો ધમધમી રહયો, અને અમારાં પણ 'લમ્પાં લેવાયાં'! તરતજ જમશેદજી હેબતથી ફાલ ખાઈ ઉઠીને બીછાના પર બેઠા, અને પુરેપુરી ઘભરાટની અસર વચ્ચે 'હેં! હેં!! હેં!!! શું છે!!! શું છે!!!' બોલ્યા! પણ તેવણુના ધણીઆણી કાંઈબી કારણ જણાવે તે અગાઉ ખુદરતી રીતે બારણા તરફ તેવણે નજર ફેરવી, અને ત્યાં તેવણુને અમારો આકાર ઉભેલો જણાયો! હવે અમારાં પોતાનાંજ 'લમ્પાં' લેવાયલાં હોવાથી જમશેદજીને બીહીવડાવવાની અમોએ પરવા રાખી નહી, અને પાછલે પગે હઠવા માંડયું! અમોએ તો ધારયું હતું કે વીરબાઈજી કંઈ ચીસ પાડશે નહી, પણ અમને જોતાં વારજ તેવણુની છાતી બેસી જશે, અને પછી સુધ્ધીમાં જ્યારે આવીને પોતે નજરે દીઠેલા આકારનું બયાન પોતાના ધણી આગલ કરશે ત્યારે 'કંઈ સ્વપનું બપનું જોયું હશે' એમ બોલી જમશેદજી તેવણુને હસી કાઢશે. પણ આ તો કંઈ જુદોજ બનાવ બની ગયો, અને રખે પકડાઈ જાવશે તેની ધાસ્તીથી અમોએ ત્યાંથી જેમ બને તેમ ઉતાવલમાં 'વટેણુ' વાવી જવાનું દુરસ્ત ધારયું! પણ ભલા વાંચનાર! નસીબમાં બનવાનું હોય તે કંઈ રહી જાય વારૂ? ઉતાવલમાં નાસતા જતાં જમશેદ અટાપટીએ ઓટલો બાહર પેલા પગમાં ભેરવાઈ ગઈ, અને માસ્તરના ઓરડાના ઉંબરથી થોડેક દુર જમશેદે થોકડ ખાધી; પણ સેવક છેક ઉપરનો ઘોડે સ્વાર હોવાથી પેહેલાં, પછી રૂસતીમ લામ્તાંગ, અને પછી જમશેદ અટાપટી જમીન પર પટકાયા! અલબત્તાં! અમો ત્રણુ જણાને ઘણું વાગ્યું, અને તેમાં મને તો સઘલાઓ કરતાં વધુ. પણ એવી વેલા વાગ્યાનું દુઃખ કોણ રડે? અને જો દુઃખ થતું પણ હોય, તો દરકારબી કોણ કરે? વાગ્યું તો વાગ્યું; પણ તરતજ પાછા નહાસવાની અમોએ હુસ્યારી રાખી હતી, અને પેલું મ્હોડું તથા બેઉ લાકડીઓ ગોદરાં નીચે દકેલી દઈ, કંઈજ બન્યું નહી હોય અને કસાંમાં જાણે હોઈયેજ નહી તેમ, ધડકતી છાતીએ અમો પોત પોતાના બીછાનાપર સુતા!

~~~~~~~~

મસ્તી નંબર ૪૦.

બેહેકી ગયલું કામ—માસ્તર જમશેદજી ખુફ્ફાને પડાવેલી બુમ—માસ્તર સાહેબ નીચે પટકાયા—અને તબી વાજતા ને ગાજતા!—ફકત એક નરાકોરીજ ફુટી!—બેસુદ્ધ વીરબાઈજીને સુધ્ધીમાં લાવવાના ઇલાજો.

વક્કીથી કામ તો ઘણું બેહકી ગયું હતું, અને હવે શું થશે તે જાણવાની ઇન્તેજારીમાં અમો હતાઃ તેટલાંમાં વલી કોઇનો જમીન ઉપર પટકાવાનો અને તેથી થયલાં દુઃખથી કાંસવાનો અવાજ ખુલ્લે ખુલ્લો અમારે કાને પડયો! વાંચનાર વીચારમાં પડશે કે વલી એ કોણ પડયું! પણ તેનો જવાબ હું ચોક્કસ રીતે આપી શકાશ. એ પડનાર અને કાંસનાર કોઈજ નહી પણ જમશેદજી ખુફ્ફાજ હતા! તેવણુના ઓરડાના ઉંબરથી એક બીલ્લસ ઉંચે બેઉ બાજુથી મેં ખીલા ઠોકી રાખ્યા હતા, અને અમારા સુવાના તથા જમવાના ઓરડામાંની લાઈત બુજાવી નાખી, માસ્તર તથા તેવણુના ધણીઆણી ઉંઘાઈ ગયલાં હતાં કે નહી તે વીશે હું જ્યારે ખાતરી કરવા ગયો હતો ત્યારે, અગાઉથી તઈયાર કરી રાખેલા એક તારના કટકાનો એકેકો છેડો તે ખીલાઓ ઉપર મજબુત રીતે લપેટવાની મેં સંભાલ લીધી હતી; જેથી જો કદાચ માસ્તર સાહેબ અમારી પુઠ પકડવા અમારી પાછલ આવે તો, રાતના તે તાર નહી દેખાવાથી, ઠોકરાઈને ત્યાંના ત્યાંજ ગોબાટ ખાય: તેટલાં અમો નેકનામો સહીસલામત રીતે 'પોલ' થઈ ચાલ્યે!

વીરબાઈજીની ચીસથી એક તો હેબત ખાઈને જમશેદજી ચોંકી ઉઠયા હતા, અને તેટ-

34
~~~~~~~~

જ્યાં તેવણુની નજર અમારા પેલા આકાર ઉપર પડી, ત્યારે તેવણુ પણુ દંગ થઇ ગયા હશે. પણુ તેટલાં તો અમે પાછા ફરયા, જેમ કરતાં અમે જમીનદોસ્ત થયા, અને પડતાં ખડતાં પણુ જીવ લઇ નાઠાઃ એ સઘલું જમશેજીએ જોયું હશે, અને ત્યારે કદાચ તેવણુનો ધ્રભરાટ થોડો ઘણો નરમ પડ્યો હશે. તે આકારના 'કટકાઓ' કયાં ગુમ થઇ ગયા, તે જોવા માટેજ કદાચ તેવણુ ઉઠયા હશે, પણુ ઉંબરની બહાર તેવણુનો પગ જાય તે અગાઉ તો તેવણુ મારી યુકતીના ભોગ થઇ પડયા! અને તે પણુ કેવા? જબરદસ્ત! કારણુ વીરબાઇજીની ભયંકર ચીચારીથી ઘેરમાંના બે ત્રણુ માણસ તેવણુના ઓરડા તરફ દોડી આવતાં હતાં, તેઓએ જ્યારે પોતાના શેઠને જેમ તેમ ઉંચકયો ત્યારે તેઓએ લોહી લુહાન હાલતમાં તેવણુને જોયા. પણુ તેવણુને કાંઇ ઘણી ઇજા થઇ ન હતી; ફકત નસકોરી ફુટી ગઇ હતી, અને તેમાંથી લોહી તપકયાંથી કપડાં ખરડાયાં હતાં.

પાછલથી અમને ખબર મલવા મુજબ જમશેદજીને જમીન ઉપરથી ઉઠાડવા પછી તેવણે પોતાની મોહોરદાર ઉપર ધ્યાન દોડાવ્યું, જેવણુ ચીસ પાડીને તરત બેશુધ થઇ ગયાં હતાં. વધુ લોહી પોતાના બદન ઉપર તપકતું અટકાવવા જમશેદજીએ એક હાથે રૂમાલ નાખ ઉપર દાબી રાખ્યો હતો, અને વીરબાઇજીને શુધીમાં લાવવા માટે જે તજવીજો કરવામાં આવતી હતી તેમાં મદદ કરતા હતા. કેટલેક વખતે અને કેટલીક મુશકેલીએ વીરબાઇજી શુધીમાં આવ્યા, અને પોતે જે દેખાવ જોયો હતો તેનું કેટલીક સહુરાગાત સાથે બયાન કીધું. તેવણુના ધણીએ કેટલીક ધીરજ દઇ એ 'ઘરના રખેવાલ' નો પત્તો મેલવવાની કબુલાત આપી.

~~~~~~~~

મસ્તી નંબર ૪૧.

સઘલા ભર ઉંઘમાં પડી ગયા!—પગલાંનો અવાજ—નેતરનો 'સરરર' કરતો એક કટકો—તેનો ચમચમાત—નેતરનું થોડુંક બીજું ભોજણુ—એક મોટો ધરતીકંપ—આગ—પરીણામ—સેન્ટઃછેલ્લો સલામ!

અમો ત્રણુ જણા સીવાય સરવે છોકરાઓ ખુશ ઉંઘમાં સ્વપનાઓ જોતા હતા. માસ્તર સાહેબના ઓરડામાં શું શું બોલાતું હતું, તે સાંભલવા અમે અમારી સાંભલવાની સઘલી શકતી કામે લગાડતા હતા; પણુ કોઇ કદાચજ કુચે છવાયો વાકય અધુરો સંભલાઇને રહી જતો હતો, તેટલાં, મને યાદ આવી ગયાથી ઉઠીને, મેં પેલી ચાદર મારા બીછાના ઉપર પાંછરી દીધી. પણુ તેના છેડા ઉતાવલમાં ખોસવા જાઉંચ, તેટલાં મને કોઇના પગલાં સંભલાયાં. તરત સેવક તો ભર ઉંઘમાં પડી ગયા! બે ત્રણુ જણુના પગલાં હવે ખુલ્લી રીતે અમારા ઓરડામાં સંભલાયાં; પણુ આપરે તો બા ભર ઉંઘમાં પડેલા હોવાથી જરાકજ આંખ ઉઘાડી ચીમઇને જોવાનું બી સલામત ધારયું નહી. રફતે રફતે પગલાં તો છેક મારા પલંગની પાસે સંભલાવા લાગ્યાં, અને જરાકજ આંખ ઉઘાડી ચીમઇને, જોઉં કે નહી જોઉં, તેનો વીચાર કરૂંચ તેટલાં તો 'સરરરરર' કરતો નેતરનો એક ફટકો મારા બરડા ઉપર આબાદ ઉતરયો!

નેતરનો ચમચમાત જબરો હતોઃ તેથી એક મોટી બરાડ મારી, અને સાથે લાગી જમશેદજી બુક્કાને પણુ 'ચોપડી,' હું આંખ ચોલતો એકાએક ચોકી ઉઠયો. પણુ બાપજી રેએ! માસ્તર સાહેબના હાથમાંથી સોટીને મારીજ ચામડીનો સવાદ લાગેલો શું? જે તે તરતજ પાછી મારા બરડા પર આવી ઉતરી. મારેથી હવે વધુ ખમાયું નહી; તેથી માસ્તર સાહેબનો ટોટો પકડવા મનમાં ઠરાવ કરી ઉઠયોઃ પણ ભોગ મારાં કરમના! હજુ તો પલંગ પરથી નીચે કુદકો મારૂં, તેની અગાઉ હું ભોંય પર પછડાયો. સઘલાને એવી વેલા આંટી મારનાર હું, એ વખતે પોતેજ ચાદરની આંટી ખાઇ પડયો; અને તે ઘડીથી ચમચમતી સોટીના આસરે બે દજન ફટકાઓ મારાં મોમ સરખાં આંગ પર આવી પડયા!

માસ્તર સાહેબ જમસેદજી બુક્કા નેતરથી મારી પીઠપર સારો જેવો સ્વાદ ચખાડી વીદાય થયા. ખચીત! જમશેદજીએ સઘલા દીવસોનો હીસાબ પુરે પુરો આજે ચુકાવી લીધો હતો.

પણુ એ જમશેદજી પર એનું કેવી રીતે વેર લેવું, તેનો વીચાર હજુ તો કરતો હતો, તેટલાંજ 'ધોઓમ', 'ધોઓમ'ના બે મોટા અવાજે આખું ઘર ગજાવી મેલ્યું. જાણે રૂસ્યનોની ટોપોના ગોલા આવી પડયા હોય, તેમ દીસ્યું. એ વલી નવું રમખાન શું થયું હતું? એ વલી કોણે કીધું હતું?

વાંચનાર! એમાં મારો કસોબી હાથ નહી હતો. આખાં ઘરને ગજાવી મેલાવનાર આ વેલા કોઇજ નહી પણુ મારી સાથે દરેક ધીંગા મસ્તીમાં ભાગ લેનાર પેલો રૂસ્તીમ લાંબતાંગ
~~~~~~~~

હતો, જે ભુક્કા માસ્તર સાથની મારી હમાજ્જેરનો લાભ લઇ, હલવેથી માસ્તરના ઓરડામાં ચુપચુપ ભરાયો, અને ત્યાં પેલા બે મોટા ફટાકડાઓને લાંબી દોરડીઓ બાંધી, એક માસ્તર અને માસ્તરણના પલંગ નીચે અને બીજો અમારા શીક્ષકની પાઘડી નીચે મુકી, દોરડીનો બીજો છેડો કાંડીથી સલગાવી મેલી, માસ્તર અમારા ઓરડામાંથી જતા હતા તે વેલા, ચુપચુપ પાછો અમારા ઓરડામાં આવી ભરાયો હતો.

મોટે ગગડાત સાંભલી અમો સઘલાઓ ઓરડામાંથી નાસવા લાગ્યા. પણ તે વેલાએ રૂસ્તીમે મારો હાથ પકડી ઉભો રાખ્યો, અને હલવેંથી ટુંકમાં મને સઘલું સમજાવ્યું, જે સાંભલી મને પુરતો સંતોષ મલ્યો. પણ અહીં મારે જણાવવું જોઇએ કે 'હસ્યાનું ખસ્યુ' થયું હતું: કારણકે અમારા માસ્તર સાહેબની પાઘડી, વગેરે ઉડી જવા ઉપરાંત તે ઓરડામાં આગ લાગી હતી, પણ તે સેજ વખતમાં બુજાવી નાખવામાં આવી અને વાંચનાર! એ બનાવ સાથે મારી 'મસ્તીની મોસમ' પણ પુરી થઇ હતી.

બીજે દીને પુણાને અને તે સાથે માસ્તર, માસ્તરણ અને મારા સ્કુલ ફરેન્ડોને છેલ્લી સલામ કરી, આગગાડીમાં બેસી, ઉપડી ગયો. ગાડીનાં બારણાની નીચે પેલું લાંબું દોરડું મને બારણા આગલ દીસ્યું નહીં: તેથી તેને હુકથી ખેંચવાનો મારો વીચાર હવામાં ઉડી ગયો. વલી ફતાકડાઓ તો જુદાજ કામે વપરાયા હતા, જે વીશે તું વાકેફગાર છે.

છેલ્લે! હું હમણા 'ડાહયો' થયો છું. દોરાબજી મમાવા ધપી ગયા છે, જેવણનો ફાલો અમારે ત્યાં જલવાઇ રહયો છે. બેહેન ડોશીબાઇ હવે મીસીસ રૂસ્તમજી, અને જમશેદજી દુબાશની દીકરી ગુલાં (મારા પેલા પતાપથી) માસીસ દાદાભાઇ થયાં છે, અને એ સઘલાંઓ તમને ઘણી ઘણી દુવા સલામ કહેવાડે છે.

સમાપ્ત.

મગરૂર મેરીયા.

Hardy's A Group of Noble Names * પરથી

લખનાર—માણેકજી એદલજી વાછા

તે 'ગોલ્ડન ગુલ', 'શીરાઝી', 'એદલકાકા' 'મોંટે ક્રીસ્તો', ઇ૦ ના કર્તા

આસરે સો વરસની વાટ પર, યાને ઇંગ્લંડના ત્રીજા જર્યોરજના વખતમાં, બ્રીસ્તલ ખાતે ઓગણીસ વરસની એક "ખુબસુરતીની શાહજાદી" વસ્તી હતી. તેણીના મા બાપ ઘણું થયું મરણ પામેલાં હોવાથી તેણી પોતાના એક મામા સાથે વસ્તી હતી. મામા પાસે સારી જેવી પુંજી, પણ તે ખાવાવાલું કોઇ નહી: તેથી પોતાની આ અતી ખુબસુરત અને કેટલીક વાતે હોશયાર ભાણેજને પોતાની વારેસ દીકરી તરીકે પાલી પોશી ઉધારતો હતો.

એવું બન્યું કે એક દીવસે તેણી ઘોડો દપટાવતી જતી હતી, તેટલાં રસ્તામાં ઘોડાએ ઠોકર ખાધી, અને તેણીને જમીન પર પટકી નાખી. આ વખતે ત્યાંથી એક સખસ જતો હતો; તેની નજરે ઉપલો બનાવ પડતાંજ, તે તેણીની આઝલ દોડી ગયો, અને તેણીને ઘરે પુગાડવા મદદ કીધી. 'ખુબસુરતીની શાહજાદી'ને કાંઇ ઘણું લાગ્યું નહી હતું. તેણીની મદદે દોડી જનાર સખસ એક અમેરીકન હતો, જે મોજને અરથે ઇંગ્લંડ વગેરે ઠેકાણે મુસાફરીએ નીકલ્યો હતો. તે વલી પૈસાદાર હતો.

અલબતાં ? મામાએ પેલા અમેરીકનનો ઘણો ઉપકાર માન્યો, અને તેને પોતાના મેહેમાન દાખલ ઉતારો આપ્યો. થોડા દીવસમાં તેની અને મેરીયા—કારણકે પેલી 'ખુબસુરતીની શાહજાદી'નું નામ એ હતું—વચ્ચે સારી દોસ્તી બંધાઇ, અને દોસ્તીએ પ્યારનું રૂપ પકડ્યું; જેનું પરીણામ એ નીપજ્યું કે મામાની મંજુરયાત મેલવી તેઓએ શેહાદી કીધી.

ત્યાર પછી આ જોડું લંડનની સેહેલગાહે નીકલ્યું, અને આગલથી ઠરાવ મુજબ ત્યાંથી તેઓ દક્ષીણ અમેરીકા (જયાં પેલાની મીલકતો હતી ત્યાં) જવાના હતાં; જ્યાં મીલકતો, વગેરે વેચી નાખી, તેઓ પાછાં યુરોપ આવીને એક સેહેરમાં ઘરબાર માંડવાના હતાં.

' થોડા દીવસ લંડન શેહેરમાં હસી ખુશી સાથે વસી આ સુભાગ્યારૂં જોડું અમેરીકા જવા એક સ્તીમરમાં ઉપડ્યું. પણ જેમ જેમ મુસાફરી વધતી જતી, તેમ તેમ મેરીયા જોતી કે તેણીનો એ ભરથાર વધુ અને વધુ કુંજરો બનતો હતો. તે કાંઇ વીચારમાંને વીચારમાં દલગીરીથી ફરયા કરતો હતો: આથી મેરીયા તેનું કારણ જાણવા ઘણી આતુર બની હતી.

પેરેમરીબો ખાતે જઇ પુગવાને હવે ફકત બેજ દીવસ બાકી હતા, તે વેલાએ પેલાએ પોતાની આ વ્હાલી—કારણકે તે તેણીને અખુટ પ્યારથી ચાહતો હતો—ધણીઆણીને પોતાનો ભેદ ખુલ્લો કરવા દરૂસ્ત ધારયું. તેણીના ઘણા કાલાવાલાથી તેમ કરવા તેનું દીલ પીગલ્યું હતું.

તે તંવગર પણ અભાગ્યા નસીબનાએ આંખમાં આંસુ સાથે જણાવ્યું કે આગલ તે કર્વાબેક ખાતે એકઓરતસાથે પરણ્યો હતો, પણ પાછલથી તેને માલમ પડ્યું કે તેણીની આબરૂ ઘણી ખરાબ હતી, અને તે એક પ્રપંચનો ભોગ થઇ પડ્યો હતો. આ શોધથી તેના મગજપર એટલી તો અસર થઇ કે તેને ભેજાનો તાવ લાગુ પડ્યો; પણ ખુદાની બક્ષેસથી દાકતરોએ તેને સાજો કીધો હતો. ત્યાર પછી તે તેણીથી છુટો રહી શકવા ફતેહમંદ નીપજ્યો હતો, અને જ્યાર પછી તેણે તેણીને જોઇ નહી હતી. એક દીવસે તેના કાન પર જે અછડતી અફવા આવી, તે પરથી તેણે ધારયું કે તેની પેલી બાયડી મરણ પામી હતી, અને તેવું ધારીનેજ તેણે મેરીયા સાથે પ્યારમાં પડી લગન કીધાં હતાં. પણ લંડન ખાતેની તેઓની છેલ્લી મુલાકાત વેલા ઘણા ઘભરાટ વચ્ચે તેને માલમ પડયું કે તેની આગલી બાયડી હજુ હઇઆત હતી. તેણે એ બીના પોતાની વ્હાલી મેરીયાથી છુપી રાખવા ઠરાવ્યું, પણ તેમ તે કરી શકયો નહીં. તેણે એ બીના પોતાની પ્યારી મેરીયાને

* *The Graphic Christmas Number, 1890.*

જણાવી કહયું કે તેમના વચ્ચેનો પ્યાર આગલ જેવોજ હમેસ સુધી જારી રહેશે, એવી તે આશા રાખે છે.

આ સાંભલી મગરૂર મેરીયાનો પીતો ઉછલી આવ્યો. થોડોક વખત સુધીતો એક ભેડાયલી વ ઘણનો તેણી ખ્યાલ આપતી પેલા કમનસીબને જણાઈ. આખરે તેણીએજ એક ઉપાય સુચવ્યો, જેમ કરવાને પેલો રાજી થયો.

એવું ઠરાવ્યું કે તેણીએ બ્રીસ્તલ પાછી ફરી, પેરૅમરીબો ખાતે તેણીનો ભરથાર મરણ પામ્યો હતો કરી જણાવવું, અને તેણી ખરેખરી વીધવા થઈ હોય, તેમ કપડાં પેહેરવાં; બીજા હાથ પર પેલા ભરથારે બ્રાસતલ ખાતે કદીબી પગ મુંકવો નહી.

ભરથારની ઘણી પણ નાખુશી છતાં, તને તે સરત કબુલ કરવી પડી. તે તેણીને અખુટ પ્યારથી ચાહતો હતો. કાયદાની બીકને લીધે તેમ કરયા વગર તેનો કસો ચારો નહીં હતો. તેણે તેણીને કીમ્મતી ઝવેરાતો અને નાણાની મોટી રકમ આપી; અને ઈંગલંડ જતી એક બીજી સ્તીમરમાં મેરીયા વીધવાના પોશાકમાં પેરૅમરીબોથી ઉપડી ગઈ. પેલાએ છુટતાં પડતી વેલા જણાવ્યું કે તેની સઘલી માલકતો વેચી સાટી નાખી, જે રોકડ નાણું આવે તે રાખી, દુન્યાંના ભાગોમાં રખડી તેણીને માટેનો પોતાનો ગમ ભુલાવવાનો તેનો વીચાર હતો.

વીધવાનો પોશાક પેહેરી મેરીયા બ્રીસ્ટલ ખાતે પોતાના મામાને ત્યાં જઈ પોહોંચી. થોડી વારમાં પડોસીઓમાં મેરીયા વીધવા થઈ હતી, અને તેણી પેરામરીબો ખાતેથી પાછી ફરી હતી, કરી વાત ફેલાઈ. મેરીયાએ ફકત પોતાના મામાને પોતાની ખરી હાલતથી વાકેફ કીધે હતો, અને ખરી બીના છુપાવવાની તરફેનમાં તેણીએ કારણો બતલાવ્યાં. આપણે જાણી ગયાં તેમ તેણી ઘણી મગરૂર હતીઃ જેથી તેણીના ભોલાંપણાનો લાભ એક બીજા સખસે (તેણીના ભરથારે) લઈને, તેણીને બેવકુફ બનાવી હતી, કરી લોકોને જાણીતાં કરવા તેણીની ઇચ્છા નહી હતી. વલી પોતે ઘણીજ હોશયાર હતી કરી તેણી ડોલ ઘાલતી હતી.

થોડાક મહીના વીતા બાદ તેણીએ પોતાના મામાના ઘરમાં એક છોકરાનો જન્મ આપ્યો. આ છોકરાનો પીતા પેલો અમેરીકન હતો.

* * *

જેમ જેમ મુદત વહેતી ગઈ, તેમ તેમ પેલો છોકરો મોટો થતો ગયો, પણ તે સાથે બાપડી મેરીયાની ચીંતા પણ વધતી ચાલી. પેલો ભેદ લોકોમાં ખુલ્લો પડે, તેની તેણીને હર પલે ધાસ્તી લાગતી હતી એ બાપડીની હાલત ઘણી કઢંગી થઈ હતી, એમા તો કસો શક નહી હતો. પણ પોતાને એવી હાલતમાં લાવનાર તેણીની મગરૂરી હતી.

થોડીક વધુ મુદત વીત્યા બાદ તેણીની મગરૂરીએ એક દગલું આગલ ભરયું તેણીને એક ઉમરાવજાદી થવાનો અભખરો હવે થયો. દહાડે દહાડે તેણીની ખુબસુરતી વધતીજ જતી હતી, અને વલી તેણી પાસે બે પઈસાનો પણ સારો જીવ હતોઃ તેથી ઘણા જણા તેણીનો હાથ મેલવવા આતુર હતા, જેઓમાં ઉમરાવ (લોરડ) આઇસનવે ભાગ્યશાલી થયો. મેરીયા આ ઉમરાવજાદી બની, અને તેણીએ પોતાનો સોખ પુરો પાડયો. જોકે આ ઉમરાવની અને તેણીની ઉમ્મર વચ્ચે આસમાન જમીનનો ફરક હતો.

પોતાનો શોખ તો પુરો પાડયો, પણ હવે તે ઘડીથીજ તેણીની મુસીબતની શરૂઆત થઈ. ઉમરાવજાદી આઇસનવે બન્યાને ઘણા દીવસ થયા નહી કે મેરીયાને તેણીના આગલા અમેરીકન ભરથાર એન્ડરલીંગ—કારણકે એ તેનું નામ હતું—તરફથી એક ચીઠી મલી. આ ચીઠી ઘણી ઉતાવલથી પણ અતી ઘણા વહાલથી લખી હતી. એ ચીઠીમાં કમનસીબ એન્ડરલીંગે ખબર આપી હતી કે તેની આગલી બાયડી કવીબેક ખાતે મરણ પામી હતી, અને ત્યાં જાતે જઈ ખબર કાઢતાં તેને એ ખબર ખરી માલમ પડી હતી. તે હવે પોતાની 'પ્યારી મેરીયા'ને લેવા ઇંગલંડ આવતો હતો, અને તેણીએ તેને બંદર પર આવી મલવું. તે જુદે નામે મુસાફરી કરતો હોવાથી ધાસ્તી જેવું કસું નહી હતું. તેણે વલી લખ્યું હતું કે તે તરતજ તેણીની સાથે બીજી વાર લગન કરશે, અને 'મારી વ્હાલી મેરીયા'ને મનપસંદ કોઈબી શેહેરમાં તે તેણીની શાથે બાકીના દહાડા ગુજારશે.

આ ન ધારેલી ચીઠી મલવાથી ઉમરાવજાદી (લેડી) આઇસનવેલ કેવી ઘભરાટમાં પડી હશે, તેનો વાંચનારેજ ખ્યાલ કરવો. એટલું ઠીક હતું કે તે વખતે તેણીનો ધણી લોરડ આઇસનવેલ લંડન ગયો હતો, અને ત્યાં થોડા દીવસ થોભવાનો હતો.

સ્તીમરને બારામાં દાખલ થવાની ખબર મલતાંજ તેણી એકલી બંદર પર ગઈ, અને ઘણે વરસે બન્ને જણાંની મુલાકાત થઈ; પણ બન્નેમાં એટલા વખતમાં મોટો ફેરફાર થઈ

હતો. એન્ડરલીંગનો મેરીયા પર આગલો પ્યાર તો હજુ જેવો ને તેવોજ બલકે વધુ હતો, અને પોતાથી આગલ થયલી ભુલ અને તેથી મેરીયાને થયલો મોટો ગેર ઇનસાફ સુધારવા તે આતુર બન્યો હતો, જ્યારે બીજા હાથ પર મેરીયા વધુ મગરૂર બની હતી. એન્ડરલીંગ તો ખાલી મીસ્તર એન્ડરલીંગ હતો, જ્યારે આઇસનવેલ તો લોરડ યાને ઉમરાવ આઇસનવેલ હતો. પેહેલાં તેણીએ પોતે જે કહે તે કરવા તેની પાસે કબુલાત લીધી, અને પછી તેણીએ તેને પોતે કોણ સાથે પરણી હતી, અને પોતે કેવી મોટી દરજ્જાવાલી થઇ હતી, તે સઘલું કહી, તેને કદીબી તેણીની વચ્ચમાં નહીં આવવા ફરમાવ્યું. આ સાંભલી એન્ડરલીંગને કેવું દુઃખ થયું હશે, તેનો વાંચનારેજ ખ્યાલ કરવો. પણ તેણે તેણીની મરજી મુજબ ચાલવા અગાડીથી સોગંડ ખાઇ કબુલાત આપેલી હોવાથી તેમ કરવા વગર તેનો છુટકો નહીં હતો.

તેણે પોતાનું માથું અતી ઘણા દુઃખ સાથે ઝુમાવી નાખ્યું.

"અને બાલક—આપણો દીકરો?" તેણે પુછ્યું.

"તે સારી પથેન છે?" તેણીએ ઉતર વાલ્યો.

"પણ મને મારાં આ બાલકને જોવા શું તું નહી દે?"

"નહી!" મેરીયાએ ઉતર વાલ્યો. "બસ! તારે અહીંથી જતું રહેવું. જો તું ખરેખર મને ચાહતોજ હોય તો હું કહું છું, તેમ તારે આજને આજ અહીંથી બીજે કેઠે ઉપડી જવું."

નીરાશીના દરીયામાં ડુબી વલી પાછો બાપડો એન્ડરલીંગ જતો રહયો.

* * *

બીજાં બે વરસ પસાર થયાં, અને શીયાલાની એક સાંજે ઉમરાવજાદી આઇસનવેલ પોતાના બાગમાં ફરતી હતી, તેટલાં કમ્પાઉન્ડમાંની એક ભીંત ભણીથી "મેરીયા! પ્યારી મેરીયા!" શબ્દો સંભલાયા. તેણીએ તે તરફ ચમકીને જોયું, તો ભીંત પર ડોકયું કરી એન્ડરલીંગને ઉભેલો દીઠો. તેણે તરતજ અંદર ભુસ્કો મારયો, અને તેણીનો હાથ માયાથી પકડી આતુરતાથી અને પ્રેમથી બોલ્યોઃ-પ્યારી મેરીયા! તું મારા ચેહેરામાં બેહોલો ફેરફાર થયલો જોય છે, તો તેમાં કસું અજબ થવા જેવું નથી. હા, મેરીયા! મારી સઘલી પુંજી મેં ગુમાવી નાખી છે.—તેં મને બાહેર ગામ ભટકવા જણાવ્યું, અને તે વેલા મારો ગમ ભુલાવવાના ખ્યાલથી રખડવા લાગ્યોઃ અને આખરે જુગારના બુરા લખમાં પડયો, જેમાં મારી સઘલી પુંજી ઘસડાઇ ગઇ છે. એમ કરવા આડકતરી રીતે તેંજ મને ફરજ પાડી છે, પણ તે માટે હું તું પ્યારીને ઠપકો આપતો નથી. એતો મારૂં નસીબ! પ્યારી! મારેથી તું બાહી ના! હું તુંને કસાબી અડચણમાં નાખવા ચાહતો નથી. પણ હું રાત દહાડો મારા દીકરાનો વીચાર કરૂં છું.—તેમ કરયા વના મારેથી રહેવાતું નથી.—પીતા તરીકેની મારી લાગણી ઘણી પણ કોશેશ છતાં હું દાબી શકતો નથી; હું મારાં એ ગુલાબને જોવા માગું છું, અને મારી આખી જીંદગીમાં તેને ફકત એકજ શબ્દ કહેવા આતુર બન્યો છું શું તું મુજની એ અરજ નહીં સ્વીકારે?"

"પણ તારા સોગંડ! એન્ડરલીંગ! તારા સોગંડ!" મેરીયાએ યાદ આપી 'તું કોઇને પણ આપણ વચ્ચેનો ભેદ કહેશે નહી, એ તારા સોગંડ શું તું વીસરી જાય છે?"

"નહી! નહી!! હું આપણા વચ્ચેનો ભેદ કોઇ આગલ કહેશ નહીં. તે વીશે એક હરફ પણ કહાડીશ નહીં. જો હું તેમ કરવા માંગતે તો અત્યાર અગાઉ તેમ કરતે, અને મારાં ગુલાબ સરખાં બાલકને કોઇબી રીતે મલી શકત. પણ મેં જે સોગંડ ખાધા છે, તે પર પાણી ફેરવવા હું માગતો નથી."

થોડીક પલ સુધી મેરીયા ચુપચુપ ઉભી રહી વીચાર કરવા લાગી. તેણીનો ભરથાર લોરડ આઇસનવે કાંઇ કામસર સ્કોતલંડમાં ગયો હતો, અને તેણીનો એકપુરો દીકરો (કે જેને એન્ડરલીંગ જોવા આતુર બન્યો હતો.) સીક હોવાથી બંગલામાંજ હતો. ઉંઘ લાવવા માટે દાકતરોએ તેને દવા પાઇ હતીઃ તેથી તે તે ઘડીએ ઉંઘ ખેંચતો હોવો જોઇએ.

"હું એક સરતે તમને લઇ જાઇશ." તેણીએ જણાવ્યું "અને તે એકે તમે તેને જોવો, પણ તે તમને જોઇ શકે નહીં. વલી તમોએ તે વેલા એવું નહીં કરવું કે જેથી તમે અને હું ઉઘાડાં પડયે. હમણા જેને જોવા માંગો છો, તે ઉંઘમાં પડેલો છે. આ સરત પરમાણે ચાલવા જો તમે મને કબુલાત આપો, તોજ હું ત્યાં લઇ જાઉ!"

બાપડા એન્ડરલીંગે તેમ કરવા કબુલ કીધું: જેથી તેણી તેને એક ખાનગી બારણા વાટે અંદર લઇ ગઇ.

તેમનું બાલક એક પલંગ પર ખુશ ઉંઘમાં પડેલું હતું. એન્ડરલીંગે દયાથી તેની તરફ પેહેલાં જોયું. ત્યાર પછી વાંકો વલી પોતાના વ્હાલાં બાલકના કપાલ પર પેહેલ વેહેલી તેમજ છેલ્લી કોટી કરવા ગયો. આ વખતે તેની આંખમાંથી એક ગરમ આંસું ટપકીને તકીયા પર પડયું.

પણ જેવો તે પોતાના વ્હાલાં બાલકને બકી કરવા જતો, તેવીજ મેરીયાએ હુકમની રૂપે ઇસારત કરી, તેને તેમ કરતાં અટકાવ્યો.

"પણ ઓ! કાં નહી?" તેણુ કાલાવાલા કરી પુછયું.

"ત્યારે કર! પણ ઘણીજ હલવેથી."

બાલકને જગાડયા વના એન્ડરલીંગે તેના ગાલ પર એક બકી લીધી, અને છેલ્લી વખત એક પ્રેમ ભરી નજર ફેંકી, મેરીયાના હુકમથી તે આગલેજ રસ્તે તેણીની સાથે બાહેર ગયો.

એન્ડરલીંગને હવે થોડોબી સંતોષ ઉપજયો. તે સંતોશી દીલે પોતા પાસે જેબી પુંજી બાકી રહી હતી, તે લઇ લંડન જવા ઉપડયો. પણ મારગમાં રીડીંગ ખાતે એક નાનું ખુશનુમા ખેતર વેચવા કહાડેલું તેની નજરે પડયું. તેણુ તે ઘણું પસંદ પડવાથી ખરીદયું. તેણુ હવે પોતાનું સઘલું ચીત ઝાડપાનની વીધ્યા શીખવા પછવાડે લગાડયું, જેમાં તે ટુંક મુદતમાં પ્રવીણ થયો, અને તેની વાખવાખા પડોશીઓમા થવા લાગી.

* * *

એક વખતે લોરડ આઇસનવે લંડન જતો હતો, તે વેલા કોઇ ન ધારેલા બનાવથી તેને રીડીંગ ખાતે થોભવું પડયું. ત્યાં તેણુ એન્ડરલીંગની હોશીયારીની વાત સાંભલી. તે પોતે ઝાડપાનનો ઘણો શોખીન હતોઃ તેથી એન્ડરલીંગને પોતાને ત્યાં નોકરીએ રાખવા લોરડ આઇસનવે જો આતુર બન્યો હોય, તો તેમાં કસી નવાઇ નથી.

ટુંકમાં એન્ડરલીંગ લોરડની નોકરીમાં રહેવા કબુલ થયો. એન્ડરલીંગની તેમ કરવામાં મુલ મતલબ તો એટલીજ કે તેથી તે પોતાના પ્યારાં બાલકની નજદીકનો નજદીક રહી શકે.

જે વખતે એન્ડરલીંગ પોતાની નવી નોકરીએ રહયો, તે વેલા લેડી આઇસનવે (મેરીયા) સીક હતીઃ તેથી તેણીને એન્ડરલીંગના આવવાની ખબર માલમ નહીં હતી. પણ થોડા દીવસ રહી બાગમાં ફરતાં તેણીને એ બાબદ માલમ પડી. તેણી એન્ડરલીંગ પર મનમાં ઘણી ગુસ્સે થઇ; પણ એ ઉપરાંત બીજું કશું તેણીથી થઇ શકયું નહી. તેણીથી જો બનતે તો તે એન્ડરલીંગને જરૂર રૂખસદ અપાવતે. પણ તેવી કોશેશ કરતા રખેને ભેદ ખુલ્લો થઇ જાય, તેની તેણીને ધાસ્તી લાગવાથી એ વાતના તેણીએ અખાડા કીધા.

* * *

બીજાં બે વરસ પસાર થયાં, અને એક દહાડે લેડી આઇસનવેને ખબર મલી કે તેણીનો વડો માલી (એન્ડરલીંગ) ઘણી ધાસ્તી ભરી બીમારી ભોગવતો હતો. તેણી આથી તેના ઝુપડાંમાં ગઇ, તો એન્ડરલીંગ એટલો તો બીમાર માલમ પડયો કે તેનેથી પલંગ પરથી ઉઠી બેસાઇ શકાયું પણ નહી હતું. એ જોઇ હવેજ મગરૂર મેરીયાના દીલમાં તેને માટે દયા આવી. તેણી અતી ઘણી દુઃખી થયલી જણાઇ. પોતાની મગરૂરીથી તેણુ જે દુઃખ ખમવું પડયું હતું, તે માટે હવે તેણી પસ્તાવા લાગી. પણ એ પસ્તાવો હવે ઘણો મોડો હતો. તેણીએ એન્ડરલીંગ આગલ પોતાનો પસ્તાવો કીધો. તે દીવસથી તેણી તેને માટે શકતીવાન વાણાઓ, ફરૂતો, વગેરે મોકલવા લાગી, અને પોતે દરરોજ હાજરી આપવા લાગી. પણ એ સઘલું છતાં થોડા દીવસમાં એન્ડરલીંગ મરણ પામ્યો. એથી તો મેરીઆ વધુ દુઃખી થઇ. તેણી જયારે બી એકલી પડતી ત્યારે પોતાને કહુવા દેતી હતી. પણ ઘોલી ગયલાં દુધ પર વીલાપ કરવો ફોકત હતો. પોતાની લાગણી દેખાડવા માટે તેણીને જે લાયક માલમ પડયું, તે એટલુંજ કે ગુપ્ત રીતે તેની ઘોર પર સંગેમરમરનો એક નાનો સ્થંભ ઉભો કરવો. તેણીએ છુપે નામે લંડનના એક જાણીતા સીલ્પશાસ્ત્રી પર નાણાંની રકમ મોકલી, તે કામ તેને સોપ્યું.

જયારે આ સ્થંભ ઉભો થયો, ત્યારે સરવે જણાં નીચલો લેખ વાંચતું હતું:—એના મરણથી દુઃખી થયલી વીધવાએ આ સ્થંભ ઉભો કીધો છે.

અને વાંચનાર! મેરીયા અંતકરણથી ખરેખર દુઃખી હતી.

સમાપ્ત.



નીચલી ચોપડીઓ મુંબઈ, કાલબાદેવી, ટીપન પ્રીન્ટીંગ પ્રેસમાં મળશે.

[illegible] ગુજરાતી [illegible] ..... રૂપીઆ અઢી.
પાક ખોરદેહનું અવસ્તા (પેહલવીમાં [illegible]) ..... રૂપીઆ એક.
પાક ખોરદેહનું અવસ્તા (મોટી) ..... રૂપીઆ એક.
પાક ખોરદેહનું અવસ્તા (નાના બચ્ચાંઓ માટે) ..... આના અઢી.
[illegible] ભુ° ૧ લું (બાંધેલી) ..... આના [illegible].
[illegible] ભુ° ૨ જું (બાંધેલી) ..... આના ૯.
[illegible] વગેરે (બાંધેલાં) ..... આના [illegible].
[illegible] વગેરે (બાંધેલાં) ..... આના [illegible].
[illegible] (બાંધેલા [illegible] સાથે.) ..... આના [illegible].
[illegible] (બાંધેલી) ..... આના [illegible].
[illegible] (બાંધેલી) ..... આના [illegible].
[illegible] (બાંધેલી) ..... આના [illegible].
[illegible] સાથે ..... આના [illegible].
[illegible], વગેરે (બાંધેલાં) ..... આના [illegible].
[illegible], વગેરે (બાંધેલાં) ..... આના [illegible].
[illegible], વગેરે (બાંધેલાં) ..... આના [illegible].
[illegible] ..... આના [illegible].
[illegible] (બાંધેલાં) ..... આના [illegible].
[illegible] "[illegible]") ..... આના [illegible].
ZOROASTRIANISM (કર્તા "[illegible]") ..... આના [illegible].
[illegible] (બાંધેલી) ..... આના [illegible].

[illegible] ચોપડીઓ [illegible]—
[illegible] ભાગ ૧ લો (બાંધેલો) ..... આના [illegible].
[illegible] (બાંધેલી) ..... આના [illegible].

વગેરે, વગેરે, વગેરે.